BAOU
Education for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

## માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ભારતીય આર્થિક નીતિ

MC02CC202




## બ્લોક -૧

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

# MC02CC202

# બ્લોક -1

## ભારતીય આર્થિક નીતિ


| | | |
|---|---|---|
| એકમ-1 | ભારતીય અર્થતંત્રની પૂર્વભૂમિકા | 3-28 |
| એકમ-2 | આર્થિક વિકાસના નિર્દેશકોનું વિશ્લેષણ | 29-54 |
| એકમ-3 | ગરીબી | 55-69 |
| એકમ-4 | રોજગારી અને બેરોજગારી | 70-96 |
| એકમ-5 | ક્ષેત્રીય વિશ્લેષણ | 97-105 |

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. અંજલી ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ.યુનિવર્સીટી,<br>અમદાવાદ. |
| | પ્રો. પી.સી.વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ HOD (Eco,Dept.)<br>પ્રિ.એમ.સી.શાહ કોલેજ,<br>નવગુજરાત કેમ્પસ, અમદાવાદ. |
| | ડૉ. જીવરાજ ઝાપડિયા | આસીસ્ટન્ટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ડૉ. એ.એ.શેખ | એસોસિએટ પ્રોફેસર,<br>ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>જાદર, જી. સાબરકાંઠા |
| સંપાદન: | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

આવૃત્તિ : 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-93-92139-31-4

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ : 1 ભારતીય અર્થતંત્રની પૂર્વભૂમિકા

## : રૂપરેખા :

1.1 આર્થિક નીતિ, પરિચય, અર્થ, ઉદ્દેશો

1.2 આર્થિક નીતિના સાધનો

1.3 આર્થિક નીતિના ઘટકો

1.4 આર્થિક નીતિનું મહત્ત્વ

1.5 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

1.6 રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલો

1.7 રાષ્ટ્રીય આવકનું માળખું

- સ્વાધ્યાય

## 1.1 આર્થિક નીતિ : પરિચય, અર્થ અને ઉદ્દેશો

સરકારોની આર્થિક નીતિ અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓના કાર્યોથી સંબંધિત છે. આર્થિક નીતિના અંતર્ગત કરની સપાટી નિર્ધારિત કરવી, સરકારનું બજેટ નિર્ધારિત કરવું, મૂડીનો પુરવઠો, વ્યાજ દરની સાથે-સાથે શ્રમ બજાર, રાષ્ટ્રીય સ્વામીત્વ તથા અર્થવ્યવસ્થામાં સરકારનું હસ્તક્ષેપ વગેરે ક્ષેત્રો આવે છે.

આર્થિક નીતિનો સંબંધ આર્થિક બાબતોથી સંબંધિત કેટલાક નિર્ધારિત પરિણામોના પ્રાપ્તિના હેતુથી અપનાવવામાં આવેલી કાર્ય પદ્ધતિથી સંબંધિત હોય છે. આર્થિક નીતિ એક વ્યાપક નીતિ છે. જેમાં અનેક નીતિઓનો સમાવેશ કરવામાં આવે છે.

સામાજિક વિજ્ઞાનના વિશ્વકોષ પ્રમાણે "આર્થિક નીતિ શબ્દનો પ્રયોગ આર્થિક ક્ષેત્રમાં સરકારની તે બધી ક્રિયાઓમાં સમાવેશ કરી શકાય છે કે જેનો સંબંધ ઉત્પાદન, વહેંચણી અને ઉપયોગમાં જાણી જોઈને અથવા વધારે પડતાં સરકારી હસ્તક્ષેપથી થાય છે." આમ આર્થિક નીતિ કોઈ સરકારનું તે આર્થિક દર્શન અને વ્યાપક શબ્દ છે. જેના અંતર્ગત વિવિધ નીતિઓ જેમ કે -ખેતી નીતિ, ઔદ્યોગિક નીતિ, વેપાર નીતિ, રાજકોષીય નીતિ, વાહન-વ્યવહાર નીતિ અને વસ્તી નીતિનો સમાવેશ થાય છે.

**અર્થ :**

સરકારોની આર્થિક નીતિ અર્થતંત્રમાં કરવેરાના સ્તર, સરકારનું બજેટ, નાણાં પુરવઠો અને વ્યાજ દર તેમજ શ્રમ બજાર, રાષ્ટ્રીય માલિકી અને સરકારી દખલના અન્ય ઘણા ક્ષેત્રોને સ્થાપિત કરવા માટેની પદ્ધતિઓને આવરી લે છે.

**આર્થિક નીતિના ઉદ્દેશો :**

આર્થિક નીતિનો મુખ્ય ઉદ્દેશ દેશમાં આર્થિક વિકાસના દરમાં વધારો કરવાનો છે. આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે નીચેના અન્ય ઉદ્દેશોનો સમાવેશ થાય છે.

- આર્થિક વિકાસ દરમાં વધારો કરવો.
- આયોજિત વિકાસ અને પ્રક્રિયા પર ભાર આપવું.
- દેશમાં આર્થિક વિકેન્દ્રીકરણને ઓછું કરવું.
- આર્થિક દ્રષ્ટિથી નબળા અને પછાત લોકોની પ્રગતિ પર ધ્યાન આપવું.
- દેશના ઔદ્યોગિક વિકાસની ગતિને વધારવું.
- પૂર્ણ રોજગારની સ્થિતિ પ્રાપ્ત કરવી.
- દેશમાં આર્થિક સ્થિરતા સ્થાપવી.
- દેશના નાગરિકોનું મહત્તમ સામાજિક કલ્યાણ કરવું.
- મૂળભુત સુવિધાઓનો વિકાસ કરવો.
- વિનિમય દરમાં સ્થિરતા લાવવી.

## 1.2 આર્થિક નીતિના સાધનો

આર્થિક નીતિ એક વ્યાપક નીતિ છે. જેમાં નીચેના સાધનોનો સમાવેશ થાય છે.

**1. રાજકોષીય સાધન :**

આર્થિક નીતિના રાજકોષીય સાધન અંતર્ગત સરકાર દ્વારા નાણું એકત્રિત કરીને ખર્ચ કરવાની ક્રિયા સંબંધિત છે. સરકારને આર્થિક વિકાસ તેમજ સામાજિક કલ્યાણમાં વધારો કરવાના હેતુથી મૂડીની જરૂર પડે છે. સરકારના નાણાંના સ્તોત્રો નીચે પ્રમાણે છે.

- **કરવેરા :** કરવેરા રાષ્ટ્રીય આવકનો મુખ્ય સ્તોત્ર છે. કરવેરાનો ઉદ્દેશ આવક પ્રાપ્ત કરવાનો અને વહેંચણી વ્યવસ્થાને ન્યાય આપવાનો હોય છે.
- **જાહેર દેવું :** જાહેર દેવાનો આશય સરકાર દ્વારા મેળવવામાં આવતા સરકારી દેવાંથી છે.
- **ખાદ્ય પુરવણી :** ખાદ્ય પુરવણીનો ઉદ્દેશય રાષ્ટ્રના નાણાકીય સાધનોમાં મહત્ત્વનાં ફાળાનો છે.

**2. નાણાકીય સાધન :**

નાણાકીય સાધનોનો ઉપયોગ અર્થવ્યવસ્થામાં નાણાં અને શાખની માત્રાને નિયંત્રણ કરવાના ઉદ્દેશથી કરવામાં આવે છે. નાણાકીય સાધન અંતર્ગત શાખ નિયંત્રણ, વ્યાજદર, વિનિમય દર, બેંકિંગ વિકાસ, બચતોને પ્રોત્સાહન વગેરેનો સમાવેશ થાય છે.

**3. વેપારિક સાધન :**

આર્થિક નીતિમાં વેપારિક સાધનોની ભૂમિકાને નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય છે.

- **મુક્ત અને અવરોધક વેપાર :** વર્તમાનમાં નિયંત્રિત વેપારને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે કે આયાતો ઉપર જકાત નાંખી દેશના ઉદ્યોગોને સંરક્ષણ આપવા.

- **રાષ્ટ્ર પ્રમાણે પ્રાથમિકતા :** આર્થિક નીતિમાં વ્યાપારિક નિયંત્રણોની સફળતાના ઉદ્દેશથી વિદેશી વેપારમાં રાષ્ટ્ર પ્રમાણે પ્રાથમિકતાઓની નીતિને અપનાવવામાં આવે છે.
- **વસ્તુ પ્રમાણે પ્રાથમિકતા :** આર્થિક નીતિની સફળતા વસ્તુ પ્રમાણે પ્રાથમિકતા પર પણ આધાર રાખે છે.

## 1.3 આર્થિક નીતિના ઘટકો

રાષ્ટ્રની આર્થિક નીતિની સફળતા તેના ઘટકો પર આધારિત હોય છે. સામાન્ય રીતે નીચેની નીતિઓનો ઉપયોગ આર્થિક નીતિના ઘટકોના રૂપમાં કરવામાં આવે છે.

### ⇨ કુદરતી સંસાધન નીતિ :

આર્થિક નીતિના લક્ષ્ય અનુરૂપ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. ખેતી, જંગલોનો વિકાસ કરવા માટે સિંચાઈ વગેરે ક્ષેત્રોમાં મૂડી રોકાણ ઉપર ભાર મૂકવો જોઈએ.

### ⇨ આર્થિક આયોજન :

આર્થિક આયોજનનો સંબંધ અર્થવ્યવસ્થાના બધા ક્ષેત્રો સાથે છે. એટલા માટે આયોજન નીતિનું નિર્માણ આર્થિક નીતિના લક્ષ્યોને અનુરૂપ થવું જરૂરી છે.

### ⇨ વસ્તીનીતિ :

કોઈ દેશના આર્થિક વિકાસમાં માનવીય સંશાધનનો મહત્ત્વપૂર્ણ ફાળો હોય છે. પણ દેશની વસ્તીમાં વધારે વૃદ્ધિ, તેના ગુણાત્મક પાસામાં ઘટાડો કરી દેશના આર્થિક વિકાસમાં અવરોધ ઉત્પન્ન કરે છે. ઔદ્યોગિક નીતિના સહાયક નીતિના રૂપમાં વસ્તીનીતિ તૈયાર કરવામાં આવે છે.

### ⇨ ખેતી નીતિ :

કોઈપણ દેશની ઘરેલુ ખેતીથી સંબંધિત કાનૂનો અને વિદેશી ખેતી ઉત્પાદનોના આયાતથી સંબંધિત કાનૂનોને તેની ખેતી નીતિ કહે છે.

### ⇨ ઔદ્યોગિક નીતિ :

ઔદ્યોગિક નીતિનો અર્થ સરકારના તે નિર્ણયો અને ઘોષણાઓથી છે કે જેમાં ઉદ્યોગો માટે અપનાવવામાં આવેલી નીતિઓનો ઉલ્લેખ કરવામાં આવેલો હોય છે.

### ⇨ વેપારિક નીતિ :

વેપારિક નીતિના અંતર્ગત પ્રમુખરૂપથી આયાત-નિકાસ, ક્વોટા, દિશા અને સ્વરૂપ, સ્વદેશી ઉદ્યોગોનું સંરક્ષણ અને તેમનો સ્વભાવ, વિદેશી નાણાં અને સહાય અને લેણ-દેણની તુલાની સમતુલાનો સમાવેશ થાય છે.

### ⇨ વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારનીતિ :

દેશમાં માળખાગત સંરચનાના નિર્માણમાં વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. આ સાધનોથી દેશના વિવિધ ક્ષેત્રો એકબીજા સાથે જોડાઈ જાય છે.

⇨ **કિંમત નીતિ :**

કિંમતનીતિ દ્વારા અર્થવ્યવસ્થામાં કિંમતોનું નિયંત્રણ અને નિયમન કરવામાં આવે છે જેથી કિંમતોમાં વધારો ન થાય.

⇨ **નાણાકીય અને શાખ નીતિ :**

નાણાકીય મુશ્કેલીઓને દૂર કરવા તથા શાખ નિયંત્રણના ઉદ્દેશ માટે રાષ્ટ્રની નાણાકીયનીતિ મહત્ત્વપૂર્ણ સાધન છે. ભારતમાં રિઝર્વ બેંક દ્વારા દર છ માસ પછી નાણાકીય અને શાખ નીતિની ઘોષણા કરવામાં આવે છે.

⇨ **જકાત નીતિ :**

જકાત નીતિનો દેવું અને ખર્ચની વહેંચણી અર્થવ્યવસ્થાની કાર્યપદ્ધતિને સ્થિર અને સુવ્યવસ્થિત આધાર આપવાના હેતુથી ઉપયોગ કરવામાં આવે છે. જકાત નીતિનું મુખ્ય કાર્ય મૂડીનિર્માણને પ્રોત્સાહિત કરવાનું છે.

## 1.4 આર્થિક નીતિનું મહત્ત્વ

આર્થિક નીતિનું મહત્ત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય છે.

➷ **કિંમતો ઉપર નિયંત્રણ :**

આર્થિક નીતિ દ્વારા દેશમાં વધેલી કિંમતો ઉપર નિયંત્રણ કરી શકાય છે. આનું કારણ એ છે કે આ અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા એ ધ્યાન રાખવામાં આવે છે કે પોતાના સંશાધનો અને કાર્યોનું કુશળતાપૂર્વક સંચાલન થાય છે કે નહીં. પરિણામ સ્વરૂપે તેનાથી ન માત્ર લોકોને રાહત મળશે પણ નીતિઓને સમજવામાં પણ સહાય મળશે. આ સિવાય જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવીને તેનો વિસ્તાર કરીને કુશળ સંચાલન દ્વારા કિંમતો ઉપર નિયંત્રણ કરવામાં આવે છે.

➷ **રોજગારીની વધારે તકો ઊભી કરવી :**

આર્થિક નીતિનું મહત્ત્વ રોજગારીની વધુ તકો ઉપલબ્ધ કરવા માટે પણ છે.

➷ **આર્થિક વિકેન્દ્રીકરણને ઓછું કરવું :**

સમુચિત આર્થિક નીતિઓ ઘડવાથી દેશમાં મોટી ઔદ્યોગિક સંપત્તિ, આર્થિક શક્તિ અને આર્થિક વિકેન્દ્રીકરણને ઓછું કરી શકાય છે.

➷ **ઝડપી આર્થિક વિકાસ :**

આર્થિક નીતિઓના માધ્યમથી દેશમાં ઝડપી આર્થિક વિકાસ થાય છે. કારણકે તેને અંતર્ગત દેશમાં ઉપલબ્ધ સંસાધનોનો ઈષ્ટત્તમ ઉપયોગ કરીને અર્થતંત્રને ઘોષિત દિશા આપવામાં આવે છે. સાધનોની મર્યાદાને ધ્યાનમાં રાખતા પ્રાથમિકતાઓને નિર્ધારિત કરીને વધારે મહત્ત્વપૂર્ણ યોજનાઓને પહેલા પૂર્ણ કરવામાં આવે છે. આ ઉપરાંત આર્થિક નીતિના આધાર પર વિકાસના મૂળભૂત માળખાને સુદૃઢ કરવામાં આવે છે જેથી દેશનો ભાવિ વિકાસ થાય.

➷ **આયોજિત વિકાસને પ્રોત્સાહન :**

વિકાસશીલ દેશોએ ઝડપી આર્થિક વિકાસ માટે આયોજનને અપનાવ્યું છે. આર્થિક

નીતિથી આયોજિત વિકાસને પ્રોત્સાહન મળે છે કારણકે યોજનાઓને અનુરૂપ આર્થિક નીતિઓમાં ફેરફાર કરવામાં આવે છે. તેમને સરળ બનાવવામાં આવે છે અને અછતોને દૂર કરવામાં આવે છે.

**નાગરિકોનું મહત્તમ સામાજિક કલ્યાણ :**

આર્થિક નીતિઓ ઘડવાથી દેશના નાગરિકોનું મહત્તમ સામાજિક કલ્યાણ શક્ય બને છે. આનું કારણ એ છે કે દેશમાં એવી નીતિઓ ઘડવામાં આવે છે કે જેમાં આવક અને સંપત્તિનું ગરીબ વ્યક્તિઓમાં વહેંચણી થાય. આ ઉપરાંત આર્થિક સાધનોનો એવી રીતે ઉપયોગ કરવામાં આવે છે કે જેથી મહત્તમ સામાજીક કલ્યાણ થાય.

**ઉત્પાદનમાં વધારો :**

આર્થિક નીતિ દ્વારા ઉત્પાદનમાં વધારો થાય છે. કારણ કે -

- ખેતીનીતિ એવી બનાવવામાં આવે છે કે ખેડૂતોને ઉત્પાદનની યોગ્ય કિંમત મળે અને તે વધારે ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત થાય.
- ઔદ્યોગિક નીતિ એવી બનાવવામાં આવે છે કે દેશમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ થાય, ઉત્પાદન વધે અને જનતાના ઉપયોગની વસ્તુઓ ઉપલબ્ધ થાય. તેની સાથે જ માળખાગત ઉદ્યોગોનો વિકાસ થાય.
- વાણિજ્યનીતિ પણ એવી બનાવવામાં આવે છે કે જેથી વિકાસ વધે અને આયાતોને મર્યાદિત કરવામાં મદદ મળે.
- રાજકોષીયનીતિ એવી હોય છે કે જેનાથી ઉત્પાદન વિપરીત સ્વરૂપે અસર નથી થતું.

**વિદેશી મૂડી રોકાણોમાં વધારો :**

સમુચિત આર્થિક નીતિઓના માધ્યમથી વિદેશી ખાનગી રોકાણોમાં વધારો કરી શકાય છે.

**નિકાસમાં વધારો :**

આર્થિક નિકાસોથી દેશના વિકાસમાં વધારો થાય છે. કારણકે તેનાથી લેણ-દેણની અસમતુલાને દૂર કરી શકાય છે.

## 1.5 રાષ્ટ્રીય આવક

**☞ રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા અને તેનું અર્થઘટન :**

સાધારણ શબ્દોમાં કોઈપણ દેશમાં એક વર્ષ જેટલું ઉત્પાદન હોય છે. ભલે તે ભૌતિક વસ્તુઓ કે ભૌતિક સેવાઓ, તેને જ રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે. આના ઉપરથી જ દેશની અર્થવ્યવસ્થાનું અનુમાન કરવામાં આવે છે. જો રાષ્ટ્રીય આવક વધે તો દેશની આર્થિક પરિસ્થિતિ સારી છે એમ ગણવામાં આવે છે અને જો ઘટે તો આર્થિક પરિસ્થિતિ અસંતોષકારક છે એમ ગણવામાં આવે છે. જે આર્થિક વધ-ઘટ અર્થવ્યવસ્થામાં ઉત્પન્ન થાય છે તેનો ખ્યાલ પણ રાષ્ટ્રીય આવકમાં આવતા ફેરફારોથી જાણી શકાય છે.

પ્રો. માર્શલ પ્રમાણે, **"કોઈ એક દેશની શ્રમ અને મૂડી તેના કુદરતી સાધનોનો ઉપયોગ કરીને વાર્ષિક રીતે ચીજવસ્તુઓનું, સામગ્રી અને તમામ પ્રકારની સેવાઓનું ચોખ્ખું એકંદરે ઉત્પાદન કરે છે. આ જ સરવાળો દેશની સાચી વાર્ષિક આવક અને મહેસૂલ અથવા રાષ્ટ્રીય આવક છે."**

"The labour and capital of a country acting on its natural resources produce annually a certain net aggregate of commodities, material and immaterial, including services of all kinds. This is the true Annual Income and Revenue of the country or National Income."

પ્રો. પિગુ પ્રમાણે, **"રાષ્ટ્રીય આવક સમુદાયની વસ્તુ પર આવકનો તે ભાગ છે કે જે નાણાંમાં માપી શકાય છે અને આ આવકમાં વિદેશી આવકનો પણ સમાવેશ થાય છે."**

"National Income is that part of objective income of the community, including of course income derived from abroad, which can be measured in money."

રાષ્ટ્રીય આવકને ત્રણ જુદા અભિગમોથી પણ જોઈ શકાય છે. આ બધી જ આવકોનો સરવાળો પણ છે, બધા જ ખર્ચાઓનો સરવાળો પણ છે અને બધા જ ઉત્પાદનનું નાણાકીય મૂલ્ય પણ છે.

આ બધી જ બાબતો એક ઉદાહરણ દ્વારા સમજી શકાય છે. એક એવી અર્થવ્યવસ્થાની કલ્પના કરો જેમાં ફક્ત બે વર્ગ છે. 'કુટુંબ' અને 'પેઢી'. ધારો કે આ અર્થવ્યવસ્થામાં પેઢીઓ વસ્તુઓનું ઉત્પાદન કરે છે અને કુટુંબ પેઢીઓના ઉત્પાદનના સાધન રજૂ કરે છે. હવે ઉત્પાદન કરવા માટે પેઢીઓ ઉત્પાદનના સાધનોને કામ ઉપર લગાડે છે અને ઉત્પાદિત વસ્તુઓને પેઢીઓથી ખરીદે છે. ઉત્પાદિત વસ્તુઓના વેચાણથી જે નાણાં પેઢીઓને મળે છે તે જ કુટુંબોને જે ઉત્પાદન સાધન રજૂ કરે છે, તેના પારિશ્રમિકના રૂપમાં એટલે કે વેતન, ભાડું, વ્યાજ અને નફાના સ્વરૂપમાં મળે છે. કુટુંબોની આ આવક ખર્ચ બને છે. કારણકે આ નાણાંથી જ તે પેઢીઓની વસ્તુઓને ખરીદે છે. આમ, પેઢીઓથી કુટુંબોની તરફ આવકનો પ્રવાહ વહે છે. કારણ કે કુટુંબ ઉત્પાદન સાધન પેઢીઓને રજૂ કરે છે અને જ્યારે કુટુંબ ખર્ચ કરે છે તો તેના બદલે વસ્તુઓનો પ્રવાહ પેઢીની તરફ વહે છે.

☛ **રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય ઉત્પાદન :**

ઉપરના વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે કોઈ સમાજના બધા જ લોકોના આવકોના સરવાળાને રાષ્ટ્રીય આવક કહેવાય છે. આ રાષ્ટ્રીય આવકનો રાષ્ટ્રીય ઉત્પાદન સાથે ઘણો સંબંધ છે. વાસ્તવમાં આ બન્ને એક વસ્તુના બે જુદા-જુદા નામ છે. સમાજના વિવિધ લોકો જે આવક પ્રાપ્ત કરે છે, તે તેમણે ઉત્પાદન માટે શ્રમ, મૂડી, જમીન અને નિયોજકીય સેવાઓને અર્પણ કરવાથી મળે છે. એટલે કે શ્રમિકોને આવક તેમના દ્વારા ઉત્પાદક પેઢીઓને સેવાઓ આપવા બદલ વેતન સ્વરૂપે મળે છે.

આમ, જમીનના માલિકોને આવક જમીનની સેવાઓ ઉત્પાદક પેઢીઓને વેચવાથી ભાડા સ્વરૂપે મળે છે. આમ, મૂડીપતિને આવક પોતાની મૂડી ઉછીની આપીને વ્યાજ સ્વરૂપે મળે છે અને નિયોજકને આવક તેના નફા સ્વરૂપે મળે છે. સ્પષ્ટ

છે કે દેશના વિવિધ વ્યક્તિઓ કાં તો વેતન સ્વરૂપે અથવા મૂડીના વ્યાજથી અથવા જમીનના ભાડાથી અથવા લાભથી પ્રાપ્ત કરે છે. એક વર્ષમાં કરવામાં આવેલા વસ્તુઓના કુલ ઉત્પાદનના મૂલ્યને રાષ્ટ્રીય ઉત્પાદન કહેવાય છે. આમ, રાષ્ટ્રીય ઉત્પાદન, કુલ ઉત્પાદિત વસ્તુઓના તેના બજાર કિંમતોના ગુણાકારથી મેળવવામાં આવે છે.

આમ, કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (નાણાંના સ્વરૂપમાં) જે ઉત્પાદક પેઢીઓ દ્વારા એક વર્ષમાં ઉત્પાદિત કરવામાં આવે છે તે બધાં જ સાધનોમાં વહેંચાય છે, જેમણે તેમના ઉત્પાદનમાં યોગદાન આપ્યું છે. જેમ ઉપર દર્શાવવામાં આવ્યું છે, કુલ વેતન, કુલ વ્યાજ, કુલ ભાડું અને કુલ નફાના સરવાળાને રાષ્ટ્રીય આવક કહેવાય છે. આમ, રાષ્ટ્રીય ઉત્પાદન (દેશમાં કુલ ઉત્પાદનનું મૂલ્ય) રાષ્ટ્રીય આવકને બરાબર થશે. જે નીચે મુજબ રજૂ કરી શકાય છે.

રાષ્ટ્રીય ઉત્પાદન = (વેતન + ભાડું + વ્યાજ + નફો) = રાષ્ટ્રીય આવક

આના પરથી સ્પષ્ટ થાય છે કે રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય ઉત્પાદન બન્ને એક જ છે. એટલા માટે પ્રો. હિક્સ લખે છે કે - "સમુદાયની ચોખ્ખી સામાજિક પેદાશનું મૂલ્ય અને તેનાં સભ્યોની આવકનો સરવાળો પૂર્ણતઃ સરખો હોય છે. ચોખ્ખી સામાજિક પેદાશ અને સામાજિક આવક બન્ને એક જ બાબત છે."

"The value of the net Social product of the community and the sum of the income of its members are exactly equal. The net social product and social income are one and the same thing."

☞ **સ્ટોક (જથ્થો) અને પ્રવાહ :**

અર્થતંત્રમાં વિશેષ રીતે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં અર્થશાસ્ત્રી સ્ટોક પ્રકારની ચલરાશિઓ અને પ્રવાહની ચલરાશિઓ વચ્ચે તફાવત કરવું જરૂરી સમજે છે. સ્ટોક એવી ચલરાશિ છે કે જે કોઈ આપેલા સમય બિંદુ ઉપર તેના કુલ પરિમાણ અથવા માત્રાને વ્યક્ત કરે છે. જ્યારે પ્રવાહ એવી ચલરાશિ છે કે જે એક સમયગાળા દરમ્યાન વધારા અથવા ઘટાડાની માત્રાને વ્યક્ત કરે છે.

બીજા શબ્દોમાં સ્ટોક ચલરાશિ એ વર્તમાન સમયગાળાની માત્રા તરીકે માપવામાં આવે છે જ્યારે પ્રવાહ ચલરાશિ કોઈ સમયગાળા દરમ્યાન એકમ દીઠ માત્રામાં કેટલો ફેરફાર થાય છે તેના દ્વારા માપવામાં આવે છે.

અર્થશાસ્ત્રમાં આ માટે કેટલાક ઉદાહરણો છે, જે નીચે પ્રમાણે છે.

- કોઈ વિશિષ્ટ સમય ઉપર બેરોજગાર વ્યક્તિઓની સંખ્યા સ્ટોક ચલરાશિને દર્શાવે છે. જ્યારે વર્ષ દીઠ રોજગારીના અવસર ઉપલબ્ધ કરાવાનો પ્રવાહ ચલરાશિ તરીકે ઓળખાય છે.
- જ્યારે તેની માસિક અથવા વાર્ષિક આવક બચત વગેરે પ્રવાહના ઉદાહરણ છે.
- કોઈ સમય સરકારનું ઋણ સ્ટોક છે અને કોઈ બજેટ ખાદ્ય પ્રવાહ છે.

આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સ્ટોક અને પ્રવાહની ચલરાશિઓ રાષ્ટ્રીય આવક, રોજગારી, વપરાશ, મૂડીરોકાણ અને મૂડી સ્ટોક વગેરેથી સંબંધિત છે.

## 1.6 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

વર્તમાન અર્થતંત્ર એ નાણાકીય અર્થતંત્ર છે. આધુનિક અર્થતંત્રમાં નાણાંનો ઉપયોગ વિનિમય માટે કરવામાં આવે છે. આમ, નાણું વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે. કુટુંબો આર્થિક સંસાધનોને પેઢીઓને આપે છે અને તેનું વળતર નાણાં સ્વરૂપે મેળવે છે.

આ સમજવા માટે બે ક્ષેત્રીય અર્થતંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. બે ક્ષેત્રીય અર્થતંત્રમાં કુટુંબો અને પેઢીઓનો સમાવેશ કરવામાં આવે છે.

☞ **બે ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ :**


ઉત્પાદન એ સતત પ્રક્રિયા છે. આમ કુટુંબોથી પેઢીઓ તરફ અને પેઢીઓથી કુટુંબો તરફ પ્રવાહ જોવા મળે છે. આ આવક પ્રવાહ ખર્ચ પ્રવાહની તરફ દોરે છે. કુટુંબો તેમની આવકો વિવિધ વસ્તુઓ અને સેવાઓની ખરીદી ઉપર ખર્ચ કરે છે અને ત્યાં પેઢીઓથી વસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ કુટુંબો તરફ જાય છે. આ ત્રણ પ્રકારના પ્રવાહો - ઉત્પાદનના સાધનોનો, વસ્તુઓ અને સેવાઓનો અને નાણાંનો - નીચે પ્રમાણે છે.

i) કુટુંબો, પેઢીઓને સાધનો પૂરા પાડે છે. આ કુટુંબોથી પેઢીઓ તરફ સીધો પ્રવાહ છે.

ii) પેઢીઓ કુટુંબોને સાધનોના બદલામાં નાણાં ચૂકવે છે આ વ્યસ્ત પ્રવાહ છે.

iii) કુટુંબો આ નાણાંનો ઉપયોગ પેઢીઓ દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલી વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ કરે છે. જે સીધો પ્રવાહ છે.

iv) પેઢીઓ કુટુંબોને આ વપરાશી વસ્તુઓ પૂરી પાડે છે. આ વ્યસ્ત પ્રવાહ છે અને પ્રક્રિયા પૂર્ણ થાય છે. બે ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ નીચેની આકૃતિ દ્વારા દર્શાવવામાં આવેલ છે.




**આકૃતિ નં. 1.1 બે ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ**

ઉપરની આકૃતિમાં ચાર પ્રવાહ દર્શાવવામાં આવેલ છે. બે પ્રવાહ સીધા છે - (1), (3) અને બે પ્રવાહ વ્યસ્ત છે - (2), (4).

આકૃતિના નીચેના ભાગમાં, (1) કુટુંબોથી પેઢીઓ તરફ ઉત્પાદનના સાધનોનો સીધો પ્રવાહ જોવા મળે છે. (2) પેઢીઓ કુટુંબોથી સાધનોની ખરીદી કરે છે અને તેમને ભાડા, વ્યાજ, નફા અને વેતન સ્વરૂપે ચૂકવણી કરે છે. આ નાણાંની ચૂકવણીને વ્યસ્ત પ્રવાહ દ્વારા દર્શાવ્યું છે.

આકૃતિના ઉપરના ભાગમાં, (3) કુટુંબો તેમની આવકોનો ખર્ચ પેઢીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓની પાછળ કરે છે અને તેઓ રૂપિયા દ્વારા નાણાંની ચૂકવણી કરે છે. આમ પેઢીઓ વસ્તુઓ અને સેવાઓનું વેચાણ કરીને આવક મેળવે છે. આ કુટુંબોથી પેઢીઓ તરફનું સીધો પ્રવાહ છે. (4) અને પેઢીઓ કુટુંબોની નાણાંની ચૂકવણીના બદલામાં વસ્તુઓ અને સેવાઓ આપે છે. આ વ્યસ્ત પ્રવાહ છે.

આમ ઉપર દર્શાવવામાં આવેલ પ્રવાહ બે પ્રકારના પ્રવાહ દર્શાવે છે.

- બે સીધા પ્રવાહ - (1) અને (3)
- બે વ્યસ્ત પ્રવાહ - (2) અને (4)

આ ચક્રાકાર પ્રવાહ બધા જ સમયગાળામાં એક સમાન રહેતો નથી. તેજીના સમયગાળામાં ઊંચો હોય છે અને મંદીના સમયગાળા દરમિયાન આ નીચો રહે છે. આ બે ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકના ચક્રાકાર પ્રવાહની સાથે બચત અને મૂડીરોકાણની સાથે આવકનો ચક્રાકાર પ્રવાહ પણ ધ્યાનમાં લેવાય છે. જે નીચે પ્રમાણે સમજાવવામાં આવેલો છે.

☞ **બચત અને મૂડીરોકાણની સાથે આવકનો ચક્રાકાર પ્રવાહ :**


આપણે ધાર્યું છે કે કુટુંબો તેમની બધી જ આવકો વપરાશી વસ્તુઓની ખરીદી પાછળ ખર્ચ કરે છે અને કંઈ પણ બચત કરતા નથી. આમ, બધાં જ ખર્ચનો પ્રવાહ પેઢીઓ વેચાણ આવક સ્વરૂપે મેળવે છે. પરિણામ સ્વરૂપે, ચક્રાકાર પ્રવાહમાં કોઈપણ પ્રકારનું ચુવાણ કે ઝમણ (લીકેજ) જોવા મળતું નથી. જો કે, જો કુટુંબો તેમની આવકોમાંથી કેટલોક ભાગ બચત કરે તો, તેમનું વપરાશી વસ્તુઓ અને સેવાઓ પાછળનું ખર્ચ ઘટી જશે. જે પેઢીઓની વેચાણ આવકમાં ઘટાડો ઉત્પન્ન કરશે.

'કેઈન્સ' કહે છે કે, "જો આપણે 10 પૈસાની બચત કરીએ તો શ્રમિકને એક દિવસ માટેની તેની જોબથી બહાર કાઢીએ છીએ." આ પ્રકારની પરિસ્થિતિમાં, પેઢીઓ ઉત્પાદનમાં ઘટાડો કરશે અને તેમની ઉત્પાદન કરવા માટેનાં સાધનોની ખરીદી ઘટી જશે, શ્રમિક સહિતની સાથે. આના પરિણામે કુટુંબોની આવકોમાં ઘટાડો થશે. એટલા માટે બચતને આવકના ચક્રાકાર પ્રવાહનું ચુવાણ કે ઝમણ (લીકેજ) ગણવામાં આવે છે.

જો કે, જો બચતનું વળતર ચક્રાકાર પ્રવાહમાં મૂડીરોકાણ સ્વરૂપે હોય તો તે રાષ્ટ્રીય આવક ઘટાડશે નહીં. સામાન્ય રીતે કુટુંબો બચત કરે છે અને વેપારમાં મૂડીરોકાણ કરે છે. કુટુંબોને પુરાંત ઉત્પન્ન કરતું એકમ અને વેપારને ખાદ્ય ખર્ચ કરતું એકમ કહેવાય છે. આ બન્ને એકમો સીધી રીતે વ્યવહારમાં આવતા નથી. કેટલીક સંસ્થાઓ જેમકે, બેંક, પોસ્ટ ઓફિસ, વીમા કંપનીઓ વગેરે કુટુંબોથી બચત એકત્રિત કરીને પેઢીઓને લોન આપે છે. અહિંયા આપણે ધારીએ છીએ કે કોઈ એક કુટુંબ, બીજા કુટુંબ પાસેથી નાણાં ઉછીના લેતા નથી. કુટુંબો બચત કરે છે અને ઉદ્યોગોમાં

મૂડીરોકાણ કરે છે. ઉદ્યોગો ફેકટરી સ્થાપિત કરવા માટે, મશીન ખરીદવા માટે નાણાકીય સંસ્થાઓ પાસેથી ઉછીના લે છે. આમ, કુટુંબોની બચત ઉદ્યોગો દ્વારા મૂડીરોકાણમાં રૂપાંતર કરવામાં આવે છે. આમ, ખર્ચમાંથી આવકનો પ્રવાહ ઘટતો નથી. જે બચતની ચુવાણ કે ઝમણ (લીકેજ)માંથી ઉત્પન્ન થાય છે.

નીચેની આકૃતિ બચત અને મૂડીરોકાણની સાથે આવકના ચક્રાકાર પ્રવાહને દર્શાવે છે.




**આકૃતિ નં. 1.2 બચત અને મૂડીરોકાણની સાથે આવકનો ચક્રાકાર પ્રવાહ**

આકૃતિ પરથી જોઈ શકાય છે કે કુટુંબોની બચતોનો પ્રવાહ વેપારીક્ષેત્રની તરફ લોન સ્વરૂપે વહે છે. આ દર્શાવે છે કે કઈ રીતે બચત મૂડીરોકાણ દ્વારા સમતુલિત કરવામાં આવે છે અને નાણાકીય આવકનો પ્રવાહ ચાલતો રહે છે. જો કે બચતકારો અને મૂડીરોકાણકારો લોકોનો અલગ-અલગ સમૂહ છે. નાણાકીય વ્યવસ્થા દ્વારા બચત અને મૂડીરોકાણને બરાબર કરવામાં આવે છે.

પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ પ્રમાણે બચત અને મૂડીરોકાણથી ઉત્પન્ન થતી અસમતુલા વ્યાજના દરના ફેરફારથી સમતુલિત કરવામાં આવે છે. કેઈન્સના મત પ્રમાણે વાસ્તવિક બચત હંમેશા વાસ્તવિક આવકને બરાબર હોય છે. જે બચત-મૂડીરોકાણની સમતુલા તરીકે ઓળખવામાં આવે છે. પણ નિયોજિત બચત નિયોજિત મૂડીરોકાણને બરાબર હોતી નથી. આના માટેના બે કારણો છે. પ્રથમ, બચતકારો અને મૂડીરોકાણકારો બન્ને જુદાં-જુદાં હોય છે. કેટલાક લોકો બચત કરે છે. બચતોનો મોટોભાગ કુટુંબોમાંથી આવે છે. બીજુ, બચત અને મૂડીરોકાણ બન્નેના ઉદ્દેશો જુદાં-જુદાં હોય છે. કુટુંબો પોતના વ્યક્તિગત કારણોસર બચત કરે છે. જ્યારે પેઢીઓ નફો કમાવવા માટે મૂડીરોકાણ કરે છે. આ બન્ને કારણોને લીધે નિયોજિત બચત અને નિયોજિત મૂડીરોકાણ બન્ને સરખા હોતા નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે આવકનો ચક્રાકાર પ્રવાહ કેટલાક સમય પછી એક સરખા દર પર રહેશે. પણ તેમાંથી ઉત્પન્ન થતી અસમતુલા આવકમાં ફેરફાર કરીને સમતોલ કરવામાં આવશે.

☞ **રાષ્ટ્રીય આવકખાતામાં બચત મૂડીરોકાણ સમાનતા :**

અહિંયા નોંધનીય છે કે બે ક્ષેત્રીય અર્થતંત્રમાં સરકાર અને વિદેશ વેપારનો સમાવેશ થતો નથી. નિયોજિત બચત એ નિયોજિત મૂડીરોકાણથી જુદી હોઈ શકે છે. જો કે રાષ્ટ્રીય આવકખાતામાં વાસ્તવિક બચત (અનુભૂત) અને વાસ્તવિક મૂડીરોકાણ (અનુભૂત) બરાબર હોય છે. આને બચત મૂડીરોકાણની સમાનતા તરીકે ઓળખવામાં આવે છે. સરળ શબ્દોમાં, બે ક્ષેત્રીય અર્થતંત્રમાં ઉત્પાદિત ઉત્પાદનનું મૂલ્ય એ વેચાણ ઉત્પાદનના મૂલ્યને બરાબર હોય છે. વેચાણ ઉત્પાદન મૂલ્યના બે ઘટકો હોય છે, કુટુંબોની વપરાશી ખર્ચ અને ઉદ્યોગોનું મૂડીરોકાણ ખર્ચ.

$$Y = C + I \qquad \text{....................} (1)$$

જ્યાં Y એ વેચાણ ઉત્પાદન છે. C એ કુટુંબોનો વપરાશી ખર્ચ છે અને I એ મૂડીરોકાણ ખર્ચ છે.

☞ **કુલ ઉત્પાદનની વપરાશ અને બચત વચ્ચે વહેંચણી :**

પોલ સેમ્યુલસન પ્રમાણે વપરાશ અને બચત એ અરીસો છે. કારણ કે રાષ્ટ્રીય આવકનો જે ભાગ વપરાશ કરવામાં આવતો નથી તે બચત થાય છે. આમ, રાષ્ટ્રીય આવકને બે ભાગમાં વહેંચવામાં આવે છે.

$$Y = C + S \qquad \text{....................} (2)$$

જ્યાં Y= આવક, C = વપરાશ અને S = બચત થાય છે. હવે સમીકરણ (1) અને (2) દ્વારા

$$C + I = C + S \qquad \text{....................} (3)$$

આ દર્શાવે છે કે ઉત્પાદિત ઉત્પાદનનું મૂલ્ય (વેચાણ) જે C + I દ્વારા રજૂ કરવામાં આવેલ છે, તે રાષ્ટ્રીય આવકના વપરાશ અને બચત જે C + S દ્વારા રજૂ કરવામાં આવ્યો છે, તેને બરાબર હોય છે. સમીકરણ (3)માં ડાબી બાજુનો C એ વપરાશી વસ્તુઓની માંગ દર્શાવે છે અને જમણી બાજુનો C એ વપરાશી વસ્તુઓનો પુરવઠો દર્શાવે છે. આમ જો વસ્તુ બજારની સમતુલા હોય તો બન્ને બાજુના C બરાબર થશે. એટલા માટે જો બન્ને બાજુના Cને રદ કરવામાં આવે તો સમીકરણ (4)ને નીચે પ્રમાણે લખી શકાય છે.

$$I = S \qquad \text{....................} (4)$$

આના પરથી સાબિત થાય છે કે બે ક્ષેત્રીય અર્થતંત્રમાં મૂડીરોકાણ એ બચતને બરાબર થાય છે.


☞ **ત્રણ ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ : (સરકારની સાથે આવકનો ચક્રાકાર પ્રવાહ)**

સરકાર અર્થતંત્રને ચાર રીતે અસર કરે છે. (1) કરવેરા, (2) ખર્ચ, (3) દેવું અને (4) કુટુંબો અને પેઢીઓ પાસેથી વસ્તુઓ અને સેવાઓની ખરીદી.

સરકાર જાહેર વસ્તુઓ જેમકે આંતરમાળખું (જેમાં રસ્તાઓ, ધોરીમાર્ગ, પુલ, વીજળી, ઉદ્યોગો, રેલવે વગેરે) પાછળ નાણાં ખર્ચે છે. ભારત જેવા વિકસતા દેશોમાં

સરકાર ખેડૂતો પાસે અનાજની ખરીદી કરીને ન્યાયી કિંમતો પર દુકાનોને વહેંચે છે. આમ સરકાર દ્વારા વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે ખર્ચ કરવામાં આવે છે. જેને આકૃતિના પ્રવાહ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

આકૃતિમાં જોઈ શકાય છે કે સરકાર બન્ને **પેઢીઓ** અને **કુટુંબો** પાસેથી વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે, જે વસ્તુઓ અને સેવાઓ ઉપર ખર્ચ કરતાં નાણાંનો પ્રવાહ દર્શાવે છે. સરકારી ખર્ચ ત્રણ રીતે નાણાં મેળવીને કરવામાં આવે છે. કરવેરા, સંપત્તિનું વેચાણ અને દેવું, (ખાનગીક્ષેત્રને બોન્ડનું વેચાણ કરીને અથવા કેન્દ્રીય બેંકમાંથી.) કુટુંબો અને પેઢીઓ તરફથી સરકાર તરફ જતો નાણાંનો પ્રવાહ કર ચૂકવણીના લેબલથી દર્શાવવામાં આવેલો છે.




આકૃતિ નં. 1.3 ત્રણ ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ

વસ્તુઓ અને સેવાઓની ખરીદી

સૌ પ્રથમ સરકાર તેનું ખર્ચ કરવેરામાંથી મળેલી ચોખ્ખી કર આવકોથી કરે છે. જો સરકારની કરવેરા આવક પૂરતી ન હોય તો સરકાર ખાનગીક્ષેત્રો પાસેથી નાણાં ઉછીના લે છે. જે ઉપરની આકૃતિમાં ઉર્ધ્વ નિર્દેશિકરણ (Upward Printing Arrow) દર્શાવવામાં આવ્યું છે. જ્યારે સરકાર ખાનગીક્ષેત્રો પાસેથી નાણાં ઉછીના લે છે. ત્યારે ઉછીનાં ભંડોળની માંગમાં વધારો થાય છે. અને જેના કારણે ફંડની અછત ઉભી થાય છે. જેના પરિણામ સ્વરૂપે વ્યાજના દરમાં વધારો થાય છે. વ્યાજના દરમાં થતો વધારો સ્પષ્ટ કરે છે કે ઉછીના ભંડોળના ખર્ચમાં વધારો થયો છે. જેના પરિણામે કુટુંબો અને વેપારી પેઢીઓ વપરાશ અને મૂડીરોકાણ માટે તેમના દેવામાં ઘટાડો કરે છે. વ્યાજના દરમાં વધારાને કારણે કુટુંબો વપરાશ ઓછી કરીને બચતમાં વધારો કરે છે અને પેઢીઓ ઓછું મૂડીરોકાણ કરે છે. તેના કારણે ખાનગી મૂડીરોકાણ ઘટે છે.

આમ, સરકારી પ્રવૃત્તિ અર્થતંત્રને અનેક રીતે અસર કરે છે. હવે કુલ ખર્ચ પ્રવાહને અંતર્ગત ત્રણ ઘટકો જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

$$E = C + I + G \qquad .................... (5)$$

જ્યાં E કુલ ખર્ચ, C એ વપરાશ, I એ મૂડીરોકાણ અને G એ સરકારી ખર્ચ રજૂ કરે છે. આમ, કુલ આવકો ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. જે નીચેના સમીકરણથી દર્શાવી શકાય છે.

$$Y = C + S + T \qquad .................... (6)$$

Y એ કુલ રોજગારી / કુલ આવક છે.

C એ વપરાશ છે.

S એ બચત છે.

T એ કરવેરા છે.

જો કુલ ખર્ચ મેળવેલ આવકને બરાબર હોય તો સમીકરણ (5) અને સમીકરણ (6) ઉપરથી

$$C + I + G = C + S + T \qquad .................... (7)$$

સમીકરણ (7)માં વપરાશી વસ્તુઓ માટેની માંગને ડાબી બાજુ દર્શાવવામાં આવેલ છે અને વપરાશના પુરવઠાને જમણી બાજુ દર્શાવવામાં આવેલ છે. જો સમીકરણ (7)માંથી બન્ને બાજુએથી રદ કરવામાં આવે તો નીચેનું સમીકરણ મળે છે.

$$I + G = S + T \qquad .................... (8)$$

જો Tને ડાબી બાજુએ લાવવામાં આવે અને Iને જમણી બાજુ લાવવામાં આવે તો નીચેનું સમીકરણ મળે છે.

$$G - T = S - I \qquad .................... (9)$$

હવે જો કરવેરાની આવક કરતાં સરકારનું ખર્ચ વધારે હોય તો $(G>T)$ અંદાજપત્રમાં ખાધ છે એમ કહેવાય. આ ખાધને દૂર કરવા માટે સરકાર ખાનગીક્ષેત્રો પાસેથી દેવું કરે છે. આ ત્યારે શક્ય બને છે જ્યારે ખાનગીક્ષેત્રોનું મૂડીરોકાણ, કુટુંબોની (બચત) કરતાં ઓછું $(I<S)$ હોય. આમ, સરકારી દેવું ખાનગી મૂડીરોકાણને ઘટાડે છે. આને "Crowding Out Effect" તરીકે ઓળખવામાં આવે છે.

☞ **ચાર ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ :**

**(ખુલ્લા અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ)**

ખુલ્લું અર્થતંત્ર એટલે એવું અર્થતંત્ર જ્યાં એક દેશનો બીજા વેપારી દેશો સાથે સંબંધ હોય. કુટુંબો અને પેઢીઓ ખુલ્લા અર્થતંત્રમાં વિદેશીઓ સાથે બે રીતે વ્યવહાર કરે છે.


1) વસ્તુઓ અને સેવાઓની આયાતો અને નિકાસો દ્વારા

2) નાણાકીય મૂડીની લેવડ-દેવડ દ્વારા

જે વસ્તુઓ અને સેવાઓનું ઘરેલુ ક્ષેત્રમાં ઉત્પાદન કરીને વિદેશમાં વેચવામાં આવે તેને નિકાસ કહેવાય છે. જ્યારે વિદેશોમાં ઉત્પાદિત થતી વસ્તુઓ અને સેવાઓનું, દેશમાં વપરાશ કરવામાં આવે તેને આયાત કહેવાય છે. નીચેની આકૃતિ ચાર ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ કઈ રીતે થાય છે તે જણાવે છે.

આકૃતિમાં જ્યારે ખૂલ્લા અર્થતંત્રમાં આયાતો અને નિકાસો પણ અસ્તિત્ત્વમાં હોય છે

તો વધારાનો નાણાંનો પ્રવાહ કઈરીતે કાર્ય કરે છે તે દર્શાવાયું છે. આપણા વિશ્લેષણમાં આપણે ધારીએ છીએ કે ઘરેલુ અર્થતંત્રની માત્ર વેપારી પેઢીઓ વિદેશી દેશો સાથે વસ્તુઓ અને સેવાઓની આયાતો અને નિકાસો કરે છે. આયાતો ઉપર ખર્ચ કરવામાં આવતો નાણાંનો પ્રવાહ જ્યારે વેપારી પેઢીઓ બીજા દેશો સાથે વેપાર કરે છે. તેના કારણે ઉત્પન્ન થાય છે. અને ઘરેલુ અર્થતંત્રનો નિકાસો ઉપરનો મૂડી ખર્ચનો પ્રવાહ ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે વિદેશી દેશો ઘરેલુ અર્થતંત્રની વેપારી પેઢીઓથી વેપાર કરે છે.




**આકૃતિ નં. 1.4 ચાર ક્ષેત્રીય અર્થતંત્રમાં આવકનો ચક્રાકાર પ્રવાહ**

વ્યક્તિ સીધી રીતે વસ્તુઓ અને સેવાઓની નિકાસો કરી શકતી નથી. માત્ર વેપારી પેઢીઓ કરી શકે છે. જ્યારે કોઈ એક દેશ પોતાની વસ્તુઓ અને સેવાઓની નિકાસ કરે છે ત્યારે મૂડીનો આંતર પ્રવાહ જોવા મળે છે. તેને સંકેતમાં X તરીકે દર્શાવવામાં આવ્યું છે. જ્યારે વસ્તુઓ અને સેવાઓની આયાતો કરવામાં આવે ત્યારે મૂડીનો બાહ્યપ્રવાહ જોવા મળે છે. તેને સંકેતમાં M દ્વારા દર્શાવવામાં આવ્યું છે. જ્યારે નિકાસો (X) એ આયાતોને (M) બરાબર હોય ત્યારે વેપાર તુલા સમતુલામાં છે તેમ કહેવાય છે. જ્યારે નિકાસો (X) એ આયાતો (M) કરતાં ઓછી હોય ત્યારે $(X<M)$ વેપારતુલામાં ખાધ છે એમ કહેવાય છે અને જ્યારે નિકાસો (X) એ આયાતો (M) કરતાં વધારે હોય ત્યારે $(X>M)$ વેપારતુલા પુરાંતમાં છે એમ કહેવાય છે.

આવકના ચક્રાકાર પ્રવાહમાં ખુલ્લા અર્થતંત્રને અંતગર્ત નવું તત્ત્વ ચોખ્ખી નિકાસ ઉમેરવામાં આવે છે જે નિકાસો અને આયાતોની તફાવતમાં મેળવવામાં આવે છે. અને તેને (X-M)તરીકે દર્શાવવામાં આવે છે. આમ, ખુલ્લા અર્થતંત્રમાં

$$Y = C + I + G + (X-M) \qquad .................... (10)$$

જો કે રાષ્ટ્રીય આવકનો વપરાશ ઘરેલુ અને વિદેશી વસ્તુઓ પાછળ થઈ શકે છે. આમ,

$$Y = C + I + G + X = C + S + T + M$$

અથવા, $I + G + X = S + T + M$ (Cની ઉપેક્ષા કરવાથી)

અથવા, $I + G + X - M = S + T$ .................... (11)

આમ, સમીકરણ (11) ઉપરથી કહી શકાય કે ખુલ્લા અર્થતંત્રમાં ખાનગી મૂડીરોકાણનો સરવાળો સરકારી ખરીદી (G) અને ચોખ્ખી નિકાસ (X-M)એ બચત અને કરવેરાના સરવાળા બરાબર હોવી જોઈએ.

રાષ્ટ્રીય આવકમાં હવે નવું તત્ત્વ ઉમેરવામાં આવે છે. જેને વિદેશોમાંથી મળતી ચોખ્ખા સાધન આવક તરીકે ઓળખાય છે. આવી આવકો ભારતીયોને વેતન, વ્યાજ, ભાડું વગેરે સ્વરૂપે વિદેશમાંથી મળે છે. જે આકૃતિના નીચેના ભાગના ડાબી બાજુમાં દર્શાવવામાં આવેલી છે.

## 1.7 રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલો

રાષ્ટ્રીય આવકના ખ્યાલ સાથે નીચેના મુખ્ય ખ્યાલો સંકળાયેલા છે.

- GNP - Gross National Product - કુલ રાષ્ટ્રીય પેદાશો
- GDP - Gross Domestic Product - કુલ ઘરેલુ પેદાશો
- NNP - Net National Product - ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશો
- NI - National Income - રાષ્ટ્રીય આવક
- PI - Personal Income - વ્યક્તિગત આવક / માથાદીઠ આવક
- Personal Disposable Income - વ્યક્તિગત ખર્ચવાલાયક આવક

### GNP - Gross National Product - કુલ રાષ્ટ્રીય પેદાશો

કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન ઉત્પાદિત થતી કુલ અંતિમ ચીજ-વસ્તુઓના નાણાકીય મૂલ્યને કુલ રાષ્ટ્રીય પેદાશ કહેવામાં આવે છે. કુલ રાષ્ટ્રીય પેદાશમાં વિદેશોમાંથી મળતા સાધન આવકનો સમાવેશ કરવામાં આવે છે. કુલ રાષ્ટ્રીય પેદાશમાં બે બાબતો નોંધનીય છે.

1) આ વાર્ષિક ઉત્પાદનના નાણાકીય મૂલ્યની માપણી કરે છે.
2) કુલ રાષ્ટ્રીય પેદાશને યોગ્ય રીતે ગણતરી કરવા માટે બધી જ વસ્તુઓ અને સેવાઓની આપેલા વર્ષ દરમિયાન એક જ વખત ગણતરી થવી જોઈએ. એકથી વધારે વખત ગણતરી ન થવી જોઈએ.

અંતિમ ચીજ-વસ્તુઓ એટલે કે એવા પ્રકારની ચીજ-વસ્તુઓ જે અંતિમ વપરાશ માટે ખરીદવામાં આવે છે. આગળની પ્રક્રિયા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. મધ્યસ્થી વસ્તુઓનું વેચાણ કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી બાકાત રાખવામાં આવે છે. કારણકે અંતિમ વસ્તુઓ અને સેવાઓના મૂલ્યમાં બધી જ મધ્યસ્થી વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. આમ, કુલ રાષ્ટ્રીય પેદાશમાં બજાર કિંમતમાં, બેવડી ગણતરીની ઉપેક્ષા, સમયગાળો અને વિદેશમાંથી મળતી ચોખ્ખી સાધન આવકનો - આ ચાર મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે.

**કુલ રાષ્ટ્રીય પેદાશના ઘટકો**

- **કુટુંબોનો વપરાશી ખર્ચ (C)** : અંતિમ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય જે એક વર્ષમાં ઉત્પાદિત કરવામાં આવે છે અને ગ્રાહકો (ઘરેલુ કુટુંબો) દ્વારા તેમનું વપરાશ કરવામાં આવે છે. આને સંકેતમાં C દ્વારા દર્શાવવામાં આવે છે.
- **કુલ ખાનગી મૂડીરોકાણ (I) :** નવી મૂડી વસ્તુઓનું નાણાકીય મૂલ્ય જે ભારતમાં એક વર્ષમાં ઉત્પાદન કરવામાં આવે છે. જેમકે મશીન, વાહનવ્યવહાર ઉપકરણો વગેરેને સંકેત I વડે દર્શાવવામાં આવે છે.
- **સરકાર દ્વારા વસ્તુઓ અને સેવાઓની ખરીદી (G):** સરકાર દ્વારા જે ખર્ચ કરવામાં આવે છે તેવી વસ્તુઓ અને સેવાઓની ખરીદી. આને G દ્વારા દર્શાવવામાં આવે છે.
- **ચોખ્ખો નિકાસ (X-M) :** ચોખ્ખો નિકાસ એ જે વસ્તુઓ અને સેવાઓનું આયાત-નિકાસ કરવામાં આવે છે તેમની વચ્ચેનો તફાવત છે.
- **વિદેશોમાંથી મળતી ચોખ્ખી સાધન આવક :** કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન વિદેશોમાં કરવામાં આવતી સાધનની ચૂકવણી અને વિદેશોમાંથી મળતી સાધન આવક વચ્ચેનો તફાવત છે. વિદેશોમાંથી મળતી ચોખ્ખી સાધન આવકમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે.

  1) કાર્યકરોનું ચોખ્ખું વળતર

  2) મિલકતોમાંથી મળતી ચોખ્ખી આવક

  3) વિદેશોમાં કામ કરતી કંપનીઓની ચોખ્ખી આવક

**GNPનું આગણન:**

GNPના આગણન માટે ત્રણ અભિગમો છે.

1) આવક પદ્ધતિ, 2) ખર્ચ પદ્ધતિ અને 3) મૂલ્યવૃદ્ધિ પદ્ધતિ.

**1) આવક પદ્ધતિ :**

GNPની આવક પદ્ધતિને અંતર્ગત એક વર્ષના સમયગાળા દરમિયાન સાધનોને જે ચૂકવણી કરવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. આમ GNPમાં નીચેના તત્ત્વોનો સમાવેશ થાય છે.

i) **વેતન :**

આ અંતર્ગત કાર્યકરો દ્વારા ઉત્પાદકીય પ્રવૃત્તિઓ દ્વારા વેતન કમાવવામાં આવે છે.

ii) **ભાડું :**

કુલ ભાડામાં જમીનનું ભાડું, દુકાન અને ફેક્ટરીનો સમાવેશ થાય છે.

iii) **વ્યાજ :**

વ્યાજને અંતર્ગત જુદા-જુદા સ્ત્રોતો દ્વારા જે વ્યાજ મેળવવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. જેમકે, ખાનગી મૂડીમાંથી, વ્યક્તિગત વેપારમાંથી વગેરે. પણ આમાં સરકારી લોન દ્વારા જે વ્યાજ મેળવવામાં આવે છે તેનો સમાવેશ

થતો નથી.

iv) **ડિવિડન્ડ :**

શૅરહોલ્ડર્સ દ્વારા કંપનીમાંથી જે ડિવિડન્ડ કમાવવામાં આવે છે તેનો સમાવેશ થાય છે.

v) **કોર્પોરેટ નફો :**

એવો નફો જે કોર્પોરેટ કંપનીઓ દ્વારા વહેંચવામાં આવતો નથી તેનો સમાવેશ થાય છે.

vi) **મિશ્રિત આવક :**

આ અંતર્ગત સ્વરોજગાર વ્યક્તિઓ, ભાગીદારો અને વેપારમાંથી મળતા નફાનો સમાવેશ થાય છે.

vii) **પ્રત્યક્ષ વેરા :**

વ્યક્તિઓ ઉપર નાંખવામાં આવતો વેરો અને અન્ય વેપારીઓની આવકનો સમાવેશ થાય છે.

viii) **પરોક્ષ વેરા :**

સરકાર દ્વારા એકસાઈઝ ડ્યુટી અને વેચાણ વેરાનો સમાવેશ થાય છે.

ix) **ઘસારો :**

દરેક કોર્પોરેશન કંપનીઓ મશીન અને અન્ય ઉપકરણ ઉપર ઘસારાની જોગવાઈ કરે છે.

x) **વિદેશોમાંથી કમાયેલી ચોખ્ખી આવક :**

વિદેશોમાં કરવામાં આવતી નિકાસ અને વિદેશોમાંથી કરવામાં આવતી આયાતો - બન્ને વચ્ચેના તફાવતથી મેળવવામાં આવે છે.

આવક પદ્ધતિ પ્રમાણે,

GNP = વેતન + ભાડું + વ્યાજ + ડિવિડન્ડ + બિન વહેંચાયેલ કોર્પોરેટ નફો + મિશ્રિત આવક + પ્રત્યક્ષ વેરા + પરોક્ષ વેરા + ઘસારો + વિદેશથી પ્રાપ્ત ચોખ્ખી આવક

2) **ખર્ચ પદ્ધતિ :** આ અંતર્ગત નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- ખાનગી વપરાશી ખર્ચ
- કુલ ઘરેલુ ખાનગી મૂડીરોકાણ
- ચોખ્ખું વિદેશી મૂડીરોકાણ
- વસ્તુઓ અને સેવાઓ ઉપર સરકારી ખર્ચ

આમ ખર્ચ પદ્ધતિ પ્રમાણે GNP એટલે

GNP = ખાનગી વપરાશી ખર્ચ (C) + કુલ ઘરેલુ ખાનગી મૂડીરોકાણ (I)+ ચોખ્ખું વિદેશી મૂડીરોકાણ (X-M) + વસ્તુઓ અને સેવાઓ ઉપર સરકારી ખર્ચ (G)

$$GNP = C + I + G + (X-M)$$

**3) મૂલ્યવૃદ્ધિ પદ્ધતિ :**

રાષ્ટ્રીય આવકની માપણી માટે એક બીજી પદ્ધતિ એ મૂલ્યવૃદ્ધિ પદ્ધતિ છે. GNPની ગણના કરતી વખતે અંતિમ વસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય ધ્યાનમાં લેવામાં આવે છે. આ પદ્ધતિમાં બેવડી ગણતરીની ઉપેક્ષા કરવામાં આવે છે. પણ મધ્યસ્થી વસ્તુઓ અને અંતિમ વસ્તુઓમાં તફાવત કરવાનું મુશ્કેલ હોય છે. દા.ત. કાચોમાલ, બળતણ કે ઈંધણ (ફ્યુલ) અને સેવાઓ વગેરેનું વેચાણ સાધન તરીકે બીજા ઉદ્યોગોને વેચવામાં આવે છે. કોઈ એક ઉદ્યોગ માટે આ અંતિમ વસ્તુ કે સેવા હોઈ શકે છે, બીજા ઉદ્યોગ માટે મધ્યસ્થી વસ્તુ કે સેવા. આમ, બેવડી ગણતરીને ટાળવા માટે મધ્યસ્થી વસ્તુઓનું નાણાકીય મૂલ્ય, અંતિમ વસ્તુઓના નાણાકીય મૂલ્યમાંથી બાદ કરવામાં આવે છે.

**બજાર કિંમત પર GNP (GNP at Market Prices)**

એક વર્ષના ગાળામાં જ્યારે ઉત્પાદિત કુલ વસ્તુઓનો ગુણાકાર તેમની બજાર કિંમતો વડે કરવામાં આવે છે તેને બજાર કિંમત પર GNP તરીકે ઓળખવામાં આવે છે. આમ, બજાર કિંમત પર GNP એટલે એક વર્ષના ગાળામાં ઉત્પાદિત થતી કુલ અંતિમ વસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય તથા વિદેશોમાંથી મળતી ચોખ્ખી આવક.

**સાધન ખર્ચ પર GNP (GNP at Factor Cost)**

સાધન ખર્ચ પર GNP એટલે એક વર્ષના ગાળામાં ઉત્પાદનના સાધનો જે આવકો મેળવે છે તેમનો સરવાળો GNP એટલે કે GNP FC = ભાડું + વેતન + વ્યાજ + નફો

બજારકિંમત ઉપર GNP at Market Price ($GNP_{MP}$) માં પરોક્ષ વેરાઓ જે સરકાર દ્વારા નાંખવામાં આવે છે જ્યારે સાધન ખર્ચ ઉપર GNP ($GNP_{FC}$) માં માત્ર સાધનો જે વળતર સ્વરૂપે મેળવે છે તેનો જ સમાવેશ કરાય છે. આને ઉત્પાદન ખર્ચ કહેવાય છે. બજાર કિંમત ઉપર GNP ($GNP_{MP}$) એ હંમેશા સાધન ખર્ચ ઉપર GNP ($GNP_{FC}$) કરતાં વધારે હોય છે.

**GDP - Gross Domestic Product - કુલ ઘરેલુ પેદાશો**

રાષ્ટ્રીય આવકનો બીજો મહત્ત્વનો ખ્યાલ કુલ ઘરેલું પેદાશ છે. કુલ ઘરેલુ પેદાશ એટલે એક વર્ષના સમયગાળા દરમિયાન દેશમાં રહેલા લોકો દ્વારા ઉત્પાદિત થતી કુલ વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્ય. કુલ ઘરેલું પેદાશો અંતર્ગત વિદેશોથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવકનો સમાવેશ થતો નથી. આમ કુલ રાષ્ટ્રીય પેદાશ અને કુલ ઘરેલુ પેદાશ વચ્ચેનો તફાવત માત્ર વિદેશથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવક છે. કુલ ઘરેલુ પેદાશોમાં વિદેશોથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવકનો સમાવેશ થતો નથી જ્યારે કુલ રાષ્ટ્રીય પેદાશમાં થાય છે. આમ,

બજાર કિંમત પર કુલ ઘરેલુ પેદાશ અથવા

$GDP_{MP} = GNP_{MP}$ - વિદેશોથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવક

$GNP_{MP} = GDP_{MP}$ + વિદેશોથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવક

અહિયા નોંધનીય છે કે વિદેશોથી પ્રાપ્ત ચોખ્ખી સાધન આવક એ ચોખ્ખી નિકાસ નથી. ચોખ્ખી નિકાસ એટલે કુલ નિકાસ - કુલ આયાત. કુલ નિકાસ એ એક વર્ષના ગાળામાં દેશમાં ઉત્પાદિત થતી કુલ વસ્તુઓ અને સેવાઓ જે વિદેશી ખરીદનારાઓને વેચવામાં આવે છે. બીજી બાજુ કુલ આયાત એટલે આયાતિત વસ્તુઓ કે સેવાઓનું મૂલ્ય જે ઘરેલુ ખરીદનારાઓ દ્વારા ખરીદવામાં આવે છે. રાષ્ટ્રીય આવકખાતમાં GDP અને GNPની ગણનામાં નિકાસોના કુલ મૂલ્યમાંથી આયાતોના કુલ મૂલ્યને બાદ કરવામાં આવે છે.

આમ, GDP = C + I + G + (X - M)

### NNP - Net National Product - ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશો

રાષ્ટ્રીય આવકના ખ્યાલમાં બીજો મહત્ત્વનો ખ્યાલ ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશો છે. એક વર્ષના ગાળામાં કુલ રાષ્ટ્રીય પેદાશનો ઉત્પાદનમાં કેટલીક મશીનરી અને ઉપકરણો નો વપરાશ થાય છે. આ મશીનરી અને ઉપકરણો જેવી સ્થિર મૂડીમાં થોડા સમયગાળા પછી ઉત્પાદન પ્રક્રિયામાં હ્રાસ જોવા મળે છે. આને ઘસારા તરીકે ઓળખવામાં આવે છે. આ ઘસારાને કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી બાદ કરવામાં આવે છે. આમ, કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી ઘસારાને બાદ કરતાં જે આવક મળે છે તેને ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ કહેવામાં આવે છે.

NNP = GNP - Depriciation

ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ = કુલ રાષ્ટ્રીય પેદાશ - ઘસારો.

### NI - National Income -

### રાષ્ટ્રીય આવક અથવા સાધન કિંમતે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ

સાધન કિંમતે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશને સાધારણ રીતે રાષ્ટ્રીય આવક પણ કહેવાય છે. રાષ્ટ્રીય આવક એટલે ઉત્પાદનના સાધનોને વળતર સ્વરૂપે જે ભાડું, વ્યાજ, વેતન અને નફો મળે છે તેનો સરવાળો. રાષ્ટ્રીય આવક અને સાધન કિંમતે ચોખ્ખી રાષ્ટ્રીય આવકમાં તફાવત પરોક્ષવેરા અને નાણાકીય સહાયને (સબસીડી) કારણે ઉત્પન્ન થાય છે. દા.ત. બે મીટર કાપડનું વેચાણ રૂ. 400માં થાય છે. જેમાં રૂ. 50 પરોક્ષ વેરાના લેવામાં આવે છે. આમ, બે મીટર કાપડની બજાર કિંમત રૂ. 400 છે. તેમાં રોકાયેલા સાધનોને રૂ. 350 જેટલા મળે છે. આમ, સાધન ખર્ચે કાપડનું મૂલ્ય તેની બજાર કિંમતમાંથી પરોક્ષ વેરા બાદ કરીએ તેટલી જ થાય છે. બીજી બાજુ સબસીડીના કારણે સાધન ખર્ચે બજારકિંમત ઓછી જોવા મળે છે. ધારો કે હેન્ડલુમ કાપડ પર મીટર દીઠ રૂ. 20 જેટલી મળે છે અને તેને રૂ. 80 મીટર વેચવામાં આવે છે. આમ, ગ્રાહક રૂ. 80 જેટલી કિંમત ચૂકવે છે. તેનાં ઉત્પાદનમાં રોકાયેલા સાધનોને રૂ. 100 જેટલું મીટર દીઠ મેળવે છે. (રૂ. 80 + રૂ. 20 = 100) સાધન ખર્ચે હેન્ડલુમ કાપડની બજાર કિંમત તેના બજાર કિંમત અને તેના ઉપર જેટલી સબસીડી ચૂકવવામાં આવે છે તેના સરવાળાને બરાબર થશે. આમ, સાધન ખર્ચે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ અથવા રાષ્ટ્રીય આવક એટલે કે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ - પરોક્ષ વેરા + સબસીડી.

રાષ્ટ્રીય આવક અથવા સાધન ખર્ચે રાષ્ટ્રીય આવક = ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ (રાષ્ટ્રીય આવક બજાર કિંમતે) - પરોક્ષ વેરા + સબસીડી.

અથવા

રાષ્ટ્રીય આવક = ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ - ચોખ્ખા પરોક્ષ વેરા

### PI - Personal Income - વ્યક્તિગત આવક

વ્યક્તિગત આવક એ બધી વ્યક્તિઓ અથવા કુટુંબો દ્વારા એક વર્ષના ગાળા દરમિયાન મેળવેલી બધી આવકોનો સરવાળા છે. રાષ્ટ્રીય આવક એટલે કુલ કમાયેલી આવક અને વ્યક્તિગત આવક એટલે કુલ મેળવેલી આવક. આ બંને ખ્યાલ જુદા છે. કમાયેલી આવક એટલે સામાજિક સુરક્ષામાં ફાળો, કોર્પોરેટ આવક વેરો અને બિનવહેંચાયેલ કોર્પોરેટ નફો, જે વાસ્તવમાં કુટુંબો દ્વારા મેળવવામાં આવતો નથી. અને તેનાથી વિરૂદ્ધ કેટલીક આવકો જે મેળવવામાં આવે છે જેમકે ટ્રાન્સફર ચૂકવણી, એ વાસ્તવમાં કમાવવામાં આવતી નથી. (ટ્રાન્સફર ચૂકવણીના ઉદાહરણમાં પેન્શન, બેરોજગારી ભથ્થું, સહાય ચૂકવણી, જાહેર દેવાંના વ્યાજની ચૂકવણી વગેરે) આમ, રાષ્ટ્રીય આવકમાં કુલ કમાયેલી આવકોનો સમાવેશ થાય છે. જ્યારે વ્યક્તિગત આવકમાં કુલ મેળવેલી આવકોનો સમાવેશ થાય છે.

વ્યક્તિગત આવક = રાષ્ટ્રીય આવક - સામાજિક સુરક્ષામાં ફાળો - કોર્પોરેટ આવકવેરા - બિનવહેંચાયેલ કોર્પોરેટ નફો + ટ્રાન્સફર ચૂકવણી

### Personal Disposable Income - વ્યક્તિગત ખર્ચવાલાયક આવક

વાસ્તવમાં લોકોને જે આવક મળે છે તે બધી જ આવકો વપરાશ માટે ઉપલબ્ધ હોતી નથી. કારણકે સરકાર દ્વારા વેરા નાંખવામાં આવે છે. જેમકે આવકવેરા, પ્રોપર્ટીવેરા. આમ, વ્યક્તિગત આવકમાંથી તે આવક સરકારને વેરા દ્વારા ચૂકવવામાં આવે છે. તેમાંથી બચેલી આવક વ્યક્તિગત ખર્ચવા લાયક આવક ગણવામાં આવે છે. આમ,

ખર્ચવા લાયક આવક = વ્યક્તિગત આવક - વ્યક્તિગત વેરો

ખર્ચવા લાયક આવક કાંતો વપરાશ કરી શકાય કાંતો બચત કરી શકાય છે. આમ,

ખર્ચવા લાયક આવક = વપરાશ + બચત.

### Nominal Income and Real Income - નજીવી આવક અને વાસ્તવિક આવક

નજીવી આવકને નાણાંના સ્વરૂપમાં વ્યક્ત કરવામાં આવે છે. આ અર્થતંત્રમાં ઉત્પાદિત થતી કુલ અંતિમ વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને નજીવી રાષ્ટ્રીય આવક ગણાય છે. આની ગણતરી ચાલુ કિંમતે ઉત્પાદિત થતી બધી વસ્તુઓ અને સેવાઓથી કરવામાં આવે છે. જો કે ફુગાવાના સમય દરમિયાન નજીવી આવક અર્થતંત્રની સાચી કામગીરી દર્શાવવામાં નિષ્ફળ જાય છે. આનું કારણ એ છે કે આવકમાં વધારો વસ્તુઓ અને સેવાઓની કિંમતોમાં વધારાના કારણે વધતું જોવા મળતું હોય છે. ભલે ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં વધારો ન થયો હોય. જો વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં વધારો થાય છે ત્યારે અર્થતંત્રમાં કામગીરીનું સાચું ચિત્ર જોવા મળે છે. ચાલુ વર્ષમાં નજીવી રાષ્ટ્રીય આવકની

ગણતરીમાંથી કિંમત ફેરફારની અસર દૂર કરવી જરૂરી છે. જેના દ્વારા ઉત્પાદિત થતી વસ્તુઓ અને સેવાઓમાં થતાં વધારાનું સાચું ચિત્ર મેળવી શકાય છે. આના કારણે અર્થશાસ્ત્રીઓ ઉત્પાદિત થતી વસ્તુઓ અને સેવાઓની સાચી ગણતરી માટે નિશ્ચિત વર્ષનો સૂચકઆંક ઉપયોગ કરે છે. જેના ઉપરથી વાસ્તવિક રાષ્ટ્રીય આવક મેળવી શકાય છે. આમ, આધાર વર્ષની પસંદગી કરીને ચાલુ વર્ષની બજાર કિંમતો દ્વાર સ્થિર કિંમતે રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે જે વાસ્તવિક રાષ્ટ્રીય આવક દર્શાવે છે. વાસ્તવિક રાષ્ટ્રીય આવકની ગણતરી કેવી રીતે કરાય છે તેને નીચેના ઉદાહરણ દ્વારા સમજાવી શકાય છે.

**વાસ્તવિક GNPનું આગણન**

| વર્ષ | ચાલુ કિંમતે GNP (રૂ. કરોડમાં) | સૂચક આંક | સ્થિર કિંમતે GNP અથવા (Real GNP) |
|---|---|---|---|
| 2011-12 | 400 | 100 | 400/100 × 100 = 400 |
| 2018-19 | 750 | 125 | 750/125 × 100 = 600 |

ચાલુ કિંમતે GNP 2011-12ના વર્ષમાં રૂ. 400 કરોડ થી રૂ. 750 કરોડ જેટલી વધી. જો કે તે સમયગાળામાં ફુગાવો ઉત્પન્ન થયો. પરિણામ સ્વરૂપે સૂચકઆંક 100 થી વધીને 125 જેટલો થયો. જો આ કિંમત વધારાને દૂર કરવામાં આવે તો રૂ. 600 કરોડ જેટલી 2018-19માં કિંમત વધશે ન કે રૂ. 750 કરોડ જેટલી.

### GNP Deflator - કુલ રાષ્ટ્રીય પેદાશ ડિફ્લેટર

ઉપરના ઉદાહરણથી સ્પષ્ટ છે કે ફુગાવાને કારણે નજીવી રાષ્ટ્રીય આવક (Nominal Income) એ હંમેશા વાસ્તવિક આવક (Real Income) કરતાં વધારે રહેશે. વાસ્તવિક આવક અને નજીવી આવકમાં જેટલો મોટો તફાવત રહેશે તેટલો જ મોટો ફુગાવો જોવા મળશે. સ્થિર કિંમતે GNP ડિફ્લેટરનો ઉપયોગ થાય છે.

$$\text{GNP Deflator} = \frac{\text{નજીવી આવક}}{\text{વાસ્તવિક આવક}} \times 100$$

ધારો કે નજીવી આવક 2018-19માં રૂ. 750 કરોડ હતી અને કિંમત સૂચક આંક 125 હતો. આમ, 2018-19 માટે વાસ્તવિક GNP

$$\text{GNP} = \frac{\text{નજીવી આવક}}{\text{તે વર્ષનો કિંમત સૂચક આંક}} \times 100$$

$$= \frac{750}{125} \times 100$$

= રૂ. 600 કરોડ

આમ, વાસ્તવિક આવકમાં માત્ર રૂ. 600 કરોડ સુધીનો વધારો જોવા મળે છે.

## 1.8 રાષ્ટ્રીય આવકનું માળખું

ભારતમાં રાષ્ટ્રીય આવકના માળખામાં ત્રણ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ખેતી ક્ષેત્ર, ઉદ્યોગ ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર.

### ❖ ખેતી ક્ષેત્ર (પ્રાથમિક ક્ષેત્ર)

સ્વતંત્રતાના સમયગાળા પછી ખેતીક્ષેત્રનો GDPમાં હિસ્સો સતત ઘટયો છે. 1950-51માં ખેતી ક્ષેત્રનો GNPમાં હિસ્સો 53.1% જેટલો હતો. જે 1980-81માં ઘટીને 22.3% અને 2000-01માં 13.9% જેટલો રહી ગયો. 2011-12ના આધાર વર્ષના પ્રમાણે 2014-15માં ખેતીક્ષેત્રનો GVP (Gross Value Added - કુલ મૂલ્યવૃદ્ધિ)માં 16.5% જેટલો હતો અને 2015-16માં 15.4% જેટલો હતો.

ઉપરની માહિતી પરથી જોઈ શકાય છે કે રાષ્ટ્રીય આવકમાં પ્રાથમિક ક્ષેત્ર (ખેતી ક્ષેત્ર)નો હિસ્સો વર્તમાન વર્ષોમાં સતત ઘટી રહ્યો છે. વાહન વ્યવહાર ક્ષેત્ર, બેંકિંગ, વીમા વગેરે સેવા ક્ષેત્રનો રાષ્ટ્રીય આવકમાં હિસ્સો, ખેતી ક્ષેત્ર કરતાં વધારે પ્રમાણમાં વધી રહ્યો છે. જો કે ભારતીય અર્થતંત્રમાં ખેતીક્ષેત્રનું મહત્ત્વ હજુ પણ વધારે છે. રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ માટે ખેતી ક્ષેત્રનો વિકાસ જરૂરી છે.

### ❖ ઉદ્યોગ ક્ષેત્ર (દ્વિતીય ક્ષેત્ર)

ઉદ્યોગોમાં મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગો, બાંધકામ ઉદ્યોગો, વીજળી અને પાણીનો પુરવઠો વગેરેનો સમાવેશ થાય છે. સાધન ખર્ચે GDPમાં આ ક્ષેત્રનો હિસ્સો 1950-51માં 16.6% જેટલો હતો. 1990-91માં તે વધીને 27.7% જેટલો થયો. તથા 2012-13માં 27.3% જેટલો 2013-14માં ઘટીને 26.2% જેટલો જોવા મળ્યો. 2011-12 આધાર વર્ષ પ્રમાણે GVPમાં ઉદ્યોગ ક્ષેત્રનો હિસ્સો 2014-15માં 31.3% જેટલો અને 2015-16માં 31.4% જેટલો જોવા મળ્યો.

### ❖ ખાણકામ અને ખોદકામ

1950-51માં ખાણકામ અને ખોદકામનો GDPમાં હિસ્સો 1.9% જેટલો હતો જે વધીને 1990-91માં 3.5% જેટલો થયો. પણ ત્યારપછી તેમાં ઘટાડો જોવા મળ્યો. 2013-14માં ખાણકામ અને ખોદકામનો GDPમાં હિસ્સો 1.9% જેટલો થયો. 2011-12ના આધાર વર્ષ પ્રમાણે GVPમાં ખાણકામ અને ખોદકામનો હિસ્સો 2014-15માં 3.2% જેટલો અને 2015-16માં 3.3% જેટલો જોવા મળ્યો.

### ❖ મેન્યુફેક્ચરિંગ

મેન્યુફેક્ચરિંગનો હિસ્સો GDPમાં 1950-51ના વર્ષમાં 9.2% જેટલો હતો જે વધીને 1970-71માં 12.9% જેટલો થયો તથા 1990-91માં 15.1% જેટલો જોવા મળ્યો. 2012-13માં મેન્યુફેક્ચરિંગનો GDPમાં હિસ્સો 15.8% જેટલો થયો. જે ઘટીને 2013-14માં (2004-05ના આધાર વર્ષ પ્રમાણે) 14.9% જેટલો થયો. 2011-12 આધાર વર્ષ પ્રમાણે GVPમાં 2014-15માં આ ક્ષેત્રનો હિસ્સો 17.4% જેટલો હતો જે વધીને 2015-16માં 17.8% જેટલો થયો.

### ❖ વીજળી, ગેસ અને પાણી પુરવઠો

ભારતમાં આ ક્ષેત્રમાં પ્રમાણમાં નાનો છે. સતત વધતા આર્થિક વિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો સામાન્ય રીતે ઊંચો હોય છે. 2013-14માં (2003-04ના આધાર વર્ષ પ્રમાણે) આ ક્ષેત્રનો GDPમાં હિસ્સો 1.9% જેટલો હતો. GVPમાં (2011-12 આધાર વર્ષ પ્રમાણે ) 2014-15માં આ ક્ષેત્રનો હિસ્સો 2.21% જેટલો હતો જે 2015-16માં 2.1% જેટલો જોવા મળ્યો.

### ❖ બાંધકામ

વિકસતા અર્થતંત્રમાં બાંધકામનું કાર્ય મોટા કદ ઉપર લેવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, આંતરમાળખાના ક્ષેત્રના વધારાને કારણે, બાંધકામ પ્રવૃત્તિઓ સાર્થક રીતે વધી છે. એના પરિણામે 2013-14માં બાંધકામનો GDPમાં હિસ્સો 7.4% જેટલો વધ્યો છે. 2011-12 આધારવર્ષ પ્રમાણે 2014-15માં GVPમાં 8.5% જેટલો હિસ્સો જોવા મળ્યો તે 2015-16માં ઘટીને 8.1% જેટલો રહી ગયો.

### ❖ સેવાક્ષેત્ર

આયોજનના સમયગાળા દરમિયાન સેવાક્ષેત્રમાં ઝડપી વધારો જોવા મળ્યો છે. 1950-51માં GDPમાં સેવાક્ષેત્રનો હિસ્સો 30.3% જેટલો હતો જે 2013-14માં વધીને 60% જેટલો થયો. 2011-12 આધારવર્ષ પ્રમાણે GVPમાં સેવાક્ષેત્રનો હિસ્સો 2014-15માં 52.2% જેટલો હતો જે 2015-16માં વધીને 53.2% જેટલો થયો.

### ❖ વેપાર, હોટલ, વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહાર

GDPમાં આ ક્ષેત્રનો હિસ્સો સતત વધી રહ્યો છે. 1950-51માં GDPમાં આ ક્ષેત્રનો હિસ્સો 11.3% જેટલો હતો જે 2013-14માં વધીને 26.4% જેટલો થયો. 2011-12 આધાર વર્ષ પ્રમાણે GVPમાં આ ક્ષેત્રનો હિસ્સો 2014-15માં મૂળભુત કિંમત પર 18.5% જેટલો હતો જે 2015-16માં 19.0% જેટલો થયો.

### ❖ નાણાકીય, વીમા, રીયલ એસ્ટેટ અને વેપારી સેવાઓ

વિકસતા અર્થતંત્રમાં બેંકોની, નાણાકીય મધ્યસ્થી અને વીમા ક્ષેત્રનો વિકાસ નોંધનીય રહ્યો છે. 1969માં જ્યારે મોટી વેપારી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું ત્યારથી બેંકોમાં જોવાલાયક વધારો નોંધ કરવામાં આવ્યો છે. બચતમાં વધારો કરવા માટે LIC, UTI જેવી વીમાકંપનીઓએ તેમની પ્રવૃત્તિઓમાં વધારો કર્યો છે. વેપારી સેવાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. GDPમાં આ ક્ષેત્રનો હિસ્સો 1950-51માં 8.5% જેટલો હતો, 1990-91માં તે વધીને 11.5% જેટલો થયો. 2011-12 આધારવર્ષ પ્રમાણે GVPમાં આ ક્ષેત્રનો હિસ્સો 2014-15માં મૂળભુત કિંમત પર 21.3% જેટલો હતો જે 2015-16માં 21.9% જેટલો થયો.

### ❖ સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવાઓ

આ સમૂહમાં જાહેર પ્રબંધન, સંરક્ષણ અને અન્ય સેવાઓનો સમાવેશ થાય છે. છેલ્લાં વર્ષોમાં સરકારી ક્ષેત્રોના કદમાં વધારો થયો છે. તથા સંરક્ષણ જેવા જાહેર ખર્ચમાં પણ વધારો થયો છે. 1950-51માં GDPમાં આ ક્ષેત્રનો હિસ્સો 10.4% જેટલો હતો, 1990-91માં તે વધીને 14.7% જેટલો થયો. આર્થિક સુધારા પછી આ ક્ષેત્રનો GDPમાં હિસ્સો 12.9% જેટલો થયો તથા 2011-12 આધારવર્ષ પ્રમાણે GVPમાં આ ક્ષેત્રનો હિસ્સો 2014-15માં 12.4% જેટલો હતો જે 2015-16માં ઘટીને 12.2% જેટલો જોવા મળ્યો.

### ઉપસંહાર

GDPના અધ્યયન ઉપરથી કહી શકાય કે ખેતી ક્ષેત્રનો હિસ્સો GDPમાં ઘટ્યો છે તથા સેવા ક્ષેત્રનો વધ્યો છે. જો કે મોટાભાગના શ્રમિકો તેમની આજીવિકા માટે

ખેતી ક્ષેત્ર પર આધાર રાખે છે. ઉદ્યોગ ક્ષેત્રમાં પણ વધારો થયો છે પણ પૂરતા પ્રમાણમાં વધારો જોવા મળ્યો નથી. બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. આ બેરોજગારીનું પ્રમાણ દૂર કરવા માટે ઉદ્યોગ ક્ષેત્રમાં ટેકનોલોજી પ્રેરિત પદ્ધતિનો ઉપયોગ જરૂરી છે.

**GDP/ GVPનું આગણન - ટકાવારી વહેંચણી**

2004-05 કિંમત પ્રમાણે GDPમાં હિસ્સો          2011-12 કિંમત પ્રમાણે GVPમાં હિસ્સો

| ઉદ્યોગો | **1950-51** | **1980-81** | **2000-01** | **2012-13** | **2013-14** | **2014-15** | **2015-16** |
|---|---|---|---|---|---|---|---|
| ખેતી ક્ષેત્ર | 53.1 | 36.1 | 22.3 | 13.9 | 13.9 | 16.5 | 15.4 |
| ખેતી | 42.8 | 30.1 | 18.8 | 11.8 | - | - | - |
| અન્ય પ્રવૃત્તિઓ | 10.3 | 5.9 | 3.5 | 2.1 | - | - | - |
| ઉદ્યોગ ક્ષેત્ર | 16.6 | 25.9 | 27.3 | 27.3 | 26.2 | 31.3 | 31.4 |
| ખાણકામ અને ખોદકામ | 1.9 | 2.6 | 3.0 | 2.0 | 1.9 | 3.2 | 3.3 |
| મેન્યુફેક્ચરીંગ | 9.2 | 14.1 | 15.5 | 15.8 | 14.9 | 17.4 | 17.8 |
| વીજળી, ગેસ, પાણી પુરવઠો | 0.3 | 1.5 | 2.2 | 1.9 | 1.9 | 2.2 | 2.1 |
| બાંધકામ | 5.2 | 7.7 | 6.6 | 7.6 | 7.4 | 8.5 | 8.1 |
| સેવાક્ષેત્ર | 30.3 | 38.0 | 50.4 | 58.8 | 59.9 | 52.2 | 53.2 |
| વેપાર, હોટલ, વાહનવ્યવહાર સંદેશાવ્યવહાર | 11.3 | 16.9 | 21.6 | 26.9 | 26.4 | 18.5 | 19.0 |
| નાણાંકીય, વીમા, રીયલ એસ્ટેટ વેપારી સેવાઓ | 8.5 | 8.2 | 14.1 | 19.1 | 20.6 | 21.3 | 21.9 |
| સામુદાયિક સામાજિકઅને વ્યક્તિગત સેવાઓ | 10.4 | 12.9 | 14.7 | 12.8 | 12.9 | 12.4 | 12.2 |

## સ્વાધ્યાય

### સૈદ્ધાંતિક પ્રશ્નો

1. આર્થિક નીતિ એટલે શું ? તેનો અર્થ અને ઉદ્દેશો જણાવો.
2. આર્થિક નીતિનો અર્થ આપી તેના ઘટકો જણાવો.
3. આર્થિક નીતિના સાધનોની ચર્ચા કરો.
4. આર્થિક નીતિનો અર્થ આપી તેનું મહત્ત્વ જણાવો.
5. રાષ્ટ્રીય આવક એટલે શું ? તેની વ્યાખ્યા આપી દ્વિ-ક્ષેત્રીય રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ જણાવો.
6. રાષ્ટ્રીય આવકનો ત્રિ-ક્ષેત્રીય ચક્રાકાર પ્રવાહ સમજાવો.
7. રાષ્ટ્રીય આવકનો ચાર-ક્ષેત્રીય ચક્રાકાર પ્રવાહ સમજાવો.
8. નીચેના પદો સમજાવો.

a) કુલ રાષ્ટ્રીય પેદાશો (GNP)

b) કુલ ઘરેલુ પેદાશો (GDP)

c) ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશો (NNP)

d) રાષ્ટ્રીય આવક (NI)

e) વ્યક્તિગત આવક

f) વ્યક્તિગત ખર્ચવાલાયક આવક

9. રાષ્ટ્રીય આવકના માળખા વિશે નોંધ લખો.

**ટૂંકમાં જવાબ આપો.**

1. આર્થિક નીતિ એટલે શું ?
2. આર્થિક નીતિના સાધનો જણાવો.
3. આર્થિક નીતિના મહત્ત્વના મુદ્દાઓ સમજાવો.
4. રાષ્ટ્રીય આવકની વ્યાખ્યાનું અર્થઘટન કરો.
5. રાષ્ટ્રીય આવક અને રાષ્ટ્રીય ઉત્પાદન વચ્ચે તફાવત જણાવો.
6. કુલ રાષ્ટ્રીય ઉત્પાદનની વ્યાખ્યા આપો.
7. કુલ ઘરેલુ પેદાશ એટલે શું ?
8. ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ વિશે માહિતી આપો.
9. વ્યક્તિગત આવક એટલે શું ?
10. વ્યક્તિગત ખર્ચવા લાયક આવક એટલે શું ?

**વૈકલ્પિક પ્રશ્નો**

**નીચે આપેલ પ્રશ્નોના નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી તેનો ઉત્તર આપો.**

1. ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ એટલે

(અ) કુલ રાષ્ટ્રીય પેદાશ - મૂડી ઘસારો (બ) કુલ ઘરેલુ પેદાશ - મૂડી ઘસારો

(ક) કુલ રાષ્ટ્રીય પેદાશ + મૂડી ઘસારો (ડ) કુલ ઘરેલુ પેદાશ + મૂડી ઘસારો

2. રાષ્ટ્રીય આવકના માળખામાં કેટલા વિભાગો છે ?

(અ) બે (બ) ત્રણ

(ક) ચાર (ડ) એક

3. વાસ્તવિક આવક =

(અ) $\frac{\text{નાણાકીય આવક}}{\text{ચાલુ વર્ષનો સૂચક આંક}} \times 100$

(બ) $\frac{\text{વાસ્તવિક આવક}}{\text{ચાલુ વર્ષનો સૂચક આંક}} \times 100$

(ક) $\frac{\text{નાણાકીય આવક}}{\text{આધાર વર્ષનો સૂચક આંક}} \times 100$

(ડ) $\frac{\text{વાસ્તવિક આવક}}{\text{આધાર વર્ષનો સૂચક આંક}} \times 100$

4. નીચેનામાંથી કયા ઘટકનો સમાવેશ આર્થિક નીતિના ઘટક તરીકે થાય છે ?

(અ) વસ્તી નીતિ (બ) આર્થિક આયોજન

(ક) ખેતી નીતિ (ડ) તમામ

5. કુલ રાષ્ટ્રીય પેદાશ મેળવવા માટે કુલ આંતરિક પેદાશમાં શું ઉમેરવામાં આવે છે ?

(અ) કરવેરા (બ) સબસીડી

(ક) નિકાસ આવક (ડ) ચોખ્ખી વિદેશી આવક

6. સ્થિર ભાવે રાષ્ટ્રીય આવક શું કહેવાય છે ?

(અ) નાણાકીય આવક (બ) વાસ્તવિક આવક

(ક) કુલ રાષ્ટ્રીય આવક (ડ) ચોખ્ખી રાષ્ટ્રીય આવક

7. માથાદીઠ આવક એટલે ?

(અ) વૈયક્તિક આવક (બ) ખર્ચવાપાત્ર આવક

(ક) સરેરાશ આવક (ડ) પ્રત્યેક નાગરિકની આવક

8. ખુલ્લા અર્થતંત્રમાં કુલ ખર્ચના ઘટકો ?

(અ) C + I (બ) C + I + G

(ક) C + I + G + X (ડ) C + I + G + X - M

9. વ્યક્તિગત આવકમાં બધા કુટુંબોની ............ કુલ આવકોનો સમાવેશ થાય છે.

(અ) મેળવેલી (બ) કમાયેલી

(ક) બન્ને (ડ) એક પણ નહિ

10. GNP Deflator =

(અ) $\frac{\text{નજીવી આવક}}{\text{વાસ્તવિક આવક}} \times 100$ (બ) $\frac{\text{વાસ્તવિક આવક}}{\text{નજીવી આવક}} \times 100$

(ક) નજીવી આવક × વાસ્તવિક આવક (ડ) એક પણ નહિ

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (બ) 3. (અ) 4. (ડ) 5. (ડ) 6. (બ) 7. (ક)
8. (ડ) 9. (અ) 10. (અ)

❖❖❖

# એકમ : 2 આર્થિક વિકાસના નિર્દેશકોનું વિશ્લેષણ

## : રૂપરેખા :

2.1 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિનો ખ્યાલ

2.2 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિની વ્યાખ્યા

2.3 આર્થિક વિકાસના નિર્દેશક તરીકે ટકાઉ વિકાસ

2.4 આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવ વિકાસ આંક

2.5 આર્થિક વિકાસમના નિર્દેશક તરીકે જાતિ વિકાસ આંક

2.6 બહુપરિમાણીય ગરીબી સૂચકઆંક

2.7 આર્થિક વિકાસના સૂચકઆંકો (નિર્દેશકો)નું સંક્ષિપ્ત વર્ણન

2.8 વસ્તી સંક્રમણનો સિદ્ધાંત

2.9 ભારતમાં વસ્તી વિષયક લક્ષણો

2.10 વસ્તી વૃદ્ધિ અને આર્થિક વિકાસ

2.11 વસ્તી નીતિ

2.12 ગ્રામીણ - શહેરી સ્થળાંતર

● સ્વાધ્યાય

## 2.1 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિનો ખ્યાલ

**પ્રસ્તાવના**

વિકાસનું અર્થશાસ્ત્ર અલ્પવિકસિત દેશો માટે આર્થિક વિકાસની સમસ્યાઓથી સંબંધ ધરાવે છે. જો કે આર્થિક વિકાસના અભ્યાસમાં એડમ સ્મિથથી લઈને માર્ક્સ અને કેઈન્સ સુધી બધા અર્થશાસ્ત્રીઓએ ધ્યાન આકર્ષિત કર્યું હતું. તો પણ તેમનો રસ મુખ્ય રૂપથી એવી સમસ્યાઓમાં રહ્યો કે જેઓની પ્રકૃતિ મુખ્ય રીતે સ્થૈતિક હતી. અને જે મોટાભાગે સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના પશ્ચિમ યુરોપના માળખાથી સંબંધ ધરાવતાં હતાં. બીજા વિશ્વયુદ્ધ પછી અર્થશાસ્ત્રીઓએ અલ્પવિકસિત દેશોની સમસ્યાઓના વિશ્લેષણની તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. મેયર અને બોલ્ડવિન પ્રમાણે, ''રાષ્ટ્રોના ધનના અભ્યાસની અપેક્ષા કરતાં રાષ્ટ્રોના ગરીબોના અભ્યાસની વધારે જરૂરિયાત છે.''

**આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ**

**(Economic Development & Economic Growth)**

જુદાં-જુદાં અર્થશાસ્ત્રીઓએ આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિના અર્થને જુદાં-જુદાં રૂપથી રજૂ કર્યા છે. મોટાભાગે અર્થશાસ્ત્રી આર્થિક વિકાસ શબ્દનો ઉપયોગ અલ્પવિકસિત દેશો માટે અને આર્થિક વૃદ્ધિ શબ્દનો પ્રયોગ વિકસિત દેશો માટે કરે છે.

## 2.2 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિની વ્યાખ્યા

પ્રો. હિક્સની વ્યાખ્યાથી બન્ને શબ્દોના તફાવતને સ્પષ્ટ કરી શકીએ છીએ. તેમના પ્રમાણે **"અલ્પવિકસિત દેશોની સમસ્યાઓ ઉપયોગમાં ન લેવામાં આવતા સાધનોના વિકાસથી સંબંધ ધરાવે છે. જ્યારે વિકસિત દેશોની સમસ્યાઓ વૃદ્ધિથી સંબંધ ધરાવે છે. જેમના બહુ જ સાધન પહેલાથી જ જ્ઞાત અને કોઈ સીમા સુધી વિકસિત હોય છે."**

વ્યાખ્યાથી સ્પષ્ટ છે કે **વિકાસ** શબ્દનો સંબંધ પછાત દેશોથી છે અને જ્યાં સાધનોનો પૂરતો ઉપયોગ નથી થયો અને વિકાસની શક્યતાઓ છે. જ્યારે **વૃદ્ધિ** શબ્દનો પ્રયોગ આર્થિક દ્રષ્ટિકોણથી વિકસિત દેશોથી છે.

મૈડિસન પ્રમાણે - મેડિસનની વ્યાખ્યા દ્વારા આપવામાં આવેલો તફાવત સૌથી સરળ છે. તેમના શબ્દોમાં **"આવકની સપાટી ઊંચી કરવી સામાન્ય રીતે અમીર દેશોમાં આર્થિક વૃદ્ધિ કહેવાય છે જ્યારે ગરીબ દેશોમાં આર્થિક વિકાસ કહેવાય છે."**

શુમ્પીટર પ્રમાણે - "વાસ્તવમાં, વિકાસ અને વૃદ્ધિ શબ્દોનું અર્થવ્યવસ્થાના પ્રકારથી કોઈ સંબંધ નથી. બન્નેમાં તફાવત ફેરફારની પ્રકૃતિ અને કારણોથી છે. શુમ્પીટર બન્ને શબ્દોમાં તફાવતને સ્પષ્ટ કરતા કહે છે કે વિકાસ સ્થિર અવસ્થામાં એક સતત અને સ્વપ્રેરિત ફેરફાર છે જે પહેલાથી વર્તમાન સમતોલ અવસ્થાને હંમેશા માટે વિસ્થાપિત કરે છે. જ્યારે વૃદ્ધિ લાંબાગાળામાં થવાવાળા સતત ફેરફારથી છે જે બચતો અને વસ્તીના દરમાં ધીરે-ધીરે વૃદ્ધિથી આવે છે." શુમ્પીટરની આ વ્યાખ્યા ઘણા અર્થશાસ્ત્રીઓએ સ્વીકારેલી છે.

કિંડલ બર્ગર અને હૈરિક પ્રમાણે - આર્થિક વિશ્લેષણમાં ક્યારેક ક્યારેક વૃદ્ધિ અને વિકાસ સમાનાર્થી શબ્દોના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે. મોટાભાગે એવું ધારવામાં આવે છે કે જ્યાં બન્ને ધારણાઓનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં વિશેષ રીતે જુદો અર્થ લેવામાં આવે છે. **"આર્થિક વૃદ્ધિનો અર્થ વધારાના ઉત્પાદન તથા ટેક્નોલૉજી અને સંસ્થાનિક વ્યવસ્થાઓમાં ફેરફાર જેમના દ્વારા આ ઉત્પાદિત અને વહેંચણી હોય છે."**

### ઉપસંહાર

આમ, આર્થિક વૃદ્ધિનો સંબંધ દેશની માથાદીઠ આવક અથવા ઉત્પાદનમાં સતત વૃદ્ધિથી છે. જે તેમની શ્રમશક્તિ, વપરાશ, મૂડી અને વેપારની માત્રામાં પ્રસારની સાથે હોય છે. બીજી બાજુ, આર્થિક વિકાસ એક વિસ્તૃત ધારણા છે. જે આર્થિક જરૂરિયાતો, વસ્તુઓ અને સંસ્થાઓના ગુણાત્મક ફેરફારોથી સંબંધિત છે. વિકાસમાં વૃદ્ધિ અને હ્રાસ બન્નેનો સમાવેશ હોય છે. એક અર્થવ્યવસ્થા વૃદ્ધિ કરી શકે છે પણ આ વિકાસ કરી શકતી નથી. કારણકે તકનીકી (ટેક્નોલૉજીકલ) અને સંરચનાત્મક ફેરફારોના અભાવને કારણે ગરીબી, બેકારી અને અસમાનતાઓ સતત વિદ્યમાન રહે છે. પણ માથાદીઠ ઉત્પાદનમાં વૃદ્ધિમાં અભાવને કારણે, વિશેષ રીતે જયારે વસ્તીમાં વધારો થઈ રહ્યો ત્યારે આર્થિક વૃદ્ધિ વગર વિકાસના વિશે વિચારવું મુશ્કેલ છે.

## 2.3 આર્થિક વિકાસના નિર્દેશક તરીકે ટકાઉ વિકાસ

### ટકાઉ વિકાસ - (Sustainable Development)

ટકાઉ વિકાસ શબ્દનો પ્રયોગ સૌપ્રથમ 1980માં પ્રકૃતિના સંરક્ષણ અને કુદરતી સંસાધનો માટે આંતરરાષ્ટ્રીય મંડળ દ્વારા રજૂ કરેલ "World Conservation Strategy"

દ્વારા કરવામાં આવ્યો હતો. 1987માં પર્યાવરણ અને વિકાસ પર વિશ્વપંચના "Our common Future" નામથી બ્રુટલેન્ડ રિપોર્ટ દ્વારા સામાન્ય રીતે સૌપ્રથમ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો.

**અર્થ :**

ટકાઉ વિકાસની ઘણી વ્યાખ્યાઓ છે. પણ સૌથી લોકપ્રિય વ્યાખ્યા બ્રુટલેન્ડ રિપોર્ટમાં આપવામાં આવેલી. તેમના પ્રમાણે **''ટકાઉ વિકાસ એટલે ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને નુકસાન પહોંચાડ્યા વગર વર્તમાન પેઢીની જરૂરિયાતો પૂરી કરવી.''**

પીયર્સ અને વારફોર્ડ પ્રમાણે, **''ટકાઉ વિકાસ એવી પ્રક્રિયાનું વર્ણન છે કે જેમાં કુદરતી સંસાધનોના આધારનું હ્રાસ નથી કરવા દેવામાં આવતો, તેમજ જીવનની ગુણવત્તા અને વાસ્તવિક આવક વધવાની પ્રક્રિયામાં પર્યાવરણીય ગુણવત્તા અને પર્યાવરણીય સાધનોની અત્યાર સુધીની ઉપેક્ષિત ભૂમિકા ઉપર ભાર મૂકે છે.''**

**ટકાઉ વિકાસના ઉદ્દેશો**

ટકાઉ વિકાસનો ઉદ્દેશ વિકાસનીતિના પ્રમુખ ઉદ્દેશના રૂપમાં બધા લોકોની જીવનની ગુણવત્તામાં સતત સુધારાનું નિર્માણ છે. આ પ્રમાણે ટકાઉ વિકાસના ઘણા ઉદ્દેશો હોય છે.

- આર્થિક વૃદ્ધિને વધારવી.
- મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવી.
- જીવન ધોરણ સુધારવાના ઉદ્દેશના અંતર્ગત કેટલાક વધારાના ઉદ્દેશોનો સમાવેશ થાય છે. જેમકે લોકોનું શિક્ષણ, આરોગ્ય સુધારવું, બધા વ્યક્તિઓને જાહેર જીવનમાં હિસ્સો લેવાની તક આપવી, સ્વચ્છ પર્યાવરણ રાખવું, પેઢીગત સમાનતાને પ્રેરિત કરવી.
- આમ વર્તમાન પેઢીની જરૂરિયાતોને પૂરી કરવી, ભાવિ પેઢીની જરૂરિયાતોને બનાવી રાખવા માટે જરૂરી હોય છે.
- ટકાઉ વિકાસનો ઉદ્દેશ લાંબાગાળા સુધી બધા પર્યાવરણીય અને કુદરતી સંસાધનોને કાયમી રાખીને આર્થિક શુદ્ધ લાભોને વધારવાનો છે.

આમ સતત વિકાસનો ઉદ્દેશ ભવિષ્યની પેઢીઓને નુકસાન પહોંચાડ્યા વગર પર્યાવરણીય, માનવીય અને ભૌતિક મૂડીભંડારને સુરક્ષિત રાખવા અને વધારવા માટે આર્થિક વિકાસને વધારવાનો છે.

**ટકાઉ વિકાસની વ્યુહરચના**

ટકાઉ વિકાસની વ્યુહરચનાના નીચેના સિદ્ધાંતો છે.

1) સામાજિક પ્રગતિ કે જે દરેક વ્યક્તિની જરૂરિયાતો જાણે છે
2) જીવનના બધા સ્વરૂપોનું આદર કરવું અને દેખરેખ રાખવી.
3) માનવીય જીવનની ગુણવત્તાને વધારવી.
4) પૃથ્વીની જીવનશક્તિ અને વિવિધતાનું સંરક્ષણ કરવું.
5) કુદરતી સંસાધનોના હ્રાસને ઓછું કરવું.

6) પર્યાવરણના માથાદીઠ વ્યવહાર અને અભ્યાસમાં ફેરફાર કરવો.

7) લોકોને પોતાના પર્યાવરણની દેખરેખ માટે યોગ્ય બનાવવા.

8) કુદરતી સંસાધનોનો વિવેકી ઉપયોગ કરવો.

9) આર્થિક વૃદ્ધિ અને રોજગારના ઉચ્ચ અને સ્થિર ધોરણને કાયમ કરવું.

**ટકાઉ વિકાસની નીતિઓ**

શહેરીકરણની સાથે સાથે ખેતી અને ઔદ્યોગિક વિકાસ તથા વસ્તી વધારાની સાથે-સાથે મૂળભુત માળખાનો વિસ્તાર થવાથી પર્યાવરણીય હ્રાસ થાય છે. પર્યાવરણીય હ્રાસ મનુષ્યના આરોગ્યને નુકસાન પહોંચાડે છે. આર્થિક ઉત્પાદકતાને ઘટાડે છે તથા આનાથી સુવિધાઓને નુકસાન થાય છે. પર્યાવરણીય હ્રાસ ઉપર આર્થિક વિકાસના હાનિકારક અસરને આર્થિક અને પર્યાવરણીય નીતિઓના વિવેકપૂર્ણ પસંદગી તથા પર્યાવરણીય મૂડીરોકાણ દ્વારા ઓછું કરી શકાય છે. નીતિઓ અને મૂડીરોકાણની વચ્ચે પસંદગીનો ઉદ્દેશ આર્થિક વિકાસ તથા ટકાઉ વિકાસમાં સામંજસ્ય કરવાનો છે.

❖ **ગરીબી દૂર કરવી**

એવા વિકાસ પ્રોજેક્ટ શરૂ કરવા જોઈએ કે જે ગરીબો માટે રોજગારની વ્યાપક તકો પૂરી પાડે છે. સરકારે આરોગ્ય અને કુટુંબ નિયોજન સેવાઓ તથા શિક્ષણનો વિસ્તાર કરવો જોઈએ જેથી તે ગરીબો સુધી પહોંચે અને ગરીબી દૂર કરવાની સાથે-સાથે જે વસ્તી ઘટાડવામાં મદદ કરે.

❖ **સબસીડી દૂર કરવી**

સરકારને શુદ્ધ નાણાકીય ખર્ચ પર જ નહીં પર્યાવરણીય હ્રાસને ઘટાડવા માટે પણ ખાનગી અને જાહેર ક્ષેત્રો દ્વારા સંસાધન ઉપયોગ માટે સબસીડી હટાવવી જોઈએ. વીજળી, ખાતર, ડિઝલ, પેટ્રોલ, ગેસ, સિંચાઈ, પાણી વગેરેના ઉપયોગ પર સબસીડી આપવાથી આના પણ ખોટા ખર્ચા કરવાથી પર્યાવરણીય સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. મૂડીપ્રચુર અને વધારે પ્રદૂષણ કરવાવાળા ખાનગી અને જાહેર ઉદ્યોગો માટે સબસીડી આપવાથી પર્યાવરણીય હ્રાસ હોય છે. સબસીડીને હટાવવા અથવા ઘટાડવાથી દેશને આર્થિક અને પર્યાવરણીય બન્ને રીતે ફાયદો થશે.

❖ **સંપત્તિ અધિકારોને સ્પષ્ટ કરવાં અને વધારવાં**

સંસાધનોના વધારાના ઉપયોગ ઉપર સંપત્તિ અધિકારોની અછતથી પર્યાવરણનું હ્રાસ થાય છે. આનાથી સામુહિક અથવા જાહેર ભૂમિ ઉપર ખનીજો, જંગલ વગેરેનું શોષણ થાય છે. ખાનગી માલિકોના માલિકીપણાના હકનું સ્પષ્ટીકરણ કરવા અને આપવાથી પર્યાવરણીય સમસ્યાનો ઉકેલ થશે.

❖ **બજાર આધારિત ધારણાઓ**

પર્યાવરણના સંરક્ષણ માટે બજાર આધારિત નિર્ણયો લેવાની જરૂરિયાત છે. તેમનોં ઉદ્દેશ ગ્રાહકો અને ઉદ્યોગોને પર્યાવરણના સંસાધનોના વપરાશનો ખર્ચ દર્શાવવાનો છે. આ ખર્ચ વસ્તુઓ અને સેવાઓને જે કિંમત ચૂકવાય છે તેમાં

દર્શાવવાનો છે. જેનાથી ગ્રાહકોને પ્રદૂષણ ઘટાડવાની માર્ગદર્શિકા મળી શકે. બજાર આધારિત સાધનો વિકસિત અને વિકસતા બંને દેશોમાં ઉપયોગ થાય છે. બજાર આધારિત સાધનો બે પ્રકારના હોય છે - પરિમાણ આધારિત અને કિંમત આધારિત.

❖ **આર્થિક પ્રોત્સાહનો**

આર્થિક પ્રોત્સાહનો કિંમત, પરિમાણ અને ટેક્નોલૉજી પ્રોત્સાહનોથી સંબંધિત છે. તે સંશોધનના વપરાશ સ્વરૂપે આપવામાં આવે છે. જો તેમના દ્વારા ઓછું પ્રદૂષણ થાય તો તેમને વળતર સ્વરૂપે આર્થિક પ્રોત્સાહનો ચૂકવવામાં આવે છે.

❖ **વેપારનીતિ**

પર્યાવરણના સંબંધમાં વેપારનીતિના બે અર્થ છે. પ્રથમ, ઘરેલુ નીતિ સુધારાથી સંબંધિત અને બીજું, આંતરરાષ્ટ્રીય વેપારનીતિથી સંબંધિત, ઘરેલુ વેપારનીતિ નગરોથી દૂર ઓછા પ્રદૂષણવાળા ઉદ્યોગોની સ્થાપના ઉપર ભાર મૂકે છે.

❖ **જાહેર ભાગીદારી**

જાહેર જાગરૂકતા અને ભાગીદારી પર્યાવરણીય સ્થિતિ સુધારવા માટે વધારે અસરકારક હોય છે. પર્યાવરણ પ્રબંધન અને પર્યાવરણીય જાગરૂકતા કાર્યક્રમોથી સંબંધિત ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ કાર્યક્રમોનું સંચાલન પર્યાવરણીય હ્રાસને નિયંત્રિત કરવા અને પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## 2.4 આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવ વિકાસ આંક

**માનવ વિકાસ આંક - (Human Development Index - HDI)**

વર્તમાન સમયમાં આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવ વિકાસ આંકને ધ્યાનમાં લેવામાં આવે છે. 1990ના વર્ષમાં United Nation Development Program દ્વારા પોતાના વાર્ષિક માનવ વિકાસ રિપોર્ટમાં માનવ વિકાસ આંકને રજૂ કરવામાં આવ્યો હતો. માનવ વિકાસ આંક ત્રણ નિર્દેશકોનો મિશ્રિત આંક છે. માનવ વિકાસ આંકની રચના અહીં દર્શાવવામાં આવી છે.

આ આંકની રચના પાકિસ્તાની અર્થશાસ્ત્રી પ્રો. મહબુબ ઉલ હક દ્વારા કરવામાં આવેલી. પ્રો. મહબુબ ઉલ હક અને પ્રો. અર્મત્યસેન દ્વારા આ આંકને રજૂ કરવામાં આવ્યો હતો.

**માનવ વિકાસ આંક**

| Dimensions (પાસાંઓ) | Indicators (નિર્દેશકો) |
|---|---|
| આરોગ્ય (Health) | અપેક્ષિત આયુષ્ય વર્ષમાં |
| શિક્ષણ | શાળા શિક્ષણ કરવાના અપેક્ષિત વર્ષો,<br>શાળા શિક્ષણ કરવાના વર્ષોનો સરેરાશ |
| જીવન-ધોરણ | કુલ માથાદીઠ આવક |

**ગણતરી**

દરેક પાસાંઓની મહત્તમ અને ન્યૂનતમ કિંમત શોધીને દરેક પાસાનો આંક નીચેના સૂત્ર દ્વારા શોધવામાં આવે છે.

$$\text{પાસાંઓનો આંક (Dimension Index)} = \frac{\text{વાસ્તવિક કિંમત - ન્યૂનતમ કિંમત}}{\text{મહત્તમ કિંમત - ન્યૂનતમ કિંમત}}$$

2010નાં માનવ વિકાસ રિપોર્ટમાં UNDPદ્વારા HDIની ગણતરી નીચેના સૂત્રથી કરવામાં આવી છે.

- આરોગ્ય : આરોગ્યના પાસાંની માપણી અપેક્ષિત આયુષ્યના નિર્દેશકથી કરાય છે. ધારોકે અપેક્ષિત આયુષ્ય આંકની મહત્તમ કિંમત 85 હોય અને ન્યૂનતમ કિંમત 20 હોય તો નીચેના સૂત્રનો ઉપયોગ કરાય છે.

  અપેક્ષિત આયુષ્ય આંક

  $$\text{Life Expectancy Index (LEI)} = \frac{LE - 20}{85 - 20}$$

- શિક્ષણ : શિક્ષણના પાસાંની ગણતરી બે નિર્દેશકોની મદદથી થાય છે.

  i) શાળા શિક્ષણના સરેરાશ વર્ષનો આંક

  ii) શાળા શિક્ષણ આંકના અપેક્ષિત વર્ષો

  i) શાળા શિક્ષણના સરેરાશ વર્ષનો આંક

  Mean years of Schooling Index = MYS / 15

  15 ધારવામાં આવે છે.

  ii) શાળા શિક્ષણ આંકના અપેક્ષિત વર્ષો

  Expected year of Schooling Index = EYS / 18

- જીવનધોરણ : જીવનધોરણ આંકની ગણતરીમાં આવકના આંકના લોગ પ્રમાણે કરવામાં આવે છે.

  $$\text{આવક આંક} = \frac{\text{In (GNI pc) - In (100)}}{\text{In (75, 000) - In (100)}}$$

  GNI pc = કુલ માથાદીઠ આવક

જે 75, 000 અને 0 ધારવામાં આવ્યું છે.

- અંતે માનવ વિકાસ આંકમાં ત્રણે પાસાંઓનો ગુણોત્તર મધ્યક શોધવામાં આવે છે.

  $$\text{HDI} = \sqrt[3]{LEI - EI - II}$$

  જ્યાં, HDI = માનવ વિકાસ આંક

  LEI = અપેક્ષિત આયુષ્ય આંક

EI = શિક્ષણ આંક

II = આવક આંક



**માનવ વિકાસ આંકની કક્ષા**

ઉપરના સૂત્ર પ્રમાણે માનવ વિકાસ આંક શોધ્યા પછી તેને ચાર કક્ષાઓમાં 0 થી 1ની વચ્ચે વહેંચવામાં આવે છે.

**પ્રથમ કક્ષા : સૌથી ઊંચો માનવ વિકાસ આંક**
**(Very high Human Development)**

આ કક્ષામાં જે દેશોનો આંક 0.800 થી 1.000ની વચ્ચે આવે છે તેમનો સમાવેશ થાય છે.

**દ્વિતીય કક્ષા : ઊંચો માનવ વિકાસ આંક (High Human Development)**

આ કક્ષામાં જે દેશોનો આંક 0.700 થી 0.799ની વચ્ચે આવે છે તેમનો સમાવેશ થાય છે.

**તૃતીય કક્ષા : મધ્યમ માનવ વિકાસ આંક**
**(Medium Human Development)**

આ કક્ષામાં જે દેશોનો આંક 0.550 થી 0.699ની વચ્ચે આવે છે તેમનો સમાવેશ થાય છે.

**ચોથી કક્ષા : નીચો માનવ વિકાસ આંક (Low Human Development)**

આ કક્ષામાં જે દેશોનો આંક 0.350 થી 0.549ની વચ્ચે આવે છે તેમનો સમાવેશ થાય છે.

2018, માનવ વિકાસ રિપોર્ટ પ્રમાણે 189 દેશોમાંથી ભારતનો ક્રમ 130મો છે. અને તેનો આંક 0.638 છે. જે મધ્યમ માનવ વિકાસ આંક કક્ષામાં આવે છે. નોર્વે, સ્વિટ્ઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા દેશો સૌથી ઊંચા માનવ વિકાસ આંકમાં આવે છે જ્યારે નાઇઝિરિયા, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક સૌથી નીચા માનવ વિકાસ આંકમાં આવે છે.

માનવ વિકાસ આંક વાસ્તવિક માથાદીઠ આવકથી જુદો છે. જે દેશોનો GDPમાં ક્રમ ઉંચો છે તે દેશોનો માનવ વિકાસ આંક નીચો જોવા મળે છે. માનવ વિકાસ આંકનો ખ્યાલ નીચેના કારણોસર જરૂરી છે.

1) ઊંચી ઉત્પાદકતા માટેનું સાધન છે.

2) કુટુંબના કદને ઘટાડવા માટે મદદ કરે છે.

3) સારું ભૌતિક પર્યાવરણ ઊભું કરે છે.

4) સારા તંદુરસ્ત સમાજને ઊભો કરે છે.

5) માનવ વિકાસ માટે સમતા, ટકાઉપણું, ઉત્પાદકતા, સશક્તિકરણ વગેરે જરૂરી ઘટકો છે.

માનવ વિકાસ આંક આપણને પ્રગતિ તરફ જવાનું જણાવે છે. માનવ વિકાસ

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નીચા માનવ વિકાસ આંકવાળા દેશોને ઊંચા માનવ વિકાસ આંકની શ્રેણીમાં પહોંચવા માટે 200થી વધારે વર્ષ લાગી શકે છે.

**મર્યાદાઓ**

માનવ વિકાસ આંકમાં માત્ર ત્રણ નિર્દેશકોને ધ્યાનમાં લેવામાં આવે છે. જ્યારે અન્ય નિર્દેશકો જેવાંકે બાળ મૃત્યુદર, પોષણ વગેરે નિર્દેશકો પણ લઈ શકાય છે. માનવ વિકાસ આંક નિરપેક્ષને બદલે સાપેક્ષ માનવ વિકાસની માપણી કરે છે. કોઈ દેશનો HDI ત્યાં જોવા મળતી ઊંચી અસમાનતાને દૂર કરવાના લક્ષ્યથી ભટકી શકે છે.

## 2.4 આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જાતિ વિકાસ આંક

**જાતિ વિકાસ આંક - (Gender related development Index)**

1995માં માનવ વિકાસ રિપોર્ટમાં બે આંક રજૂ કરવામાં આવ્યા - જાતિ વિકાસ આંક (Gender related development Index) અને જાતિ સશક્તિકરણ આંક (Gender empowerment Measure).

જાતિ વિકાસ આંકમાં માનવ વિકાસ આંક જેવી જ મૂળભુત કાર્યક્ષમતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમકે અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ અને આવક. જે દેશમાં જાતીય અસમાનતાનું પ્રમાણ વધારે તે દેશનો જાતિ વિકાસ આંક નીચો અને જે દેશમાં જાતિ અસમાનતા ઓછી તે દેશનો જાતિ વિકાસ આંક ઊંચો રહે છે. GEM દર્શાવે છે કે સ્ત્રીઓની આર્થિક અને રાજકીય ભાગીદારીનું પ્રમાણ કેવું છે. રાજકીય ભાગીદારીમાં સ્ત્રીઓનો સંસદમાં કેટલો હિસ્સો છે તેને દર્શાવે છે. અને આર્થિક ભાગીદારી આર્થિક સંસાધનોમાં ભાગીદારીના પ્રમાણ રજૂ કરે છે.

GDI અને GEM માં નીચેની મર્યાદાઓ જોવા મળી.

i) આ નિર્દેશકોને અંતર્ગત સાપેક્ષ અને નિરપેક્ષ બન્ને સિદ્ધિઓનો સમાવેશ થાય છે. આમ, જે દેશોની નિરપેક્ષ આવક ઓછી છે તે દેશોનો ક્રમ ઓછો હોય છે. ભલે ત્યાં સંપૂર્ણ જાતીય સમાનતા જોવા મળતી હોય. GDI એ HDI સાથે સાંમજસ્ય કરે છે. બન્નેમાં સિદ્ધિઓ અને અસમાનતા. જો કે આ કેટલીક વાર ખોટું અર્થઘટન કરે છે.

ii) વ્યાપક આરોપણ જરૂરી છે. HDI અને GDI વચ્ચે આ આરોપણ મુશ્કેલવાળું જોવા મળે છે.

iii) GEMમાં લેવામાં આવેલા નિર્દેશકો મોટાભાગે વિકસિત દેશોને લાગુ પડે છે.

આ બધી મર્યાદાઓને કારણે UNDP દ્વારા નવો આંક 2010માં રજૂ કરવામાં આવ્યો. જેને GII (Gender Inequality Index) જાતીય અસમાનતા આંક તરીકે ઓળખવામાં આવે છે. આ આંકના ત્રણ પાસાંઓ છે. આ આંકના પાસાંઓ અને નિર્દેશકો નીચે રજૂ કરવામાં આવ્યા છે.

**જાતીય અસમાનતા આંક**

| Dimensions (પાસાંઓ) | Indicators (નિર્દેશક) |
|---|---|
| પુનઃ ઉત્પાદકીય આરોગ્ય (Reproductive- Health) | 1) માતૃત્વ મૃત્યુ દર (MMR - Maternal Mortality Rate) 2) કિશોરાવસ્થા પ્રજનન દર (Adolescent Fertility Rate) |
| સશક્તિકરણ (Empowerment) | 1)રાજકીય ભાગીદારી 2)માધ્યમિક શિક્ષણમાં સ્ત્રીની ભાગીદારી |
| શ્રમબજાર (Labour Market) | કાર્યસેનામાં ભાગીદારી (work force participation) |

આ આંક સ્ત્રી અને પુરૂષ વચ્ચેની અસમાનતાને કારણે માનવ વિકાસમાં કેટલું નુકસાન થાય છે તે દર્શાવે છે. અને 0 થી 1ની શ્રેણી દર્શાવવામાં આવે છે. જો એ 0 અથવા 0ની નજીક હોય તો સ્ત્રી અને પુરૂષને સમાન ન્યાય મળે છે તે દર્શાવે છે. અને જો 1 હોય તો સ્ત્રી અને પુરૂષ વચ્ચે અસમાનતા વધારે છે તે દર્શાવે છે.

આજના સમયમાં પણ સ્ત્રીઓની સાથે સ્વાસ્થ્ય, શિક્ષણ, રાજકીય ભાગીદારી, શ્રમબજાર વગેરેમાં અસમાનતા જોવા મળે છે. વૈશ્વિક સપાટી પર પુરૂષોનું સરેરાશ HDI માન 0.749 છે. જ્યારે સ્ત્રીઓનું સરેરાશ HDI માન 0.705 છે. નીચો માનવ વિકાસ આંક ધરાવતા દેશોમાં આ અસમાનતાનું મોટું પ્રમાણ જોવા મળે છે. માનવ વિકાસ રિપોર્ટ 2011 પ્રમાણે 146 દેશોમાંથી ભારતનો 129મો ક્રમ હતો. સ્ત્રીઓની વૈશ્વિક શ્રમબળ ભાગીદારી 25% છે. જે પુરૂષોની (75%) તુલનામાં ઘણી ઓછી છે. રાજનીતિમાં અને સાંસદીય બેઠકો પર પણ સ્ત્રીઓની ભાગીદારી ખૂબ જ ઓછી છે. લેટિન અમેરિકામાં તે લગભગ 29% છે જ્યારે દક્ષિણ એશિયા અને અરબ દેશોમાં અનુક્રમે 17.5% તથા 18% છે. ભારતમાં કુલ સંસદીય બેઠકોની લગભગ 14% જ બેઠકો પર સ્ત્રીઓ છે. માત્ર 39% સ્ત્રીઓ જ માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી શકી છે. શ્રમ બજારમાં સ્ત્રીઓની ભાગીદારી 27.2% જે પુરૂષોની 78.8% તુલનામાં ઘણી ઓછી છે. 2017ના જાતિ અસમાનતાના સૂચક આંકમાં ભારતનો ક્રમ 127 હતો જે દર્શાવે છે કે જાતીય અસમાનતા 2011ની સરખામણીમાં ઓછી છે.

## 2.6 બહુપરિમાણીય ગરીબી સૂચક આંક

**(Multidimensional Poverty Index - MPI)**

આર્થિક વિકાસ જાણવા માટે માનવ વિકાસ 1997 રિપોર્ટમાં માનવ ગરીબી આંકનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ આંકમાં વિકસતા દેશો માટે HPI - 1 (Human Poverty Index - માનવ ગરીબી આંક)અને વિકસિત દેશો માટે HPI - 2 રજૂ કરવામાં આવ્યો હતો. નીતિઓની જ્યારે રચના કરવામાં આવે છે ત્યારે આવકની ગરીબી કરતાં, પસંદગી અને તકોની ગરીબીની જાણકારી વધુ આવશ્યક હોવાથી ગરીબીનો અભિગમ બદલ્યો.

HPIમાં ત્રણ નિર્દેશકોનો સમાવેશ થાય છે.

1) **ટૂંકું આયુષ્ય :** આ નિર્દેશક પ્રમાણે જે લોકો ઓછી ઉંમરે મૃત્યુ પામે છે તેમની સાથે સંકળાયેલ છે. HPI - 1માં 40 વર્ષ સુધીમાં અને HPI - 2માં 60 વર્ષ સુધીમાં મૃત્યુ પામવાની શક્યતાવાળી વસ્તી ટકાવારીની જાણકારી મેળવવામાં આવે છે.

2) **જ્ઞાન :** આ નિર્દેશકને અંતર્ગત પુખ્ત વયના લોકોની નિરક્ષરતાની ટકાવારી ધ્યાનમાં લેવાય છે.

3) **આર્થિક સગવડોથી વંચિત વસ્તી :** આ નિર્દેશકમાં ખાનગી અને જાહેર ક્ષેત્રો દ્વારા અપાતી આર્થિક સગવડોથી વંચિત વસ્તીની ટકાવારી ધ્યાનમાં લેવાય છે. આમાં બે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

   i) પીવાના સ્વચ્છ પાણી અને આરોગ્ય સેવાથી વંચિત રહેતા લોકોની ટકાવારી

   ii) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઓછું વજન ધરાવતા બાળકોની ટકાવારી.

ઉપરના ત્રણ નિર્દેશકો સિવાય HPI - 2માં જે વિકસિત દેશો માટે રજૂ કરવામાં આવેલ છે તેમાં સામાજિક અભિગમ દર્શાવતી બે બાબતો ધ્યાનમાં લેવામાં આવેલી.

1) આવક ગરીબી રેખાથી નીચેની વસ્તી

2) લાંબા સમયની બેકારીનો દર.

માનવ વિકાસ રિપોર્ટ 2007-08ની ટેકનીકલ નોંધમાં આ અંગેની વિશેષ જાણકારી આપવામાં આવેલી છે. વિકસતા દેશોનો HPI - 1 નક્કી કરવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે.

HPI - 1 = P1 - જેમાં જન્મેલ બાળકોમાંથી 40વર્ષ સુધીના જીવનની શક્યતાવાળી વસ્તી.

P2 = પુખ્ત નિરક્ષરતાનું પ્રમાણ

P3 = કુલ વસ્તીમાં પીવાના પાણીની સગવડ ના મેળવતી વસ્તીની ટકાવારી, ઓછું વજન ધરાવતા બાળકોની ટકાવારી જેવી સામાજિક બાબતો.

આ ત્રણેય ઉપરથી નીચેનું સૂત્ર આપવામાં આવ્યું.

$$\text{HPI - 1} = \left[\frac{1}{3}\left(P1^{\alpha} + P2^{\alpha} + P3^{\alpha}\right)\right]^{\frac{1}{\alpha}}$$

HPI - 2 = P1-જેમાં જન્મેલ બાળકોમાંથી 60વર્ષ સુધીના જીવનની શક્યતાવાળી વસ્તી.

P2 = પુખ્ત કાર્યશીલ શિક્ષિત આવડત નહીં ધરાવતી વસ્તીનું પ્રમાણ

P3 = ગરીબી રેખાથી નીચેની વસ્તીની આવક

P4 = લાંબાગાળાની બેકારીનો દર.

આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિના નિર્દેશકો સમય પ્રમાણે બદલાતા રહે છે.

શરૂઆતમાં આવકના નિર્દેશકોનો વધુ ઉપયોગ થયો. 1997થી માનવ વિકાસ આંક નક્કી કરવા જે ધોરણો અપનાવ્યા હતા લગભગ તેવા જ ધોરણો લઈને ગણતરીનો અભિગમ બદલીને માનવ ગરીબી આંક રજૂ કરવામાં આવેલ છે. HPI એ સમાજના કેટલા ટકા લોકો આ વિકાસના લાભથી વંચિત છે તેનો ખ્યાલ આપે છે.

2010ના વર્ષમાં માનવ ગરીબી આંક (Human Poverty Index)ના બદલે બહુપરિમાણીય ગરીબી આંક (Multidimensional Poverty Index) રજૂ કરવામાં આવ્યો. આ અંતર્ગત વિશ્વના 102 વિકાસશીલ દેશોને પણ આવરી લેવામાં આવ્યા. આ આંક ઓક્ષફોર્ડ ગરીબી તેમજ માનવ વિકાસ પહેલ (Oxford Poverty and Human Development Initiative - OPHI) + સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nations Development Program - UNDP) દ્વારા સંયુક્ત રીતે માનવ વિકાસના રિપોર્ટની સાથે વિકસિત કરવામાં આવ્યો.

આ આંક વિવિધ પ્રકારની વંચિતતાના આધારે બનાવવામાં આવ્યો અને આ આંક ગરીબીની તીવ્રતા દર્શાવે છે. બહુપરિમાણીય ગરીબી આંકના નિર્દેશકોને નીચે રજૂ કરવામાં આવ્યા છે.

**બહુપરિમાણીય ગરીબી આંક**

| **Dimensions (પાસાંઓ)** | **Indicators (નિર્દેશક)** |
|---|---|
| આરોગ્ય | 1) પોષણ<br>2) બાળ મૃત્યુ દર |
| શિક્ષણ | 1) શાળાકીય વર્ષો<br>2) શાળાકીય હાજરી |
| જીવનધોરણ | પાણી, વીજળી, બળતણ, રહેઠાણ, શૌચાલય. |

આ આંકનું અધિકત્તમ માન 100% છે. પ્રત્યેક પાસાઓને સમાન માન આપવામાં આવે છે. બહુપરિમાણીય ગરીબી આંક સહારા, આફ્રિકા તથા દક્ષિણ એશિયમાં સૌથી વધુ છે. અહીં વિશ્વના 83% ગરીબ લોકો રહે છે. MPI -2016 રિપોર્ટ પ્રમાણે વિશ્વના 105 દેશોમાં કરેલ મૂલ્યાંકનના આધાર પર 23% એટલે કે 1.3 બિલિયન લોકો બહુપરિમાણીય ગરીબીથી પીડિત છે. ભારતમાં કુલ જનસંખ્યાના 55% લોકો અથવા 645 મિલિયન લોકો ગરીબ છે.

**બહુપરિમાણીય ગરીબી આંક અને ભારત**

આ આંક પ્રમાણે ભારતમાં બિહાર રાજ્ય સૌથી વધારે ગરીબ રાજ્ય છે. બિહારમાં 50% થી વધારે વસ્તી બહુપરિમાણીય રૂપથી ગરીબ છે. વર્ષ 2016 પ્રમાણે ભારતમાં સૌથી ગરીબ ચાર રાજ્યો - બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ છે. આ ચાર રાજ્યોમાં ભારતના કુલ બહુપરિમાણીયના 50% વધારે ગરીબો નિવાસ કરે છે. ભારતના જિલ્લા સ્તરીય આંકડાઓ પ્રમાણે ભારતનો સૌથી ગરીબ જિલ્લો અલીરામપુર - મધ્યપ્રદેશ છે. જ્યાં લગભગ 76.5% લોકો બહુપરિમાણીય રૂપથી ગરીબ છે. ભારતમાં લગભગ દરેક રાજ્યમાં બહુપરિમાણીય ગરીબીનો સૌથી મોટો સૂચક પોષણની ઉણપ છે. પોષણની ઉણપને કારણે ભારતના કુલ MPIમાં 28.3% ગરીબો પોષણની ઉણપથી ગ્રસ્ત છે. કુટુંબના કોઈપણ

સદસ્યના ઓછામાં ઓછા છ વર્ષ સુધી સ્કુલ શિક્ષા મેળવી ન શકનાર 16% લોકો અને બાળ મૃત્યુ દર 3.3% અને પીવાના સાફ પાણીની અનુપલબ્ધિ 2.8% છે.

## 2.7 આર્થિક વિકાસના સૂચક આંકો (નિર્દેશકો)નું સંક્ષિપ્ત વર્ણન

કોઈપણ દેશમાં આર્થિક વિકાસ થયો છે કે નહિં અથવા કેટલા પ્રમાણમાં થઈ રહ્યો છે તે જાણવા માટે વિવિધ માપદંડોનો ઉપયોગ કરાય છે. આ માપદંડોને આર્થિક વિકાસના નિર્દેશકો કહેવાય છે. આગળના ભાગમાં આપણે આર્થિક વિકાસના નિર્દેશક તરીકે ટકાઉ વિકાસ, માનવ વિકાસ આંક, જાતિ સંબંધિત વિકાસ આંક, માનવ ગરીબી આંક અને બહુપરિમાણીય ગરીબી આંક વિશે ચર્ચા કરી. શરૂઆતમાં આર્થિક વિકાસના નિર્દેશક તરીકે રાષ્ટ્રીય આવકના માપદંડને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું હતું. પરંતુ સમય બદલાતા આર્થિક વિકાસના નિર્દેશકોમાં પણ ફેરફાર થતો રહ્યો છે. આર્થિક વિકાસના નિર્દેશકો તરીકે જે આંકોનો ઉપયોગ કરવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે છે.

➢ **કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનો અભિગમ (GNP) :**

આર્થિક વિકાસની માપણી માટે શરૂઆતમાં કુલ રાષ્ટ્રીય પેદાશના (Gross National Product) અભિગમનો ઉપયોગ કરવામાં આવેલો હતો. આ અંતર્ગત જે દેશની રાષ્ટ્રીય આવક વધારે હોય તે દેશનો આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય. જે દેશની રાષ્ટ્રીય આવક વધે તો ગરીબી અને બેકારી જેવા પ્રશ્નો જાતે ઉકલી જાય છે. આ સંદર્ભમાં બે ખ્યાલો ધ્યાનમાં લેવામાં આવેલા.

⇨ **રાષ્ટ્રની વાસ્તવિક આવકમાં વધારો :**

પ્રો.કુઝનેટ પ્રમાણે જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબાગાળા સુધી સતત વધારો થઈ રહ્યો હોય તો આર્થિક વિકાસ થયો ગણાય. આ નિર્દેશકની મુખ્ય મર્યાદા એ હતી કે નિર્પેક્ષ રીતે રાષ્ટ્રીય વાસ્તવિક આવક જાણવાથી સાચો વિકાસ જાણી શકાતો નથી. આવક વૃદ્ધિના દરની સાથે વસ્તી વધારાના દરને ધ્યાનમાં લેવું જોઈએ તો જ આર્થિક વિકાસનો સાચો ખ્યાલ મેળવી શકાય છે.

⇨ **રાષ્ટ્રીય માથાદીઠ વાસ્તવિક આવકમાં વધારો :**

આર્થિક નિર્દેશક તરીકે ઉપરોક્ત નિર્દેશકની મર્યાદા હોવાના કારણે આર્થર લેવિસ અને વાઈનર જેવા અર્થશાસ્ત્રીઓએ વસ્તીના પરિબળોને ધ્યાનમાં લઈને માથાદીઠ વાસ્તવિક રાષ્ટ્રીય આવકના ધોરણને ધ્યાનમાં લઈ વિકાસનો માપદંડ રજૂ કર્યો છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસ્તી વડે ભાગવાથી માથાદીઠ આવક જાણી શકાય છે. જો આ માથાદીઠ આવકમાં લાંબા સમય માટે વધારો થાય તો તે આર્થિક વિકાસ થયો છે તેમ કહેવાય.

આ માપદંડની મુખ્ય મર્યાદા માથાદીઠ આવકની ગણતરીની હતી. વિકાસમાન દેશોમાં રાષ્ટ્રીય આવક અને વસ્તી ગણતરીના વૈજ્ઞાનિક ધોરણો ન અપનાવતા હોવાથી સાચી માથાદીઠ આવકનો ખ્યાલ મેળવી શકાતો નથી. અને જો સરેરાશ આવક વધી હોય પરંતુ કલ્યાણલક્ષી આવકની વહેંચણી ન થઈ હોય તો આર્થિક વિકાસ ન થયો ગણાય. આ નિર્દેશકમાં શિક્ષણ, આરોગ્ય, પ્રદૂષણ વગેરે ગુણાત્મક પાસાંઓની ઉપેક્ષા કરવામાં આવેલી છે.

➢ **પાયાની જરૂરિયાતનો નિર્દેશક :**

આ નિર્દેશકમાં રાષ્ટ્રીય આવક કરતાં આર્થિક કલ્યાણના અભિગમને મહત્ત્વ આપવામાં આવે છે. પ્રો. પોલ સ્ટ્રીટ આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવ જીવનની પાયાની જરૂરિયાતોનો ખ્યાલ રજૂ કરે છે. જેમાં નીચેની ચાર બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

❖ ગરીબોની આવક કમાવવાની શક્તિમાં વધારો કરવો.

❖ ગરીબ લોકો માટેની જાહેર સેવાનું પ્રમાણ અને ગુણવત્તા સુધારવી.

❖ કુટુંબના બધા જ સભ્યોની જરૂરિયાતો સંતોષી શકાય તેવી વસ્તુના અને સેવાના પ્રમાણમાં વધારો કરવો.

❖ ગરીબોની જરૂરિયાત સંતોષવાના માર્ગોમાં ગરીબોનો સહયોગ કરવો.

➢ **જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક** (PQLI-Physical Quality of Life Index) **:**

PQLIની રચના પ્રો. મોરિસ દ્વારા 1970ના વર્ષમાં કરવામાં આવી હતી. દેશમાં જીવન ધોરણની ગુણવત્તાનો આંક શોધવા માટે આની રચના કરવામાં આવી. આ આંકને અંતર્ગત 0 - 100 વચ્ચે મૂલ્ય આપવામાં આવે છે. જ્યાં 0 સૌથી ખરાબ પ્રદર્શન અને 100 સૌથી સારૂં પ્રદર્શન ગણાય છે. PQLIના ત્રણ મુખ્ય માપદંડ છે. (1) અપેક્ષિત આયુષ્ય, (2) શિશુ મૃત્યુ દર, (3) સાક્ષરતા દર.

પરંતુ વ્યાપક દ્રષ્ટિએ PQLIના કુલ 10ગૌણ માપદંડ છે. (1) આવક, (2) ચોખ્ખું પાણી, (3) પોષણ સ્તર, (4) શિશુ મૃત્યુદર, (5) વ્યક્તિગત સ્વતંત્રતા, (6) ફુગાવો, (7) ઉર્જાનો ઉપયોગ, (8) નવા રોજગારની તક, (9) વયસ્ક શિક્ષણ, (10) શહેરોમાં વસ્તીનું ભારણ.

➢ **માનવ વિકાસ આંક :**

United Nations Development Program - UNDP) દ્વારા આર્થિક વિકાસના નિર્દેશક તરીકે 1990માં માનવ વિકાસ રિપોર્ટમાં માનવ વિકાસ આંકનો ખ્યાલ બહાર પાડવામાં આવ્યો. આમાં માનવ વિકાસ ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. આવકના નિર્દેશક માત્ર આર્થિક હતો. PQLI નિર્દેશક સામાજિક હતો. જ્યારે માનવ વિકાસ આંકમાં આ બન્ને બાબતો ધ્યાનમાં લેવામાં આવેલી. આ આંકના મુખ્ય ત્રણ માપદંડો છે.

⇨ **આયુષ્ય :** જન્મ સમયે વસ્તીનું અપેક્ષિત આયુષ્ય જાણવામાં આવે છે. સામાન્ય રીતે 40 વર્ષથી ઓછું આયુષ્ય ધરાવતા લોકો બિનતંદુરસ્ત છે તેમ કહેવાય.

⇨ **શિક્ષણ :** 15વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓના અક્ષરજ્ઞાનને ધ્યાનમાં લેવામાં આવે છે.

⇨ **સારૂં જીવન ધોરણ :** સારા જીવન ધોરણમાં શુદ્ધ પીવાના પાણીની સગવડ, આરોગ્ય વિષયક સેવાઓ, સેનીટેશનની સેવાઓ, બાળ મરણ દર વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે.

➢ **ગરીબી આંક :**

આર્થિક વિકાસ જાણવા 1997 થી માનવ ગરીબી આંકનો ઉપયોગ કરવામાં આવે છે. આમાં દેશોને વિકસિત અને વિકસતા આમ બે ભાગોમાં વહેંચવામાં આવ્યાં છે. HPI - 1માં વિકસિત દેશોનો સમાવેશ થાય છે. જ્યારે HPI - 2માં વિકસતા દેશોનો સમાવેશ થાય છે. માનવ ગરીબી આંક (HPI) સમાજના કેટલા લોકો પ્રગતિના લાભથી વંચિત છે તેના આધારે ગરીબીનો ખ્યાલ આપે છે.

વર્ષ 2010થી HPIના બદલે MPI (Multidimensional Poverty Index) બહુપરિમાણીય ગરીબી આંક બહાર પાડવામાં આવ્યો છે. આ આંક OPHI અને UNDP દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવ્યો છે. આ આંક વિવિધ પ્રકારની વંચિતતાના આધારે બનાવાયો છે. તે ગરીબીની તીવ્રતા દર્શાવે છે. આ આંકમાં માપકના રૂપમાં માત્ર આવકને ધ્યાનમાં ન લેતા બીજા માપકો જેવાકે, કુપોષણ, નિરક્ષતા, ખરાબ આરોગ્ય, નીચું જીવન ધોરણ, કૌશલ્યની ઉણપ, રહેણાંક સુવિધાઓનો અભાવ તેમજ સામાજિક ભેદભાવ વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે. આ આંકના ત્રણ મુખ્ય માપદંડો છે.

⇨ **આરોગ્ય :** આ અંતર્ગત પોષણ અને બાળ મૃત્યુ દરનો સમાવેશ થાય છે.

⇨ **શિક્ષણ :** આ અંતર્ગત શાળાકીય વર્ષો અને શાળાકીય હાજરીનો સમાવેશ થાય છે.

⇨ **જીવન ધોરણ :** આ અંતર્ગત પાણી, વીજળી, બળતણ, રહેઠાણ અને શૌચાલયનો સમાવેશ થાય છે.

➢ **જાતિ સંબંધિત આંક :**

1995માં UNDP દ્વારા માનવ વિકાસ રિપોર્ટમાં જાતિ સંબંધિત આંક અંતર્ગત જાતિ વિકાસ આંક (Gender related Development Index) અને જાતિ સશક્તિકરણ આંક (Gender Empowerment Measure) આમ બે આંક રજૂ કરવામાં આવ્યા હતા. GDIમાં મહિલા અને પુરૂષો વચ્ચે રહેલ અસમાનતાનો નિર્દેશ થાય છે. જે દેશમાં મહિલા અને પુરૂષ વચ્ચે અસમાનતા ન હોય ત્યાં GDI = HDI થાય છે. GDIના મુખ્ય ત્રણ નિર્દેશકો છે. 1) મહિલાઓનું અપેક્ષિત આયુષ્ય, 2) પ્રૌઢ મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ, 3) મહિલાઓની માથાદીઠ આવક.

GEM (Gender Empowerment Measure)માં મહિલા સશક્તિકરણના માપનો નિર્દેશ થાય છે. જે દેશમાં આર્થિક અને રાજકીય જીવનમાં સ્ત્રીઓની ભાગીદારીને ધ્યાનમાં લેવામાં આવે છે. આ આંકમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

1) સંચાલકીય અને વહીવટી ક્ષેત્રમાં મહિલા

2) વ્યવસાયિક અને વહીવટીક્ષેત્રમાં મહિલા

3) સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ.

આ બન્ને આંકની ઘણી ટીકાઓ કરવામાં આવી હતી. જેના કારણે 2010ના વર્ષમાં UNDP દ્વારા જાતિ અસમાનતાનો આંક GII (Gender Inequality Index) માનવ

વિકાસ રિપોર્ટમાં પ્રકાશિત કરવામાં આવ્યો. જે સ્ત્રી અને પુરૂષ વચ્ચેની અસમાનતાને દર્શાવે છે. આ આંકના મુખ્ય ત્રણ માપદંડો છે.

⇨ **પ્રજનન સંબંધિત આરોગ્ય** (Reproductive Health) **:** આ અંતર્ગત બે નિર્દેશકોનો સમાવેશ થાય છે. 1) માતૃત્વ મૃત્યુ દર (MMR - Maternal Mortality Rate), 2) કિશોરાવસ્થા પ્રજનન દર (Adolescent Fertility Rate)

⇨ **સશક્તિકરણ :** આ અંતર્ગત બે નિર્દેશકોનો સમાવેશ થાય છે. શાળાકીય વર્ષો અને શાળાકીય હાજરીનો સમાવેશ થાય છે.

1) ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ સ્ત્રી અને પુરૂષોની સંખ્યા

2) સંસદમાં સ્ત્રી અને પુરષોનું પ્રતિનિધિત્વ (બેઠકોની સંખ્યા)

⇨ **શ્રમબજાર :** આ અંતર્ગત સ્ત્રી અને પુરૂષોના ભાગીદારીના દરનો નિર્દેશ કરવામાં આવે છે.

➢ **ટકાઉ આર્થિક વિકાસ :**

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2015 માં સતત વિકાસ (ટકાઉ વિકાસ)ના લક્ષ્યને અપનાવવામાં આવેલ છે. જેને 2030 સુધી પ્રાપ્ત કરવાનાં છે. આ પ્રકારે વિશ્વના પ્રત્યેક દેશને ટકાઉ વિકાસ લક્ષ્યોમાં સામેલ 17 વૈશ્વિક લક્ષ્યો અને 169 ઉદ્દેશોને 2030 સુધી પ્રાપ્ત કરવાનાં છે. સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ સમાધાન નેટવર્ક (United Nations Sustainable Development Solution Network) અને બટલ્સમેન સ્ટિફટેગ એ નવો ટકાઉ વિકાસ આંક જાહેર કરેલ છે. આ સૂચકઆંકનો મુખ્ય ઉદ્દેશ સતત વિકાસના લક્ષ્યોની પ્રગતિ પર નજર રાખવાનો અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. ટકાઉ વિકાસ લક્ષ્ય સૂચકઆંકમાં સ્વીડન પ્રથમ સ્થાન પર છે. ભારત 156 દેશોની યાદીમાં 59.1 સ્કોરની સાથે 112માં સ્થાન પર છે. ભારતના પડોશી દેશોમાં નેપાળ, ભુતાન, શ્રીલંકા તેમજ ચીનની પરિસ્થિતિ ભારત કરતાં સારી છે. ચીન 54માં, ભુતાન 83માં, શ્રીલંકા 89માં, નેપાળ 102માં, બાંગ્લાદેશ 111માં, મ્યાનમાર 113માં અને પાકિસ્તાન 126માં સ્થાન પર છે.

➢ **રાષ્ટ્રીય સુખાકારી આંક (National Happiness Index) :**

આ આંક ભુતાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગ્ચૂક દ્વારા 1970 ના દશકમાં આપવામાં આવ્યો હતો. જેમાં તેમણે ચાર માપદંડો લીધા.

1) સુશાસન

2) સાતત્યપૂર્ણ સામાજિક - આર્થિક વિકાસ

3) સાંસ્કૃતિક જાળવણી

4) પર્યાવરણીય સંરક્ષણ

વર્તમાનમાં વિશ્વ સુખાકારી આંક (Global Happiness Index) ગણવા માટે નીચેના માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે.

→ માથાદીઠ

→ સામાજિક સહાય

→ જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય

→ જીવન જીવવાની પસંદગી કરવાની સ્વતંત્રતા

→ ઉદારતા

→ ભ્રષ્ટાચાર અંગે સમજ

વિશ્વ સુખાકારી આંકમાં 0-10 વચ્ચે સ્કોર આપવામાં આવે છે. જેમાં 0 = સૌથી દુઃખી રાષ્ટ્ર, 10 = સૌથી સુખી રાષ્ટ્ર.

2011માં UN General Assembly એ 'Happiness Towards a holistic approuch to development' નામનો ઠરાવ પસાર કર્યો હતો. 2011માં થાઈલેન્ડે Gross National Happines Center શરૂ કર્યું અને 2016માં દુબઈમાં Happiness મંત્રાલય શરૂ કરવામાં આવ્યું. ભારતમાં મધ્યપ્રદેશ એવું પ્રથમ રાજ્ય બન્યું છે જ્યાં Happiness Department શરૂ કરવામાં આવ્યો છે.

## 2.8 વસ્તી સંક્રમણનો સિદ્ધાંત

વર્તમાનમાં દરેક વિકસિત અને પછાત દેશોમાં સૌથી મુખ્ય સમસ્યા વસ્તી વિસ્ફોટની છે. જે આ દેશોમાં વ્યાપ્ત ગરીબી અને બેકારીનું કારણ અને પરિણામ બન્ને છે. આ દેશોના વિકાસમાં વસ્તીની તીવ્ર વૃદ્ધિ સૌથી મોટો અવરોધ છે. આ સમસ્યા પ્રત્યે સૌપ્રથમ સંકેત પ્રો. માલ્થસ દ્વારા આપવામાં આવ્યો હતો. જે માલ્થસના વસ્તી સિદ્ધાંત તરીકે ઓળખાય છે. માલ્થસે 1798માં પોતાના એક પુસ્તક - An Essay on the principle of Population ના માધ્યમથી આ સિદ્ધાંત રજૂ કરેલ હતો. માલ્થસનો આ સિદ્ધાંત ખાદ્યાન્ન વૃદ્ધિ દર અને વસ્તી વૃદ્ધિ દર વચ્ચે સંબંધ સ્થાપિત કરે છે.

**વસ્તી સંક્રમણની પ્રથમ અવસ્થા (ઊંચો મૃત્યુ દર, ઊંચો જન્મદર) :**

આ સિદ્ધાંતના પ્રમાણે ખરાબ ખાદ્યાન્ન, અવિકસિત સફાઈ વ્યવસ્થા અને અસરકારક દાકતરી સહાયતના અભાવને કારણે મૃત્યુ દર ઊંચો હોય છે. આ અવસ્થામાં વ્યાપક નિરક્ષરતા, કુટુંબ નિયોજનના વિષયમાં જાણકારી ન હોવાથી નાની ઉંમરે લગ્ન, કુટુંબના કદ વિશે દૃઢ સામાજિક પ્રથાઓ તથા બાળકો પ્રત્યે મનોભાવ વગેરેને કારણે જન્મદર ઊંચો હોય છે. તદ્ઉપરાંત મોટા કુટુંબના આર્થિક લાભો પણ હોય છે. બાળકો નાની ઉંમરથી જ કામે જાય છે અને માતા-પિતા માટે તેમના ઘડપણમાં સુરક્ષાનો પરંપરાગત સ્તોત્ર હોય છે. મૃત્યુદર અને વિશેષ રીતે બાળ મૃત્યુ દર ઊંચો હોવાથી વધારે બાળકો પેદા કરીને જ ઉપરોક્ત સુરક્ષા મેળવી શકાય છે. આવા સમાજમાં વસ્તી વૃદ્ધિ દર વાસ્તવમાં વધારે ઊંચો રહેતો નથી. કારણકે ઊંચો જન્મદર ઊંચા મૃત્યુદરને સમતુલિત કરી દે છે. આ અવસ્થા વધારે વસ્તી વૃદ્ધિની સંભાવનાની અવસ્થા છે. પણ આમાં વાસ્તવિક વધારો ઓછો હોય છે.

**વસ્તી સંક્રમણની બીજી અવસ્થા (ઊંચો જન્મ દર, નીચો મૃત્યુ દર) :**

આવકની સપાટીના વધારાના પરિણામ સ્વરૂપે લોકો પોતાના ખોરાકમાં સુધારો લાવવા યોગ્ય થઈ જાય છે. આર્થિક વિકાસને કારણે સર્વાંગી સુધાર હોય છે. જેમાં વાહન વ્યવહાર સુધારો પણ સમાવિષ્ટ છે. વાહન વ્યવહારના સુધારાના પરિણામ સ્વરૂપે ખોરાક પુરવઠો નિયમિત થઈ જાય છે. આ બધા કારણોથી મૃત્યુદર નીચો થઈ

જાય છે. આમ, બીજી અવસ્થામાં જન્મદર ઊંચો રહે છે. પણ મૃત્યુદરમાં તીવ્રતાથી ઘટાડો થાય છે. જેના કારણે વસ્તી વધારો થઈ જાય છે. મૃત્યુદરમાં ઘટાડાને કારણે પ્રથમ અવસ્થા ઉચ્ચ વૃદ્ધિની સંભાવના બીજી અવસ્થામાં ઊંચી વાસ્તવિક વૃદ્ધિ બનીને પ્રકટ થાય છે. ઊંચો જન્મદર અને નીચા મૃત્યુદરને કારણે કુટુંબોનું સરેરાશ કદ વધી જાય છે.

**વસ્તી સંક્રમણની ત્રીજી અવસ્થા (નીચો જન્મ દર, નીચો મૃત્યુ દર) :**

આને અતિરિક્ત આર્થિક વિકાસને કારણે અર્થવ્યવસ્થાનો સ્વરૂપ ખેતીથી ફેરફાર થઈને ઔદ્યોગિક થઈ જાય છે. ઔદ્યોગિકરણમાં વધારાના પરિણામ સ્વરૂપે વસ્તી ગ્રામીણ ક્ષેત્રોથી ઔદ્યોગિક અને વેપારિક કેન્દ્રોની તરફ સ્થળાંતર કરવા લાગે છે. શહેરી વસ્તીમાં વધારો અને સ્ત્રીઓ માટે ઘરથી બહાર આર્થિક કાર્યોના વિકાસના પરિણામ સ્વરૂપે આર્થિક ગતિશીલતાની સંભાવના વધી જાય છે. પરિણામ સ્વરૂપે નાના કુટુંબોના સહારાથી પ્રાપ્ત કરી શકાય છે. અને મોટા કુટુંબોની આર્થિક નફાકારકતા ઓછી થઈ જાય છે. ઊંચા જીવનધોરણની અપેક્ષાને કારણે ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં નાના કુટુંબોની પ્રેરણા આપે છે. આ ત્રીજી અવસ્થાના લક્ષણો નીચે મુજબ છે. નીચો જન્મ દર, નાનું કુટુંબ અને વસ્તી વધારાની નીચી સપાટી, આ વસ્તીમાં ઘટાડાની અવસ્થા છે.

વસ્તી સંક્રમણની બીજી અવસ્થાને વસ્તી વિસ્ફોટની અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. વિકાસશીલ અર્થતંત્રમાં આ અવસ્થા સૌથી ભયજનક છે. બીજી અવસ્થામાં ઘટાડો હોવાને કારણે અસમતુલા ઊભી થઈ જાય છે. જેને સુધારવા માટે સંક્રમણની અવધિ અપેક્ષિત હોય છે. આમ આ સિદ્ધાંતને વસ્તી સંક્રમણનો સિદ્ધાંત કહેવાય છે. કોઈપણ સમાજમાં વસ્તી વિકાસનાં નિર્ણય કુટુંબના કદ, વસ્તી વધારાનાં દરના સંબંધમાં જન્મ અને મૃત્યુ દરમાં ફેરફારના રૂપમાં કરી શકાય છે.

## 2.9 વસ્તી વિષયક લક્ષણો

- **ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ દર** : વિશ્વની કુલ વસ્તી મે, 2011માં લગભગ 6.9 અબજ હતી. તે માર્ચ 2012માં 7અબજને પાર કરી ગઈ છે. એક અંદાજ પ્રમાણે 2030માં ચીનની વસ્તીને પાછળ છોડી ભારત વસ્તીની દ્રષ્ટિએ વિશ્વમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરશે. વર્તમાનમાં સમગ્ર વિશ્વની 17.5% વસ્તી ભારતમાં રહે છે. જ્યારે સમગ્ર વિશ્વની માત્ર 2% જમીન ભારત ધરાવે છે. ભારતમાં 1871માં જમશેદજી તાતાએ વસ્તી ગણતરીની શરૂઆત કરી હતી. તેથી તે વર્ષ ભારતમાં વસ્તી ગણતરીના પ્રારંભિક વર્ષ તરીકે ઓળખાય છે. 1872થી 1941સુધીના વસ્તીવિષયક આંકડાઓ લઈ કિંગ્સલે ડેવિસે Population of India and Pakistanની રચના કરી. 1951માં ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી પત્રક આર. એ. ગોપાલસ્વામીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયું. ભારતમાં 2011માં 15મો વસ્તી ગણતરી રિપોર્ટ તૈયાર થયો. ભારતમાં વસ્તીનું કદ નીચેના ટેબલ દ્વારા દર્શાવ્યું છે.


**ભારતમાં વસ્તીનું કદ અને વૃદ્ધિ દર**

| વર્ષ | વસ્તી (કરોડમાં) | વૃદ્ધિદર (ટકાવારીમાં) | જાતિ ગુણોત્તર પ્રમાણ | ગ્રામીણ વસ્તી (ટકાવારીમાં) |
|---|---|---|---|---|
| 1891 | 23.6 | - | - | - |
| 1901 | 23.84 | +0.08 | 972 | 89.2 |
| 1911 | 25.21 | +0.57 | 964 | 89.7 |
| 1921 | 25.13 | -0.03 | 955 | 88.8 |
| 1931 | 27.9 | +1.04 | 950 | 88.0 |
| 1941 | 31.87 | +1.33 | 945 | 86.1 |
| 1951 | 36.11 | +1.25 | 946 | 82.7 |
| 1961 | 43.92 | +1.96 | 941 | 82.0 |
| 1971 | 54.82 | +2.20 | 930 | 80.1 |
| 1981 | 68.33 | +2.22 | 934 | 76.7 |
| 1991 | 84.64 | +2.16 | 927 | 74.3 |
| 2001 | 102.87 | +1.97 | 933 | 72.2 |
| 2011 | 121.08 | +1.64 | 940 | 68.8 |

ભારતનો વસ્તી વૃદ્ધિ દર 2010-11 દરમિયાન 17.64% હતો.

$$\text{વસ્તી વૃદ્ધિ દર} = \frac{\text{વસ્તીમાં થયેલ વધારો (2011ની વસ્તી) - 2001ની વસ્તી} \times 100}{\text{2011ની કુલ વસ્તી}}$$

વસ્તી વૃદ્ધિના ચાર્ટને નીચે પ્રમાણે રજૂ કરવામાં આવે છે.




- **વસ્તી ગીચતા :**

ભારતની વસ્તી ગીચતા 382 વ્યક્તિ પ્રતિ ચો.મી. છે. વસ્તી ગીચતા એટલે પ્રતિ ચો.કિલોમીટરે વસતા લોકોની સરેરાશ.

2011 Census પ્રમાણે ભારતની વસ્તી ગીચતા = કુલ વસ્તી / કુલ ક્ષેત્રફળ

કેટલાક સ્થળો એવા છે કે જ્યાં માનવી વસવાટ કરી શકતા નથી. જેમકે, જળાશયો, ગીચ જંગલો, પર્વતો, દલદલ વગેરે) તેવા ક્ષેત્રો સિવાયનો રહેવા લાયક વિસ્તાર 31, 70, 000 ચો.કિમી. થાય છે. વર્ષ 1911માં વસ્તી ગીચતા માત્ર 82 હતી જે 2011માં 382 થઈ ગઈ. આમ વસ્તી ગીચતામાં એક શતકમાં 300 નો વધારો થયેલ છે. 2011 પ્રમાણે દિલ્હી 11, 297 વસ્તી ગીચતા સાથે પ્રથમ નંબર ઉપર, સૌથી વધુ વસ્તી ગીચતા ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ છે. ત્યારપછી ચંદીગઢ, પોંડિચેરી, દમણ અને દીવ તથા લક્ષદ્વીપ આવે છે. બિહાર રાજ્ય 1102વસ્તી ગીચતા સાથે સૌથી વધુ ગીચતા ધરાવતા રાજ્યમાં છઠ્ઠા નંબરે આવે છે. અંદામાન અને નિકોબાર 46 વસ્તી ગીચતા સાથે સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ છે. તથા અરૂણાચલ પ્રદેશ 17 વસ્તી ગીચતા સાથે સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતું રાજ્ય છે.

♦ **ભારતની વસ્તીમાં જાતિ પ્રમાણે સંરચના :**

પ્રતિ 1000 પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ કહેવાય છે. ભારતમાં જાતિ પ્રમાણ 2011ની વસ્તી ગણતરી મુજબ 943 છે. સામાજિક રીતિરિવાજો, પુત્રપ્રાપ્તિની ઘેલછા, ગરીબી, બેરોજગારી, ધાર્મિક માન્યતાઓ, સ્ત્રીભ્રૂણ હત્યા વગેરે જેવા પરિબળોને કારણે ભારતમાં છેલ્લાં 60 વર્ષમાં લિંગ અનુપાત ક્યારેય 950થી વધુ રહેલ નથી. ફક્ત કેરળ અને પોંડિચેરીમાં લિંગ અનુપાત અનુક્રમે 1084, 1037 રહ્યો છે.

♦ **સાક્ષરતા :**

2011ની વસ્તી ગણતરી મુજબ એવો વ્યક્તિ જેની ઉંમર 7 વર્ષ કે તેથી વધુ હોય અને જે કોઈપણ ભાષા વ્યવસ્થિત રીતે સમજી, લખી અને વાંચી શકે છે તે વ્યક્તિ સાક્ષર છે. 2001માં સાક્ષરતા દર 65% હતો તે વધીને 2011માં 73% થયો. 2011 census પ્રમાણે પુરૂષ સાક્ષરતા દર 80.9% તથા સ્ત્રી સાક્ષરતા દર 64.6 % જેટલો હતો. સૌથી વધુ સાક્ષરતા દર ધરાવતું રાજ્ય કેરળ (94%) તથા સૌથી ઓછી સાક્ષરતા દર ધરાવતું રાજ્ય બિહાર (61.8%) હતું. સૌથી વધુ સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓમાં સરછિપ (મિઝોરમ) 98.76% અને અજાવલ (મિઝોરમ) 98.5% અને સૌથી ઓછી સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓમાં અલી રાજપુર (મધ્યપ્રદેશ 37.22%) અને બીજાપુર (છત્તીસગઢ 41.58%) હતાં.

## 2.10 વસ્તી વૃદ્ધિ અને આર્થિક વિકાસ

વસ્તી અને વિકાસનો ખ્યાલ એકબીજા સાથે સંકળાયેલ છે. આર્થિક વિકાસની વસ્તી વૃદ્ધિ પર અને વસ્તી વૃદ્ધિની આર્થિક વિકાસ પર અસર થતી હોય છે. વસ્તી અને આર્થિક વિકાસ વચ્ચે આંતર સંબંધ છે. નીચેની ચર્ચા ઉપરથી આ મુદ્દો સ્પષ્ટ થાય છે.

☞ **ખોરાકની અછત :**

જીવન અને કાર્યક્ષમતા ટાકવી રાખવા માટે તેને પૂરતો અને સમતોલ ખોરાક મળવો જોઈએ. પરંતુ ખોરાકની ચીજોની અછત રહેતી હોવાને લીધે વિકાસમાન દેશોની વસ્તીને પૂરતો અને સમતોલ ખોરાક મળતો નથી. આ દેશોના લોકોને તેમના રોજ-બ-રોજનાં ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં કેલરી અને પ્રોટીન પ્રાપ્ત થતાં નથી. ખોરાકની

આ અછત માટે માંગ અને પુરવઠાની અસમતુલા જવાબદાર છે. ખોરાકના વસ્તુઓની માંગની આવક સાપેક્ષતા ઊંચી હોવાથી આ વસ્તુઓની માંગ વધે છે. પરંતુ પ્રણાલિકાગત ખેતીના લીધે અનાજનું ઉત્પાદન વધતું નથી.

☞ **બચત અને મૂડીરોકાણના નીચા દર :**

વિકાસશીલ દેશોની વસ્તીનું વયબંધારણ તપાસતાં જણાય છે કે આ દેશોમાં 15વર્ષથી નીચેની વયની વસ્તીનું પ્રમાણ 40%થી પણ વધુ છે. 15 થી 24 વર્ષની વસ્તીની ટકાવારી આશરે 15 ટકા જેટલી જ છે. આ દેશોમાં 60 થી વધુ ઉંમરના લોકોની વસ્તીનું પ્રમાણ ઊંચું છે. કામધંધામાં રોકાયેલી અથવા તો આર્થિક રીતે સક્રિય વસ્તી 30 થી 35% જેટલી જ છે. બચત અને મૂડીરોકાણના નીચાં દરને કારણે જેમ દેશોમાં વસ્તીનું પ્રમાણ વધારે તેમ વપરાશનું પ્રમાણ વધારે પણ ઉત્પાદનનું પ્રમાણ નીચું જોવા મળે છે.

☞ **બેકારીમાં વધારો :**

વિકાસશીલ દેશોમાં 2.5% થી 3%ના દરે વસ્તી વધતી હોવાથી રોજગારી શોધવા આવનારાની સંખ્યા એકબાજુએ વધી રહી છે તો બીજી બાજુએ ધીમો આર્થિક વિકાસ હોવાને કારણે તથા વિકાસના શરૂઆતના તબક્કામાં પાયાના ઉદ્યોગો સ્થાપેલ હોવાને કારણે આ દેશોમાં મૂડીની અછત હોવાથી વિદેશી મૂડી પર આધાર રાખવો પડે છે. અને વિદેશી મૂડી સાથે મૂડીપ્રધાન વિદેશી ટેક્નોલૉજીની આયાત કરવી પડતી હોવાથી રોજગારીની તકો ઓછી ઊભી થતી હોય છે જેના કારણે વિકાસશીલ દેશો બેરોજગારીની સમસ્યાથી પીડાઇ રહ્યા છે.

☞ **માનવ મૂડીરોકાણ :**

સતત વધતી જતી વસ્તુને પૂરતો અને સમતોલ ખોરાક પૂરો પાડવાની સાથે તેની ગુણવત્તા અને કાર્યક્ષમતા સુધરે કે તેમાં વધારો થાય તે માટે શિક્ષણની વ્યવસ્થા અને તાલીમની વ્યવસ્થા કરવી પડે છે. જાહેર આરોગ્યની સુવિધાઓમાં વધારો કરવો પડે છે. જો આ માટે ખર્ચ કરવામાં ન આવે તો વસ્તુઓની ગુણવત્તા નીચી રહે. શિક્ષણ અને જાહેર આરોગ્ય પાછળ કરવામાં આવેલું મૂડીરોકાણ એ માનવ મૂડીરોકાણ છે કે જે ઉત્પાદકતામાં વધારો કરે છે. માનવ મૂડીરોકાણથી ઉત્પાદનમાં લાંબાગાળે વધારો જોવા મળે છે.

☞ **ધીમો આર્થિક વિકાસ :**

વિકસિત દેશોની સરખામણીમાં વિકાસશીલ દેશોમાં પ્રવર્તમાન પરિસ્થિતિ જુદી છે. તેના પરિણામે વિકસિત દેશોમાં વસ્તી વૃદ્ધિ વિકાસને પ્રોત્સાહન આપે છે. જ્યારે વિકસિત દેશોમાં વસ્તી વૃદ્ધિ આર્થિક વિકાસને અવરોધક છે. કારણકે વિકસિત દેશોમાં વસ્તી વધતા વપરાશ વધે અને બચત અને મૂડીરોકાણ કરવાની શક્તિ ઘટે છે, પરિણામે આર્થિક વિકાસ ધીમો થાય છે અને મોટાભાગના વિકસિત દેશો ખેતીપ્રધાન હોવાના કારણે દેશમાં વસ્તી વધતા કુદરતી સાધન સંપત્તિ ઉપર દબાણ અને ભારણ વધે છે. કુદરતી સાધન સંપત્તિનો વધારે ઉપયોગ થાય છે. વસ્તી વધારાના કારણે શહેરોમાં ગીચતા, પ્રદુષણ, ગંદી ચાલીઓ અને સામાજિક બદીઓ જોવા મળે છે.

☞ **પર્યાવરણ પર અસર :**

વસ્તી વધારો પર્યાવરણને પણ નુકસાન પહોંચાડે છે. વધુને વધુ જમીન ખેડાણ હેઠળ લાવવામાં આવે છે. એક જ જમીનનો સઘન ઉપયોગ કરીને એનો કસ ખેંચી લેવામાં આવે છે. જંગલો અને પર્વતીય વિસ્તારો સંકોચાતા જાય છે. બળતણ માટે વૃક્ષોને કાપવામાં આવે છે. લાંબાગાળે જમીનની ઉત્પાદકતા ઘટી જાય છે. ગીચ શહેરો અને વાહનવ્યવહારના અતિશય વિસ્તારના પરિણામે પાણી, હવા અને અવાજનું પ્રદૂષણ વધે છે.

☞ **ધીમો ખેત વિકાસ :**

વિકાસશીલ દેશો ખેતીપ્રધાન હોવાને લીધે ખેતીક્ષેત્રની પ્રગતિ ઉપર પ્રતિકૂળ અસર જોવા મળે છે. ખેડાણલાયક જમીનનું પ્રમાણ સ્થિર રહે છે. તેથી વસ્તીમાં વધારો થતા ખેડાણલાયક જમીનનું માથાદીઠ પ્રમાણ ઘટે છે. ખેતરોનું વિભાજન થાય છે. અને બિન આર્થિક કદના ખેતરો અસ્તિત્ત્વમાં આવે છે. બિન આર્થિક ખેડાણ ઘટકો ઉપર આધુનિક યંત્રસામગ્રી અને મોટા પાયા પરના ઉત્પાદનના લાભો લઈ શકતા નથી. પરિણામે જમીનની ઉત્પાદકતા નીચી રહે છે. વસ્તી વધારાના કારણે ખેતમજૂરોની સંખ્યા વધે છે. ગરીબ ખેડૂતો ખેતીક્ષેત્રમાં મૂડીરોકાણ કરી શકતા નથી. પરિણાણે ખેત ઉત્પાદકતા વધતી નથી.

☞ **શહેરીકરણના પ્રશ્નો :**

વિકસતા રાષ્ટ્રોમાં વધતી જતી વસ્તીને ખેતીના ક્ષેત્રમાં સમાવાની ઓછી શક્યતા હોવાથી વધેલી વસ્તી રોજગારી મેળવવા શહેરો તરફ વળે છે. શહેરમાં વસવાટ, પાણી, રસ્તા, ગટર, વાહન વ્યવહાર, વીજળી, શાળાના મકાનો, મનોરંજનના સાધનો વગેરે સગવડો પૂરી પાડવાનો પ્રશ્ન ઉદ્‌ભવે છે.

☞ **ગરીબીની સમસ્યા :**

વિકસતા દેશોની અતિશય વસ્તી અને વસ્તી વધારો ગરીબીમાં વૃદ્ધિ કરે છે. આવા દેશોમાં વસ્તી મુખ્ય રીતે ગામડામાં વસે છે. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોય છે. વધતી જતી વસ્તીને અન્ય ક્ષેત્રે રોજગારી ન આપી શકાતા, ખેતી ઉપર વસ્તીનું ભારણ વધે છે. આથી જમીનનું ઉપવિભાજન અને ખંડવિભાજન થાય છે. જમીનની ઉત્પાદકતા ઘટે છે, ખેતીક્ષેત્રે રોજગારી નહીં મળતા અન્ય ક્ષેત્રે નીચા વેતન દરે રોજી મેળવવા તૈયાર થાય છે. આમ, વેતનના દર વિકસિત દેશોની સરખામણીમાં ઘણા નીચા હોવાથી પણ ગરીબાઈ વધે છે.

**સમીક્ષા :**

ટૂંકમાં વિકસતા દેશોમાં વસ્તીવધારો આર્થિક વિકાસના પ્રેરક બનવાને બદલે અવરોધક વધુ બને છે. વધતી જતી વસ્તી આ દેશો માટે અસ્કયામત બનવાને બદલે જવાબદારી વધુ બને છે. વસ્તી વૃદ્ધિના કારણે આ દેશોમાં ફુગાવો, ગરીબી, બેકારી જેવી વિકટ સમસ્યાઓ ઊભી થાય છે. વિકાસશીલ દેશો વસ્તી વૃદ્ધિના કારણે પૂરતા પ્રમાણમાં માનવ મૂડીરોકાણ કરી શકતા નથી. વસ્તીનો વધારો હંમેશા આર્થિક વિકાસને અવરોધક બનશે તેમ પણ કહી શકાય છે. જો દેશની કુદરતી સાધન સંપત્તિ માત્ર વસ્તીના અભાવે જ વણવપરાયેલી રહેતી હોય ત્યારે વસ્તીનો વધારો આર્થિક વિકાસને પ્રેરક બને છે.

## 2.11 વસ્તી નીતિ

16 એપ્રિલ, 1976ના રોજ પ્રથમ વસ્તી નીતિની ઘોષણા કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ **વસ્તી વિસ્ફોટ** ઉપર નિયંત્રણ મૂકવાનો હતું. છોકરીની લગ્નવય 18 વર્ષ અને છોકરાની લગ્નવય 21 વર્ષ નક્કી કરવામાં આવી હતી. 1976માં ગરીબ કુટુંબો દ્વારા કુટુંબ નિયોજન થાય તે માટે નાણાકીય વળતર આપવામાં આવતું હતું. વસ્તી નીતિના અન્ય ઉદ્દેશો નીચે પ્રમાણે હતા.

- પ્રજનન અને બાળ આરોગ્ય સેવા ઘરે-ઘરે પહોંચાડવી.
- એઇડ્સ જેવા રોગોનો પ્રસાર અટકાવવા પ્રયત્ન કરવા.
- 14 વર્ષ સુધીનું શાળા શિક્ષણ **મફત અને ફરજિયાત**.
- માતા મૃત્યુદર 30 થી ઓછો કરવો.
- બાળ મૃત્યુદર 30 થી ઓછો કરવો.
- જન્મ, મરણ અને લગ્નની 100% નોંધણી.
- 80% પ્રસવ માટે શિક્ષિત સ્ટાફ અને હૉસ્પિટલનો ઉપયોગ કરવો.
- નાના કુટુંબોને (2 બાળકો) પ્રોત્સાહન આપવા 16 ઉપાયો બનાવવામાં આવ્યા.
- BPL ધરાવતા લોકોને 2 બાળકો બાદ નસબંધી કરાવવા પર આરોગ્ય વીમો આપવો.
- વસ્તીનીતિના કાર્યની દેખરેખ રાખવા રાષ્ટ્રીય વસ્તી આયોગની રચના કરવામાં આવી.
- છોકરીના લગ્ન 18 વર્ષથી વધીને 21 વર્ષ થાય તેમજ 2 બાળકો બાદ ગર્ભધારણ સમાપ્ત થાય તો તેમને પુરસ્કાર આપવો.

### નવી વસ્તી નીતિ

15 ફેબ્રુઆરી, 2000માં ડૉ. એમ. એસ. સ્વામીનાથન સમિતિના રિપોર્ટના આધારે નવી વસ્તી નીતિની ઘોષણા કેન્દ્ર સરકારે કરી. ફેબ્રુઆરી, 2000માં જાહેર કરાયેલી આ નીતિના અંતર્ગત મુખ્યત્વે ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાના લક્ષ્યાંકો જાહેર કરાયા હતા. આ નીતિના તત્કાલીન ઉદ્દેશમાં ગર્ભનિરોધની આવશ્યકતાઓની જરૂરિયાત, સ્વાસ્થ્ય સુવિધા સંબંધિત સંરચના તથા સ્વસ્થ કર્મચારીઓની વ્યવસ્થાની સાથે-સાથે પાયાની તથા બાળ આરોગ્ય સુવિધા માટે સેવા પ્રદાન કરવું વગેરે છે.

- મધ્યમકાળના ઉદ્દેશમાં કુલ પ્રજનન દરને વર્ષ 2010 સુધીમાં 2.1 બાળક પ્રતિ માતા સુધી લાવવાનું નક્કી કર્યું હતું.
- લાંબાગાળાના ઉદ્દેશમાં વર્ષ 2045 સુધીમાં આર્થિક, સામાજિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ સાથે વસ્તી સ્થિર કરવાનો સમાવેશ થાય છે.
- આ નીતિને અનુસરીને ભારત સરકારે 84માં બંધારણીય સુધારા, 2002 લાગુ કર્યો જે અંતર્ગત લોકસભા અને રાજ્યસભાની સીટોની વહેંચણી વર્ષ 2026 સુધી નિશ્ચિત કરવામાં આવી છે.

- નાણાકીય વર્ષ 2004-05માં રૂ. 100 કરોડના કોરપસ ફંડની સાથે વસ્તી સ્થિરતા કોષનું નિર્માણ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થાના સ્વરૂપે કરવામાં આવી છે. જેનો ઉદ્દેશ વસ્તી સ્થિરતાના લક્ષ્યાંકો સિદ્ધ કરવાનો છે. સ્ત્રી મૃત્યુદરને પ્રતિ 1 લાખે જીવતા જન્મતા દરો પર 100થી ઓછું કરવું. બાળ મૃત્યુદરને પ્રતિ 1000 જીવતા જન્મતા દરે 30 કરતાં ઓછું કરવું. જીવલેણ રોગોની સામે બાળકોના રક્ષણની વ્યવસ્થા કરવી, બાળ વિવાહ અટકાવવો તથા 20 વર્ષ પછી જ છોકરીઓના લગ્નને પ્રોત્સાહન આપવું વગેરે રાષ્ટ્રીય વસ્તીનીતિના ઉદ્દેશો છે.

## 2.12 ગ્રામીણ શહેરી સ્થળાંતર

કોઈપણ સ્થાનની વસ્તીના વધારા કે ઘટાડા માટે મુખ્ય ત્રણ પરિબળો મહત્ત્વના છે. જન્મદર, મૃત્યુદર અને સ્થાનાંતરણ.

સ્થાનાંતરણના પ્રકારો નીચે મુજબ કહી શકાય છે. એના મુખ્ય બે પ્રકાર કરવામાં આવે છે.

- **આંતરિક સ્થાનાંતરણ :** આ અંતર્ગત એક ગામથી બીજા ગામ તરફ લોકોનું સ્થળાંતર, એક શહેરથી બીજા શહેર તરફ થતું લોકોનું સ્થળાંતર, ગામથી શહેર તરફ થતું લોકોનું સ્થળાંતર, શહેરથી ગામ તરફ થતું લોકોનું સ્થળાંતરનો સમાવેશ થાય છે.
- **આંતરરાષ્ટ્રીય સ્થાનાંતરણ :** બે દેશો વચ્ચે થતાં લોકોનું પારસ્પરિક સ્થળાં-તરનો સમાવેશ થાય છે.

- આમ, સ્થાનાંતર એટલે લોકોના સમૂહ કે લોકોનું એક સ્થાને થી બીજા સ્થાને જતાં રહેવાની ઘટના.
- આંતરિક સ્થળાંતર થવાથી રાષ્ટ્રની વસ્તીના કદમાં ફેરફાર થતો નથી. પરંતુ જે તે ક્ષેત્રની વસ્તી, ગીચતા, લિંગ અનુપાત, સાક્ષરતા દર વગેરેમાં ફેરફાર થાય છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સ્થળાંતરથી રાષ્ટ્રની કુલ વસ્તી, વસ્તી ગીચતા વગેરેમાં ફેરફાર થાય છે.
- ભારતમાં મોટાભાગનું સ્થળાંતર ગામડાથી શહેરો તરફનું થાય છે. જેનું મુખ્ય કારણ ગ્રામીણ ક્ષેત્રોમાં ગરીબી, બેરોજગારી, શિક્ષણ અને રોજગારીની ઓછી તક, આરોગ્ય સુવિધાઓનો અભાવ, આંતરમાળખાનો ઓછો વિકાસ વગેરે છે.
- 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તીના 68.84% લોકો ગ્રામીણક્ષેત્રમાં તથા 31.16% લોકો શહેરીક્ષેત્રમાં નિવાસ કરે છે. ભારતમાં 2001માં શહેરી વસ્તીનું પ્રમાણ 27.78% હતું જે વધીને 31.16% થયું એટલે કે આ દશક દરમિયાન શહેરી વસ્તીમાં આશરે 12.17%ની વૃદ્ધિ જોવા મળી.
- ભારતમાં સૌથી વધુ શહેરી વસ્તી ગોવા (62.17%), મિઝોરમ (51.51%), મહારાષ્ટ્ર (45.23%) માં જોવા મળે છે. પણ જો સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો તે દેશની કુલ વસ્તીના 15.3% જ શહેરી વસ્તી ધરાવે છે.

- કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સૌથી વધુ શહેરી વસ્તી દિલ્હી 97.5% અને ચંદીગઢ 97.25%માં જોવા મળે છે.
- ભારતમાં સૌથી ઓછી શહેરી વસ્તી હિમાચલ પ્રદેશ (10.04%), બિહાર (11.3%), અસમ (14.10%)માં જોવા મળે છે.

## સ્વાધ્યાય

### સૈદ્ધાંતિક પ્રશ્નો

1. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો ખ્યાલ વ્યાખ્યાઓની મદદથી સમજાવો.
2. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે ટકાઉ વિકાસનો ખ્યાલ સમજાવો.
3. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે માનવ વિકાસ આંક સમજાવો.
4. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જાતિ વિષયક આંકની ચર્ચા કરો.
5. બહુપરિમાણીય ગરીબી સૂચક આંક વિશે નોંધ લખો.
6. આર્થિક વિકાસના વિવિધ નિર્દેશકોની ચર્ચા કરો.
7. વસ્તી સંક્રમણનો સિદ્ધાંત સમજાવો.
8. ભારતમાં વસ્તી વિષયક લક્ષણો વિશે માહિતી આપો.
9. વસ્તી વૃદ્ધિની આર્થિક વિકાસ પરની અસરોની ચર્ચા કરો.
10. વસ્તી નીતિ વિશે નોંધ લખો.
11. ગ્રામીણ - શહેરી સ્થળાંતર વિશે નોંધ લખો.

### ટૂંકમાં જવાબ આપો.

1. આર્થિક વૃદ્ધિ એટલે શું ?
2. આર્થિક વિકાસનો અર્થ શું છે ?
3. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
4. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે GNPની મુખ્ય મર્યાદા કઈ હતી ?
5. ટકાઉ વિકાસ એટલે શું ?
6. પાયાની જરૂરિયાતના આર્થિક વિકાસના નિર્દેશકમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
7. PQLI જીવનની ભૌતિક ગુણવત્તાના આંકમાં કયા માપદંડો લેવામાં આવે છે ?
8. માનવ વિકાસ આંકની રચના ક્યારે કરવામાં આવી ? અને તેના કયા નિર્દેશકો છે ?
9. જાતીય સંબંધિત આંક એટલે શું ? જાતીય અસમાનતા શોધવા માટે કયા આંકની રચના કરવામાં આવી ?
10. વિશ્વ સુખાકારી આંકને અંતર્ગત કયા માપદંડો લેવામાં આવે છે ?
11. વસ્તી સંક્રમણનો સિદ્ધાંત શું દર્શાવે છે ?

12. નીચેની સંકલ્પનાઓ સમજાવો.

1) વસ્તી વિસ્ફોટ 2) વસ્તી ગીચતા 3) જાતિ પ્રમાણ 4) સાક્ષરતા દર

5) અપેક્ષિત આયુષ્ય

**વૈકલ્પિક પ્રશ્નો**

**નીચે આપેલ પ્રશ્નોના નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી તેનો ઉત્તર આપો.**

1. આર્થિક વિકાસનો ખ્યાલ કયા દેશો સાથે સંકળાયેલ છે ?

(અ) પછાત (બ) વિકસતા

(ક) વિકસિત (ડ) એક પણ નહીં

2. આર્થિક વૃદ્ધિનો ખ્યાલ કયા દેશોથી સંકળાયેલ છે ?

(અ) વિકસતા (બ) પછાત

(ક) વિકસિત (ડ) એક પણ નહીં

3. PQLI નો ખ્યાલ કયા અર્થશાસ્ત્રી દ્વારા આપવામાં આવ્યો ?

(અ) મોરિસ (બ) માર્શલ

(ક) હિક્સ (ડ) એડમ સ્મિથ

4. HDIની રચના કયા વર્ષમાં કરવામાં આવી ?

(અ) 1995 (બ) 1990

(ક) 1949 (ડ) 1950

5. HPI - 1નો ખ્યાલ કયા દેશોથી સંબંધિત છે ?

(અ) વિકાસશીલ (બ) વિકસિત

(ક) બન્ને (ડ) એક પણ નહીં

6. HPI - 2નો ખ્યાલ કયા દેશોથી સંબંધિત છે ?

(અ) વિકાસિત (બ) વિકસતા

(ક) બન્ને (ડ) એક પણ નહીં

7. બહુપરિમાણીય ગરીબી આંકની રચના કયા વર્ષમાં કરવામાં આવી ?

(અ) 1997 (બ) 2010

(ક) 1995 (ડ) 1990

8. GII (Gender Inequality Index)ની રચના કયા વર્ષમાં કરવામાં આવી ?

(અ) 1995 (બ) 2010

(ક) 1990 (ડ) 1950

9. માનવ વિકાસ આંકની દ્રષ્ટિએ કયો દેશ પ્રથમ સ્થાને છે ?

(અ) યુ.એસ.એ. (બ) નોર્વે

(ક) જાપાન (ડ) જર્મની

10. ભારતમાં 2011માં વસ્તીની ગીચતા કેટલી છે ?

(અ) 325 (બ) 274

(ક) 382 (ડ) 216

11. ભારતમાં 2011માં સૌથી વધુ સ્ત્રી પુરૂષ પ્રમાણ ક્યાં છે ?

(અ) ચંદીગઢ (બ) કેરળ

(ક) ગુજરાત (ડ) મેઘાલય

12. ભારતમાં વસ્તીની સૌથી વધુ ગીચતા ક્યાં છે ?

(અ) બિહાર (બ) ઉત્તરપ્રદેશ

(ક) દિલ્હી (ડ) ગુજરાત

13. રાષ્ટ્રીય કુટુંબ નિયોજન કાર્યક્રમની શરૂઆત કયારે કરવામાં આવી ?

(અ) 1948 (બ) 1952

(ક) 1958 (ડ) 1956

14. 2011માં સાક્ષરતા દર કેટલા ટકા થયો છે ?

(અ) 70% (બ) 73%

(ક) 80% (ડ) 85%

15. ભારતમાં વસ્તીની સૌથી ઓછી ગીચતા કયા રાજ્યમાં છે ?

(અ) જમ્મુ-કાશ્મીર (બ) ગોવા

(ક) અરૂણાચલ પ્રદેશ (ડ) ગુજરાત

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (બ) 2. (ક) 3. (અ) 4. (બ) 5. (બ) 6. (બ) 7. (બ)
8. (બ) 9. (બ) 10. (ક) 11. (બ) 12. (ક) 13. (બ) 14. (બ)
15. (ક)

❖❖❖

# એકમ : 3 ગરીબી

## : રૂપરેખા :

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 ગરીબી એક વૈશ્વિક સમસ્યા

3.3 ગરીબીની વિભાવના

3.3.1 સાપેક્ષ ગરીબી

3.3.2 નિરપેક્ષ ગરીબી

3.4 આવક ગરીબી અને માનવ ગરીબી

3.5 ગરીબી રેખાનો ખ્યાલ

3.6 ભારતમાં ગરીબી માપન

3.6.1 પ્રો.આર.વી.રાવ સમિતિ

3.6.2 દાંડેકર અને રથનું વિશ્લેષણ

3.6.3 પ્રો.ડી.ટી.લાકડાવાલાનું વિશ્લેષણ

3.6.4 સરેશ તેંડુલકર સમિતિ

3.6.5 આયોજનપંચ (વંચિતતા અભિગમ)

3.7 ભારતમાં ગરીબીનું પ્રમાણ

3.8 રાજ્ય પ્રમાણે ગરીબી પ્રમાણ

3.9 ગરીબીના કારણો

3.10 ગરીબી નિવારણના ઉપાય

3.11 સારાંશ

3.12 ચાવીરૂપ શબ્દો

3.13 તમારી પ્રગતિ ચકાસો

## 3.0 ઉદ્દેશો

- ગરીબી રેખા અને માપન અંગે સમજ મેળવવી.
- ગરીબીનું સ્વરૂપ જાણવું
- ભારતમાં ગરીબીનું પ્રમાણ જાણવું
- ગરીબીના કારણો તપાસવા
- ગરીબી નિવારણના ઉપાયો સૂચવવા

## 3.1 પ્રસ્તાવના

કોઈ પણ અર્થતંત્ર આર્થિક વિકાસની દિશામાં પ્રગતિ કરવા માટે વિકાસની વિભિન્ન

વ્યૂહરચના અપનાવે છે. પરંતુ દરેક વ્યૂહરચના સામે પડકાર અને સમસ્યાઓ અવરોધક બને છે. વર્તમાન ભારતીય અર્થતંત્ર સમક્ષ "P3" તરીકે ઓળખાતી મુખ્ય ત્રણ સમસ્યાઓ પડકારરૂપ સાબિત થઈ છે જેમાં Population, Pollution અને Poverty નો સમાવેશ થાય છે.આ ત્રણે સમસ્યાઓ એકબીજા સાથે કાર્યકારણના સબંધથી જોડાઈને આર્થિક વિકાસના પાયાને કોરી ખાતી જણાય છે.વસ્તીની દ્રષ્ટીએ વિશ્વમાં બીજું સ્થાન ધરાવતા ભારત દેશમાં વધતી વસ્તીની સાથે ગરીબીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. બીજી બાજુ ગરીબીમાંથી, ઝડપથી, બહાર નિકળવાના આર્થિક પ્રયાસને કારણે પ્રદુષણનો પ્રશ્ન સર્જાયો છે. આ ઉપરાંત નિરક્ષરતા, કુપોષણ નીચું સરેરાશ આયુષ્ય, બાળમૃત્યું પ્રમાણ, આર્થિક અસમાનતા વગેરે સમસ્યાઓના મૂળમાં પણ ગરીબી રહેલી છે.

## 3.2 ગરીબી એક વૈશ્વિક સમસ્યા

ગરીબીની સમસ્યા સ્થાનિકતથી લઈને વૈશ્વિક સ્તરે જોવા મળે છે. સ્થાનિક, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે ગરીબીનાં સ્વરૂપમાં તફાવત હોઈ શકે. પરંતુ સાપેક્ષ સ્વરૂપે ગરીબી એક વૈશ્વિક સમસ્યા ગણી શકાય ગરીબી માપન માટેના ધોરણ પણ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તફાવત જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગરીબી માપન માટે સામાન્ય રીતે માથાદીઠ દૈનિક$1.25નું ધોરણ ગરીબીરેખા તરીકે પ્રચલિત છે.

## 3.3 ગરીબીની વિભાવના

સામાન્ય રીતે ગરીબીનો ખ્યાલ સાપેક્ષ છે. દેશમાં આવકની વહેંચણી અસમાન રીતે થયેલી હોવાથી જેઓને બીજાની તુલનામાં ઓછી આવક મળતી હોય તેઓ ગરીબ ગણાય.બીજી રીતે સમાજમાં મોટા ભાગના લોકો જે જીવન ધોરણ ભોગવતા હોય તે જીવન ધોરણથી વંચિત લોકો ગરીબ ગણાય. અથવા સમાજમાં ઘણા લોકોને તેમના જીવનમાં જે તકો સાંપડતી હોય તેનાથી વંચિત રહેતા લોકો ગરીબ ગણાય.તેમ છતાં આ ખ્યાલ મનસ્વી અને આત્મલક્ષી બનતો જાય છે તેથી વિકસિત દેશોમાં પણ ગરીબ કોને ગણવા એ વિશે મતભેદ રહ્યા કરે છે. આમ, ગરીબી એ સાર્વત્રિક દ્રષ્ટીએ સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક ઘટના છે. સ્થળ અને કાળ અનુસાર ગરીબીને વિભિન્ન રીતે પરિભાષિત કરવામાં આવે છે.મુખ્યત્વે ગરીબીને (1) નિરપેક્ષ ગરીબી (2) સાપેક્ષ ગરીબી એમ બે સ્વરૂપે વિભાજીત કરવામાં આવે છે.

### 3.3.1 સાપેક્ષ ગરીબી

સામાન્ય રીતે વિકસિત દેશોમાં સાપેક્ષ સ્વરૂપની ગરીબી જોવા મળે છે સાપેક્ષ ગરીબીનાં ખ્યાલ આવકની અસમાનતા સાથે સંકળાયેલો છે એટલે કે સમાજમાં વ્યક્તિઓને તેની આવકના આધારે સાપેક્ષ સરખામણી કરવામાં આવે તો તેને સાપેક્ષ ગરીબી કહેવાય. સાપેક્ષ ગરીબી એ આંતરરાષ્ટ્રીય અસમાનતા અથવા ક્ષેત્રિય આર્થિક અસમાનતાઓનો ખ્યાલ આપે છે.

### 3.3.2 નિરપેક્ષ ગરીબી

આ ખ્યાલ ખાસ કરીને વિકસતા દેશોમાં વધું પ્રચલિત થયો છે. ભારતમાં જોવા મળતી ગરીબી મુખ્યત્વે આ પ્રકારની છે. તેમા જીવનધોરણ અથવા જીવનનિર્વાહ અને અસ્તિત્વના પ્રશ્નો સંકળાયેલા છે. આ ખ્યાલ પ્રમાણે જે વ્યકિત જીવનની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા જેટલુ પણ ખર્ચ કરી શકતી ન હોય અથવા આવક મેળવી શકતી ન હોય તેમને ગરીબ ગણવામાં આવે છે. પ્રાથમિક જરૂરિયાતોમાં ખોરાક, કપડા, મકાન, તબીબી સારવાર, પ્રાથમિક શિક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં જીવનનું અસ્તિત્વ સતત ટકી શકે તે માટે પરિણાત્મક તેમજ ગુણાત્મક રીતે જેટલા પ્રમાણમાં ખોરાક, કપડા, મકાન, આરોગ્ય અને શિક્ષણ જરૂરી

હોય તેટલા પ્રમાણમાં તે પ્રાપ્ત કરવાનું લગભગ અશક્ય હોય તેવી વ્યક્તિની પરિસ્થિતિને નિરપેક્ષ ગરીબી તરીકે ઓળખાય છે.

## 3.4 આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ

માનવ વિકાસ અહેવાલના વિદ્વાનો વ્યક્તિની આવકના આધારે માપવામાં આવતી ગરીબીને 'આવક ગરીબી' તરીકે ઓળખાવી છે, જેમાં લઘુતમ જીવન ધોરણ ખર્ચ અને ખોરાક સબંધિત મૂલ્યના આધારે માપવામાં આવતી ગરીબીનો પણ સમાવેશ થાય છે. આ ખ્યાલની સામે તેમણે 'માનવ ગરીબી'નો ખ્યાલ રજૂ કર્યો છે.માનવ ગરીબીના માપન માટે 1997માં યુનાઈટેડ નેશન્સના માનવ સંસાધન વિકાસ વિભાગે માનવ ગરીબી આંકની રચના કરી માનવ વિકાસ પરિપ્રેક્ષ્યમાં જુદ-જુદા દેશોના ગરીબીના અંદાજો આ આંક દ્વારા દર્શાવવામાં આવ્યા આ આંકની રચના નીચે પ્રમાણે છે.

$(P_1^{\,2} + P_2^{\,3} + P_3^{\,3} - 3)$

જ્યાં

$P_1$= લાંબુ જીવવાની તકોથી વંચિત રહેતા લોકોનું પ્રમાણ (જે લોકો 40વર્ષથી વધુ જીવવાની શક્યતા ન ધરાવતા હોય તેવા લોકોની ટકાવારી)

$P_2$= પ્રાથમિક અથવા પાયાના શિક્ષણથી વંચિત લોકોનું પ્રમાણ (15વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં નિરક્ષર વ્યક્તિઓની ટકાવારી)

$P_3$ = કેટલીક પ્રાથમિક સેવાઓથી વંચિત લોકોનું પ્રમાણ જેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

$P_1^3$ = સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત લોકોની ટકવારી

$P_2^3$ = પીવા લાયક ચોખ્ખા પાણીના પુરવઠાથી વંચિત લોકોની ટકાવારી

$P_3^3$ = પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં ઓછું વજન ધરાવતા બાળકોની ટકવારી (અહીં એ અભિપ્રેત છે કે ઓછું વજન ધરાવતા બાળકોને જન્મ પહેલાં ગર્ભાવસ્થામાં અને પછી પૂરતું પોષણ પ્રાપ્ત થતું નથી. એ એવા કુટુંબોમાં જન્મે છે જેઓ પૂરતો આહાર પણ મેળવી શકત નથી.

આમ, ઉપરોક્ત ઘટકોને આધારે રચવામાં આવેલ માનવ ગરીબી આંક દ્વારા માનવ ગરીબીનું માપન કરી શકાય છે.

ટુંકમાં વિભિન્ન માપદંડોને આધારે નિર્ધારિત ગરીબી રેખાથી નીચું જીવન ધોરણ ધરાવતા વ્યક્તિઓ, કુટુંબ, સમાજ કે દેશને ગરીબ ગણવામાં આવે છે ગરીબીની ઓળખ માટે કોઈ ચોક્કસ માપદંડના આધારે ગરીબી રેખાનું નિર્ધારણ અનિવાર્ય છે. હવે અહીં ગરીબી રેખાનો પરિચય મેળવીએ.

## 3.5 ગરીબી રેખાનો ખ્યાલ

કોઈ એક દેશમાં ગરીબોનું નિરપેક્ષ પ્રમાણ દર્શાવવા માટે ગરીબી રેખાનો ખ્યાલ આપવામાં આવે છે ગરીબી રેખાનો ખ્યાલ સૌ પ્રથમ 1945 માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના નિયામક લોર્ડ બ્યોડ ઓરે આપ્યો હતો. તેમના મતે જીવન ટકાવવા માટે દરેક પુખ્ત વયની વ્યક્તિને દરરોજ 2300 ગ્રામ કેલરી પ્રાપ્ત થાય તેટલો ખોરાક મેળવો જોઈએ અને જેમને તેટલો ખોરાખ મળતો નથી તેઓ ગરીબી રેખા નીચે જીવે છે તેમ કહી શકાય 'ગરીબી રેખાના' આ

ખ્યાલ અને ગણતરીમાં ઘણાં વિચારકોએ સુધારા-વધારા કર્યાં છે અને ગરીબી માપદંડો બદલ્યા છે.

સામાન્ય રીતે દેશના પ્રવર્તમાન સંજોગોમાં વ્યક્તિને જીવતા રહેવા માટે ઓછામાં ઓછું જેટલું અનાજ, કઠોળ, દૂધ, ઘી, શાકભાજી, કપડાં વગેરે જોઈએ અને ચાલુ ભાવોએ તે મેળવવા માટે જેટલુ ખર્ચ કરવું પડે તે કુલ ખર્ચ તે દેશની ગરીબીના રેખા દર્શાવે છે.

નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ નક્કી કરવામાટે આહાર, પોષક, વસવાટ વગેરે વિવિધ પાયાની જરૂરિયાતો લક્ષમાં લઈને એક ન્યૂનતમ જીવન ધોરણની કસોટી તૈયાર કરવામાં આવે તેને ગરીબી રેખા કહેવામાં આવે છે.

ટૂંકમાં લઘુતમ જીવન ધોરણ દર્શાવતી રેખાને ગરીબી રેખા કહેવાય પરંતુ લઘુતમ જીવન ધોરણનો અર્થ વિવિધ દેશોના આર્થિક સામાજીક સંજોગો તથા લોકોના માનસ પર આધાર રાખે છે. વળી પરિસ્થિતિ, બદલાતા લઘુતમ જીવન ધોરણનો ખ્યાલ પણ બદલાય છે તેથી જુદાજુદા દેશોમાં અથવા એક એક જ દેશના જુદાજુદા સમયે ગરીબી રેખા બદલાય છે દેશમાં જીવનની કઈ જરૂરિયાતોને પ્રાથમિક પાયાની અતિ મહત્વની ગણવામાં આવે છે તેના પર ગરીબી રેખાનો આધાર છે. બધાં જ દેશોમાં તે અંગેના ધોરણો સરખા હોતા નથી. 1999માં ગરીબીની આવી એક આંતરરાષ્ટ્રીય રેખા નક્કી કરવામાં આવી હતી.આ વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિદીઠ દૈનિક 1.25 ડોલરથી ઓછી આવક ધરાવતા વ્યક્તિઓ ગરીબ ગણાય. ભારતમાં જુદી-જુદી વ્યક્તિઓ સંસ્થાઓ, સંગઠનો અને સરકારી સમિતિઓ દ્વારા વિવિધ માપદંડો અને માપન પદ્ધતિઓનો આધાર લઈ ગરીબી રેખા નક્કી કરવાનો પ્રયાસ થયો છે જે આ પ્રમાણે છે.

## 3.6 ભારતમાં ગરીબી માપન અંગેનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો 1970-71 માં દાદાભાઈ નવરોજીએ વ્યક્તિદીઠ આવકનાં માપદંડના આધારે એમના 'પોવર્ટી ઓફ બ્રિટિશ ઈન્ડિયા' માં સૌ પ્રથમ વાર ભારતની માથાદીઠ આવક 40 શીલીંગ અને બ્રિટનની 30 પાઉન્ડની માથાદીઠ આવકની સરખામણી દ્વારા ભારતની ગરીબાઈનું સંખ્યાધિક ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કર્યો હતો.

### 3.6.1 પ્રો.આર.વી.રાવ સમિતિ

ભારતમાં 1961 માં સૌ પ્રથમવાર ગરીબી રેખાના સંદર્ભમાં એક ગોષ્ઠીનું આયોજન 'દિલ્લી ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમિક ગ્રોથ' દ્વારા કરવામાં આવ્યું તેના પરિપાક રૂપે આગેવાન અર્થશાસ્ત્રીઓનું પ્રો.વી.કે આર, વી રાવના અધ્યક્ષપદે એક કાર્યકારી જૂથ રચાયું આ જૂથને ગરીબાઈનું માપન કરીને એના પ્રમાણને સંખ્યાત્મક સ્વરૂપ આપવા માટે યોગ્ય પદ્ધતિ વિકસાવી ગરીબાઈની વ્યખ્યા કરવાનું સોંપવામાં આવ્યું તેમણે 1960-61 ના ભાવે પાંચ વ્યક્તિના કુટુંબ માટે રૂ.100 કે વ્યક્તિદીઠ રૂ.20 માસિક લઘુતમ ખર્ચનું ધોરણ નક્કી કર્યું. ગ્રામીણ ક્ષેત્રમાં રૂ.20 માસિક અને શહેરી ક્ષેત્રમાં રૂ.25 વ્યક્તિદીઠ માસિક ખર્ચ નક્કી કરાયું. આયોજન પંચે આ ભલામણોનો સ્વીકાર કરીને લઘુતમથી ઓછો ખર્ચ કરનારને 'ગરીબાઈ' ની સ્થિતી ગણવાનો નિર્દેશ કર્યો.

માસિક માથાદીઠ ખર્ચના ધોરણે 1960-61 માં જે ગરીબી રેખા દોરવામાં આવી હતી તેમાં કાળક્રમે ઘણી સુક્ષ્મતા આવી. ગ્રામીણ અને શહેરી એવા ભેદ પાડવાથી બન્નેના અલગ સ્વરૂપ અને પ્રશ્નોની પણ સ્પષ્ટતા મળી.ગરીબી રેખાની ગણતરીમાં બીજો મહત્વનો સુધારો આવશ્યક કેલરીના મુદ્દાનો થયો.

### 3.6.2 દાંડેકર અને રથ વિશ્લેષણ

ગરીબી રેખાને સૌથી વધુ લોકપ્રિયતા હાંસલ થઈ પ્રો.દાંડેકર અને રથેના ખૂબ જાણીતા 'ભારતમાં ગરીબી' અભ્યાસના પરિણામે જેમાં ગરીબીના માપદંડની વિષદ શાસ્ત્રીય છણાવટ કરવામાં આવી છે. પ્રો.દાંડેકર અને રથેનાં અભ્યાસમાં રોજીંદા કાર્ય માટે વ્યક્તિદીઠ સરેરાશ કેટલી કેલરી જોઈએ એ કેલરી પ્રાપ્ત કરવા માટે કેટલો ખોરાક લેવો પડે અને આ ખોરાક માટે કેટલો ખર્ચ કરવો પડે તે ખર્ચના આધારે ગરીબી રેખા નક્કી કરવામાં આવી.દાંડેકર અને રથે તેમના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય નમૂના મોજણી (NSSO)ના વપરાશનો ખર્ચની વિગતોનો ઉપયોગ કરીને ખોરાક અને બીજી અવેજી ખાધ પ્રદાર્થોના ઉપભોગ પર ઉપભોગકર્તા જે ખર્ચ કરે છે. તેને આધારે ગરીબી રેખા અને ગરીબ લોકોની સંખ્યાનો નિર્દેશ કર્યો છે. એક ગ્રામ ખાદ્ય સામગ્રીમાંથી 3.3 કેલરી (શક્તી) પ્રાપ્ત થાય તેના આધારે 2250 કેલેરી દૈનિક વ્યક્તિદીઠ પ્રાપ્ત બને. આ લઘુતમ અનાજ પ્રાપ્ત કરવા 1961ના ભાવે રૂ.180 વાર્ષિક કે રૂ.15 માસિક વ્યક્તિદીઠ ખર્ચને ગરીબી રેખા તરીકે નિર્ધારિત કરી અને શહેરી ક્ષેત્ર માટે વ્યક્તિદીઠ માસિક રૂ.22.5 અથવા રૂ.2.70 વાર્ષિક ખર્ચને લઘુતમ ધોરણ ગણ્યું છે. આ ધોરણે ગ્રામીણ વિસ્તારમાં 40 ટકા અને શહેરી વિસ્તારના લગભગ 50 ટકા લોકો ઈચ્છનીય લઘુતમ ધોરણ નીચે જીવે છે.

### 3.6.3 પ્રો.ડી.ટી. લાકડાવાલાનું વિશ્લેષણ

પ્રો.ડી.ટી. લાકડાવાલા ની અધ્યક્ષતાવાળી સમિતિએ આયોજન પંચના આ આંકડાઓને અવિશ્વાસ સંપૂર્ણ બતાવી ગરીબી માપન માટે નવી વૈકલ્પિક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. તેમની આ પધ્ધતિ અનુસાર શહેરી ગરીબી માપન માટે વૈકલ્પિક ઔદ્યોગિક શ્રમિકોના ઉપભોગ મૂલ્ય સૂચક આંકનો આધાર લેવામાં આવ્યો છે. આ પધ્ધતિ અનુસાર બધાં રાજયોમાં અલગ અલગ ગરીબી રેખા એટલે કે 35 ગરીબી રેખા હતી.

### 3.6.4 સુરેશ તેંદુલકર સમિતિનું વિશ્લેષણ

ગરીબી માપનની નવી પધ્ધતિ પ્રમાણે ગરીબી રેખાની નીચે (BPL)ના લોકોની ઓળખ માટે 2008 ના આયોજન પંચ દ્વારા સુરેશ તેંદુલકરની અધ્યક્ષતા હેઠળ સમિતિની રચના કરી સુરેશ તેંદુલકર સમિતિએ ગરીબી રેખાના નિધારણ માટે લઘુતમ જીવન ધોરણ ખર્ચને આધારભૂત ગણી વિશ્લેષણ કરેલ છે.

NSSO ના વપરાશી ખર્ચ આધારિત મોજણીની માહિતીનો ઉપયોગ કરી આયોજન પંચની સમિતિએ ગરીબી માપન માટે જે ગરીબી રેખા નક્કી કરી છે તે અનુસાર ગ્રામીણ ક્ષેત્ર માટે માથાદીઠ માસિક રૂ.356.3 (11.87) રૂ.દૈનિક અને શહેરીક્ષેત્ર માટે વ્યક્તિદીઠ માસિક રૂ.(538.6(17.95 રૂ.દૈનિક)થી ઓછું ખર્ચ કરનાર ગરીબી રેખા નીચે જીવે છે. અલગ અલગ રાજયોમાં ગરીબી રેખાનું ધોરણ અલગ અલગ છે.

### 3.6.5 આયોજન પંચ નક્કી કરેલ માપદંડો (વંચિતતા અભિગમ)

શરુઆતથી ગરીબી માપન માટે આવકના માપદંડને જોવામાં આવતા હતા. ત્યારબાદ માસિક ખર્ચને ધ્યાનમાં રાખી ગરીબી નક્કી થતી હતી. અને છેલ્લે હવે ભારત સરકારે પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ કુલ 13 માપદંડોના ગુણાંકનનો ગણતરીને ધ્યાનમાં રાખી છે. આ 13 માપદંડોને આધારે ભારત સરકારે છેલ્લે 2002માં ગરીબી રેખા નીચેની વસ્તી (BPL)ની યાદી તૈયાર કરી દરેક રાજ્યમાં તાજેતરમાં અમલી બનાવી છે. આ13 માપદંડો આ પ્રમાણે છે.

**(1) જમીન :-**

A0 =જમીન નથી

B1 = બિનસિંચિત જમીન 1 ફેક્ટરથી ઓછી (અથવા પિયત જમીન 0.5 ફેક્ટરથી ઓછી)

C2 = બિનપિયત જમીન 1 થી 2 ફેક્ટર (પિયત જમીન 0.5 થી 1 હેક્ટર)

C3 = બિનપિયત જમીન 2 થી 5 હેક્ટર (પિયત જમીન 1 થી 2 હેક્ટર)

E4 = બિનપિયત જમીન 5 થી વધુ (પિયત જમીન 2.5 હેક્ટર)

**(2) ઘર :**

A0= ઘર વિહોણા

B1 =કાચું

C2 = અર્ધપાકું

D3 = પાકું

E4 = શહેરી પ્રકારનું

**(3) સામાન્ય પહેરવેશના કપડાંની સરેરાશ**

A0 = બે કરતા ઓછી જોડ

B1 = 3 જોડ

C2 = 4 થી 5 જોડ

D2 = 6 થી 9 જોડ

E4 = 10 થી વધું

**(4) અન્ન સુરક્ષા**

A0 = વર્ષના મોટા ભાગે દરરોજ એક ટંકના ભોજન કરતાં ઓછું.

B1 = સામાન્ય રીતે દરરોજ એક ટંકનું ભોજન, પરંતું સંજોગો વસાત એક ટંક કરતાં પણ ઓછું.

C2 = આખા વર્ષ દરમિયાન દરરોજ એક ટંકનું ભોજન

D3 = પ્રસંગોપાત તંગી સાથે દરરોજ બે ટંકનું ભોજન

E4 = આખા વર્ષ દરમિયાન પૂરતો આહાર

**(5) સ્વચ્છતા (સેનિટેશન)**

A0 = ખુલ્લામાં શુદ્ધિકરણ

B1 = અનિયમિત પાણીપુરવઠાવાળા સમૂહ શૌચાલય.

C2 = નિયમિત પાણીપુરવઠાવાળા સમૂહ શૌચાલય.

D3 = નિયમિત પાણી પુરવઠો અને નિયમિત સફાઈ કામદારવાળા સ્વચ્છ સમૂહ શૌચાલય.

E4 = ખાનગી શૌચાલય.

**(6) ઉચ્ચ શિક્ષણ પુખ્ત વ્યક્તિમાં**

A0 = નિરક્ષર

B1 = પ્રાથમિક (ધોરણ-5)

C2 = માધ્યમિક (ધોરણ-10)

E4 = અનુસ્નાતક/વ્યવસાયિક સ્નાતક

**(7) કુટુંબનો મજૂર વર્ગનો દરજ્જો**

A0 = વેઠિયા

B1 = સ્ત્રી અને બાળમજૂર

C2 = ફક્ત પુખ્ત સ્ત્રીઓ

D3 = ફક્ત પુખ્ત પુરુષો

E4 = અન્ય

**(8) આજીવિકા બાબત**

A1 = છૂટક મજૂરી

B2 = ખેતી પર નિર્વાહ

C3 = કારીગર

D3 = પગારદાર

E5 = અન્ય

| વર્ષ | શહેરી ગરીબી | ગ્રામીણ ગરીબી | કુલ ગરીબી |
|---|---|---|---|
| 1973-74 | 49.0 | 56.1 | 54.9 |
| 1977-78 | 45.2 | 53.1 | 51.3 |
| 1987-88 | 38.3 | 39.1 | 38.9 |
| 1999-2000 | 23.6 | 27.1 | 26.1 |
| 2004-05 | 25.7 | 41.8 | 37.2 |
| 2009-10 | 20.9 | 33.8 | 29.8 |
| 2011-12 | 13.7 | 25.7 | 21.9 |

**સ્રોત**

(1) આર્થિક સર્વે 2002-03

(2) તેંદુલકર સમિતિનો અહેવાલ

(3) આયોજન પંચનું અખબારી નિવેદન

માર્ચ 2012 અને જુલાઈ 2013

## 3.7 ભારતમાં ગરીબીનું પ્રમાણ

ભારતમાં ગરીબી કેટલી છે અને તેમાં શહેરી ગરીબીનું પ્રમાણ અને ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ઉપરોક્ત કોષ્ટકમાં આપવામાં આવ્યું છે.તેના તારણ સ્વરૂપે એમ કહી શકાય કે......

- સામાન્ય રીતે શહેરી ગરીબી કરતાં ગ્રામીણ ગરીબીનું પ્રમાણ વધારે જોવા મળે છે. અને બન્ને પ્રકારની ગરીબીમાં ઘટાડો થયેલો જોવા મળે છે.
- શહેરોમાં 1973-74થી 2011-12વર્ષ દરમિયાન 35.3ટકા ગરીબી ઘટી છે જયારે ગામડામાં આ જ ગાળા દરમ્યાન 22.3ટકા ગરીબીમાં ઘટાડો થયો છે. એટલે કે શહેરોની તુલનાએ ગામડામાં ગરીબી ધીમી ગતીએ ઘટી છે.

➢ સમગ્ર ભારતમાં ગરીબીનું પ્રમાણ ઘટી રહયું છે. 1973-74માં 32.31કરોડ લોકો ગરીબ હતા, અને 2011-12માં 26.93કરોડ લોકો ગરીબ હતા. પરંતું BPL યાદીનાં 13 માપદંડો અનુસાર ભારતમાં ગરીબીનું પ્રમાણ ઘણું વધારે છે. 2013માં જે અન્ન સલામતી ધારો ઘડાયો છે તે હેઠળ સસ્તું અનાજ આપવા માટે 80 કરોડ લોકોનો અંદાજ મૂકયો હતો.

## 3.8 રાજ્યોમાં ગરીબીનું પ્રમાણ

| ગરીબી રેખા નીચે જીવતા લોકોની ટકાવારી પ્રમાણ | ગ્રામીણ ગરીબી | શહેરી ગરીબી | કુલ ગરીબી |
|---|---|---|---|
| ૧૦ ટકાથી ઓછું પ્રમાણ | ગોવા, પંજાબ હિમાચલ પ્રદેશ, સિક્કિમ | ગોવા, સિક્કિમ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, મેઘાલય | ગોવા, કેરળ, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, પંજાબ, અને આંધ્રપ્રદેશ |
| ૧૦ થી ૨૦ ટકાની વચ્ચે | આંધ્રપ્રદેશ, હરિયાણા, મેઘાલય, રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર, નાગાલેન્ડ, ત્રિપુરા, ઉત્તરાખંડ | ગુજરાત, હરિયાણા, ઉત્તરાખંડ, રાજસ્થાન, પશ્ચિમબંગાળ, કર્ણાટક, નાગાલેન્ડ, ઓરિસ્સા | જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, તમિલનાડુ, મેઘાલય, ત્રિપુરા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ, ગુજરાત |
| ૨૦ થી ૩૦ ટકા વચ્ચે | ગુજરાત, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, કર્ણાટક | અરુણાચલપ્રદેશ, આસામ, મધ્ય પ્રદેશ, છતીસગઢ, ઝારખંડ, ઉતરપ્રદેશ. | મિઝોરમ, કર્ણાટક, ઉતરપ્રદેશ |
| ૩૦ થી ૪૦ ટકાની વચ્ચે | અરુણાચલ પ્રદેશ, મણિપુરી, મધ્યપ્રદેશ, આસામ, ઉતરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા, મિઝોરમ | બિહાર, મણિપુરી | મધ્યપ્રદેશ, આસામ, ઓરિસ્સા, બિહાર, અરુણાચલપ્રદેશ, મણિપુરીઝારખંડ, છતીસગઢ |
| ૪૦ ટકા થી વધુ | ઝારખંડ અને છતીસગઢ | | |

**સ્રોત :** આર્થિક સત્ર 2014-15

જુદાજુદા રાજ્યોમાં ગ્રામીણ અને શહેરી ગરીબીનું પ્રમાણ કેટલું છે તેની વિગત આપવામાં આવેલ છે. માત્ર ચાર જ રાજ્યો એવા છે કે જ્યાં ગ્રામીણ ગરીબીનું પ્રમાણ 10 ટકા કરતાં ઓછું છે. જયારે 12 રાજ્યો એવા છે કે જ્યાં શહેરી ગરીબીનું પ્રમાણ 10 ટકા કરતાં ઓછું છે

## 3.9 ગરીબીના કારણો

ભારતમાં ગરીબી માટેના અનેક આર્થિક અને બિન-આર્થિક કારણો જવાબદાર છે.

**(A) આર્થિક કારણો -**

**(1) ખેતીની નીચી ઉત્પાદકતા અને ઉત્પાદનના નીચા ભાવ :**

ભારતમાં મોટાભાગના લોકો ખેતીક્ષેત્રે સંકળાયેલા છે. દેશની મોટાભાગની વસતિ ખેતીમાંથી રોજગારી મેળવે છે.પરંતું ખેતીક્ષેત્રે જોડાયેલ લોકોની ખેતી ઉત્પાદકતા નીચી છે એટલે કે હેક્ટરદીઠ ઉત્પાદન ઓછું થાય છે.ઓછા ઉત્પાદનને લીધે તેમની આવક પણ ઓછી રહે છે.આ ઉપરાંત ખેત ઉત્પાદનના પુરતા પ્રમાણમાં ભાવ મળતા નથી.કયારેક તો તેમનું ઉત્પાદન ખર્ચ નીકળે એટલા પ્રમાણમાં પણ ભાવ મળતા નથી.આથી તેઓને નુકશાન થાય છે અને આવું નુકશાન થવાના કારણે એ લોકો દેવું કરે છે.

આ ઉપરાંત સિંચાઈની અપુરતી સુવિધાને લીધે મોટાભાગની ખેતી વરસાદ આધારિત બની જાય છે. વરસાદની અનિયમિતતા વરસાદ ખુબ ઓછો અથવા ખૂબ વધારે આવવાથી ખેતીના પાકો નિષ્ફળ જાય છે. આમ ખેતીક્ષેત્રમાં અનિયમિતતા જોવા મળે છે. ખેતીમાં રહેલા આ કારણોને લીધે ખેડૂતો ગરીબીનો શિકાર બને છે.

**(2) આવક અને મિલકતની વહેંચણીમાં અસમાનતા –**

આવક અને મિલકતની વહેંચણીમાં રહેલી અસમાનતા પણ ગરીબી માટે જવાબદાર પરિબળ છે. ભારતમાં ગરીબ વધારે ગરીબ અને ધનિક વધારે ધનિક બનતો જાય છે. તેના માટે જવાબદાર પરિબળ આવક અને સંપતીની અસમાનતા છે. ભારતમાં તળીયાના કુલ 40% લોકો પાસે દેશની માત્ર 10 સંપતી છે. તેમાં પણ સૌથી તળીયાના 20% લોકોની સ્થિતિ અત્યંત ખરાબ છે.

**(3) ટેકનોલોજીકલ ફરફારો –**

વર્તમાન સમયમાં દેશમાં ટેકનીકલ પ્રગતિ થતાં મોટો ઉદ્યોગો વિકસ્યા છે. આથી ગ્રામીણ ગૃહઉધોગો અને નાના પાયાના ઉદ્યોગો પડી ભાંગ્ય છે. એના પરિણામે ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોમાં રોજગારી મેળવતા લોકો બેકાર બન્યા છે. અને બેરોજગારી વધી છે. આ બેરોજગારીના લીધે આવક ઉપલબ્ધ થતી નથી આમ, આવક ન મળવાથી એ લોકો તેમની જીવન-જરૂરિયાતની વસ્તુ મેળવી શકતા નથી અને ગરીબીમાં ધકેલાય છે. આમ ટેકનોલોજીકલ ફેરફાર એ ગરીબી માટે જવાબદાર પરિબળ છે.

**(4) ઉંચા વ્યાજ ધિરાણ –**

સરકાર દ્વારા લોકોને નીચા વ્યાજે ધિરાણ ઉપલબ્ધ થતું નથી.તેમજ બેક્રોમાંથી પણ ગરીબ લોકોને નીચા વ્યાજે ખેત ઉત્પાદન કે સ્વાસ્થય માટે ધિરાણ ઉપલબ્ધ થતું નથી. આથી, તેઓ ગામના શાહુકારો અથવા સગાવહાલા પાસેથી ઉચા વ્યાજે ધિરાણ લે છે. ગરીબ લોકો ખેતીક્ષેત્રે જોડાયેલા હોય છે આથી તેમની ખેતીક્ષેત્રે થયેલી આવકનો અમુક હિસ્સો વ્યાજની ચુકવણીમાં જતો રહે છે અને અમુક ગરીબ લોકો ચક્રવૃધ્ધિ વ્યાજના ચક્રમાં ફસાઈ જાય છે ત્યારે તેઓને તેમાંથી નીકળવું ખુબ મુશ્કેલ બની જતું હોય છે આથી તેઓની ગરીબી ચાલુ રહે છે.

**(5) બેરોજગારી –**

દેશમાં વસ્તીવધારાનો દર વધ્યો છે. જયારે મૃત્યુદર ઘટ્યો છે.લોકોના સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે. આથી કામ કરનાર લોકોનો પુરવઠો શ્રમની માંગ કરતાં વધારે છે. આથી વધતી જતી વસ્તીના પ્રમાણમાં રોજગારી માટેના નવા ક્ષેત્રો ઉપલબ્ધ ન થવાથી બેરોજગારીમાં વધારો થાય છે.

આ ઉપરાંત બેકારીમાં જુની બચત વપરાઈ જાય છે અને નવી આવક થતી નથી ઘણીવાર અર્ધબેકારી જોવા મળે છે એટલે કે વર્ષમાં થોડા દિવસ કામ મળે અને થોડા દિવસ બેકાર બેસી રહેવું પડે આથી તેમની આવકમાં ઘટાડો થાય છે. ગ્રામ વિસ્તારમાં ખેતીક્ષેત્રે અર્ધ બેરોજગારી જોવા મળે છે. આ ઉપરાંત રોજગારીમાં મળતા નીચા વેતનને કારણે આવક ઓછી થાય છે. આમ, બેરોજગારી એ ગરીબી માટેનું એક મહત્વનું કારણ છે.

**(6) ફુગાવો –**

ફુગાવો પણ ગરીબી માટેનું એક જવાબદાર પરિબળ છે. ગરીબોની આવક નીચી હોય

છે અને જયારે ફુગાવો થાય છે ત્યારે તેમની આવકમાં તાત્કાલિક વધારો કરી શકાતો નથી આથી તેમની વાસ્તવિક આવક માં ઘટાડો થાય છે તેથી ખરીદ શક્તિમાં ઘટાડો અને વાસ્તવિક આવકમાં ઘટાડો થતા જીવન-જરૂરિયાતની વસ્તુઓના વપરાશમાં ઘટાડો થાય છે. આમ ફુગાવાના કારણે ગરીબ લોકો વધુ ગરીબીમાં ધકેલાય છે.

**(7) શ્રમિકોની નીચી સીમાન્ત ઉત્પાદકતા –**

ભારતમાં ખેતીક્ષેત્રે કામ કરતાં શ્રમિકોની સરેરાશ સીમાન્ત ઉત્પાદકતા નીચી છે. સીમાન્ત ઉત્પાદકતા જેમ વધારે તેમ વધારે આવક મળે છે.પરંતું નીચી સીમાન્ત ઉત્પાદકતાના કારણે ઓછું વળતર મળે છે. આથી તેમની આવક ઓછી થાય છે. આવક ઓછી થવાથી જીવન-જરૂરિયાતની વસ્તુના વપરાશમાં ઘટાડો થાય છે. વપરાશમાં ઘટાડો એ જીવન ધોરણની ગુણવતામાં ઘટાડો કરે છે. નીચું જીવન ધોરણ એ ગરીબીને વ્યક્ત કરે છે. આથી નીચી સીમાન્ત ઉત્પાદકતા એ ગરીબી માટેનું એક જવાબદાર કારણ છે.

**(B) બિન-આર્થિક પરિબળો**

**(1) કુદરતી આપત્તિઓ –**

ભુકંપ, ત્સુનામી, પુર, દુષ્કાળ, વાવાઝોડું વગેરે કુદરતી આપત્તિઓ ગરીબોને વધારે ગરીબ બનાવે છે. જયારે આવી કુદરતી આપત્તિઓ આવે છે ત્યારે તે આપત્તિમાં ટકી રહેવા માટે તેઓની પાસે રહેલ નાણાંનો વપરાશ થઈ જાય છે અને બીજી કોઈ આવક ઉપલબ્ધ ન થતાં તેઓને ગરીબી નો સામનો કરવો પડે છે. આ ઉપરાંત આવી પરીસ્થિતિમાં સરકાર દ્વારા સામાજીક સલામતી વ્યવસ્થાનો ટેકો ન મળતાં ગરીબ લોકોની ગરીબી વધારે તીવ્ર બને છે.

**(2) વસ્તી વધારો –**

ભારતમાં ગરીબી માટેનું સૌથી મહત્વનું કારણ વસ્તી વધારો છે. ભારતમાં 1951માં 36.11કરોડની વસ્તી હતી જે વધીને 2011માં 121કરોડ થઈ. વધતી જતી વસ્તીના પ્રમાણમાં જરૂરી આંતરમાળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ થતી નથી. આમા સામાજીક દરજ્જો ગરીબી માટે જવાબદાર બને છે.

આ ઉપરાંત વધેલી વસ્તીને પ્રાથમિક સુવિધા જેવી કે શિક્ષણ, આરોગ્ય, અન્ન, વસ્ત્ર અને આવાસ વગેરે પુરુ પાડવાથી રાષ્ટ્રીય બચતમાં ઘટાડો થાય છે અને દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે જેના લીધે માથાદીઠ આવકમાં પણ વધારો થાય પરંતુ વધતી જતી વસ્તીના લીધે માથાદીઠ આવકમાં સાપેક્ષ રીતે ઓછો વધારો જોવા મળે છે. જેના કારણે ગરીબીનું વિષચક્ર તોડી શકાતું નથી.

**(3) સામાજીક રિવાજો**

દેશમાં પરંપરાગત રૂઢિઓ અને રિવાજો પાછળ ગજા ઉપરાંતના ખર્ચા કરવમાં આવે છે જેના લીધે લોકો દેવાદાર બને છે આમ લોકોની આવકનો ખર્ચ ઉત્પાદકીય કરતાં બિન-ઉત્પાદકીય બનતાં લોકો ગરીબ બને છે.

**(4) સામાજીક દરજ્જો**

ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થાને લીધે જ્ઞાતિ અને ગરીબીને સીધો સબંધ રહયો છે.સામાજીક પછાતપણું એ આર્થિક પછાતપણાનું કારણ બને છે જેમ કે દલિતો અને આદિવાસીઓમાં વિશેષ ગીરીબી જોવા મળે છે. કારણ કે તેમને નીચો સામાજીક દરજ્જો અપાયેલો છે.

પરંપરાગત રીતે તેઓ હજુ પણ અમુક વ્યવસાયો સાથે જોડાયેલા છે. આઝાદી પછી તેમાં પરિવર્તન આવ્યું હોવા છતાં પણ તેઓ સામાજીક પછાતપણાનો અનુભવ કરે છે.

## 3.10 ગરીબી નિવારણના ઉપાયો

ગરીબી નિવારણ માટે ભારત સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે

(1) ગરીબી ઘટાડવા માટે ભારત સરકારે આયોજનમાં પાંચ પ્રકારની વ્યુહરચના અપનાવી છે.

**(A) અસમાનતામાં ઘટાડો –**

સરકારે આવકની સમાન વહેચણી કરવા માટે કેટલાંક ઉપાયો હાથ ધર્યા જેથી ધનિકો અને ગરીબો વચ્ચેનું અંતર ઘટી શકે જેમ કે-

(1) ધનિક વર્ગ અને મધ્યમ વર્ગ પર કરવેરા નાખ્યા

(2) ધનિક વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાતી મોજશોખની, ભોગવિલાસની અને સુખ સગવડની વસ્તુઓના ઉત્પાદન પર ઉંચા કરવેરા નાખવામાં આવ્યા.

(3) ગરીબ લોકોને રોજીંદા વપરાશની વસ્તુઓના ઉત્પાદનને અગ્રિમતા આપી તેમજ એ વસ્તુઓ બજાર ભાવો કરતાં ઓછા ભાવે ગરીબોને વ્યાજબી ભાવની દુકાનો દ્વારા નિયત જથ્થામાં રાહતદરે જીવન-જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડીને તેમના જીવન ધોરણને ઉચું લાવવાનો વ્યહ અપનાવ્યો.

**(B) ઉદ્યોગોની સ્થાપના –**

દેશનો ઝડપી આર્થિક વિકાસ થવાથી રોજગારી અને આવકની તકોમાં વધારો થશે તેમજ શ્રીમંતોને પ્રાપ્ત થતા લાભો ગરીબો સુધી વિસ્તરશે એવી આશાએ "ગરીબી હટાવો" સૂત્ર સાથે સરકારે આયોજનમાં મોટા અને ભારે ઉદ્યોગોની સ્થાપના માટે પ્રોત્સાહન આપ્યું. દેશમાં 'હરીયાળી ક્રાંતિ' લાવવા બધી પંચવર્ષીય યોજનાઓમાં કૃષિ ક્ષેત્રના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું.

**(C) જમીનદારી પ્રથામાં સુધારો**

જમીનદારી પ્રથાની નાબૂદી ગણોતિયાઓ માટે જમીનની માલિકીના હકની જોગવાઈઓ ધરાવતો ગણોતધારો, જમીન ટોચમર્યાદાનો કાયદો, ફાજલ પડતર જમીનની જમીન વિહોણા ખેડૂતોને વહેચણી, ગણોતનું નિયમન, ખેડહકની સલામતી, જમીનની હદનું સીમાંકન વગેરે જમીનધારાના સુધારાના ઉપાયોથી ગ્રામીણ ક્ષેત્રે ધનિક ખેડૂતો કે જમીનદારોની આવકમાં ઘટાડો થાય અને જમીનવિહોણા, ખેતમજૂરો કે ગણોતીયાની આવકમાં વધારો થાય એ રીતે ગરીબોની સ્થિતિ સુધારવાનો વ્યુહ અપનાવ્યો.

**(D) ગ્રામીણ ગૃહઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહન –**

સરકારે ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધારવા કૃષિપેદાશો આધારિત ગૃહઉદ્યોગો, જેમ કે પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, વનીકરણ નાનીમોટી સિંચાઈ યોજનાઓ, ગૃહઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, વગેરે શ્રમપ્રધાન ઉદ્યોગો માટે પ્રોત્સાહક નીતિઓ જાહેર કરીને આર્થિક મદદ કરી. આ ઉપરાંત કાયદા ઘડીને કેટલીક ચીજવસ્તુઓનું ઉત્પાદન ગૃહઉદ્યોગો અને લઘુઉદ્યોગો માટે અનામત રાખ્યું.

**(E) આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવી.**

સરકારે ગ્રામીણ ક્ષેત્રે શિક્ષણ, આરોગ્ય, વસવાટ, કુટુંબનિયોજન, સંદેશાવ્યવહાર,

રસ્તા, સિંચાઈ, કૌશલ્યોનો વિકાસ વગેરે અંગેના કાર્યક્રમો અમલમાં મૂક્યા. બિયારણો, ખાતરો અને ટ્રેકટર માટે સસ્તી બેંક લોનની સગવડ કરી, શૈક્ષણિકક્ષેત્રે ટેકનિકલ અને તાલીમ કેન્દ્રો ખોલ્યા. યુવક-યુવતીઓના ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ, ફી-માફી, પ્રયાસરૂપે મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા સ્વરોજગારીના કાર્યક્રમો શરૂ કર્યાં.

**(2) ગરીબી નિવારણ માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી જુદી-જુદી યોજનાઓ**

**(1) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના**

કેન્દ્ર સરકારની આ યોજનાની શરુઆત 02/10/1998ના રોજ કરવામાં આવી હતી (1) સ્વાયોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં પ્રત્યેક પરિવારમાં એક સભ્યને વર્ષમાં ઓછામાં ઓછા 100દિવસનો રોજગાર આપવામાં આવે છે (2) રોજગારી માટે પોતાના વિસ્તારમાં કામ મળે છે (3) આ યોજનાના 33% લાભ મહિલાઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે. (4) રોજગાર મેળવવા માટે જોબકાર્ડ મેળવવું પડે છે.જોબકાર્ડ ધરાવનાર વ્યકિત રોજગાર મેળવવા માટે હકદાર બની જાય છે. (5) રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ15દિવસમાં રોજગારી ના મળે તો તેમને રોજગારી ભથ્થું આપવા માટે સરકાર બંધાયેલી છે. (6) આ યોજના હેઠળ 18 થી 60વર્ષ સુધીના વ્યક્તિને રોજગારી આપવામાં આવે છે. (7) ગરીબી રેખાથી નીચેના ગ્રામીણ ગરીબોને શારીરિક શ્રમરૂપે વધારાની રોજગારી અપાય છે.

**(2) રાજીવગાંધી આવાસ યોજના**

(1) આ યોજનામાં પ્રવર્તમાન ઝૂપડપટ્ટીને પરંપરાગત વ્યવસ્થા સાથે લાવવી અને તેમને શહેરના બધા લોકોને મળતી સમાન સુવિધાઓ મેળવવા માટે સક્ષમ કરવા.

(2) પરંપરાગત વ્યવસ્થા જે ઝૂપડપટ્ટીઓને બનતી રોકવામાં નિષ્ફળ રહી છે તેને બરોબર કરવી.

(3) શહેરી જમીન અને ઘટની અછતનો મુદ્દો કે જે શહેરી ગરીબોને આવાસ સુધીની પહોંચથી દુર રાખે છે અને તેને તેના ભરણપોષણ અને રોજગારના સ્ત્રોતો જાળવી રાખવા માટે કાયદા બહારના વિકલ્પો અપનાવવા માટે મજબૂર કરે છે તેને ઉકેલવા

આમ શહેરી ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.

**(3) પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ**

પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ ભારત સરકારનો સબસીડી યુક્ત કાર્યક્રમ છે આ યોજના પ્રધાનમંત્રી રોજગાર યોજના અને ગ્રામીણ રોજગાર સર્જન કાર્યક્રમને મેળવીને બનાવવામાં આવી છે. આ યોજનાનું 15ઓગષ્ટ 2008ના રોજ ઉદ્ઘાટન કરવામાં આપ્યું છે.

**(4) સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજના**

સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજના 1/12/1997 ના રોજ શહેરી ગરીબી દૂર કરવા માટેની ત્રણ જુની યોજનાઓ જેવી કે નહેરુ રોજગાર યોજના શહેરી ગરીબો માટે પાયાની સુવિધાઓ, પ્રધાનમંત્રી સંકલિત શહેરી ગરીબી નાબૂદી યોજના, ના બદલે રજૂ કરવામાં આવી હતી.

(A) આ યોજનામાં બજારમાં ઉભી થતી રોજગારીની તકોને શહેરી ગરીબો મેળવવા માટે સક્ષમ બને અથવા સ્વરોજગારીની તકો ઉભી કરી શકે તે માટે જરૂરી કૌશલ્યો વિકસાવવા અને તાલીમ કાર્યક્રમો યોજના

(B) યોગ્ય સ્વસંચાલિત સામુદાયિક માળખાઓ જેમ કે પડોશી જૂથો, પડોશી સમિતિ, સામુદાયિક વિકાસ સોસાયટી, વગેરે દ્વારા સમુદાય પોતે જ શહેરી ગરીબીના મુદ્દાને ઉકેલી શકે તે માટે સક્ષમ કરવા.

- **આ યોજનાના મુખ્ય પાંચ ઘટકો છે.**

  (1) શહેરી સ્વરોજગારી કાર્યક્રમ

  (2) શહેરી મહિલા સ્વસહાય કાર્યક્રમ

  (3) શહેરી ગરીબોમાં રોજગારલક્ષી કૌશલ્યો વિકાસની તાલીમ

  (4) શહેરી રોજગાર કાર્યક્રમ

  (5) શહેરી સામુદાયિક સંગઠન વિકાસ

- ➢ આ યોજનામાં નવા સ્વરોજગાર ઉધમ/પરિયોજનાઓ લઘુ ઉદ્યોગોની સ્થાપનાની મદદથી દેશના શહેરો અને ગ્રામીણ ક્ષેત્રો બનેમાં રોજગાર અવસર કરવામાં આવ્યા છે.
- ➢ મોટા સ્તર પર ગ્રામીણ અને શહેરી યુવાઓને સાથ લાવવા અને જેટલો સંભવ હોય શકે, એના માટે સ્થળ પર સ્વરોજગારનો અવસર ઉપલબ્ધ કરાવવો.
- ➢ દેશમાં મોટા સ્તર પર ગ્રામીણ અને શહેરી બેરોજગાર યુવાઓને નિરંતર અને સતત રોજગાર ઉપલબ્ધ કરાવવા એટલે ગ્રામીણ ક્ષેત્રમાંથી શહેરી ક્ષેત્રો તરફ જવા વાળાને રોકી શકાય.
- ➢ શ્રમિકોની રોજની આવક ક્ષમતાને વધારવા અને ગ્રામીણ તથા શહેરી રોજગાર દર વધારવામાં યોગદાન આપવું.

**(5) ઈન્દિરા આવાસ યોજના -**

ઈન્દિરા આવાસ યોજનામાં અતિ ગરીબ કુટુંબોને વિના મુલ્યે ગ્રામીણ વિસ્તારમાં રહેણાંકનું ઘર બનાવવા નાણાંકીય સહાય પુરી પાડવી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા 75:25ના પ્રમાણમાં ગરીબી રેખા હેઠળ પસંદ થયેલા લાભાર્થીઓને યુનિટ દીઠ રૂ.36000 કેન્દ્ર સરકાર અને 7000 રાજ્ય સરકારની સહાય આમ લાભાર્થીને કુલ રૂ.43000 પ્રતિ મકાન સહાય મળે છે

**(6) સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના**

આર્થિક પ્રવૃત્તિ સ્વરોજગારી, ધંધો કરવા માટે ખેતીવાડી તથા ડેરી ઉદ્યોગ, પશુપાલન ઉદ્યોગ, સિંચાઈ તેમજ વિવિધ આર્થિક સ્વરોજગારી માટે અતિગરીબ કુટુંબોના વ્યકિત/જૂથો ને રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર દ્વારા સહાય લોન પુરી પાડવી (1)ગરીબી રેખા નીચે રહેલાને 3 વર્ષમાં ગરીબી રેખાથી ઉપર લાવવા (2)આ યોજના અંતર્ગત 50%SC/ST, 40% મહિલા અને 3% વિકલાંગોને લાવવા (3)આગામી પાંચ વર્ષમાં જે ક્ષેત્રમાં આ યોજના અમલમાં છે ત્યાંના ગરીબોમાંથી 30% ગરીબોને સામેલ કરવા (4)આ યોજનાની નાણાંકીય વ્યવસ્થાના ભાગરૂપે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે 75:25 નો રેશિયો રાખવામાં આવ્યો.

**(7) જવાહર રોજગાર યોજના (JRY)**

જવાહર રોજગાર યોજના ગ્રામીણ વિકાસ અને ગરીબી નિવારણની એક મુખ્ય યોજના હતી.જેમ 1998 પહેલા ચાલતી બે ગ્રામીણ યોજનાઓ (1)રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાર્યક્રમ(NRE)અને (2)ગ્રામીણ જમીન વિહોણા રોજગારી ગેરન્ટી કાર્યક્રમ (RLEGP) આ બંનેનું વિલીનીકરણ કરીને બનાવવામાં આવી હતી.આ યોજનાની શરુઆત 1989-90 ના બજેટથી કરવામાં આવી હતી.

- આ યોજનમાં એવા ગ્રામીણ પરિવારોને લાભ પહોચાડવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો હતો કે જેને વર્ષમાં માત્ર છ મહિના રોજગારી પ્રાપ્ત થાય છે.
- સર્જન પામતી રોજગારીના 30% ગ્રામીણ મહિલાઓ માટે અનામત રાખવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને એટલા સાધનો આપવામાં આવ્યા કે જેનાથી તેઓ પોતાની રોજગારી યોજનાઓ સ્વાયત રીતે ચલાવી શકે.
- આ યોજના અંતર્ગત રાજ્યોને સાધન વિતરણ ગરીબીરેખા નીચેની વસ્તીમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને ખેત મજૂરોની વસ્તીની વચ્ચે કરવામાં આવે છે.

**(8) સમગ્ર આવાસ યોજના**

1એપ્રિલ 1999 થી સમગ્ર આવાસ યોજનાનાં નામથી એક નવી યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ એક વ્યાપક આવાસ યોજના છે. જેનો ઉદ્દેશ્ય આવાસ, સ્વચ્છતા તેમજ પીવાના પાણીની પૂર્તિ માટે એકીકરણનો ઉપાય નિશ્ચિત કરવાનો છે. આ યોજના હેઠળ ગ્રામીણ ગરીબોને ખાસ કરીને ગરીબી રેખા નીચે છે. તેમને લાભ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શરુઆતમાં આ યોજના દેશના 24 રાજ્યોના 25 જીલ્લનાં એક એક પેટા વિભાગમાં અને એક કેન્દ્રશાસિત રાજ્યનાં એક વિકાસ વિભાગમાં અમલમાં મૂકવામાં આવી.

## 3.11 સારાંશ

આપણે આ એકમમાં ગરીબીની વ્યાખ્યા અને માપનના વિવિધ માપદંડો જોયા શરુઆતમાં ગરીબ માટે આવકનાં માપદંડને ગણવામાં આવતું ત્યાર બાદ માસિક ખર્ચને ધ્યાને લેવામાં આવ્યું. અને છેલ્લે ભારત સરકાર દ્વારા વંચિતતા અભિગમ મુજબ 13 માપદંડો અનુસાર ગરીબી રેખા નક્કી કરવામાં આવી છે. એ વિશે જોયું. આમ માપદંડમાં સતત પરિવર્તન જોવા મળે છે. સમગ્ર ગરીબ પ્રમાણમાં પણ ઘટાડો થયેલો જોવા મળે છે તેમ છતાં પણ ગરીબી પ્રમાણ અન્ય દેશોની તુલનાએ વધુ છે જે આર્થિક આયોજનની બિન સાર્થકતા દર્શાવે છે. જેથી સ્થાનિક કક્ષા ગરીબીનાં માપદંડો વિકસાવી સ્થાનિક આયોજન દ્વારા આ સમસ્યાનો નિરાકરણ કરવું જોઈએ.

## 3.12 ચાવીરૂપ શબ્દો :

**નિરપેક્ષ ગરીબી :** જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત જેવી કે અન્ન, વસ્ત્ર, આવાસ વગેરે સંતોષી શકતા ન હોય તેને

**સાપેક્ષ ગરીબી :** સમાજમાં આવકની અસમતા દર્શાવે છે. બે વ્યકિત, બે સમાજ કે બે દેશોની તુલના ઓછી આવક હોય તેને.

**ગરીબી રેખા :** દેશમાં પ્રવર્તમાન સંજોગોમાં વ્યક્તિને જીવતા રહેવા ઓછામાં ઓછું જેટલું ખર્ચ કરવું પડે તે આવકનું પ્રમાણ કહેવાય છે.

## 3.13 તમારી પ્રગતિ ચકાસો :

- **સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

1. સાપેક્ષ અને નિરપેક્ષ ગરીબીનો ખ્યાલ સ્પષ્ટ કરો.
2. ગરીબીના મુખ્ય કારણો જણાવો
3. આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ સમજાવો.
4. ગરીબી રેખા એટલે શું? તે કેવી રીતે નક્કી કરવામાં આવે છે.
5. ભારતમાં ગરીબીનું પ્રમાણ સમજાવો

- **ટૂંકનોંધ લખો**

1.નિરપેક્ષ ગરીબી

2.સાપેક્ષ ગરીબી

3.ગરીબી રેખા

4.વંચિતતાનો અભિગમ

- **નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો**

1. જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષી શકતા ન હોય તેને નિરપેક્ષ ગરીબી કહે છે.
2. સાપેક્ષ ગરીબી આર્થિક અસમતા દર્શાવે છે.
3. નિરપેક્ષ ગરીબીનું આંતરરાષ્ટ્રીય માપદંડ 1.25 ડોલર છે.
4. આયોજનપંચ વંચિતતા અભિગમ મુજબ ગરીબી રેખા નક્કી કરવામાં 13માપદંડો લેવામાં આવ્યા.
5. વંચિતતા અભિગમ મુજબ ભારત સરકારે 16આંકને ગરીબીની રેખા ગણી.
6. વંચિતતા અભિગમ મુજબ ગુજરાત સરકાર 20 આંકને ગરીબી રેખા ગણવાનું નક્કી કરવામાં આવ્યું.

**જવાબ :** 1 ખરું 2 ખરું 3 ખરું 4ખરું 5 ખરું 6 ખરું

# એકમ : 4 રોજગારી અને બેરોજગારી

## : રૂપરેખા :

**4.1 પ્રસ્તાવના**

**4.2 બેરોજગારીનો અર્થ**

**4.3 બેરોજગારીનું માપન**

**4.4 બેરોજગારીના પ્રકારો**

**4.5 ફિલિપ્સ રેખા**

**4.6 બેકારીનો કુદરતી દર**

**4.7 ભારતમાં બેરોજગારીનાં કારણો**

**4.8 ભારતમાં વિવિધ સ્વરૂપે બેરોજગારીનું પ્રમાણ**

**4.9 બેરોજગારી દૂર કરવાનાં ઉપાયો**

**4.10 ભારતમાં રોજગારી અને બેરોજગારી**

**4.11 બેરોજગારી અને સરકારની નીતિઓ**

**4.12 સ્વાધ્યાય**

**4.13 સારાંશ**

### 4.1 પ્રસ્તાવના :

પ્રવર્તમાન સમયે વિશ્વમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ ઝડપી બન્યો છે. માનવ જરૂરિયાતો અમર્યાદિત અને જટિલ બની છે. બીજી બાજુ ગરીબી બેરોજગારી ફુગાવો મંદી પ્રદૂષણ કુદરતી અને માનવસર્જિત આપતિઓ જેવી અનેક સામાજિક આર્થિક અને પર્યાવણીય સમસ્યાઓ વધુ પડકારજનક સાબિત થઈ છે. જે પૈકી બેરોજગારીની સમસ્યા વિશ્વમાં અવનવા સ્વરૂપે કાયમી બનતી જાય છે. વીસમી સદી પહેલા બેરોજગારીની સમસ્યા અલ્પ ઉત્પાદન કે આર્થિક સંકટને કારણે સર્જાતી હતી. જયારે એકવીસમી સદીમાં ટેકનોલોજી અને યાંત્રિકીકરણને કારણે જોવા મળે છે. આમ, બેરોજગારી એક વૈશ્વિક સમસ્યા છે. વિકાસમાન અર્થવ્યવસ્થા ધરાવનાર ભારત દેશમાં પણ બેરોજગારી પરંપરાગત અને દીર્ધકાલીન સમસ્યા બની ચૂકી છે. ભારતીય આયોજનમાં બેરોજગારી નિવારવાના ધ્યેયને અગ્રિમતા આપવામાં આવી તેમ છતા આયોજનનાં સાડા છ દાયકા પછી પણ આ સમસ્યા યથાવત છે. આયોજનકાળ દરમિયાન આ્થિક વિકાસના દરમાં ઝડપી વધારો થયો પરંતુ માંગ મુજબ રોજગારીની તકોમાં વધારો થયો નથી. એકબાજુ વસ્તીનો દર ઊંચો દર અને બીજી બાજુ રોજગારી સર્જનના નીચા દરને કારણે બેરોજગારીની સમસ્યા વધુ ચિંતાજનક બની છે. જયારે અર્થતંત્ર અપૂર્ણ રોજગારીએ સમતુલામાં આવે ત્યારે બેરોજગારી ઉદ્દભવે છે. બેરોજગારીના અનેક પ્રકારો છે અને દરેક પ્રકારો માટેના જુદા જુદા કારણો છે. વિકાસશીલ અર્થતંત્રમાં પ્રવર્તતી બેરોજગારી અને વિકસિત અર્થતંત્રમાં પ્રવર્તતી બેરોજગારીના પ્રકારો અને કારણો જુદાંજુદાં હોય છે. આથી તેને નિવારવાના ઉપાયો પણ જુદાં જુદાં હોય છે.

બેરોજગારીની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

"જે લોકોની સામાન્ય વેતન દરે એટલે કે બજારમાં પ્રવર્તતા વેતન દરે કામ કરવાની ઈચ્છાશક્તિ અને તૈયાર હોવા છતાં પણ કામ મેળવી શકતા નથી તેમને બેરોજગાર કહી શકાય".

અહીં એ બાબત ખૂબ જ મહત્ત્વની છે કે જે લોકો કામ કરવાની ઈચ્છા ન ધરાવતા હોય તેમને બેરોજગાર કહી શકાય શકાય નહી તથા જે લોકો બજારના વેતન દરે કામ કરવા તૈયાર નથી તેમને પણ બેરોજગાર કહી શકાય નહી. દા.ત. સાધુઓ કે ભિખારીઓ બે રોજગારીનો દર નીચે મુજબ ગણી શકાય.

$$\text{બેકારીનો દર} = \frac{\text{બેરોજગારી લોકોની સંખ્યા}}{\text{કુલ શ્રમિકોની સંખ્યા}}$$

## 4.2 બેરોજગારીનો અર્થ :

અર્થશાસ્ત્રની પરિભાષામાં બેરોજગારી એટલે "પ્રવર્તમાન વેતન દર વ્યક્તિની કામ કરવાની ઈચ્છા શકિત અને તૈયારી હોવા છતાં તેને કામ ન મળે ત્યારે તે વ્યક્તિની કામ વગર રહેવાની સ્થિતિને બેરોજગારી કહેવાય. આવી બેરોજગારી અનૈચ્છિત કે ફરજિયાત બેરોજગારી પણ કહેવાય.

- શ્રીમતી ઉર્સૃલા હિક્સના મતે, "સમાજના માન સાથે જીવવાની તકના અભાવને બેરોજગારી કહેવામાં આવે છે.
- પિગુના મતે "કોઈ વ્યક્તિ માત્ર ત્યારે જ બેરોજગાર કહેવાય છે કે જયારે તેની કામ કરવાની ઈચ્છા હોવા છતા કામ મળતું નથી"
- કેઈન્સનાં મતે, "કામની શોધ કરતો વ્યક્તિ પોતાની ક્ષમતા અને યોગ્યતાનુસાર કામ મેળવી ના શકે તો તે બેરોજગાર કહેવાય"
- ટૂંકમાં પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઈચ્છા શકિત અને તૈયારી હોવા છતા કામ મળતું ના હોય તેવી સ્થિતને બેરોજગારી કહેવાય.

## 4.3 બેરોજગારીનું માપન :

બેરોજગારીનું ચોક્કસ પ્રમાણ જાણવું મુશ્કેલ છે. કારણ કે વસ્તી ગણતરીનો જેમ બેરોજગારીની આકારણી માટે સમષ્ટિલક્ષી ભારતના તમામ કુટુંબોનું સર્વે અભ્યાસો થતા નથી. તેમ છતાં કેટલીક સંસ્થાઓ દ્વારા ભારતમાં અમુક કુટુબોનું નિદર્શ તરીકે પસંદ કરી તેમના સર્વે આધારિત અંદાજો મેળવાય છે ભારતમાં મુખ્યત્વે શ્રમ અને રોજગાર મંત્રાલય = લેબર બ્યુરો NSSO (રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ સંસ્થા તથા CMLE જેવી સંસ્થાઓ બેરોજગારીનુ માપન કરે છે. આ દરેક સંસ્થાઓની અભ્યાસ પધ્ધતિ ભિન્ન ભિન્ન હોય છે. તેથી કઈ સંસ્થાના આકડા વિશ્વાસપૂર્ણ રીતે સ્વીકારવુ તે મુઝવણ ભર્યો પ્રશ્ન છે. જો કે ભારતમાં આયોજન પંચ દ્વારા NSSO ના અંદાજો વધુ સ્વીકાર્ય ગણાય છે.

**1. સામાન્ય દરજ્જાનો ખ્યાલ :**

આ ખ્યાલ અનુસાર જો વ્યક્તિ વર્ષ 15 થી60 દરમિયાન કોઈ પણ આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલ ન હોય તેને સામાન્ય બેરોજગારી અથવા લાંબાગાળાની બેરોજગારી કહેવાય. આ પ્રકારની બેરોજગારીને કાયમી બેરોજગારી તથા ખુલ્લી બેરોજગારી પણ કહી શકાય.

**2. સાત્યાહિક દરજ્જાનો ખ્યાલ :**

આ ખ્યાલ મુજબ મોજણીના દિવસ પહેલા એક અઠવાડિયા દરમિયાન જો વ્યક્તિને

કામની શોધ કરવા છતા સાત માંથી એક પણ દિવસે એક પણ કલાક માટે પણ કામ મળ્યુ ના હોય તો તેવી સ્તિતિને સાપ્તાહિક બેરોજગારી કહેવાય. આ ખ્યાલ અઠવાડિયે સરેરાશ કેટલી વ્યક્તિઓને રોજગારી મળે છે અને કેટલી વ્યક્તિ બેરોજગાર રહે છે તેનો નિર્દેશ કરે છે.

**3. દૈનિક દરજ્જાનો ખ્યાલ :**

આ ખ્યાલ અનુસાર જે દિવસે સર્વે થાય તે દિવસ પહેલાના સાત દિવસ દરમિયાન વ્યક્તિને એક કલાકથી વધુ અને ચાર કલાકથી ઓછું કામ મળ્યું હોય તો તે વ્યક્તિને અર્ધ દિવસની રોજગારી મળી અને અડધો દિવસ તે બેરોજગાર છે તેમ કહેવાય આવી બેરોજગારીને દૈનિક રોજગારી તથા અર્ધ બે રોજગારી પણ કહી શકાય.

જો અઠવાડિયાના દરેક દિવસે ચાર કલાકથી વધુ કામ મેળવી શકે તો તે વ્યક્તિ આખા દિવસની રોજગારી મેળવી છે તેમ કહેવાય આવી સ્થિતિ દૈનિક બેરોજગારી કહેવાય નહી.

આમ, ઉપરોક્ત ખ્યાલોના આધારે નિર્ધારિત બેરોજગારીને ત્રણ સ્વરૂપે વર્ગીકૃત કરી શકાય.

1. લાંબાગાળાની બેરોજગારી

2. સાપ્તાહિક બેરોજગારી

3. દૈનિક બેરોજગારી

4. બેરોજગારીના પ્રકારો

- **ઘર્ષણજન્ય બેકારી :**અર્થતંત્રમાં હંમેશા અમુક બેરોજગારી તો પ્રવર્તતી જ હોય છે કેટલાંક લોકો પોતાની જૂની નોકરી છોડીને નવી નોકરીની શોધમાં હોય છે. જયારેકેટલાંકલોકો પોતાનું ભણતર પુરું કર્યા બાદ પ્રથમ વખત જ નોકરીની શોધ કરતા હોય છે. તે લોકો અમુક અવરોધ અને ઘર્ષણના કારણે તેમની પાસે બજાર અંગેની સંપૂર્ણ માહિતી નથી હોતી અથવા તો લોકોમાં સંપૂર્ણ ગતિશીલતાનો અભાવ હોય છે.
- સૌથી મહત્ત્વની બાબત એ છે કે અર્થતંત્રમાં જેટલા ઘર્ષણજન્ય બેરોજગારો છે. તેટલી જ રોજગારીની તકો છે તેઓ અમુક સમયગાળા દરમ્યાન જ બેકાર રહે છે. જયારે કોઈ ઘર્ષણજન્ય બેરોજગારીથી બેરોજગાર થયેલ વ્યક્તિને રોજગારી મળે છે ત્યારે અર્થતંત્રમાં ઘર્ષણજન્ય બેરોજગારીથી બેરોજગાર થયેલી વ્યક્તિ અર્થતંત્રમાં ઉમેરાય છે એટલે કે અર્થતંત્રમાં હંમેશા ઘર્ષણજન્ય બેરોજગારીનું અમુક પ્રમાણ પ્રવર્તતુ જ હોય છે કારણ કે બજાર વિશેની અને રોજગારીની તકો વિશેની સંપૂર્ણ માહિતી લોકો પાસે હોતી નથી.
- **માળખાગત બેકારી :** વિકાસશીલ અર્થતંત્રમાં લગભગ માળખાગત બેરોજગારી જોવા મળે છે. જે અર્થતંત્રમાં કોઈ એક પ્રકારના શ્રમિકોની માંગ વધે તો બીજા પ્રકારના શ્રમિકોની માંગમાં ઘટાડો થાય છે. આ ઘટાડો અને માળખાગત ફેરફારને કારણે અથવા તો ટેકનોલોજિકલ ફેરફારને કારણે થાય છે. નવી ટેકનોલોજી તથા યંત્રોના કારણે લોકોને રોજગારી ગુમાવવી પડે છે. આથી તેઓ બેરોજગાર બને છે. આ પ્રકારની બેરોજગારીને મળખાગત બેરોજગારી કહે છે.

વિકાસશીલ અર્થતંત્રમાં ઉત્પાદન પધ્ધતિ અને ટેકનોલોજીમાં ખૂબ જ મોટા પાયા ઉપર ફેરફાર થાય છે. જયારે ઉત્પાદક કે પેઢી નવી ટેકનોલોજી અપનાવે તથા નવા યંત્રો અપનાવે ત્યારે કેટલાંકલોકો બેકાર બને છે. આ પ્રકારે જો બેરોજગારી સર્જન થાય તો

તેને માળખાગત બેરોજગારી કહે છે.

આ પ્રકારના બેરોજગાર જો રોજગારી મેળવવી હોય તો નવી ટેકનોલોજી દ્વારા ઉત્પાદન કરવાનુ કૌશલ્ય મેળવવુ પડે છે. જો તેઓ કૌશલ્ય પ્રાપ્ત ન કરી શકે તો નવી રોજગારી મેળવવી મુશ્કેલ બને છે. ઘર્ષણજન્ય બેરોજગારી કરતાં માળખાગત બેરોજગારી અર્થતંત્રમાં લાબા સમય સુધી રહે છે. કારણ કે નવી કુશળતા મેળવી રોજગારી શોધવામાં વધુ સમય જાય છે માળખાગત બેરોજગારી એ ઘર્ષણજન્ય બેરોજગારી કરતાં વધુ ગંભીર છે.

ઘર્ષણજન્ય બેરોજગારી કરતા માળખાગત બેરોજગારી અર્થતંત્રને વધુ નુકસાન કરે છે. કારણ કે ઘર્ષણજન્ય બેરોજગારીમાં નવી રોજગારી સમયના ટૂંકાગાળામાં જ પ્રાપ્ત થાય છે. ઘર્ષણજન્ય બેરોજગારી અને માળખાગત બેરોજગારી બંને સાથે મળીને બેરોજગારી કુદરતી દર નક્કી કરે છે. આમ, મુક્ત અર્થતંત્રમાં શ્રમ બજારમાં રહેલા અવરોધો અને માળખાગત પરિવર્તનોના કારણે બેરોજગારીનો કુદરતી દર ઉદ્દભવે છે. અહીં એ બાબત ખૂબ જ મહત્ત્વની છે કે બેરોજગારીનો કુદરતી દર અસ્તિત્વમાં હોય ત્યારે પણ પૂર્ણ રોજગારી અસ્તિત્વમાં જ હોય છે.

આમ, માળખાગત બેરોજગારીમાં ટેકનોલોજીકલ બેરોજગારીનો સમાવેશ થાય છે. ટેકનોલોજીમાં આવતા ફેરફારોને કારણે આ પ્રકારની બેરોજગારી જોવા મળે છે. ટેકનોલોજીમાં ફેરફાર થવાના કારણે ઉત્પાદકતામાં વધારો થાય છે. આથી, ઉત્પાદન ઓછા સાધનો વડે વધુ ઉત્પાદન કરી શકાય છે આ ઉપરાંત ટેકનોલોજીકલ વિકાસ થવાને કારણે વસ્તુઓના ઉત્પાદનમાં યંત્રોનું પ્રમાણ વધતુ જાય છે. આથી શ્રમિકોનું પ્રમાણ ઘટે છે. આમ, ટેકનોલોજીકલ ફેરફારના કારણે લોકોને રોજગારી ગુમાવી પડે છે કે જેને ટેકનોલોજીકલ બેરોજગારી કહે છે. અર્થતંત્રમાં આવતુ આ માળખાગત પરીવર્તન છે અને તેથી તે માળખાગત બેરોજગારીનો ભાગ છે.

- **ચક્રિય બેકારી :**

  અસરકારક માંગના અભાવના કારણે ચક્રિય બેરોજગારી ઉદ્દભવે છે. આ પ્રકારની બેરોજગારીને કેઈન્સિયન બેરોજગારી પણ કહે છે. વિકસિત મૂડીવાદી દેશોમાં મોટા ભાગે આ પ્રકારની બેરોજગારી જોવા મળે છે એમ કહેવાય છે. ભારત જેવા દેશોમાં પણ ચક્રિય બેરોજગારી હોય છે જ કારણ કે અર્થતંત્રમાં તેજી – મંદી આવ્યા જ કરે છે. આ પ્રકારની બેરોજગારી હળવી મંદી અને મંદીના સમયગાળા દરમ્યાન વધારે પ્રમાણમાં વધે છે. જો ચક્રિય બેરોજગારી અસ્તિત્વમાં હોય તો એમ કહી શકાય કે અર્થતંત્રમાં કુલ અસરકારક માંગનો અભાવ છે. એટલે કે ઉત્પાદકો અને પેઢી દ્વારા જેટલું ઉત્પાદન થયુ છે તેના કરતા માંગ ઓછી છે. આથી ઉત્પાદકો અને પેઢીઓનો નફો ઘટે છે. આથી તેઓ ઉત્પાદનમાં ઘટાડો કરે છે. આથી ઉત્પાદનના સાધનો જો બેકાર બને તો રાષ્ટ્રીય આવક ઘટે છે. આવક ઘટવાના કારણે ફરીથી માંગ ઘટે છે. આથી ઉત્પાદકો અને પેઢીઓ ફરીથી ઉત્પાદન ઘટાડે છે. આથી બીજા ઉત્પાદનના સાધનો ફરી બેકાર બને છે. આમ આ ચક્ર સતત ચાલ્યા જ કરે છે.

  પ્રશિષ્ટ અર્થશસ્ત્રી જે.બી. સેના બજારના નિયમ મુજબ પુરવઠો તેની માંગ સ્વયં સર્જે છે. આ વિધાન અમુક હદ સુધી સાચુ છે. કારણ કે ઉત્પાદન કરવા બદલ ઉત્પાદનના સાધનોને આવક થાય છે અને તે આવક દ્વારા માંગ ઉભી થાય છે. પરંતુ અર્થતંત્રમાં જેટલો પુરવઠો ઉત્પન્ન થયો છે એટલી જ માંગ ઉભી થાય તેવું જરૂરી નથી. પુરવઠા કરતા માંગ વધુ પણ

હોય અને ઓછી પણ હોય તથા લોકો દ્વારા તેમની આવકનો બધો જ હિસ્સો ખર્ચવામાં આવે તેવુ જરૂરી નથી. આવકનો અમુક હિસ્સો બચત સ્વરૂપે પણ રાખવામાં આવે છે. આ ઉપરાંત જેટલી બચતો થાય એટલું મૂડીરોકાણ થાય જ તેવુ જરૂરી નથી કારણ કે બચત કરનાર વર્ગ અને મૂડીરોકાણ કરનાર વર્ગ અલગ અલગ હોય છે જો બચતો કરતા મૂડીરોકાણ વધારે હોય તો વર્તમાન પુરવઠો એ ઉભી થયેલી માંગ માટે પૂરતો નથી .આથી રાષ્ટ્રીય આવક ઉત્પાદન અને રોજગારી વધે. આમ, અર્થતંત્રમાં મંદી આવે જ નહિ એમ જે.બી. જેવા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ માને છે પણ અર્થતંત્રમાં તેજી મંદીનું ચક્ર સતત ચાલે જ છે.

- **પ્રચછન્ન બેકારી :** પ્રચ્છન્ન બેકારીમાં ઘણાં બધા શ્રમિકો એકજ ઉત્પાદકીય કાર્યમાં કામ કરતા હોય છે. ગાંમડાઓમાં મોટા ભાગના શ્રમિકો ખેતી કાર્યમાં જ જોડાયેલા હોય છે. જો તેમાંથી કેટલાંકશ્રમિકો ઉત્પાદન કાર્યમાં ભાગ ન ભજવે તો પણ ખેતીના કુલ ઉત્પાદનમાં ફેરફાર થતો નથી. ખેતીના ઉત્પાદન કાર્યમાં જરૂર કરતા પણ વધારે લોકો કામ કરતા હોય તો તે લોકો પ્રચ્છન્ન બેકાર કહેવાય છે. આ વધારાના મજૂરોની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે. એટલે કે જો વધારાના મજૂરોને ઉત્પાદન કાર્યમાંથી બહાર કાઢી દેવામાં આવે તો પણ કુલ ઉત્પાદનમાં કોઈ જ ફેરફાર થતો નથી. આથી એમ કહી શકાય કે આ પ્રકારની બેરોજગારી કુલ ઉત્પાદનને અસર કરતી નથી. આમ, જરૂરિયાત કરતા વધુ કામદારો ઉત્પાદન કાર્યમાં જોડાયેલા હોય ત્યારે તેવા કામદારો પ્રચ્છન્ન બેરોજગારો કહે છે.
- **દા.ત . ધારો** કે કોઈ એક ખેતરમાં 6 કામદારો કામ કરે છે અને 100 કિવન્ટલ ઘઉંનુ ઉત્પાદન કરે છે. જો 4 કામદારો કાર્ય કરે તો પણ ઉત્પાદન એટલું જ થાય છે. આમ અહી બે મજુરો વધારાના છે. એટલે કે બે કામદારોના કામ કરવાથી કે ન કરવાથી કુલ ઉત્પાદનમાં કોઈ જ ફેરફાર થતો નથી. આથી આ બે કામદારોને પ્રચ્છન્ન (બેકારો) બેરોજગાર કહે છે.
- **શિક્ષિત બેકારી :** અર્થતંત્રમાં જે લોકો શૈક્ષણિક લાયકાત ધરાવે છે અને છતાં પણ બેરોજગાર છે. તેવા લોકોને શિક્ષિત બેરોજગાર કહે છે. ભારતમાં શિક્ષિત બેરોજગારીનો દર ખૂબ જ વધુ છુ ૨017-18 માં શૈક્ષણિક લાયકાત ધરાવતા લોકોમાં આ દર 14 ટકા છે. દેશમાં રહેલી રાજકીય અસ્થિરતા સાહસિકતાનો અભાવ શિક્ષણની ગુણવત્તાનો અભાવ વગેરેના કારણે શિક્ષિત બેરોજગારી અસ્તિત્વમાં આવે છે. વિકાસશીલ દેશોમાં શિક્ષણનું પ્રમાણ સતત વધે છે કારણ કે દેશ શિક્ષણ પાછળ વધુ ને વધુ ખર્ચ કરે છે પરંતુ તેટલી ઝડપે ઉદ્યોગનું વિસ્તરણ થતું નથી. આથીવધુ રોજગારીની તકોનું સર્જન થતુ નથી. આ ઉપરાંત શિક્ષિત વ્યક્તિ શારીરિક મજૂરી કરવા માટે તૈયાર થતી નથી. આ પ્રકારની સમસ્યાને કારણે પણ અર્થતંત્રમાં શિક્ષિત બેરોજગારી જોવા મળે છે.
- **ઋતુગત બેકારી :** કેટલીક વસ્તુઓનું ઉત્પાદન અમુક ઋતુમાં જ થાય છે. આથી જયારે વસ્તુનું ઉત્પાદન કરવાનું હોય ત્યારે કામદારોને રોજગારી મળે છે પરંતુ જયારે ઉત્પાદન કાર્ય પુરુ થાય અને ઋતુ પણ પૂરી થાય ત્યારે આ કામદારો બેકાર બને છે. એટલે કે મજૂર અમુક સમય માટે બેરોજગાર રહે છે. ઘણી વખત મોસમી ફેરફારોના કારણે માંગમાં પણ ફેરફાર થાય છે. જેમ કે ઉનાળામાં એરકન્ડિશનરની માંગ વધે છે આથી તેનું ઉત્પાદન પણ વધારવુ પડે છે. આથી ઉત્પાદનના વધુ સાધનો રોકવા પડે છે. કે જેથી રોજગારીમાં પણ વધારો થાય છે. પરંતુ શિયાળામાં તેની માંગ ઘટે છે. આમ, મોસમી પરિવર્તન

કારણે બેરોજગારીમાં વધારો થાય છે. આ પ્રકારની બેરોજગારીમાં કામચલાઉ બેરોજગાર પણ કહે છે. ફટાકડાનો કે પતંગનો ધંધો કરનારને અનુક્રમે દિવાળી કે ઉતરાયણના સમયગાળા દરમ્યાન રોજગારી મળે અને બાકીના સમયમાં મળે તો તેઓ ઋતુગત બેરોજગારી કહેવાય.


- **ઈચ્છિત બેકારી :** જે લોકો અર્થતંત્રમાં વર્તમાન વેતન દરે કામ કરવા તૈયાર નથી તેવા લોકોને ઈચ્છિત બેરોજગાર કહે છે. અહીં રોજગારીની તકો છે પરંતુ તેનુ વળતર ઓછું હોવાના કારણે શ્રમિકો કામ કરવા તૈયાર હોતા નથી. અહીં વ્યક્તિ પોતે બેરોજગાર રહેવાની પસંદગી કરે છે.
- **બેકારીના અન્ય પ્રકારો :**અર્થતંત્રમાં મંદી આવે ત્યારે ઉદ્યોગોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં કામદારોને છૂટા કરવામાં આવે છે આથી તેઓ બેરોજગાર બને છે. આ ઉપરાંત જો ખોટના કારણે પણ ઉદ્યોગ પડી ભાંગે તોકામદારો બેકાર બને છે. આ પ્રકારની બેરોજગારી ને ઔદ્યોગિક બેરોજગારી કહે છે. શહેરી વિસ્તારોમાં બેરોજગારીનું જે પ્રમાણ જોવા મળે છે. તેની શહેરી બેરોજગારી કહે છે. ગ્રામીણ વિસ્તારોમાં જે બેરોજગારી જોવા મળે છે તેને ગ્રામીણ બેકારો કહે છે મોટે ભાગે તે ખેતી સાથે સબંધ ધરાવે છે.

## 4.5 ફિલિપ્સ રેખા :

જે.એમ. કેઈન્સ તેમના રોજગારીના સિધ્ધાંતમાં જણાવે છે કે અર્થતંત્ર પૂર્ણ રોજગારીએ પહોંચે ત્યાર બાદ કુલ પુરવઠા રેખા લંબરૂપ બને છે. ત્યાર બાદ રોજકોષીય વિસ્તરણ નીતિ અને નાણાકીય વિસ્તરણ નીતિ અપનાવવામાં આવે તો માત્ર ભાવસપાટીમાં વધારો થાય છે પણ આવક રોજગારી કે ઉત્પાદનમાં વધારો થતો નથી. કેઈન્સના મોડેલમાં ફુગાવો માત્ર પૂર્ણ રોજગારીએ અર્થતંત્ર પહોંચે તે પછી જ થાય છે. આમ કેઈન્સના માડેલના ફુગાવા અને બેરોજગારી વચ્ચે કોઈ અદલાબદલી નથી.

પ્રો. એ. ડબલ્યુંફિલિપ્સ 19૫8માં તેમણે લખેલા લેખમાં ફિલિપ્સ રેખાનો ખ્યાલ આપ્યો હતો તેમણે યુકેની 100 વર્ષની માહિતી ભેગી કરીને વિશ્લેષણ કર્યુ અને ત્યાર બાદ તેઓ એવા તારણ ઉપર આવ્યા કે બેરોજગારીનો દર અને ફુગાવાનો દર વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

આ વ્યસ્ત સંબંધ પરથી અદલાબદલી સૂચિત થાય છે તેમણે તેમના આ વિશ્લેષણમાં ઋણ ઢાળ ધરાવતી રેખા દોરી હતી કે જે બેરોજગારીના દર અને ફુગાવાના દર વચ્ચેનો વ્યસ્ત સંબંધ સમજાવે છે આ રેખાને ફિલિપ્સ રેખા તરીકે ઓળખવામાં આવે છે. ફિલિપ્સ જણાવે છે કે કેટલાંકટેકનિકલ અને વ્યક્તિગત કારણોસર સંપૂર્ણપણે બેરોજગારી દૂર કરવી શક્ય નથી. તેમના મતે જો અર્થતંત્રમાં ચોક્કસ પ્રમાણમાં રોજગારી ટકાવી હોય તો અમુક કક્ષા સુધી ફુગાવો અનિવાર્ય છે. ફિલિપ્સ રેખાની સમજૂતી નીચેની આકૃતિ પરથી સમજી શકાય છે.




ફિલિપ્સ રેખા

- આકૃતિમાં oxધરી ઉપર બેરોજગારીનો દર અને oy ધરી ઉપર ફુગાવાનો દર દર્શાવવામાં આવે છે આકૃતિની સમજુતી નીચે મુજબ આપી છે.
- H બિંદુ OQ જેટલો ફુગાવાનો દર OA જેટલો બેરોજગારીનો દર દર્શાવે છે. જો ફુગાવાનો દર OQ ઘટીને Op થાય તો બેરોજગારીનો દર OA થી વધીને OB થાય છે. જો ફુગાવાનો દર શૂન્ય થાય તો બેરોજગારીનો દર OC થાય છે અને જો ફુગાવાનો દર નકારાત્મક બને તો બેરોજગારીનો દર OD થાય છે. આમ, આ આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે,


1. જો ફુગાવાનો દર ઘટાડવામાં આવે તો બેકારીનો દર વધે છે અને જો ફુગાવાનો દર વધે તો બેરોજગારીનો દર ઘટે છે. આમ, ફુગાવાના દર અને બેરોજગારીના દર વચ્ચે વ્યસ્ત સંબંધ છે. આથી ફિલિપ્સ રેખા ડાબી તરફથી જમણી તરફ જતી હોય છે અને તે ઋણ ઢાળ ધરાવે છે. આકૃતિમાં SR એ ફિલિપ્સ રેખા છે. આ બાબત સૂચિત કરે છે જો વેતન પ્રેરિત ફુગાવો ટાળવો હોય અને બિન-ફુગાવો જનક ભાવ સ્થિરતા સ્થિતિની હોય તો અર્થતંત્રમાં બેરોજગારીનો અમુક દર તો રહે જ છે.
2. ઉપરના બન્ને મુદ્દાઓ પરથી તારવી શકાય કે ફિલિપ્સ રેખા તો એ ફુગાવાનો દર અને બેરોજગારીના દરનુ ગહન અસ્તિત્વ દર્શાવે છે. જો બેરોજગારીનો દર ઘટાડવામાં આવે તો અર્થતંત્રમા ફુગાવાનો દર વધે છે અને જે ફુગાવો ઘટાડવામાં આવે તો અર્થતંત્રમાં બેરોજગારીનો દર વધે છે. આમ, અર્થતંત્ર બેરોજગારી અથવા તો ફુગાવો બંનેમાંથી કોઈ એક પરિસ્થિતિ તો ભોગવવી પડે છે. આથી નીતિ ઘડનારા લોકોને ખૂબ જ મુશ્કેલી પડે છેકારણ કે ફુગાવાના ઓછા દરે વધુ બેરોજગારી મેળવવી કે પછી ઓછી બેરોજગારી એ વધુ ફુગાવાનો દર જાળવવો તે તેઓ નક્કી કરી શકતા નથી ફુગાવાના દર અને બેરોજગારીના દરના સહ અસ્તિત્વને બેરોજગારીયુક્ત ફુગાવો કહે છે.

### 4.6 બેકારીનો કુદરતી દર :

નોબેલ ઈનામ વિજેતા અમેરિકન અર્થશાસ્ત્રી મિલ્ટન ફ્રીડમેન જણાવે છે. ફિલિપ્સ રેખા ઋણ ઢાળ ધરાવે છે. તે વાત સાચી પણ તે સ્થિર નથી ફિલિપ્સ રેખા ડાબી બાજુ અથવા તો જમણી બાજુ સમયે અને સંજોગો અનુસાર ખસી શકે છે. ફ્રિડમેનના મતે અર્થતંત્ર લાંબા ગાળે બેકારીના કુદરતી દરે સ્થિર રહે છે. આથી ફિલિપ્સ રેખા લાંબે ગાળે લંબરૂપ મળે છે એટલે કે

લાંબે ગાળે ફુગાવાના દર અને બેરોજગારીના દર વચ્ચે અદલાબદલી થતી નથી એટલે કે ફિલિપ્સ રેખા લાંબા ગાળે સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ બને છે એમ ફ્રિડમેન માને છે.

બેરોજગારી જે દરે શ્રમ બજારમાં બેકાર લોકોની વર્તમાન સંખ્યા પ્રાપ્ત રોજગારીની સંખ્યાની બરાબર હોય તે દરને બેરોજગારીનો કુદરતી દર કહે છે.




મિલ્ટન ફ્રીડમેન કહે છે. ફિલિપ્સ રેખા લાંબે ગાળે PM જેવી હોય છે. એટલે કે ફુગાવાનો દર ગમે તેટલો ઊંચો જાય તો પણ બેરોજગારીનો દર તો OM જેટલો જ રહે છે એટલે કે અર્થતંત્રમાં અમુક પ્રમાણમાં તો બેરોજગારી કાયમ માટે હોય છે જ એમ મિલ્ટન ફ્રિડમેનનું માનવું છે.

અહીં બેરોજગારો બજાર અંગે અપૂર્ણ માહિતી ધરાવે છે તથા અર્થતંત્રનું માળખું જ એ પ્રકારે ગોઠવાયેલુ છે કે રોજગારી પ્રાપ્ત હોવા છતા પણ રોજગારી મેળવી શકતી નથી. જયારે વાસ્તવિક ફુગાવાનો દર ફુગાવાના દરની જે અપેક્ષા રાખી છે તેના કરતા વધે તો બેરોજગારીનો દર બેરોજગારી કુદરતી દર કરતા ઘટે છે. આ ઘટાડો માત્ર ટૂંકા ગાળા માટ છે લાંબા ગાળે તો ફરીથી બેરોજગારીનો કુદરતી દર સ્થપાય છે એમ ફ્રિલ્ટન ફ્રીડમેન જણાવે છે.

## 4.7 ભારતમાં બેરોજગારીનાં કારણો :

ભારતની વર્તમાન સામાજિક આર્થિક સ્થિતિને અનુલક્ષીને ભારતની બેરોજગારી માટે નીચે મુજબના કારણે દર્શાવી શકાય.

**1. વસ્તી વધારાનો ઊંચો દર :**

ભારત વસ્તીની દ્રષ્ટિએ વિશ્વમાં ચીન પછી બીજુ સ્થાન ધરાવે છે. ઈ.સ.1911 માં ભારતની વસ્તી ૨૫ કરોડ હતી. જે 2011માં 121 કરોડ થઈ.1931 પછી વાર્ષિક સરેરાશ ટકાથી ઊંચા દરે વસ્તી વધારો થયો ઈ.સ. 1971 થી 1991 દરમિયાન ૨ થી ૨.૨૫ ટકાના દરે વસ્તીમાં વધારો થયો હતો. જે ૨011 ની વસ્તી વણતરી મુજબ 1.64 ટકા છે. એટલે કે ભારતમાં હજુ પણ વસ્તી વધારાનો દર ખૂબ ઊંચો છે વસ્તી વધારાની સાથે શ્રમદર (1૫ થી 64 વર્ષની વસ્તી)માં પણ સતત વધારો થાય છે. એની સામે રોજગારીની તકોમાં અપૂરતા વધારાને કારણે બેરોજગારી સર્જાય છે. વધતી વસ્તીના ભરણપોષણ પાછળ રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો ખર્ચાઈ જાય છે. જેને કારણે બચત અને મૂડીરોકાણ પૂરતા પ્રમાણમાં થઈ શકતુ નથી. મૂડીરોકાણના નીચા દરને કારણે પર્યાપ્ત માત્રામાં રોજગારીનું સર્જન થતું નથી. પરિણામે વસ્તીમાં થતો સતત વધારો બેરોજગારી સર્જે છે.

**2. બચત અને મૂડીરોકાણ નીચો દર :**

ભારતના આર્થિક — સામાજિક સમીક્ષા અહેવાલ 2017-18 અનુસાર ભારતનો બચતદર

વર્ષ 2011 માં કુલ ઘરેલું પેદાશના 34 ટકા હતો. તે ઘટીને વર્ષ 2017-18માં 32.5ટકા થઈ ગયો છે. એ જ રીતે મૂડીસર્જન દર આ ગાળા દરમિયાન 39.0 ટકાથી ઘટીને 33.3 થયો છે. આમ એક બાજુ વસ્તીમાં ઝડપી વધારો થાય છે અને બીજી બાજુ બચત અને મૂડીસર્જનનાં દરમાં ઘટાડો થાય છે. પરિણામે વધતી વસ્તીને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રોજગારીનુ સર્જન થતુ નથી. રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો મૂડીરોકાણ દ્વારા રોજગારી સર્જનને બદલે વધતી વસ્તીના ભરણપોષણ પાછળ ખર્ચાય છે. જેને કારણે બેરોજગારીમાં સતત વધારો થાય છે.

**3. મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ :**

ઉત્પાદન પ્રક્રિયામાં જયારે શ્રમની તુલનાએ મૂડીનો ઉપયોગ વધુ થાય તો તે મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અને મૂડીની તુલનામાં શ્રમશકિતનો ઉપયોગ વધુ થાય તો તે શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવાય. ભારતમાં શ્રમશકિતની વિપુલતા હોવા છતાં મૂડીપ્રધાન પધ્ધતિનુ વલણ વધતુ જાય છે. ભારતમાં બીજી પંચવર્ષીય યોજનાથી જ મોટા અને પાયાના ઉદ્યોગોના વિકાસની રણનીતિ અપનાવી હતી મોટાભાગની યોજનાઓમાં આધુનિકરણના હેતુથી યાંત્રીકરણ અપનાવ્યું વિકાસલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ પણ મૂડીનાં વધુ ઉપયોગ દ્વારા અમલી બની હતી. જેના કારણે રોજગારીની તકોનું ધાર્યા પ્રમાણમાં સર્જન થઈ શકતું નથી ઔદ્યોગિક ક્ષેત્રે મંજૂર સંગઠનોથી રક્ષણ મેળવવા ઉત્પાદકતા વધારવા અને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા ટેકનોલોજીનો ઉપયોગ વધતો જાય છે. આમ, મૂડીનું પ્રાધાન્ય સર્વવ્યાપી બનવાથી ભારતમાં બેરોજગારીની સમસ્યા તીવ્ર બની છે.

**4. ખામીયુક્ત શિક્ષણ પધ્ધતિ :**

ભારતમાં શિક્ષિત બેરોજગારીનું મુખ્ય કારણ ખામીયુકત શિક્ષણ પ્રણાલી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના બદલાયેલ સ્વરૂપની સાથે રોજગારીના ક્ષેત્રે પણ બદલાય છે. ઝડપી આર્થિક વૃધ્ધિના હેતુથી કૃષિ ઉદ્યોગ અને સેવાક્ષેત્રે અદ્યતન ટેકનોલોજીઅને યાંત્રિકરણ વધી રહ્યું છે તેથી તેને અનુરૂપે ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતાં કુશળ અને વ્યવસાયિક તાલીમ શિક્ષણ પધ્ધતિ નિષ્ફળ ગઈ છે. વર્તમાન શિક્ષણ પ્રણાલી માનવીની માનસિક અને શારીરિક કેળવણીમાં સફળ થઈ નથી સર્જનાત્મક રચનાત્મક કાર્ય કરી શકે તથા સ્વરોજગારી મેળવી શકે એવી કેળવણીના બદલે ડિગ્રીધારી બેરોજગારનું સર્જન કરે છે. આવા ડિગ્રીધારી શિક્ષિતો પોતાની ડિગ્રી મુજબ કામ ન મળતા બેરોજગાર રહેવાનું પસંદ કરે છે.

**5. શ્રમની મર્યાદિત ગતિશીલતા :**

શ્રમની ભૌગોલિક કે વ્યવસાયિક ગતિશીલતા મર્યાદિત હોવાને કારણે પણ બેરોજગારી સર્જાય છે. સામાજિક પરંપરા, રીતરિવાજો કૌટુંબિક સંબંધો, સંસ્કૃતિ ધર્મ ભાષા રહેઠાણની સમસ્યા વાહનવ્યવહારની અપૂરતી સવલતો વગેરે કારણોસર વ્યક્તિ રોજગાર માટે સ્થળાંતર કરવાને બદલે બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. ઘણી વખત ગ્રામીણ વિસ્તારોમાં અપૂરતી માળખાકીય સવલતોને કારણે આવિસ્તારમા રોજગારી મળતી હોવા છતા વ્યક્તિ સ્થળાંતર કરવું પડતું હોવાથી બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. આમ, શ્રમિકના ભૌગોલિક કે વ્યવસાયિક ગતિશીલતાના અભાવે પણ બેરોજગારી સર્જાય.

**6. માનવ સંસાધનનુ અયોગ્ય આયોજન :**

ભારત દેશ યુવાનોનો દેશ ગણાય છે.આ યુવા શ્રમદળનો કાર્યશ્રમ ઉપયોગ એ ભાવિ વિકાસની પૂર્વ શરત છે પરંતુ ભારતમાં જે પ્રકારનું મૂડીરોકાણ થકી માનવશ્રમ આકાર પામી રહ્યું છે તે જોતા તેને અનુરૂપ આર્થિક પ્રક્રિયા અપનાવી તેને રોજગારી આપવી મુશ્કેલ છે. કારણ કે વૈશ્વિક સ્પર્ધા સામે ટકી રહેવા આર્થિક પધ્ધતિ વૈશ્વિક પ્રવાહોને આધીન રાખવી પડે છે. શ્રમદળને આધીન નહિ તેથી ભારતમાં માનવ સંસાધનનુ આયોજન વૈશ્વિક અને રાષ્ટ્રીય આર્થિક પ્રવૃત્તિઓને અનુરૂપ થવુ જોઈએ. વાસ્તવમાં વર્તમાન સમયે જે પ્રકારના ટેકનિકલ અને આધુનિક શ્રમવ્યક્તિની જરૂર છે તે પ્રકારનું શ્રમદળ કેળવાનું આયોજન થતુ નથી મોટા પ્રમાણમાં થતા મૂડીરોકાણથી ડિગ્રી પારી શ્રમદળ ઉભુ થાય છે. જેનાથી શિક્ષિત બેરોજગારી સર્જાય છે.

**7. શારીરિક શ્રમ પ્રત્યે ઉદાસીનતા :**

મહાત્મા ગાંધીજીએ માનવ જીવનમાં શરીર શ્રમને અનિવાર્ય ગણાવ્યું છે. કોઈપણ પ્રકારેના શારીરિક શ્રમને નાનુ કામ સમજી નાનમ અનુભવાને બદલે શ્રમનું ગૌરવ લેવુ જોઈએ એમ તેઓ દ્રઢતાપૂર્વક માનતા હતા પરંતુ પ્રવર્તમાન સમયે ટેકનોલોજીનો વિકાસ થતા આર્થિક પ્રવૃત્તિઓ અને જીવનશૈલી પણ બદલાઈ રહી છે તેની સાથે સાથે શરીરશ્રમની અવગણના કે ઉદાસીનતા વધતી જાય છે. લોકમાનસમાં શરીરશ્રમ પ્રતિષ્ઠા ઘટાડનાર પરીબળ બની ગયુ છે. શરીરશ્રમ કરવાથી વ્યક્તિ જયા સુધી વ્હાઈટ કોલર જોબ અથવા ઓફિસ વર્ક ન મળે ત્યાં સુધી બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. દા.ત. ખેતી, પશુપાલન, કડિયાકામ, સુથારી કામ વગેરે પ્રવૃત્તિમાંથી વધુ વળતર મળવા છતા વ્યક્તિ આ વ્યવસાયમાં કામ કરવાને બદલે બેરોજગાર રહે છે. આમ શરીરશ્રમ પ્રત્યેની ઉદાસીના બેરોજગારીને પોષે છે.

**8. સ્વરોજગારલક્ષી સવલતો અભાવ :**

વધતા શ્રમદળને સંગઠિતક્ષેત્રે સંપૂર્ણપણે રોજગારી પૂરી પાડી શકે તે અશક્ય છે.ભારતમાં મોટા પ્રમાણમાં યુવાનો આ ક્ષેત્રે રોજગારી રહે છે. વાસ્તવમાં આ સિવાય સ્વરોજમાં યુવાનો આ ક્ષેત્રે ખુલ્લુ છે.ભારતમાં બેરોજગાર રહેલો શ્રમ જો સ્વરોજગારીના ક્ષેત્રે જોડાય તો બેરોજગારીનો પ્રશ્ન આપોઆપ દૂર થઈ જાય પરંતુ ભારતમાં સ્વરોજગારલક્ષી સુવિધાઓ અપૂરતી છે. ખાસ કરીને ગ્રામીણક્ષેત્રે વિજળી પાણી વાહન તથા સંદેશ વ્યવહાર બેંકિંગ, શિક્ષણ આરોગ્ય વગેરે જેવી પાયાની સવલતો પર્યાપ્ત નથી. સ્વરોજગારલક્ષી તાલિમની વ્યવસ્થા અને જાગૃત્તિનો પણ અભાવ હોવાથી સ્વરોજગારીના ક્ષેત્રો વિકસ્યા નથી.પરિણામે બેરોજગારી વધે છે.

**9. રોજગારલક્ષી કાર્યક્રમોનો બિનકાર્યક્ષમ અમલ અને માહિતીનો અભાવ :**

ભારતમાં બેરોજગારી દૂર કરવા સરકાર દ્વારા વિવિધ રોજગારલક્ષી યોજનાઓ અમલી બનાવાય છે. જેમ કે મનરેગા પ્રધાનમંત્રી રોજગાર યોજના સ્વર્ણજયંતી, ગ્રામ સ્વરોજગાર યોજના વગેરે જેવી યોજનાઓ સમયાંતરે પ્રવર્તમાન સરકાર દ્વારા અમલ થાય છે પરંતુ તેનું કાર્યક્રમ અમલીકરણ થયું નથી, યોજના અંગે લોકોને માહિતી પહોંચતી નથી. લાગવગ, લાંચ, ભ્રષ્ટ્રાચાર વગેરે પરિબળોને કારણે બેરોજગાર સુધી યોજનાઓના લાભ પહોંચતા નથી તેથી બેરોજગારી યથાવત રહે છે.

આમ, ઉપરોક્ત વિવિધ કારણોસર બેરોજગારી ઉદ્દભવે છે ટકી રહે છે અને વધે છે. આ

ઉપરાંત અજ્ઞાનતા ઓછુ શિક્ષણ રોજગારીની દ્રષ્ટિએ કૃષિક્ષેત્રની અવગણના ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકોનો અભાવ રોજગાર વિહિન વિકાસનું આયોજન ગરીબી, કુદરતી સંસાધનનો બિનકાર્યકામ ઉપયોગ વગેરે કારણે પણ બેરોજગારી સર્જાય છે.

## 4.8 ભારતમાં વિવિધ સ્વરૂપે બેરોજગારીનું પ્રમાણ

કોઈ પણ અર્થતંત્રમાં બેરોજગારીનું પ્રમાણ કેટલું છે. તે બેરોજગારીના દરને આધારે વધુ સરળતાથી સમજી શકાય. સામાન્ય રીતે બેરોજગારીનો દર એ પ્રવર્તમાન વેતન દરે કામ કરાતા, કામ કરવાની તૈયારી અને ઈચ્છા ધરાવતા કે કામની શોધમાં હોય એવા તમામ 15 થી 64 વર્ષની વયજુથમાં સમાવિષ્ટ કુલ શ્રમદળ પૈકી કામે જોડાયેલા ન હોય તેવા વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ દર્શાવે છે. ટૂંકમાં કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણને બેરોજગારીનો દર કહેવાય.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (NSSO)ના બેરોજગારીની સ્થિતિ અંગેના 68માં રાઉન્ડ (2011-12)ના અહેવાલ મુજબ ભારતમાં સામાન્ય બેરોજગારી સાપ્તાહિક બેરોજગારી અને દૈનિક બેરોજગારી એમ ત્રણે સ્તરની બેરોજગારીની સ્થિતિમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે...

**(અ)** લાંબાગાળાની બેરોજગારીનું ટકાવારી પ્રમાણ જોતા ભારમાં ગ્રામીણક્ષેત્રે કુલ શ્રમશક્તિ પૈકી 2 ટકા પુરૂષો અને 5 ટકા મહિલાઓ બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં 3 ટકા પુરૂષો અને 5 ટકા મહિલાઓ બેરોજગાર છે. એનો અર્થ ગ્રામીણ કરતા શહેરી વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે.

**(બ)** સાપ્તાહિક બેરોજગારીની દ્રષ્ટિએ ગ્રામીણ ક્ષેત્રે 3 ટકા પુરૂષો અને 4 ટકા મહિલાઓ સાપ્તાહિક બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં આ પ્રમાણ અનુક્રમે 4 ટકા અને 7 ટકા જોવા મળે છે. આમ. સાપ્તાહિક બેરોજગારી પણ ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં વધુ જોવા મળે છે. એ જ રીતે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં બેકારીનો દર ઊંચો છે.

**(ક)** દૈનિક બેકારી અનુસાર ગ્રામીણ વિસ્તારમાં પુરૂષો અને મહિલાઓમાં સમાન રીતે છ ટકા દૈનિક બેકારી છે. જ્યારે શહેરી વિસ્તારમાં 5 ટકા પુરૂષો અને 8 ટકા સ્ત્રીઓમાં દૈનિક બેકારી છે.દૈનિક બેકારીની દ્રષ્ટિએ શહેરી મહિલાઓમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો જોવા મળે છે. જે ચિંતાજનક સ્થિતિ કહી શકાય.

આમ, ટકાવારી પ્રમાણની રીતે જોતા ભારતમાં બેરોજગારીની સ્થિતિ વધુ સ્પષ્ટ કરી શકાય છે. ઈ જ રીતે કુલ શ્રમદળ પૈકી પ્રતિ એક હજારે કામ ન કરનાર વસ્તીના પ્રમાણના આધારે પણ બેરોજગારીની સ્થિતિ જાણી શકાય. જે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યું છે.

**કોષ્ટક : બેરોજગારીનો દર (પ્રતિ 1000)**

| વર્ષ | ગ્રામીણ | | | શહેરી | | | કુલ (ગ્રામીણ + શહેરી) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| સામાન્ય સ્તર | 17 | 17 | 17 | 30 | 52 | 34 | 21 | 24 | 22 |
| સાપ્તાહિક | 33 | 35 | 34 | 38 | 67 | 44 | 35 | 42 | 37 |
| દૈનિક | 55 | 62 | 57 | 49 | 80 | 55 | 56 | 64 | 56 |

સ્રોત – NSSO68th રાઉન્ડ(2011-12)

આ ઉપરાંત ભારતના શ્રમ અને રોજગાર મંત્રાલય તથા CMIE અહેવાલોના આંકડા જોતા તાજેતરમાં ભારતમાં બેરોજગારીનો દર વધુ ચિંતાજનક સાબિત થયો છે. સામાન્ય સ્તરના ખ્યાલ અનુસાર આ બેરોજગારીનો દર કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણ દર્શાવે છે. જે કોષ્ટક પરથી જાણી શકાય.

**કોષ્ટક :** બેરોજગારીનો દર (Unemployment Rate)

| વર્ષ | ગ્રામીણ | | | શહેરી | | | કુલ (ગ્રામીણ + શહેરી) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 2015* | 4.2 | 7.8 | 5.1 | 3.3 | 12.1 | 4.9 | 4.0 | 8.7 | 5.0 |
| 2016 | 5.42 | 20.38 | 7.72 | 6.35 | 31.65 | 10.59 | 5.72 | 24.33 | 8.67 |
| 2017 | 3.18 | 11.15 | 4.26 | 4.02 | 15.63 | 5.59 | 3.47 | 12.65 | 4.71 |
| 2018 | 4.35 | 11.60 | 5.25 | 4.63 | 17.03 | 6.18 | 4.44 | 13.42 | 5.56 |
| Dec -2018 | 5.38 | 14.06 | 6.46 | 5.47 | 19.40 | 7.16 | 5.41 | 15.71 | 6.68 |

**સ્રોત**

- Fifth Annual Report on Employment-Unemployment Survey (2015-16) Ministry of Labour & Employment. labour Bureau Chandigadh.
- Unemployment in India. A statistical Profile, January, April, - 2016. 2017. 2018 & Dec-2018, Centre for Monitoring Indian Economy Pvt. Ltd.

ઉપરોક્ત કોષ્ટક જોતા ભારતમાં મોટા ભાગે સરેરાશ 5 થી 6 ટકાએ રહેતો બેરોજગારી દર તાજેતરમાં પોણા સાત ટકાએ પહોંચી ગયો છે. જો કે વર્ષ 2015 માં સૌથી વધુ 8.67 ટકા બેરોજગારી હતી તે ઘટીને ડિસેમ્બર-2018, 6.68 ટકા છે. તાજેતરમાં પણ ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં સરેરાશ રીતે બેકારીનો દર ઊંચો છે. એ જ રીતે પુરુષો કરતા સ્ત્રીઓમાંબેરોજગારીનો દર સરેરાશ રીતે ત્રણ ગણો ઊંચો જોવામળે છે.

### (2) શિક્ષણ સ્તર મુજબ બેરોજગારીનું પ્રમાણ

શૈક્ષણિક દરજ્જાના આધારે શૈક્ષણિક બેરોજગારીની સ્થિતિ વધુ ઊંડાણપૂર્વક જાણી શકાય. NSSOના 68ર માં રાઉન્ડના અહેવાલ અનુસાર ભારતમાં 15 થી 29 વર્ષની વયજુથ ધરાવતા શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો છે.જેમ કે ગ્રામીણ ક્ષેત્રે 8.1 ટકા યુવાનો અને 15.5 ટકા યુવતીઓ બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં 17 ટકા યુવાનો અને 19.8 ટકા યુવતીઓ બેરોજગાર છે. આમ, ગ્રામીણ કરતાં શહેરી વિસ્તારમાં શૈક્ષણિક બેકારી વધુ જોવા મળે છે. આ ઉપરાંત CMIE ના અહેવાલના તાજેતરના આંકડાઓને આધારે ભારતમાં શૈક્ષણિક બેકારીની પ્રવર્તમાન સ્થિતિ કોષ્ટક નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક : શિક્ષણ સ્તર મુજબ બેરોજગારીનો દર**

| વર્ષ | નિરક્ષર | ધો-5 સુધી | ધો – 6 થી 9 સુધી | ધો – 10 થી 12 સુધી | સ્નાતક કે તેથી વધુ |
|---|---|---|---|---|---|
| 2016 | 4.36 | 2.65 | 8.57 | 12.29 | 17.24 |
| 2017 | 2.33 | 1.59 | 3.03 | 6.56 | 11.21 |
| 2018 | 2.81 | 1.18 | 2.86 | 8.50 | 12.60 |
| Dec-2018 | 0.79 | 1.31 | 4.55 | 10.63 | 13.17 |

- Unemployment in India. A statistical Profile, January, April, - 2016. 2017. 2018 & Dec-2018, Centre for Monitoring Indian Economy Pvt. Ltd.

વર્તમાન સમયે શિક્ષણનો ઉદ્દેશ માનવમૂલ્યોના ઘડતરને બદલે કારકીર્દી ઘડતરનો થતો જાય છે. ત્યારે ઉપરોક્ત કોષ્ટક અને આલેખ દ્વારા અભિવ્યક્ત થતી હકીકત ચોકાવનારી છે. આલેખ અનુસાર નિરક્ષર વ્યક્તિઓમાં બેરોજગારીનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. કોષ્ક અને આલેખમાં દર્શાવ્યા મુજબ છેલ્લા ત્રણે વર્ષ દરમિયાન સ્નાતક કે તેથી વધુ અભ્યાસ ધરાવતા શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે. કારણ કે શિક્ષિત યુવાનોને તેમની લાયકાત અનુસાર કામ ન મળવાને કારણે તેઓ કામની શોધમાં બેકાર રહે છે. જ્યારે નિરક્ષર કે ઓછું ભણેલા યુવાનો કોઈ પણ કામ સ્વીકારી લે છે. તેથી નિરક્ષર કે પ્રાથમિક શિક્ષણ ધરાવનારાઓમાં બેરોજગારીનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

### 4.9 બેરોજગારી દુર કરવાના ઉપાય :

ભારતમાં બેરોજગારીની સમસ્યા પરંપરાગત બની ચૂકી છે. બેરોજગારી એ માત્ર આર્થિક પક્ષ જ નથી. સામાજિક રાજકીય નૈતિક મનોવિજ્ઞાનિક જેવી અનેક સમસ્યાઓની જનની પણ છે. ભારતમાં આયોજનકાળ દરમિયાન બેરોજગારી દૂર કરવાના અનેક પ્રયોસો થયા ખાસ કરીને પાંચમી છઠ્ઠી પંચવર્ષીય છે. યોજનાઓમાં બેરોજગારી નાબૂદી માટે સરકારે વધુ ભાર આપ્યો. આ પ્રયોસોથી રોજગારીમાં વધારો થયો પરંતુ વધતી માંગને પહોંચી વળવા મર્યાદિત રોજગારીની તકો હતી. તેથી બેરોજગારી યથાવત રહી છે. જેના વિવિધ કારણોની ચર્ચા બાદ બેરોજગારી દૂર કરવાના નીચે મુજબના કેટલાંકઉપાયો સૂચવી શકાય.

1. વિસ્તી – નિયંત્રણ
2. રોજગારલક્ષી આયોજન
3. રોજગારલક્ષી શિક્ષણ અને શ્રમશક્તિનું યોગ્ય આયોજન
4. નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ
5. સામાજિક આર્થિક સેવાઓનું વિસ્તરણ
6. સ્વરોજગારલક્ષી તાલીમની વ્યવસ્થા
7. રોજગારલક્ષી યોજનાઓનું પારદર્શી અને કાર્યક્રમ અમલ

**1. વિસ્તી – નિયંત્રણ :**

ભારતમાં વધતા શ્રમદળને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રોજગારીનું સર્જન થતુ નથી તેથી વસ્તીવધારો બેરોજગારીનું કારણ બન્યું છે. પ્રવર્તમાન વસ્તી વૃધ્ધિનો દર 1.6 ટકા

જો યથાવત રહેશે તો બેરોજગારીની સમસ્યા હલ કરવુ મુશ્કેલ બનશે. વર્તમાન સમયે જે પ્રકારની ટેકનોલોજી આધારિત ઉત્પાદન પ્રક્રિયાનું વલણ વેગવત છે. જોતા વિકસિત દેશોની જેમ ભારતમાં પણ રોજગારી સર્જન દર ઘટશે આવી સ્થિતિમાં વસ્તી વૃધ્ધિના દરને નિયંત્રિત કર્યા વગર બેરોજગારી નાબૂદ કરવુ મુશ્કેલ છે.વસ્તી વધારાથી વસ્તી વિષયક મૂડીરોકાણ વધે છે જેને કારણે બચત અને મૂડીરોકાણમાં ઘટાડો થાય છે. જે રોજગારી સર્જનમાં અવરોધક બને છે. તેથી બેરોજગારી દૂર કરવા વસ્તીવૃધ્ધિ પર નિયંત્રણ અનિવાર્ય છે.

**2. રોજગારલક્ષી આયોજન :**

ભારતના આયોજિત વિકાસમાં આયોજનપંચની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. આયોજનકાળ દરમિયાન ઝડપી આર્થિક વૃધ્ધિ પ્રાપ્ત થઈ છે, તેમાં બેમત નથી. બીજી પંચવર્ષીય યોજનાઓમાં ભારે પાયાના અને મૂડી મુલક ઉદ્યોગોને મહત્ત્વ આપ્યુ જેનાથી ભારતનો ઔદ્યોગિક પાયો મજબૂત થયો. ઔદ્યોગિક વિકાસ વેગવંત બન્યો પરંતુ ધાર્યા પ્રમાણમાં રોજગારીનું સર્જન થયુ નથી પાંચમી અને છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન ગરીબી બેરોજગારી નિવારણને મહત્ત્વ આપ્યું.પર્યાપ્ત માત્રામાં રોજગારલક્ષી મૂડીરોકાણ ન થવાથી બેરોજગારી યથાવત રહી. ટૂંકમાં ત્યાર સુધીની યોજનાઓ અસરકારક રોજગાર સર્જન રહી નથી તેથી હવે પછીના આયોજનમાં જાહેર અને ખાનગીક્ષેત્રે પણ રોજગારલક્ષી મૂડીરોકાણ થાય તે અંગે અગ્રિમતા આપવાની આવશ્યકતા છે રોજગારીની સર્જન ક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવાની સાથે સાથે આર્થિક અને નીતિ વિષયક પ્રોત્સાહન આપવું જરૂરી છે. ભારત માટે પરંપરાગત રીતે રોજગારીનુ પ્રાધાન્ય ધરાવતાં કૃષિક્ષેત્રના વિકાસને વધુ મહત્ત્વ આપવાની જરૂરિયાત છે. એજ રીતે ગ્રામોદ્યોગો વ્યક્તિગત અને સામૂહિક સેવાઓ તથા મનરંગા જેવી છેવાડાના માનવીને રોજગારી આપી શકે તેવી રોજગારલક્ષી યોજનાઓ પાછળ વધુ મૂડીરોકાણ કરવુ જોઈએ.

**3. રોજગારલક્ષી શિક્ષણ અને શ્રમશક્તિનું યોગ્ય આયોજન :**

બદલતા વૈશ્વિક આર્થિક પ્રવાહોની સાથે વસ્તુ કે સેવાની માંગન અને ઉત્પાદન પ્રક્રિયામાં પણ ઝડપી ફેરફારો થઈ રહ્યા છે. તેની અસરથી શ્રમક્તિની માંગ સ્વરૂપ પણ બદલાય છે. જેમ કે પ્રવર્તમાન સમયે ઉત્પાદન અને સેવાના દરેક ક્ષેત્ર ટેકનિકલ જ્ઞાન કૌશલ્ય પ્રોફેશનલ વિશિષ્ટિકરણ સંચાલન અને સંશોધન વગેરે સ્વરૂપની કુનેહ ધરાવતી શ્રમશકિતની આવશ્યકતા છે. આધારિત ઉત્પાદન શ્રમની માંગ વધી રહી છે તેથી માંગ મુજબ શ્રમશક્તિના પુરવઠાનુ સર્જન થાય તે પ્રકારનું આયોજન કરવુ જરૂરી બન્યુ છે.

આ માટે પરંપરાગત શિક્ષણ માળખામાં પરિવર્તન કરવાની આવશ્યકતા છે. ચીલાચાલુ અભ્યાસક્રમને બદલે માંગ આધારિત શ્રમશક્તિનું ઘડતર થાય તે મુજબના અભ્યાસક્રમો કે શિક્ષણ પ્રણાલી અપાવવું જોઈએ અને તે માટે યોગ્ય આર્થિક આયોજન તથા નિતિવિષયક પગલા લેવા જોઈએ તો જ બેરોજગારી દૂર કરી શકાશે.

**4. નાના અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ :**

ટેકનોલોજીના સમયકાળમાં બેરોજગારીનું મોટું કારણ મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ છે. તેથી આવા રોર્બોટિક યંત્રોના કારણે સર્જાતી બેરોજગારી દૂર કરવાનો સૌથી અસરકારક ઉપાય નાના અને ગૃહઉદ્યોગોનો વિકાસ કરવામાં રહેલો છે. દા.ત. ખાદી ગ્રામઉદ્યોગો ભરતકામ, સુથારીકામ, દરજીકામ વગેરે નાના ઉદ્યોગો ઓછા મૂડીરોકાણે વધુ રોજગારી

આપવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે આ ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિથી ચાલે છે. આવા ઉદ્યોગોના વિકાસ થકી યંત્રોના બદલે વધુને વધુ શ્રમિકાને રોજગારી આપી શકાય તેથી આવા રોજગારી સર્જક ઉદ્યોગોનો વિકાસ માટે સરકારે પ્રોત્સાહક પગલા લેવાની જરૂર છે.

ગૃહ અને નાના ઉદ્યોગોની સ્થાપના માટે સબસિડી કરવેરામાંથી મુક્તિ ઓછા વ્યાજે લોન બજાર વ્યવસ્થા દરમિયાનની વ્યવસ્થા માંગલક્ષી પ્રોત્સાહનો ઉત્પાદનના અનામત ક્ષેત્રો વગેરે વિવિધ નીતિ વિષયક પગલા લઈને આ ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ. સ્થાનિક જરૂરિયાત મુજબ સ્થાનિક કાચામાલના ઉપયોગ પર આધારિત અને નાના ઉદ્યોગોને કોઈ પણ પ્રદેશમાં વિકાસાવી શકાય છે. દેશના વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારના આવા નાના અને ગૃહઉદ્યોગો વિકસાવીને નોંધપાત્ર રીતે બેરોજગારીમાં ઘટાડી શકાય છે.

**5. સામાજિક આર્થિક સેવાઓનુ વિસ્તરણ :**

સામાજિક- આર્થિક સેવાઓ કે જેને પાયાની અથવા આંતર માળખાકીય સેવાઓ પણ કહી શકાય. દા.ત. વાહન વ્યવહાર, સંદેશ વ્યવહાર, શિક્ષણ આરોગ્ય, વીજળી સિંચાઈ, બેંકિંગ વગેરે આવી સેવાઓના વિસ્તરણથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીનું સર્જન થાય છે. જેમ કે આંતર માળખાકીય સેવાઓના વિસ્તરણથી કૃષિ ઉદ્યોગ અને સેવાક્ષેત્રે મૂડી રોકાણકારોને પ્રોત્સાહન મળે છે. વેપાર ઉદ્યોગ ધંધા ખેતી, પશુપાલન જેવી અનેક આર્થિક પ્રવૃત્તિ કરવાની સગવડ ઉભી થતા આવી રોજગારલક્ષી પ્રવૃત્તિઓનુ વિસ્તરણ થાય છે. જેનાથી જે રોજગારી સર્જાય તે પાયાની સંસ્થાઓના વિકાસ દ્વારા સર્જાયેલી પરોક્ષ રોજગારી એજ રીતે આવી પાયાની સેવાઓના વિસ્તરણને કારણે સેવાક્ષેત્રે વધુ લોકોને કામ કે રોજગારી મળે છે. જે સેવાક્ષેત્રની પ્રત્યક્ષ રોજગારી છે. આમ સામાજિક આર્થિક સેવાઓના વિસ્તરણ થકી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સર્જાતી રોજગારીથી બેરોજગારી દૂર થાય છે.

આ ઉપરાંત આંતર માળખાકીય સેવાઓના અભાવવાળા ગ્રામીણ વિસ્તારમાં કામ મળવા છતા લોકો જવા તૈયાર ન હતા તેવા બેરોજગાર લોકો સેવાઓના વિસ્તરણથી રોજગારી મેળવશે તેથી સરકારે બેરોજગારી દૂર કરવા સામાજિક આર્થિક સેવાઓના વિસ્તરણ પર વધુ ભાવ આપવું જોઈએ.

**6. સ્વરોજગારલક્ષી તાલીમની વ્યવસ્થા :**

સતત વધતી જતી વસ્તીની સ્થિતિમાં માત્ર વેતનયુકત રોજગારીની તકોના વધારાની ભારતની બેકારી દૂર થશે નહિ તેથી વેતનયુકત રોજગારીની સાથે સાથે સ્વરોજગારીની વધુને વધુ તકોને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ માટે વસ્તુ કે સેવાની વર્તમાન માંગ અનુરૂપ ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો અપનાવવા જોઈએ. દા.ત. સુથારીકામ, દરજીકામ, પ્લમ્બિંગ, હાઉસ વાયરિંગ, ઓટો મોબાઈલ રિપેરીંગ, ટીવી, ફ્રિજ મોબાઈલ રીપેરીંગ કમ્પ્યુટર નેટવર્કિંગ અને સોફટવેર, કડીયાકામ, બ્યુટીપાર્લર વગેરે અનેક ક્ષેત્રોમાં સ્વરોજગારીની તકો રહેલી છે. આવા સ્વરોજગારીના ક્ષેત્રોમાં વધુને વધુ યુવાનો જોડાય તે માટે સરકારી બિનસરકારી અને સહકારી સંસ્થાઓ દ્વારા દરેક તાલુકાઓમાં તાલીમ કેન્દ્રો ચલાવવા જોલએ ત્યારબાદ તાલીમ પામેલ ટેકનિશિયનો અને કુશળ કારીગરોને વ્યક્તિગત કે સામૂહિક સેવક્ષેત્રે નાના ઔદ્યોગિક એકમો તથા વેપારી એકમો શરૂ કરવા આર્થિક પ્રોત્સાહન આપવુ જોઈએ.

સ્ટાર્ટ અપ ઈન્ડિયા જેવી યોજનાઓ થકી કુશળ કારીગરોને સરકાર દ્વારા સ્ટાર્ટ અપ ફંડ ઓછા વ્યાજે લોન સબસીડી કરમુક્તિ, ઉત્પાદનના અનામતક્ષેત્રો જેવા આર્થિક અને નીતિવિષયક પ્રોત્સાહનો વધારવા જોઈએ. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સ્વરોજગારીના અનેક અવનવા ક્ષેત્રો ઊભા થઈ રહ્યાં છે. આ ક્ષેત્રોમાં તાલીમ કાર્યક્રમો દ્વારા વધુ પ્રોત્સાહન આપવામાં આવે તો જ ભારતમાં બેરોજગારીની સમસ્યાનો હલ થઈ શકશે.

**7. રોજગાર વિનિમય કેન્દ્રોની ભૂમિકાનો વિસ્તાર :**

દરેક જિલ્લા કક્ષાએ સરકાર દ્વારા રોજગાર વિનિમય કેન્દ્રો ચલાવવામાં આવે છે જે રોજગારી શોધતા બેરોજગારો અને રોજગારી આપતા માલિકો વચ્ચે સંપર્ક માધ્યમ બને છે. રોજગાર વિનિમય કેન્દ્રો દ્વારા બેરોજગારીને માહિતી અને માર્ગદર્શન મળે છે. જેથી તેઓ રોજગારી મેળવી શકે છે પરંતુ તાજેતરમાં આ રોજગાર વિનિમય કેન્દ્રોની કામગીરીને વધુ અસરકારક બનાવવાની અને વિસ્તારવાની જરૂર છે. સરકારી ખાનગી સહકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી રોજગારીની તકોની માહિતી અંતરીયાળ ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારો સુધી પહોંચે તે માટે આવા કેન્દ્રોને વધે સક્રિય બનાવવાની જરૂર છે રોજગાર વિનિમય કેન્દ્રો દરેક જિલ્લા તાલુકા કક્ષાએ દર વર્ષે નિયમિત રીતે ટૂંકાગાળામાં સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો ભરતી મેળાઓ રોજગાર માર્ગદર્શન શિબિર અને રોજગાર જાગૃત્તિ કાર્યક્રમો ચલાવવાની આવશ્કયતા છે.

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કારકીર્દી સેવાની શરૂઆત થઈ છ. જેના વેબ પોર્ટલ દ્વારા બેરોજગારોને ઓનલાઈન નોંધણી અને રોજગારલક્ષી માહિતીની સુવિધા છે. આ અન્વયે દેશભરમાં 100 મોડેલ કેન્દ્રો શરૂ થાય છે. આવા કેન્દ્રોને જિલ્લા તાલુકા કક્ષા સુધી વિસ્તારી અથવા રોજગાર કેન્દ્રો સાથે જોડાણ કરી બેરોજગાર નાબૂદી અભ્યાનની આવશ્યકતા છે.

**8. રોજગારલક્ષી યોજનાઓનુ પારદર્શી અને કાર્યક્ષમ અમલ :**

બેરોજગારી દૂર કરવા સરકાર દ્વારા વિવિધ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન અનેક રોજગારલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ થયુ છે. જેમ કે જવાહર રોજગાર યોજના, સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ, સુવર્ણ જયંતિ ગ્રામ યોજગાર યોજના, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના, મનરેગા શ્રમેવ જયતે સ્કિલ ઈન્ડિયા સ્ટાર્ટઅપ ઈન્ડિયા વગેરે યોજનાઓનુ અમલીકરણ થવા છતા ભારતમાં બેરોજગારી યથાવત છે. તેનુ સૌથી મોટું કારણ યોજનાઓનુ પારદર્શી અને કાર્યક્ષમ અમલનો અભાવ છે. મોટા ભાગની યોજનાઓ ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, રાજકીય દબાણ, લાગવગ, નિષક્રિયતા જેવા અનેક દુષણોનો શિકાર બને છે. આવી સ્થિતિમાં બેરોજગારી દૂર કરવી હોય તો રોજગારલક્ષી યોજનાઓને આવા દુષણોથી મુક્ત કરવુ પડશે એટલે કે રોજગારલક્ષી યોજનાઓનું પારદર્શી અને કાર્યક્રમ અમલ કરવાની જરૂર છે. આ માટે વહીવટીતંત્ર નિષ્ઠાવાન પ્રમાણિક અને કાર્યક્ષમ હોવું જરૂરી છે. આમ, સરકારની રોજગારદાયિ યોજનાઓનું પારદર્શી અને કાર્યક્ષમ અમલ થશે તો જ સરકારના બેરોજગારી દૂર કરવાના પ્રયાસો સફળ થશે.

આ ઉપરાંત રોજગાર વર્ધિતવિકાસને બદલે રોજગાર સર્જન વિકાસની વ્યૂહરચના અપનાવવુ જોઈએ. એ જ રીતે કૃષિ અને ગ્રામોદ્યોગોને મહત્ત્વ શ્રમ પ્રધાન ઉત્પાદન પધ્ધતિની હિમાયત રોજગારીના નવા ક્ષેત્રોને વિકસાવવા વગેરે અનેક વિધ પગલાઓ બેરોજગારી દૂર કરવાના અભિનયરૂપે હાથ ધરવાની આવશ્યકતા છે.

## 4.9 ભારતમાં રોજગારી અને બેરોજગારી :

ભારતમાં બેરોજગારી એક મોટી સમસ્યા છે. ભારતના અર્થતંત્રનુ સ્વરૂપ જુદુ હોવાને લીધે ભારતમાં જે બેકારી છે તે વિકસિત દેશોમાં જે પ્રકારની બેરોજગારી છે તેવી બેરોજગારી નથી. જર્હોન મેનાર્ડ કેઈન્સે એમ કહ્યુ હતુ.વિકસિત દેશોમાં જે બેરોજગારી છે તે અસરકારક માંગના અભાવને લીધે હોય છે. એટલે કે એ દેશોમાં શ્રમની માંગ યંત્રોને લીધે ઓછી હોય છે. લોકો તે સમયે વપરાશ કે મૂડી રોકાણ માટે ખર્ચ કરતા નથી અને તેથી માંગના અભાવે બજારમાં બેરોજગારી ફેલાય છે. એવી બેરોજગારી મોટે ભાગે ચક્રિય બેરોજગારી હોય છે. ભારતમાં બેરોજગારીનું કારણ મોટે ભાગે વ્યાપાર ચક્ર એટલે કે તેજી-મંદીનું ચક્ર નથી હોતું પણ નવી ટેકનોલોજી હોય છે. અને ઓછી આવકને લીધે બજારમાં થતી ઓછી માંગ હોય છે. આવી નવી ટેકનોલોજી આવાનાં કારણે નવી ટેકનોલોજી શીખવી અને કેળવવી જરૂરી બની શકે છે. આ માટે આપણે એક ઉદાહરણ દ્વારા તેની સમજૂતી મેળવી શકીએ.

આપણે જાણીએ છીએ કે ભારતમાં ખૂબ મોટા પ્રમાણમાં પ્રચ્છન બેકારી છે કે જે ખેતી ક્ષેત્રે પ્રવર્તે છે. ખેતીમાં જેટલાં લોકોની જરૂર છે તેના કરતાં વધારે લોકો રોજગારી મેળવે છે. અને તેથી તેઓ બેકાર છે એમ જણાતું નથી. તેમને જો ખેતીમાંથી ખસેડી લેવામાં આવે તો ખેતીના ઉત્પાદન ઉપર કોઈ અસર પડે નહી.

ભારતને માટે કદાચ આ જ સૌથી મોટા પડકાર છે વળી, શહેરોમાં મોટે ભાગે શિક્ષિત લોકોને બેરોજગારી જોવા મળે છે. જરૂરી શિક્ષણ મેળવ્યું હોવા છતાં પણ રોજગારી મળતી નથી કારણ કે અર્થતંત્રનો વિકાસ થતો નથી જો ઉત્પાદનની પ્રવૃત્તિઓ વધે તો જ રોજગારી ઊભી થઈ શકે છે.

- **સંગઠિત ક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્ર :**

ભારત સંગઠિત ક્ષેત્રમાં માત્ર 8 ટકા રોજગારી મળે છે. આ રોજગારી સરકારી ક્ષેત્ર જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં મળતી રોજગારી દર્શાવે છે તેમાં સરકારમાં મળતી રોજગારી સરકારી કંપનીઓ અને બોર્ડ તથા નિગમોમાં મળતી રોજગારી અને મોટી ખાનગી કંપનીઓમા મળતી રોજગારીનો સમાવેશ થાય છે. 1990ના દાયકાના મધ્યથી સંગઠિત ક્ષેત્રનો ફાળો દેશની કુલ રોજગારીમાં ઘટ્યો છે. એટલુ જ નહિ પણ સંખ્યાની દ્રષ્ટિએ પણ સંગઠિત ક્ષેત્રમાં રોજગારીમાં ઘટાડો થયો છે. તેમાં પણ જે ઘટાડો થયો છે તે જાહેર ક્ષેત્રમાં થયો છે પણ ખાનગી ક્ષેત્રમાં તે થોડો જ સમય થયો છે. વાર્ષિક ઉદ્યોગ સર્વે મુજબ 1983-2005 દરમ્યાન સંગઠિત ક્ષેત્રે રોજગાર વૃધ્ધિ દર 0.81 ટકા રહ્યો હતો અને 1993-2005 દરમિયાનના તે 0.82 ટકા રહ્યો હતો. આમ, સંગઠિત ક્ષેત્ર રોજગારી બહુ ઓછા પ્રમાણમાં વધી છે જો કે નેશનલ સેમ્પલ સર્વેની માહિતીને આધારે ટી. એસ.પપોલા અને પી.પી. સાહુ એક અભ્યાસમાં કહે છે કે આજ ગાળાને ધ્યાનમાં લેતા રોજગાર વૃધ્ધિ દર અનુક્રમે 2.71 ટકા અને 3.12 ટકા રહ્યો છે.

સામાન્ય રીતે સંગઠિત ક્ષેત્ર એટલે કારખાના ધારા હેઠળ જે કારખાનામાં વીજળી સાથે 10 કામદારો કામ કરતા હોય અને વીજળી વિના 20 કામદારો કામ કરતા હોય તે સંગઠિત ક્ષેત્રના કામદારો કહેવાય એ સિવાયના ઉત્પાદન ક્ષેત્રના બધા કામદારો અસંગઠિત ક્ષેત્રના કામદારો કહેવાય અને એસ.એસ.ઓ. ના 68માં રાઉન્ડના 2011-12 ના સર્વે અનુસાર જો વ્યક્તિગત માલિકીના અને ભાગીદારી પેઢીના સાહસોને ધ્યાનમાં લેવામાં આવે તો બિનખેતી ક્ષેત્રે 95 ટકા રોજગારી અસંગઠિત ક્ષેત્ર મળતી હતી આ જ સર્વે અનુસાર 2004 12 દરમ્યાન ભારતમાં કુલ રોજગારી 45.79 કરોડથી વધીને 47.24 કરોડ થઈ હતી. આ જ ગાળા દરમ્યાન

સંગઠિત ક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ 18.54 કરોડથી વધીને 20096 કરોડ થયુ હતુ આમ સંગઠિત ક્ષેત્રમાં રોજગારી 6.3 ટકાથી વધીને 10.1 ટકા થઈ હતી.

- **રોજગારવિહીન વૃધ્ધિ :**

ભારતમાં રોજગાર વૃધ્ધિનો દર 1972-84 દરમ્યાન 2.44 ટકા હતો. અને તે 1983-94 દરમ્યાન 2.02 ટકા થયો હતો. જો કે તે 1993-2005 દરમ્યાન 1.84 ટકા થયો હતો. આમ, રોજગાર વૃધ્ધિનો દર ઘટતો ગયો છે એ એક હકીકત છે બીજી તરફ 1970-80ની ગાળા દરમ્યાન ભારતનો જીડીપીનો વૃધ્ધિ દર 3.૫ ટકાની આસપાસ હતો અને તે 1980-2000 ના ગાળા દરમ્યાન ૫.૫ ટકાની આસપાસ હતો અને તે પછી તો તે લગભગ 7.૫ ટકા જેટલો રહ્યો છે. આમ, ભારતમાં રોજગારવિહીન આર્થિક વૃધ્ધિ થઈ છે એમ કહી શકાય.

ભારત સરકારના લેબર બ્યુરો દ્વારા જે અહેવાલ બહાર પડ્યો છે તે એમ જણાવે છે કે 2016-17 માં રોજગારીમાં સર્જનનો દર 1.1 ટકા જેટલો જ રહ્યો છે જો કે આ જ ગાળા દરમ્યાન દેશનો આર્થિક વૃધ્ધિ દર 7 ટકાથી વધારે રહ્યો હોવાનો અંદાજ છે. લેબર બ્યુરોએ તેના એક બીજા અહેવાલમાં એમ પણ જણાવ્યું હતું કે દેશના બેરોજગારનો દર 2015 માં 5.0 ટકા હતો કે જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે હતો અને 15 વર્ષથી વધુ વયના લોકોમાં અર્ધ બેરોજગારીનું પ્રમાણ 35% હતુ. લેબર બ્યુરોના અહેવાલ પ્રમાણે ભારતમાં 2011 માં 3.8 ટકા 2012 માં 4.7 ટકા અને 2013 માં 4.9 ટકા બેરોજગાર હતા. કેટલી નવી નોકરીઓનું કેટલુ સર્જન થયુ તે જાણવા માટે લેબર બ્યુરો દ્વારા દર ત્રણ મહિને 10000 ઔદ્યોગિક એકમોનો સર્વે કરવામાં આવે છે અને બેકારી માપવા માટે દર વર્ષે 7.8 લાખ લોકોના સર્વે કરવામાં આવે છે. નોકરીઓના સર્જન માટેના સર્વેમાં જે આઠ ક્ષેત્રોને આવરીલેવામાં આવે છે. તેમાં ઉત્પાદન, બાંધકામ, વ્યાપાર, પરિવહન, રેસ્ટોરાં, આઈટી અને બીપીઓ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈ.એલ.ઓ.) દ્વારા એક અભ્યાસમાં એમ જણાવાયું છે કે ભારતમાં 2016 માં 1.77 કરોડ લોકો બેરોજગાર હતા અને 2017 માં તે 1.78 કરોડ થશે અને 2018 માં તે વધીને 1.80 કરોડ થશે.

- **રોજગારી અને બેકારીનો સર્વે :**

ભારત સરકારના લેબર બ્યુરો દ્વારા 2013-14 માં અને 2015 માં બેરોજગારી અને રોજગારી અંગે સર્વે કરતા હતા તેને આધારે જે માહિતી બેરોજગારી દર વિષે જણાવે છે.

1. સ્ત્રીઓમાં બેરોજગારીનો દર ગામડામાં ઘણો વધ્યો છે. પણ શહેરોમાં થોડોક ઘટ્યો છે જો કે એકંદરે બેરોજગારીના દરમાં વધારો થયો છે.
2. પુરુષોમાં બેરોજગારી દર ગ્રામ વિસ્તારોમાં યથાવત રહ્યો અને શહેરોમાં ઘટ્યો છે. એકંદરે પુરુષો અને બેરોજગારીનો દર સહેજ ઘટ્યો છે.
3. સમગ્ર દેશમાં ગામડામાં બેરોજગારીનો દર વધ્યો છે.શહેરોમાં ઘટ્યો છે અને એકંદર બેરોજગારીના દરમાં નજીવો વધારો થયો છે.
4. સમગ્ર દેશમાં સ્ત્રીઓમાં બેરોજગારી દર પુરૂષો કરતા વધ્યો છે.

**ભારતમાં બેકારીનો દર**

| ક્ષેત્ર ગ્રામીણ | સ્ત્રીઓ | પુરૂષો | કુલ |
|---|---|---|---|
| 2013-14 | 6.4 | 4.2 | 4.7 |
| 2015-16 | 7.8 | 4.2 | 5.1 |
| **શહેરી** | | | |
| 2013-14 | 12.4 | 3.9 | 5.5 |
| 2015-16 | 12.1 | 3.3 | 4.9 |
| **કુલ** | | | |
| 2013-14 | 7.7 | 4.1 | 4.9 |
| 2015-16 | 8.7 | 4.0 | 5.0 |

2015-16 ના રોજગારી અને બેકારી અંગેના સર્વેમાંથી જે તારણો મળે છે તે નીચે મુજબ છે.

1. 24 ટકા પરિવારોને સરકાર દ્વારા જે રોજગાર સર્જનના કાર્યક્રમો ચલાવાય છે તેનો લાભ મળે છે. તેમાં મનરેગા એસજીએસવાય અને અન્ય કાર્યક્રમોનો સમાવેશ થાય છે.
2. સૌથી વધુ 48 ટકા ઘરોમાં એક વ્યક્તિને અને 30.6 ટકા ઘરોમાં બે વ્યક્તિને રોજગારી મળેલી હતી.
3. 77 ટકા પરિવારો એવા છે કે જેમા કોઈ નિશ્ચિત કે નિયમિત વેતન કે પગાર નથી.
4. દેશમાં 67 ટકા પરિવારોની માસિક આવક 10, 000 કરતાં ઓછી હતી. જો કે ગામડામાં એ પ્રમાણ 77 ટકા હતુ અને શહેરોમાં તે પ્રમાણ 45ટકા હતું.
5. મધ્ય પ્રદેશમાં 35.8% પશ્ચિમ બંગાળમાં 34.5% ટકા અને ઓડિસામાં 29.8% પરિવારો એવા હતા કે જેમની માસિક આવક 5000 કરતા ઓછી હતી.
6. 15 વર્ષથી વધુ વયના લોકોમાં 47.8 % લોકોને રોજગારી મળેલી હતી.
7. 46.6 % કામદારો સ્વરોજગાર પ્રાપ્ત હતા અને 32.8% કામદારો, આકસ્મિક કામદારો હતા માત્ર 17 ટકા લોકો નિયમિત વેતન કે પગાર મેળવનાર 3.7 ટકા કામદારો, કોન્ટ્રાકટ કામદારો હતા.
8. જે લોકોને નિયમિત વેતન કે પગાર મળે છે તેમાંથી 57.2% ને માસિક 10, 000 કરતાં વધારે વેતન મળતું હતું 59.3% આકસ્મિક કામદારોનું માસિક વેતન 5000 કરતાં પણ ઓછુ હતું.
9. 58.3 ટકા સ્નાતક અને 6૨.4 ટકા અનુસ્નાતક બેરોજગારોએ એમ જણાવ્યુ કે તેમની કુશળતા શિક્ષણ અને અનુભવ અનુસાર તેમણે રોજગારી મળતી નથી માટે તેઓ બેરોજગાર છે જયારે 22.8 ટકા સ્નાતકો એ અને 21.5 ટકા અનુસ્નાતકોએ એમ જણાવ્યુ હતુ કે તેમને પૂરતુ વેતન મળતુ નથી માટે તેઓ બેરોજગાર છે.

સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમી ના અહેવાલ મુજબ ફેબ્રુઆરી 2018 માં ભારતમાં બેરોજગારીનો દર 6.06 ટકા હતો. શહેરોમાં તે 6.84 ટકા હતો અને ગ્રામ વિસ્તારોમાં તે 5.65 ટકા હતો. આ દર માર્ચ 2017પછીના ગાળામાં સૌથી વધારે રહ્યો છે. જાન્યુઆરી 2019 માં આ સંસ્થાઓ એમ જણાવ્યુ હતુ કે ભારત 2017-18 માં 110 લાખ રોજગારી હતી.

- **NSSO સર્વે :**

નેશનલ સેમ્પલ સર્વે ઑફિસનો 2017-18 નો ભારતમાં પ્રવર્તમાન બેરોજગારી અંગેનો સર્વે નીચે મુજબની વિગતો જણાવે છે.

1. 2017-18 માં કુશળ કે તાલીમબદ્ધ લોકોમાં બેરોજગારીનો દર 12.4 ટકા કે જે 2011-12માં 5.9% હતો.
2. સમગ્ર દેશમાં બેરોજગારીનો દર 2017-18 માં 6.1 ટકા હતો કે જે 45 વર્ષમાં એટલે ક 1972-73 પછી સૌથી વધુ હતો કે જ્યારે તે 5.18 ટકા હતો.
3. ઓછું શિક્ષણ ધરાવનાર કરતા વધુ શિક્ષણ મેળવનાર બેરોજગારીનું પ્રમાણ વધારે છે.
4. શહેરોમાં બેકારીનો દર 7.8 ટકા હતો અને ગ્રામ્ય વિસ્તારોમાં 5.3 ટકા હતો.
5. ગ્રામીણ મહિલાઓમાં બેરોજગારીનો દર 2017-18 માં 13.6 ટકા હતો કે જે 2011-12 માં 4.8 ટકા હતો શિક્ષિત વર્ગમાં વિસ્તારોમાં મહિલાઓમાં બેરોજગારીનો દર પુરૂષો કરતાં વધારે છે અને તેવું જ શહેરી વિસ્તારોમાં પણ છે.
6. શ્રમનો ભાગીદારીનો દર પણ 2017-18 માં ઘટીને 36.9 ટકા હતો કે જે 2011-12 માં 39.5 ટકા હતો.
7. ગ્રામીણ અને શહેરી મહિલાઓ અને પુરૂષોમાં 2011-12 માં બેરોજગારીનો દર સૌથી ઓછો હતો અને 2017-18 તે વધારે હતો.
8. વ્યવસાયી કે ટેકનિકલ તાલીમબધ્ધ લોકોમાં શ્રમ દળમાં જ ના હોય તેવા લોકોનું પ્રમાણ 2017-18 માં 2011-12 કરતા ઘટયું છે. તેનો અર્થ પણ એમ થાય કે બેરોજગારી વધી છે.

**ભારતમાં શિક્ષિત વર્ગમાં બેરોજગારીનું ટકાવારી પ્રમાણ**

| ટકા | **2004-05** | **2011-12** | **2017-18** |
|---|---|---|---|
| ગ્રામીણ પુરૂષો | 4.4 | 3.6 | 10.5 |
| ગ્રામીણ સ્ત્રીઓ | 15.2 | 9.7 | 17.3 |
| શહેરી પુરૂષો | 5.1 | 4.0 | 9.2 |
| શહેરી સ્ત્રીઓ | 15.6 | 10.3 | 19.8 |

**વ્યવસાયી કે ટેકનિકલ તાલીમબધ્ધ લોકોની સ્થિતિ**

| **ટકા** | **બેકાર** | **શ્રમ દળમાં નથી.** | | |
|---|---|---|---|---|
| | 2011-12 | 2017-18 | 2011-12 | 2017-18 |
| પુરૂષો | 5.7 | 13.8 | 22.0 | 16.4 |
| સ્ત્રીઓ | 6.4 | 10.4 | 59.7 | 51.5 |
| કુલ | 5.9 | 12.4 | 35.8 | 31.0 |

(સ્ત્રોત :NSSO 2019-20)

**4.10 બેરોજગારી અને સરકારની નીતિ :**

ભારતમાં આયોજનકાળની પ્રથમ ચાર પંચવર્ષીય યોજના દરમિયાન આર્થિક વિકાસનો દર નોંધનીય રહ્યો. પરંતુ બેરોજગારીની સમસ્યા વધુ ચિંતાજનક બનતાં પાંચમી પંચવર્ષીય યોજનાથી સરકાર રોજગારલક્ષી કાર્યક્રમો પર વધુ ભાર આપ્યો.

ઈ.સ.1947 થી શરૂ થયેલી પાંચમી પંચવર્ષીય યોજનાથી લઈને બારમી પંચવર્ષીય યોજના સુધીનાં આયોજનકાળ દરમિયાન સરકાર દ્વારા રોજગારલક્ષી વિવિધ કાર્યક્રમો અમલી બનાવ્યા અને બેકારી દૂર કરવાનાં પ્રયાસો કર્યા.

ભારતમાં બેરોજગારીની સમસ્યામાં ઉકેલ માટે સમયાંતરે સરકાર દ્વારા વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમોનો અમલ થયો છે. પાંચમી પંચવર્ષીય યોજના બાદ દરેક યોજનાકાળમાં એક થી વધુ કાર્યક્રમોનો અમલ થયો છે. પરંતુ સરકાર બદલાતા યોજનાઓ પણ બદલાઈ જાય છે. સમયાંતરે રોજગારલક્ષી કાર્યક્રમોનાં સ્વરૂપ અને તેની જોગવાઈઓમાં પણ બદલાવ જોવા મળે છે. એક કાર્યક્રમનો બીજા કાર્યક્રમમાં રૂપાંતર કરીને નામ બદલીને કે જોગવાઈમાંસુધારા વધારો કરીને આજ સુધી વિવિધ કાર્યક્રમોનું એક અથવા બીજા સ્વરૂપે અમલ થતો આવ્યો છે.

- જેમ કે FWP ને NREP માં સામેલ કરવામાં આવી. NREP અને REP ને જવાહર રોજગાર યોજના SGRYમાં ભેળવી દીધી. આ જ રીતે JRY અને રોજગાર બાહેધરી યોજનાને સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના SGRYમાં રૂપાંતર કર્યુ. SGRYને 2006 થી મનરેગા માં સમાવી લેવામાં આવ્યું જે હાલમાં ચાલુ છે.
- આ ઉપરાંત IRDPઅને TRYSEMને સવર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના(SGSY) માં સામેલ કરવામાં આવ્યું અને SGSY ને 2010બાદ રાષ્ટ્રીય આજીવિકા મિશન (NRLM)માં આવરી લેવામાં આવ્યું. જે હાલમાં અંત્યોદય યોજના અને DDU-CDKYનાં રૂપે અમલમાં છે. આ તમામ રોજગારલક્ષી કાર્યક્રમો કે યોજનાઓ પૈકી તાજેતરમાં અમલી કેટલાંક કાર્યક્રમો નીચે મુજબ છે.

1. મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ (Mahatma Gandhi National Rural Employment Qurantee Act-MNREGA)
2. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (National Rural Livelihoods Mission – NRLM)
3. દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના(DDU-GKY)
4. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI)
5. પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (Prime Minister Employment Generation Programme (PMEGP)
6. રાષ્ટ્રીય કારકિર્દી સેવા (NCS)
7. Start up India and Stand up India

1. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ - 2005 (MNREGA)
2. મનરેગા કેન્દ્ર સરકારની ગ્રામીણ બેરોજગાર કુટુંબને રોજગારી ખાતરી આપતો અધિનિયમ છે. 7, સપ્ટેમ્બર, 2005 ના રોજ તેને કાયદાકીય દરજ્જો મળ્યા બાદ 1 ફેબ્રુઆરી, 2006 થી પ્રથમ તબક્કામાં દેશના 200 જિલ્લાઓમાં તે લાગુ પાડયો. 1 એપ્રિલ, 2008 થી આ અધિનિયમ દેશના તમામ જિલ્લાઓમાં લાગુ થયો. આ અધિનિયમ અગાઉની

સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના અને કામના બદલામાં અનાજની યોજનાઓને સમાવી લીધી છે. ગાંધીજીની 140 મી જન્મ જયંતી ઓક્ટોબર 2006 થી આ અધિનિયમ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ મનરેખા તરીકે ઓળખાય છે. મનરેગા બિનકુશળ મોસમી અને પ્રચ્છન બેરોજગારી માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ છે. ખાસ કરીને મહિલાઓ SC અને ST માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ છે.

**1. મનરેગાનો મુખ્ય ઉદ્દેશ :**

દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબના સભ્યો કે જે બિનકુશળ મજૂર વર્ગના છે અને કામ કરવાની ઈચ્છા ધરાવે છે. આવા કુટુંબો જીવનનિર્વાહ કરી શકે તે માટે તેમને કુટુંબદીઠ પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની રોજગારીની ખાતરી આપવાનો ઉદ્દેશ છે.

**2. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન :**

National Rural Livelihoods Mission – NRLM અથવા દીનદાયાલ અત્યોદય યોજના NALMભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ગરીબ કુટુંબોને દેશની મુખ્ય ધારા દૂર કરવાનો છે. આ હેતુને ધ્યાનમાં રાખી જૂન 2011 માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનની શરૂઆત કરી. આ મિશનમાં વર્ષ 1999 થી અમલમાં રહેલ સ્વર્ણ જયંતી ગ્રામ સ્વ-રોજગાર યોજના (SGSY) ને સમાવી લેવામાં આવી છે. નવેમ્બર 2015માં મિશનનું નામ બદલીને દીન દયાલ અત્યોદય યોજના (Day-NRLN) રાખવામાં આવ્યું છે.

- **ઉદ્દેશ :**

ગ્રામીણ ગરીબ કુટુંબોનો સક્ષમ અને કાર્યક્ષમ સંસ્થાકીય મંચ પુરુ પાડી તેમની આજીવિકા વધારવી નાણાકીય સંવાઓ સુધી તેમની પહોંચ વધુ સરળ બનાવવી અને તેમની કૌટુંબિક આવકમાં વધારો કરવો.

**3. દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) :**

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 25 સપ્ટેમ્બર 2014 ના રોજ DDU-GKY ની જાહેરાત કરવામાં આવી. આ યોજના NRLM નો એક ભાગ છે. જે બેવડા ઉદ્દેશ સાથે કાર્ય કરે છે.

1. ગ્રામીણ ગરીબ કુટુંબોની આવકમાં વિવિધતા લાવવુ અને
2. ગ્રામીણ યુવાનોની કારકીર્દીની મહત્ત્વકાંક્ષાને પૂર્ણ કરવુ આ યોજના સ્કિલ ઈન્ડિયા ઝુંબેસના ભાગરૂપે મેકઈન ઈન્ડિયા, ડિઝિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅ. ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા સરકારના કાર્યક્રમોને આપવા મહત્ત્વપૂર્ણ સાક્ષિત થઈ છે.

આ યોજના અન્વયે ગ્રામીણ ગરીબ યુવાનોને કાયમી વેતન આધારિત માટે કુશળ બનવવામાં આવે છે. બેરોજગાર યુવાનો કે જે રોજગારીની શોધમાં છે તેમને મૂડીરોકાણ, કૌશલ્ય નિર્માણ, આંતર રાષ્ટ્રીય કેન્દ્રિય વાસના જોડાણ, કૌશલ્ય વર્ધક તાલીમ ટેકનિકલ સહાય, નાણાકીય ધિરાણ વગેરેની સુવિધા પૂરી પાડી તેમને વેતન યુક્ત રોજગારી અને સ્વ-રોજગારી માટે સક્ષમ બનાવવામાં આવે છે. પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ 2014- 2015વર્ષ 2017-18 સુધી કુલ 5.74લાખ લાભાર્થીઓને તાલીમ આપી. 3.55લાખને રોજગારી આપવામાં આવી છે. યોજનામાં લાભાર્થીઓ તરીકે SC/ST મહિલાઓ તથા વિકલાંગ ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**3. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) :**

(Rural Self Employment Training Institution) RSETI એ DDU-GKY નો એક ભાગ છે. આ સંસ્થા અંતર્ગત બેરોજગાર યુવાનોને સ્વરોજગાર અને વેતનયુક્ત રોજગારી માટે કુશળ બનાવવામાં આવે છે. ભારતની બેંકો અને રાજ્ય સરકારોના સહયોગથી આ સંસ્થાને સહાય મળે છે. ગ્રામીણ યુવાનોમાં સ્વ-રોજગારલક્ષી કૌશલ્ય વિકસાવવા RSEIT સંસ્થા તાલીમ કેન્દ્રોની ભૂમિકા અદા કરે છે.

દેશભરમાં 566 જિલ્લાઓમાં 586 સંસ્થાઓ દ્વારા ગ્રામીણ યુવાનોને તાલીમ આપવામાં આવે છે. વર્ષ 2014-2015થી 2017-18 સુધીમાં કુલ 16.67 લાખ યુવાનોને તાલીમ આપી. 12.65લાખ તાલીમાર્થીઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે. એજ રીતે વર્ષ 2017-18 સુધીમાં 5.19 લાખ ઉમેદવાઓને બેંકો દ્વારા સ્વરોજગાર વ્યવસાય માટે RSETI ના માધ્યમથી ધિરાણ પ્રાપ્ત થયુ છે. સંસ્થા દ્વારા મહિલાઓ વિકલાંગ SC/ST વર્ગના તાલીમાર્થીઓને અગ્રિમતા આપવામાં આવે છે. RSETI દ્વારા વર્ષમાં 30 થી 40 કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ચલાવવાનો સંકલ્પ છે. જેમાં ખેતી અને તેને આનુષાંગિક ક્ષેત્રો સ્થાનિક માંગ અને પરિસ્થિતિ મુજબ તાલીમ કાર્યક્રમો દ્વારા સ્વરોજગાર અને વેતનયુકત રોજગારી માટે ગ્રામીણ યુવાનોને સક્ષમ બનાવવાનું છે.

5. **પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) :**

આ કાર્યક્રમ રોજગાર સર્જનના હેતુથી નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટેનો કાર્યક્રમ છે. જેને 11 માર્ચ 2016થી લાગુ પાડવામાં આવ્યુ. આ કાર્યક્રમનો અમલ રાષ્ટ્રીય કક્ષાએ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા થાય છે તથા રાજ્ય કક્ષાએ ખાદી અને ગ્રામદ્યોગ બોર્ડ (KVIB) અને જિલ્લા કક્ષાએ જિલ્લા ઉદોગ કેન્દ્ર (DIC) દ્વારા અમલીકરણ થાય છે. PMEGP એ અગાઉની પ્રધાનમંત્રી રોજગાર યોજના અને ગ્રામીણ રોજગારી કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વરોજગારીને પ્રોત્સાહિક કરવા આ કાર્યક્રમ અન્વયે લાભાર્થીને 10 થી 35લાખ સુધીના લોન મળવાપાત્ર છે તથા કુલ ખર્ચના 15થી 25ટકા સબસીડીની જોગવાઈ છે. આમ, સ્વરોજગારીના સર્જન દ્વારા બેરોજગારીને ઘટાડવા આ કાર્યક્રમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.

**6. રાષ્ટ્રીય કારકીર્દી સેવા (NCS)**

ભારત સરકારના રોજગાર અને શ્રમ મંત્રાલય તથા રોજગાર અને તાલીમ નિદર્શકના સંયુક્ત ઉપક્રમે NCS (National Career Service) કેન્દ્રો ચલાવવામાં આવે છે. જેનો ઉદ્દેશ વિવિધ રોજગારલક્ષી સેવાઓ પૂરી પાડી બેરોજગારીનુ નિયમ કરવાનુ છે. માર્ચ - 2015 થી નવા સુધારા સાથે વિવિધ રોજગાર કેન્દ્રો અને વેબ પોર્ટલના માધ્યમથી રોજગારલક્ષી સેવાઓ બેરોજગારો સુધી પહોંચાડે છે. રોજગારદાતા અને રોજગારી શોધનાર વચ્ચે NCS સેતુરૂપ કાર્ય કરે છે. NCSના માધ્યમથી બેરોજગારોને માર્ગદર્શન સલાહ સૂચનો અને નોકરી દાતાઓ સાથેના સંપર્ક વધતા રોજગારી સર્જનને વેગ મળ્યો છે.

**7. Start up India અને Stand up India :**

ભારત સરકારના ઔદ્યોગિક નીતિ અને સવર્ધન વિભાગ દ્વારા 16 જાન્યુઆરી ૨016 ના રોજ Start up India ની શરૂઆત થઈ. જેનો પ્રમુખ ઉદ્દેશ નાના ઉદ્યોગ સાહસિકોને સરળ ધીરાણની સુવિધા દ્વારા પ્રોત્સાહિત કરવાનો છે. જેથી સ્વરોજગારી અને વેતનયુક્ત રોજગારીની તકોમાં વેગવંત બનાવી શકાય.

એ જ રીતે Stand up India યોજના સરકારે એપ્રિલ ૨016 થી લાગુ કરી છે. જેનો ઉદ્દેશ અનુસુચિત જાતિ અનુસૂચિત જન જાતિ અને મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકોને વિકસાવી તેમને પ્રોત્સાહન આપવાનું છે. આ યોજના અન્વયે લાભાર્થીઓને નવા વેપર ધંધા અને ઉદ્યોગો માટે રૂા. 10 લાખથી 1 કરોડ સુધીની ધિરાણની સુવિધા પૂરી પાડીને તેમને આર્થિક રીતે પગભર કરવા માટે સહાયરૂપ થવાનું છે.

આમ, તાજેતરમાં સરકાર દ્વારા વિવિધ સ્વરોજગારલક્ષી અને વેતનલક્ષી રોજગારીના કાર્યક્રમોનું અમલીકરણ થઈ રહ્યુ છે. જેમાં ખાસ કરીને બેરોજગારોમાં કૌશલ્ય નિર્માણ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા તરફ સરાકારનો વધુ ઝોક જોવા મળે છે.

| ક્રમ | પંચવર્ષીય યોજના | રોજગારલક્ષી કાર્યક્રમો | ઉદ્દેશ |
|---|---|---|---|
| 1. | પાંચમી યોજના (Food for work FWO) | અનાજના બદલામાં કામ | અનાજનાબદલામાં કામ આપી ગ્રામીણક્ષેત્રે પૂરક રોજગારીનું સર્જન કરવું. |
| 2. | પાંચમી યોજના | ગ્રામીણ યુવકોને સ્વરોજગારીની તાલીમ આપતો કાર્યક્રમ (Traning Rural youth for self Employment) | ગ્રામણ યુવકોને સ્વરોજગારીની તાલીમ આપી આર્થિક રીતે સ્વાવલંબી બનાવવું. |
| 3. | છઠ્ઠી યોજના | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી કાર્યક્રમ (National Rural Emplyment Programme NREP) | ગ્રામીણ ગરીબ બેરોજગારોને રોજગારી પૂરી પાડવી. |
| 4. | છઠ્ઠી યોજના | સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ (Integrated Rural Development Programme IRDP) | ગરીબી રેખા હેઠળ ગ્રામીણ કુટુંબો માટે સ્વરોજગારી અને સંપતિના સર્જન કરવુ આ માટે સ્વરોજગારલક્ષી વ્યવસાયો ઊભા કરવા તેમને સબસીડી અને ધિરાણની જોગવાઈ કરવી. |
| 5. | છઠ્ઠી યોજના | ગ્રામીણ જમીન ધિરાણો માટે રોજગારી બાંહેધરી કાર્યક્રમો (Rural Landtess Employment Guarantee Programme (EREGP) | ગ્રામીણ ગરીબ જમીન વિહોણા દરેક કુટુંબમાંથી એક સભ્યને વર્ષમાં 100 દિવસની રોજગારી ખાતરી આપવી. |
| 6. | સાતમી યોજના | જવાહર રોજગાર યોજના (Jawahar Rozgar Yojana- JRY) | ગ્રામીણ કુટુંબોના ઓછામાં ઓછા એક સભ્યને વર્ષમાં 50 થી 100 દિવસની રોજગારી આપવી |
| 7. | સાતમી યોજના | નહેરુ રોજગાર યોજના (Nehru Rozgar Yojana (NRY) | શહેરીગરીબ બેરોજગાર કુટુંબોને રોજગારી આપવી. |
| 8. | આઠમી યોજના | પ્રધાનમંત્રી રોજગાર યોજના (Prime Minister Rozgar Yojana (PMRY) | શિક્ષિત બેરોજગાર યુવાનોને સ્વ-રોજગારી માટે મદદરૂપ થવું. |
| 9. | આઠમી યોજના | રોજગાર બાંહેધરી યોજના (Emploment Assurance Scheme- EAS) | ખેતીના ——દરમિયાન ગ્રામીણ વિસ્તારના કુશળ અને બિનકુશળ કુટુંબોને વર્ષમાં 100 દિવસની રોજગારીની ખાતરી |
| 10. | આઠમી યોજના | ગ્રામીણ રોજગારી સર્જન કાર્યક્રમ (Rural Employment REGP) | ખાદી અને ગ્રામઉદ્યોગપંચ મારફ્ત વિસ્તારમાં નાના ઉદ્યોગોની સ્થાપના માટે ધિરાણ અને નાણાકીય સહાય દ્વારા સ્વરોજગારીની તકોનું સર્જન કરવું. |

| | | | |
|---|---|---|---|
| 11. | નવમી યોજના | સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (SSRY) માટે આર્થિક સહાય પુરી પાડવી | બેરોજગાર અને અર્ધ બેરોજગાર શહેરી લોકોને સ્વરોજગારલક્ષી સાહસો સ્થાપવા |
| 12. | નવમી યોજના | સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) | એક મતથી સાહસિકોને પ્રોત્સાહન આપવુ ગ્રામીણ બેરોજગાર સ્વાશ્રયી જુથછના સંગઠિત કરી તેમને સ્વરોજગારલક્ષી તાલીમ આપવી તથા સ્વરોજગારી ઉભી કરવા નાણાકીય સહાય બેંક ધિરાણ બજારવ્યવસ્થા અને અન્ય સહાયક સેવા પૂરી પાડવી. |
| 13. | દસમી યોજના | સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (SGRY) | ગ્રામીણ ગરીબોને વેતનયુક્ત રોજગારી તથા અન્નસુરક્ષા પૂરી પાડવી અને સામાજિક આર્થિક રીતે ટકાઉ અસ્કામનોનું સર્જન |
| 14. | દસમી યોજના | જ્ય પ્રકાશ રોજગાર ગેરંટી યોજના (JRGY) | દેશના સૌથી પિડિત જિલ્લાઓનું બેરોજગારોને રોજગારીની ખાતરી આપવી. |
| 15. | અગિયારમી યોજના | મનરેગા રોજગારી ખાતરી આપવી અને ગ્રામીણ (MNREGA) | ગ્રામણ બિનકુશળ શ્રમિક કુટુબોને વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની પાયાની સવલતોનું નિર્માણ કરવું |
| 16. | અગિયારમી યોજના | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (National Rural ___Mission NRLM) | ગ્રામણ ગરીબ કુટુંબોની સમક્ષ અને કાર્યક્ષમ સંસ્થાકીય મંચ પાડી તેમની આજીવિકા વધારવી નાણાકીય સંસ્થાઓ સુધી તેમની પહોંચ વધુ સરળ બનાવવી અને |
| 17. | બારમી યોજના | પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (Prime Minister Employment ____ | નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ દ્વારા સ્વરોજગારીની તકોનું સર્જન અને પ્રોત્સાહન આપવું. |

## 4.12 સ્વાધ્યાય

1. TRYSEMનું પૂરું નામ જણાવો.
2. બેરોજગારીનોઅર્થ જણાવો.
3. ટૂંકનોંધ લખો :
    1. બેરોજગારીનું માપન
    2. ફિલ્પિસ રેખા
    3. બેકારીનો કુદરતીદર
    4. ભારતમાં બેરોજગારીનું સ્વરૂપ
4. બેરોજગારીનાં પ્રકારો સમજાવો.
5. ભારતમાં બેરોજગારી વધવાનાં કારણો કયાં છે ?
6. ભારતમાં બેરોજગારી દૂર કરવનાં વિવિધ ઉપાયો સમજાવો.
7. ભેરોજગારી દૂર કરવા માટે અમલમાં મૂકવામાં આવેલી વિવિધ સરકારી નીતિઓ સમજાવો.
8. સરકારનાં રોજગારલક્ષી વિવિધ કાર્યક્રમો ટૂંકમાં સમજાવો.

**MCQS :-**

1. બેરોજગારીનો દર એટલે
    a) દેશની કુલ વસ્તી પૈકી બેરોજગારોનું ટકાવારી પ્રમાણ
    b) કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણ
    c) કુલ શ્રમદળ પૈકી કામ કરતી વસ્તીનું ટકાવારી પ્રમાણ
    d) કુલ વસ્તી પૈકી રોજગાર મેળવનાર વસ્તીનું ટકાવારી પ્રમાણ

2. NSSO ના 68 માં રાઉન્ડ મુજબ ભારતમાં આમાના બેરોજગારીનો દર ગ્રામીણ વિસ્તારથી કરતાં શહેરી વિસ્તારમાં ———————— જોવા મળે છે.

   (a) વધુ (b) ઓછી

   (c) સરખો (d) એકપણ નહિ

3. ભારતમાં કયા સ્વરૂપની બેરોજગારી પુરુષો કરતા સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે ?

   (a) સામાન્ય (b) સાપ્તાહિક

   (c) દૈનિક (d) ત્રણેય સ્વરૂપની

4. નીચેના પૈકી કયા રાજ્યમાં બેરોજગારીનો 12 સૌથી નીચો છે ?

   (a) ત્રિપુરા (b) જમ્મુ કાશ્મીર

   (c) ગુજરાત (d) પાણા

5. વસ્તી ગણતરી અહેવાલ 2011 મુજબ ભારતમાં વસ્તી વૃદ્ધિ દર કેટલો છે ?

   (a) 0.64 (b) 2.64

   (c) 1.64 (d) 1 ટકા

6. શ્રમદળમાં ————————વયજૂથનો સમાવેશ થાય છે.

   (a) 0 થી 60 (b) 15 થી 64

   (c) 15 થી 35 (d)15થી વધુ

7. મનરેગા યોજના અન્વયે સૌથી વધુ કયા વર્ગને રોજગારી મળે છે ?

   (a) SC (b) ST

   (c) મહિલાઓ (d) OBC

8. DDO-GKYકયા કાર્યક્રમનો એક ભાગ છે.

   (a) મનરેગા (b) NRLM

   (c) RSETI (d) PMEGP

9. NCS નો હેતુ કયો છે ?

   (a) સ્વરોજગારલક્ષી તાલીમ આપવાનો

   (b) 100 દિવસની રોજગારીની ખાતરી આપવાનો

   (c) રોજગારલક્ષી સેવાઓ પૂરી પાડવાનો

   (d) બેરોજગારોને ધિરાણ આપવાનો

**Answer (MCQS)**

1. (b) કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણ
2. (a) વધુ
3. (d) ત્રણેય સ્વરૂપની
4. (c) ગુજરાત
5. (c) 1.64
6. (c) 15 થી 64
7. (d) NRLM
8. (6) રોજગારલક્ષી સેવા પૂરી પાડવાનો

## 4.13 સારાંશ

ભારતમાં બેરોજગારી દૂર કરવા સરકાર પૂરા આયોજનકાળ દરમિયાન વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમો અપનાવ્યાં ભારતમાં આયોજનકાળ દરમિયાન આર્થિક વૃદ્ધિ ઝડપી બની. પરંતુ માંગ મુજબ રોજગારીની તકોમાં વધારો થયો નથી. તેના કારણે બેરોજગારીની સમસ્યા યથાવત છે.

આપણે ગ્રામીણ અને શહેરી વિસ્તારની સરખામણી કરીએ તો શહેરી વિસ્તારમાં બેરોજગારીનો દર વધુ ઊંચો જણાયો છે. ખાસ કરીને પુરૂષો કરતાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ભારતમાં ચિંતાજનક સ્થિતિ શિક્ષિત બેરોજગારોની છે. યુવાનોની વધુ વસ્તી ધરાવતા ભારત દેશમાં યુવાનો જ વધુ બેરોજગાર છે. ટેકનોલોજી અને યાંત્રિકીકરણનાં વિકાસને કારણે મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ તરફનું વલણ બેરોજગારી વર્ગ આપે છે. સરકાર દ્વારા આયોજનકાળ દરમિયાન ખાસ કરીને છેલ્લી પંચવર્ષીય યોજનાઓ દરમિયાન બેરોજગારીમાં કૌશલ્ય નિર્માણ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપે છે.

# એકમ : 5 ક્ષેત્રીય વિશ્લેષણ

## : રૂપરેખા :


5.1 પ્રસ્તાવના

5.2 કૃષિક્ષેત્ર

5.3 કૃષિકિંમત નિર્ધારણ

5.4 કૃષિધિરાણ અને કૃષિ માર્કેટિંગ

5.5 સારાંશ

5.6 સ્વાધ્યાય


## 5.1 પ્રસ્તાવનાઃ-

ભારત મુખ્યત્વે ત્રી-ક્ષેત્રીય વિકાસની દિશામાં આગળ વધતો દેશ છે. ભારતના ત્રણ ક્ષેત્રોને નીચે મુજબ વેચી શકાયઃ કૃષિ, ઉદ્યોગ અને સેવા દરેક ક્ષેત્ર એકબીજા માટે પુરક પુરવાર થાય છે. આઝાદી પછી ભારત દેશનાં મહત્તમ લોકો કૃષિ પર આધારિત હતા અને આજનાં આધુનિક સમયમાં પણ 60% થી વધારે લોકો કૃષિક્ષેત્રનું મહત્ત્વ ઘણું છે, કૃષિક્ષેત્ર વિશે વિગતવાર વિશ્લેષણ કૃષિકિંમત નિર્ધારણ, કૃષિધીરાણ તથા કૃષિ માર્કેટિંગ સાથે અહી કરવામાં આવશે.

## 5.2 કૃષિક્ષેત્રઃ-

દેશનાં આર્થિક વિકાસની પ્રક્રિયામાં કૃષિક્ષેત્રની વ્યૂહાત્મક ભૂમિકા છે.અધતન દેશોની આર્થિક સમુહીકતામાં તેણે પહેલેથી જ મહત્ત્વનું યોગદાન આવ્યું છે, અને ઓછા વિકસિત દેશોનાં આર્થિક વિકાસમાં તેની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે.

અન્ય રીતે કહી એ તો જ્યાં માથાદીઠ વાસ્તવિક આવક ઓછી છે, ત્યાં કૃષિ અને અન્ય પ્રાથમિક ઉદ્યોગો પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

"કૃષિ ઉત્પાદનમાં વધારો અને ગ્રામીણ સમુદાયની માથાદીઠ આવકમાં વધારો, ઉદ્યોગીકરણ અને શહેરીકરણ સાથે, ઔદ્યોગિક ઉત્પાદનની માંગમાં વધારો થાય છે"

*-ડી. તેજસ્વીસિહ.*

ઇંગ્લેન્ડનો ઈતિહાસ સ્પષ્ટ પુરાવો આપે છે કે કૃષિ ક્રાંતિએ ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં હતી. યુ.એસ.એ અને જાપાનમાં પણ કૃષિ વિકાસ તેમના ઓદ્યોગિકરણની પ્રક્રિયામાં મોટે હદ સુધી મદદ કરી છે. તેવી જ રીતે વિશ્વનાં વિવિધ અવિકસિત દેશોએ આર્થિક વિકાસની પ્રક્રિયામાં રોકાયેલા હવે માથાદીઠ વાસ્તવિક આવક મેળવવાનાં ઉપાય તરીકે ઓદ્યોગિકરણ પર વધારે ભાર મુકવાની મર્યાદાઓ શીખી લીધી છે. આમ, ઓદ્યોગિકરણ અને કૃષિવિકાસ વૈકલ્પિક નથી પણ પૂરક છે.

એવુ જોવામાં આવે છે કે કૃષિ ઉત્પાદનમાં વધારો અને ઉત્પાદકતા દેશનાં સર્વાંગી આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે, કૃષિ ક્ષેત્રનાં વધુ વિકાસ પર વધારે ભાર મુકવો તે તર્ક સંગત અને યોગ્ય રહેશે.

ડૉ.કિન્ડલબર્ગર, ટોદોરો લેવિસ અને નેર્કસ વગેરેનાં માટે કૃષિ વિવિધ રીતે આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે છે જેમ કે :-

- અર્થતંત્રના બિન-કૃષિ ક્ષેત્રોને ખાદ્ય અને કાચા માલ પુરા પાડવા.
- બિન-કૃષિ ક્ષેત્રોમાં પેદા થતી ચીજવસ્તુઓની માંગ ઊભી કરીને, ગ્રામીણ લોકો દ્વારા ખરીદ શક્તિના મજબૂતાઈથી તેમના દ્વારા બજાર સરપ્લસનું વેચાણ કરીને કમાણી વધારવી.
- બિન-કૃષિ ક્ષેત્રમાં રોકાણ કરવાના બચત અને વેરાના રૂપમાં રોકાણપાત્ર સરપલ્સ આપીને;
- અભણ, પછાત અને અકુશળ મજૂરની વિશાળ સેન્યને રોજગારી આપવી. હકીકતમાં, જો આર્થિક વિકાસની પ્રક્રિયા શરૂકરવી અને આત્મનિર્ભર બનાવવી હોય તો તે કૃષિક્ષેત્ર માટે શરુ થવી જ જોઈએ.

## 5.3 કૃષિકિંમત નિર્ધારણઃ- અને કૃષિ કિંમત નિર્ધારણ રીતોઃ-

કૃષિકિંમત નિર્ધારણ માટે આઝાદીનાં સમયથી, ભારતમાં કૃષિકિંમત નિર્ધારણ નીતિ જાહેર કરવામાં આવેલ છે, પરંતુ એ કૃષિકિંમત નિર્ધારણ નીતિ અલગ-અલગ વર્ષોમાં દરેક અનાજ કે કૃષિ ઉપજ માટે મોટા ભાગે પરિવર્તનશીલ રહી છે. આ કિંમતનિર્ધારણ નીતિમાં ઘઉં, ચોખા, જુવાર, બાજરી, મકાઈ વગેરે જેવા અનાજનાં ભાવો પર વધુભાર મુકવામાં આવ્યો છે. ભારતમાં કિંમતનીતિ સૌપ્રથમ 1947માં અનાજનીતિ સમિતિની રચના સાથે રજુ કરવામાં આવી હતી, જેમાં પ્રગતિશીલ નિયંત્રણ વિરોધી નીતિ, આયાત અથવા અનાજ ઘટાડવાની અને અનાજનાં ઉત્પાદનમાં નોંધપાત્ર વધારાની ભલામણ કરવામાં આવી હતી. ફરીથી 1950માં અનાજ પ્રાપ્તિ સમિતિની નિમણૂક કરવામાં આવી જેણે દેશમાં અનાજના પુરવઠામાં રેશનિંગ અને નિયંત્રણની પ્રણાલી રજૂ કરી.

ભારતમાં કિંમતનિર્ધારણ નીતિનો મુખ્ય ઉદેશ ગ્રાહકોના હિતોનું રક્ષણ હતું આ નીતિમાં ખેડૂતોને પ્રોત્સાહક ભાવ પ્રદાન કરવા પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું ન હતું તે ફક્ત 1964માં જ હતું, ખેડૂતોને પ્રોત્સાહન ભાવ પ્રદાન કરવા માટે "clear- cut policy" (ક્લિયર- કટ નીતિ) રજૂ કરવામાં આવી હતી.

ત્રીજી યોજનાનાં દસ્તાવેજમાં યોગ્ય નિરીક્ષણ કરવામાં આવ્યું છે કે "અનાજ ઉત્પાદકને વ્યાજબી વળતર મળવું જ જોઈએ બીજા શબ્દોમાં ખેડૂતને ખાતરી આપવી જોઈએ કે અનાજ અને તેના ઉત્પાદન કરતા ચીજવસ્તુઓના ભાવ વ્યાજબી લઘુત્તમથી નીચે આવવા દેવામાં આવશે નહિ, તદ્નુસાર અનાજની કિંમત સમિતિની નિમણુક 1964માં કરવામાં આવી હતી આ સમિતિએ નીચે મુજબ પગલા લીધાંઃ

a) મોટાં શહેરોમાં રેશનીગની રજૂઆત
b) નીચા ભાવો અથવા વ્યાજબી ભાવોની દુકાનો દ્વારા નીચા ભાવોની સ્થાપના
c) પર્યાપ્ત શેરો પર નિયંત્રણની પ્રાપ્તિ
d) અનાજની આંતર-રાજ્ય ચળવળના પ્રતિબંધો પાછા ખેચવા
e) અનાજનાં જથ્થાબંધ વેપાર માટે નિયમન અને લાઈસન્સ લાદવું અને અંતે રાજ્યોમાં વહીવટી તંત્રને મજબૂત બનાવવું ફરીથી આ સમિતિની ભલામણ મુજબ કૃષિભાવ પંચની સ્થાપના 1965 માં કરવામાં આવી હતી,

1966માં સરકારે બીજી અન્ન નીતિ સમિતિની નિમણુક કરી, જેણે કૃષિ ચીજવસ્તુઓની કિંમત બાબતમાં નીચે મુજબ ભલામણ કરી.

a) ઉત્પાદન વધારવા માટે અનુકુળ સ્થિતિ બનાવવા માટે સરકારે વાવણીની મોસમ અગાઉ લઘુત્તમ ટેકાના ભાવની સારી જાહેરાત કરવી જોઈએ,

b) પ્રાપ્તિ કિંમતી ટેકાના ભાવ કરતાં વધારે હોઈ જોઈએ જેથી તે ઉત્પાદકને યોગ્ય પ્રોત્સાહન અને ગ્રાહકને વ્યાજબી કિંમત પ્રદાન કરી શકે.

c) લાંબા ગાળાના રોકાણ માટે અનૂકુળ વાતાવરણ બનાવવા માટે લઘુત્તમ ટેકાના ભાવ એકદમ સ્થિર હોવા જોઈએ.

d) ન્યૂનતમ ટેકાનાં ભાવે ખરીદી કરવા માટે પુરતી માર્કેટિંગ વ્યવસ્થા કરવી.

આ ઉપરાંત 1965માં અનાજની જરૂરી ખરીદી, સંગ્રહ અને વિતરણ માટે ભારતીય ફૂડ કોર્પોરેશન(FCI) ની સ્થાપના કરવામાં આવી હતી, 1989-98માં FCI (ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)માં કાર્યરત કુલ મૂડી રૂ.5, 138 કરોડની હદ હતી, તેની કુલ સંગ્રહ ક્ષમતા 18 મિલિયન ટન હતી.

લઘુત્તમ ટેકાના ભાવોની નીતિ ચોથી યોજના દ્વારા સ્વીકારવામાં આવી હતી, પરંતુ તેની અસરકારકતા FCI અને રાજ્ય વેપાર નિગમ (STC-State Trade Corporation) જેવી ખરીદી મશીનરીની અસરકરતા પર આધારિત હતી. પાંચમી પંચવર્ષીય યોજનામાં પણ બે મહત્ત્વપૂર્ણ બાબતોને પહોચી વળવા માટે કૃષિ ભાવ નીતિ (કિંમત નિર્ધારણ નીતિ) ઘડવામાં આવી, એટલે કે ટકાઉ અને ઉચ્ચ કૃષિ ઉત્પાદન માટે પ્રોત્સાહન આપવા માટે અને બીજું લોકોને વિવિધ પાકના ઉત્પાદનની યોજના બનાવવા માટે પ્રેરિત કરવાં અને આંતરમાંક ભાવ સંબંધ મુજબ માંગ અનુમાનિત કરવાનું હતું.

બફર સ્ટોક (Buffer Stock) બનાવવા માટે, જાહેર ક્ષેત્રની વિવિધ સંસ્થાઓ વિવિધ સમયે ખરીદ કિંમતોની જાહેરાત કરશે, જે ન્યૂનતમ ટેકાના ભાવ કરતાં વધારે હશે.

ફરીથી છઠ્ઠી યોજનાની નીચેના આધારો મુજબ કૃષિ વિકાસ માટે ભાવનીતીના મહત્ત્વને સમજીને વિશ્લેષણ કર્યું.:

- આધુનિક કૃષિમાં વધુ સારી રીતે ટેકનોલોજીનાં ભાગરૂપે ખર્ચાળ ઈનપુટ(INPUT)નો ઉપયોગ કરવામાં આવે છે અને તેથી ખાતરીપૂર્વક લઘુત્તમ ભાવ ટકાઉ કૃષિ ઉત્પાદન માટે જરૂરી અંતર્ગત બની જાય છે.

- ભાવ નીતિએ પાકનાં આયોજનને સરળ બનાવવા માટેનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે, જેને એક પાસાં તરીકે હજી સુધી દેશમાં પૂરતું ધ્યાન મળ્યું નથી, આખરે ભાવનીતિ સમુદાય તરીકે ધ્યાન આપી શકાય છે. કૃષિક્ષેત્ર અને બિન કૃષિક્ષેત્ર વચ્ચેનાં વેપારની બિનતરફેણકારી શરતો ચાલુ રાખીને ઘટાડવામાં આવતી નથી.

આ છેલ્લી વિચારણાને પરિપૂર્ણ કરવા માટે કૃષીભાવો આયોગની સંદર્ભની શરતોમાં સુધારણા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી અને વેપારને ધ્યાનમાં રાખીને આંદોલનનું ધ્યાન રાખવાની કમિશનને સલાહ આપવામાં આવી હતી.

સાતમી યોજનાને ભાવનાં વધ-ઘટને ઘટાડવા નફાકારકતા વધારવા અને આઉટપુટ (OUTPUT)નાં વિકાસને ઉત્તેજીત કરવા માટે ઘઉં અને ચોખ માટે તર્કસંગત રીતે નિર્ધારિત ટેકાના ભાવનું મહત્ત્વ સમજાવ્યું યોજનામાં બાજરી, જુવાર, મકાઈ, કઠોળ અને તેલીબિયા માટે આવી રચના રજૂ કરવાની દલીલ કરવામાં આવી હતી અને દેશમાં સંસાધનોનાં કાર્યક્ષમ ઉપયોગની જોગવાઈ કરવા માટે વિવિધ પ્રકારનાં પાકનાં યોગ્ય સંબધિત ભાવો નક્કી કરવાં પણ સંમત થયાં હતાં.

હાલમાં, સરકાર કૃષિખર્ચ અને ભાવો (CPS) કમિશનની ભલામણો, રાજ્ય સરકારો અને કેન્દ્રીય મંત્રાલયોના અભિપ્રાયો તેમજ આવા અન્ય સંબંધિત પરિબળોને ધ્યાનમાં લેતાં વિવિધ કૃષિ ચીજવસ્તુઓ માટે MSP (minimum support price) અંગે નિર્ણય લે છે, જે માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.કૃષિ ચીજવસ્તુઓ માટે ટેકાનાં ભાવ નક્કી કરવાં.

2011-12માં, વિવિધ કૃષિપાક માટેનાં એમએસપીમાં પહેલાથી વધારો કરવામાં આવ્યો છે.સરેરાસ સમયગાળામાં, કેટલાંક મોટા પાકનાં એમએસપી ખર્ચનાં અનુરૂપ વધતાં વલણને દર્શાવે છે અને આઉટપુટ (OUTPUT)નાં ઊંચા ઉત્પાદન માટે પ્રોત્સાહન આવે છે. ભારતીય કૃષિ કિંમત નિર્ધારણનીતિનાં મુખ્ય ઉદેશો નીચે મુજબ છે.

બાહેંધરીકૃતલઘુત્તમ ટેકાનાં ભાવ દ્વારા ઉત્પાદકની સુરક્ષા અથવા વીમો ઉતારવા માટે, જે સ્થિરતાનાં પગલાંથી ઉત્પાદનનાં ભાવમાં પરિવર્તનશીલતા ઘટાડે છે જોખમ ઘટાડાની અસરથી ખેડૂતોને મોટા રોકાણો કરવાં અને સુધારેલ ઉત્પાદન તકનીકી અપનાવવાની પ્રેરણા મળશે.

મોટાં ઈનપુટ ઉપયોગ દ્વારા અને ઉચ્ચ ઉપજ આપતાં બીજું, ખાતર અને જળ પ્રતિભાવયુક્ત તકનીકને અપનાવવા દ્વારા એકંદર કૃષિ ઉત્પાદનમાં વધારો થાય છે.

ખેડૂતોને માર્કેટિંગ સરપ્લસ તરીકે અનાજનાં ઉત્પાદનમાં મોટાં પ્રમાણમાં ભાવ લેવા પ્રેરે છે.

કિંમતોમાં સ્વતિશય વૃષ્ટિ સામે ગ્રાહકોને બચાવવાં ખાસ કરીને પુરવઠાએ માંગ અને બજારમાં કિંમતોથી પાછળ રહે ત્યારે એ સમયમાં ઓછી આવક ધરાવતાં ગ્રાહકોને બચાવવાં.

**ભારતીય કૃષિ કિંમત નિર્ધારણ નીતિનાં મુખ્ય પગલાં નીચે મુજબ છે.**

✓ કૃષિનાં વિકાસ માટે વિવિધ જરૂરી સંસ્થાઓનું સ્થાપનકરવું.

✓ ન્યુનતમ ટેકાનાં, ભાવ નક્કી કરવાં

✓ ગ્રાહકોનો બચાવ

✓ મહત્તમ કિંમત નિર્ધારણ

## 5.4 કૃષિ ધિરાણ અને કૃષિ માર્કેટિંગઃ-

### 5.4.1 કૃષિ માર્કેટિંગઃ

#### 5.4.1.1અર્થઃ

કૃષિ માર્કેટિંગ એ એક પ્રક્રિયા છે, જ્યાં વેચી શકાય તેવી ખેતીની ચીજવસ્તુઓનાં ઉત્પાદનનાં નિર્ણયથી શરુ થાય છે. અને તેમાં તકનીકી અને આર્થિક બાબતો પર આધારિત કાર્યાત્મક અને સંસ્થાકીય બજારોનાં વધારાના તમામ પાસાઓનો સમાવેશ થાય છે.અને પાક તથા પૂર્વ લાગણીની કામગીરીનો સમાવેશ થાય છે.જેમ કે એસેમ્બલિંગ ગ્રેડિંગ, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રીબ્યુશન (એગ્રીકલ્ચર નેશનલ કમિશનનાં જણાવ્યાં અનુસાર)

#### 5.4.1.2ભારતમાં કૃષિ માર્કેટિંગઃ-

ભારતમાં કૃષિમાલનું માર્કેટિંગ કરવાનું કોઈ ખાસ મહત્ત્વ નથી.કૃષિ માર્કેટિંગ એ અનેક સમસ્યાઓમાંથી એક છે, જે ખેડૂતોની સમૃદ્ધિ પર સીધી અસર ધરાવે છે.કૃષિ માર્કેટિંગ તેનાં વિશાળ અર્થમાં, ક્ષેત્રથી અંતિમ ગ્રાહક સુધીનાં માલ અને કાચાં માલની હિલચાલમાં સામેલ તમામ કામગીરીનો સમાવેશ કરે છે. તે ગુણવત્તા જાળવવા અને વધારવા અને બગાડ ટાળવા

માટે ખેતરમાં ઉત્પાદનનું સંચાલન, પ્રારંભિક પ્રક્રિયા, ગ્રેડિંગ અને પેકિંગ, શામેલ છે, દુર્ભાગ્યવશ ભારતમાં કૃષિ માલનું માર્કેટિંગ કરવાની હાલની વ્યવસ્થા અત્યંત ખામીયુક્ત છે, અને તેને સંપૂર્ણ સંરચનાની જરૂર છે.

કૃષિ ઉત્પાદન (ખેતી), કૃષિ, ધિરાણ(ક્રેડીટ) અને કૃષિ માર્કેટિંગ (ફાર્મ પેદાશોનું વેચાણ વચ્ચેનાં આંતરસંબંધોને સહકાર તેમજ કૃષિ સમસ્યાઓનાં નિષ્ણાતો દ્વારા માન્યતા મળી છે.સમસ્યાઓનાં નિષ્ણાતો દ્વારા માન્યતા મળી છે.કૃષિ પેદાશો ફક્ત ખેતીથી ઉત્પન્ન થતા ઉત્પાદનોને આવરી લે છે.પરંતુ ડેરી મરઘાં ઉછેર, ફળની ખેતી, શાકભાજી ઉછેર વગેરેથી ઉત્પન્ન થતા ઉત્પાદનો પણ આ વિશાળ અર્થમાં દૂધ અને દૂધના ઉત્પાદનો, ઈંડા, ફળો, શાકભાજી, મધ પણ કૃષિ ઉપજ ગણાય છે.

પરિવહન સુવિધાઓનાં સુસંસ્કૃત માધ્યમો, પ્રમાણિતતા અને ગ્રેડિંગનાં સુધારેલાં સ્વરૂપ, અદ્યતન સંદેશાવ્યવહાર પદ્ધતિ, સંગ્રહ અને વૈધની વૈજ્ઞાનિક પદ્ધતિનાં સંદર્ભમાં વિકસિત કૃષિ માર્કેટિંગ સંદર્ભમાં વિકસિત કૃષિ માર્કેટિંગ હોવાં છતાં ભારતીય કૃષિ હજી પાછળ છે. તેથી તે જરૂરી છે કે વિશાળ અને અસરકારક વિતરણ ચેનલોનો ઉપયોગ વિવિધ પ્રકારનાં માટે થવો જોઈએ, જે કૃષિ ચીજવસ્તુઓ આવશ્યક કેટલાંક જથ્થાબંધ બજારો કે જેવા કે સેકેન્ડરી બજારમાંથી પસાર થાય છે.

**5.4.1.3કૃષિ માર્કેટિંગના લક્ષણો નીચે મુજબ છે.**

a. જથ્થો


b. અવ્યવસ્થિતતા

c. વ્યાપક વિવિધ તફાવતો

d.ઋતુમુજબ બદલાવ

e. વિખરાયેલ ઉત્પાદન

f. વપરાશ માટે પ્રક્રિયા કરવાની જરૂર પડે છે.




**5.4.2 કૃષિ ધિરાણ :-**

**5.4.2.1અર્થ:-**

કૃષિ ધિરાણ એ તમામ કૃષિ વિકાસ કાર્યક્રમો કરવાં માટેનાં સૌથી મૂળભૂત ઈનપુટસ

તરીકે ગણવામાં આવે છે.ભારતમાં યોગ્ય કૃષિ ધિરાણની અપાર જરૂર છે કારણ કે ભારતીય ખેડૂતો ખૂબ ગરીબ છે. શરૂઆતથી જ ભારતમાં કૃષિ ધિરાણનો મુખ્ય સ્રોત પૈસાદાર હતો. આઝાદી પછી સરકાર સસ્તી વ્યાજ દરે ખેડૂતોને પર્યાપ્ત ધિરાણ આપવા માટે વિવિધ એજન્સીઓ જેવી કે સહકારી, વ્યાપારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો વગેરે દ્વારા સંસ્થાકીય ધિરાણ અભિગમ અપનાવ્યો, તદ્દુપરાંત, હરિયાળી ક્રાંતિ પછીનાં સમયગાળા દરમિયાન કૃષિના વધતા આધુનિકરણ સાથે કૃષિ ધિરાણની જરૂરિયાત તાજેતરના વર્ષોમાં સખત વધી છે.

**5.4.2.2કૃષિધિરાણના પ્રકાર :-**

દેશનાં ખેડૂતોની ધિરાણની આવશ્યકતાના સમયગાળા અને હેતુને ધ્યાનમાં લેતાં, ભારતમાં કૃષિધિરાણને મુખ્ય ત્રણ પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે.

a) **ટૂંકાગાળાનું ધિરાણ :** ભારતીય ખેડૂતોને તેમની ટૂંકાગાળાની જરૂરિયાતો એટલે કે બીજ, ખાતરો ખરીદવા, ભાડે રાખનારા કામદારોને વેતન ચુકવવા વગેરેની જરૂરિયાત પૂરી કરવા માટે ધિરાણની જરૂર હોય છે, જેમ કે 15 મહિનાથી ઓછા સમયગાળા માટે આવી ધિરાણ સામાન્ય રીતે લાગણી પછી ચુકવવામાં આવે છે.

b) **માધ્યમગાળાનું ધિરાણ :** આ પ્રકારની ધિરાણમાં 15 મહિનાની 5 વર્ષ સુધીની મધ્યમ ગાળાની ખેડૂતોની ક્રેડિટઆવશ્યકતા સામેલ છે.અને તે પશુઓ, પમ્પિંગ સેટસ, અન્ય કૃષિ સાધનો વગેરે ખરીદવા માટે જરૂરી છે. મધ્યમ ગાળાની ધિરાણ સામાન્ય રીતે ટૂંકાગાળાની ધિરાણ કરતાં કદમાં મોટી હોય છે.


c) **લાંબા ગાળાનું ધિરાણ :** ખેડૂતોને વધારાને જમીન ખરીદવાનાં હેતુથી અથવા કૂવાઓ હવાળા, જમીન સુધારણા, બાગાયત વગેરે જેવા જમીન પર કાયમી સુધારણા કરવા માટે 5 વર્ષની વધુ સમયગાળા માટે નાણાની પણ જરૂર પડે છે.આમ, લાંબાગાળાની ધિરાણ માટે પૂરતાં સમયની જરૂર પડે છે.

**5.4.2.3ભારતમાં કૃષિ ધિરાણના સ્રોતઃ-**

ભારતમાં, કૃષિ ધિરાણ જુદાં જુદાં સ્રોતો દ્વારા આગળ વધવામાં આવી રહ્યું છે.ભારતીય ખેડૂતોની ટૂંકાગાળાની અને મધ્યમગાળાની ધિરાણની આવશ્યકતાઓ મોટાભાગે પૈસાદાર, સહકારી શાખમંડળીઓ અને સરકાર દ્વારા પૂરી થાય છે.પરંતુ, ભારતીય ખેડૂતોની લાંબાગાળાની ધિરાણ આવશ્યકતાઓ પણ પૈસાદાર, જમીન વિકાસ બેંકો અને સરકાર દ્વારા પૂરી કરવામાં આવે છે. આજકાલ આ સંસ્થાઓની લાંબાગાળાનાં અને ટૂંકાગાળાનાં ધિરાણની જરૂરિયાતો નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD)દ્વારા પણ પૂરી કરવામાં આવી રહી છે, કૃષિ ધિરાણના સ્રોતોને સંસ્થાકીય અને બિન-સંસ્થાકીય સ્રોતોમાં પૈસાદાર, વેપારીઓ અને કમિશન એજન્ટો, સંબંધીઓ અને મકાન માલિકોનો સમાવેશ થાય છે, પરંતુ સંસ્થાકીય સ્રોતોમાં એસ.બી.આઈ. ગ્રુપ, આર.બી.આઈ અને નાબાડ સહિતનાં સહકારી, વેપારી બેંકો સામેલ છે.

નીચે મુજબનાં કૃષિધિરાણનાં સ્રોત જણાવી શકાય છે.

### 5.4.2.4ભારતમાં કૃષિ ધિરાણની સમસ્યાઓ નીચે મુજબ છે.




**ભારતમાં ધિરાણનો પુરવઠો વધારવા માટે નીચે મુજબના પગલા સરકાર દ્વારા લેવામાં આવેલ છે.**

- લક્ષ્યાંક
- પાક ધિરાણ
- ડિસ્ટ્રેસ વેચેલાં વેચાણ
- કુદરતી આફતો માટે રાહત
- વ્યાજ સબવેશન સાથે કૃષિ ધિરાણ

### 5.4.2.4ભારતમાં કૃષિ ધિરાણની સમસ્યાઓ નીચે મુજબ છે.

- અપૂર્ણતા
- મજૂરીની અપૂરતી રકમ
- ગરીબ ખેડૂતોનું ઓછુ ધ્યાન
- વધતી જતી અતિશયતા
- અપૂરતી સંસ્થાકીય કવરેજ સેવા
- લાલ તાપવાદ

## 5.5 સારાંશ

દેશનાં આર્થિક વિકાસની પ્રક્રિયામાં કૃષિક્ષેત્રની વ્યૂહાત્મક ભૂમિકા છે.કૃષિ ઉત્પાદનમાં વધારો અને ગ્રામીણ સમુદાયની માથાદીઠ આવકમાં વધારો, ઔદ્યોગિકરણ અને શહેરીકરણ સાચું ઔદ્યોગિક ઉત્પાદનની માંગમાં વધારો થાય છે.જો આર્થિક વિકાસની પ્રક્રિયા શરુ કરવી અને આત્મનિર્ભર બનાવવી હોય તો તે માટે કૃષિક્ષેત્ર જરૂરી છે. કૃષિ પાક કે ઉત્પાદનની કિંમત નિર્ધારણ માટે આઝાદીના સમયથી ભારતમાં કૃષિકિંમત નિર્ધારણનીતિ જાહેર કરેલ છે. કૃષિ માર્કેટિંગ તથા કૃષિ ધિરાણ આ બંને પાસા કૃષિ ક્ષેત્રનાં ક્ષેત્રિય વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનો ફાળો ભજવે છે.

## 5.6 સ્વાધ્યાય

### 5.6.1 લાંબા પ્રશ્નોઃ-

1.કૃષિક્ષેત્ર એટલે શું? તેનું મહત્ત્વસમજાવો.

2.કૃષિકિંમત નિર્ધારણ વિશે વિગતવાર જણાવો.

3.કૃષિધિરાણ એટલે શું? ભારતમાં કૃષિધિરાણનાં પ્રકાર અને સ્રોતો સમજાવો.

4.કૃષિ માર્કેટિંગ વિશે લંબાણપૂર્વક સમજાવો.

### 5.6.2 MCQ :-

1. ભારતમાં મુખ્ય ________ ક્ષેત્રો છે.

| | |
|---|---|
| a) 3 | b) 4 |
| c) 5 | d) 6 |

જવાબઃ-(a)

2. ઉદ્યોગો અને કૃષિ એકબીજાનાં _________છે.

| | |
|---|---|
| a) વિરોધી | b) પુરક |
| c) સ્પર્ધી | d) એકપણ નહિ. |

જવાબઃ-(b)

3. સૌપ્રથમ________ વર્ષમાં અનાજનીતિ સમિતિની રચના સાથે રજૂ કરવામાં આવી હતી. જેમાં પ્રગતિશીલ નિયંત્રણ વિરોધી નીતિ હતી.

| | |
|---|---|
| a) 1946 | b) 1948 |
| c) 1947 | d) 1949 |

જવાબઃ-(c)

4. ______યોજનામાં અનાજની આતંર-રાજ્ય ચળવળનાં પ્રતિબંધો પાછા ખેંચવાની ભલામણ કરવામાં આવી હતી.

| | |
|---|---|
| a) પહેલી | b) બીજી |
| c) ત્રીજી | d) ચોથી |

જવાબઃ-(c)

5. કૃષિભાવ પંચની સ્થાપના______માં થઇ.

| | |
|---|---|
| a) 1965 | b) 1966 |
| c) 1967 | d) 1968 |

જવાબઃ-(a)

6. FDI નું પૂર્ણ સ્વરૂપ ________છે.

a) Food corporation of India

b) Food co-operate of India

c) Final corperation of India

d) Finance corporation of India

જવાબઃ-(a)

7. લઘુત્તમ ટેકાનાં ભાવોની નીતિ _______યોજનાંમાં કરવામાં આવી હતી.

   a) બીજી  b) ત્રીજી

   c) ચોથી  d) પાંચમી

જવાબઃ-(c)

8. MSPનું પૂર્ણ સ્વરૂપ _______છે.

   a) Minimum Support Price  b) Minimum Support Price

   c) Maximum Supply Price  d) Minimum Supply Price

જવાબઃ-(a)

9. આવર્તનનાં આધારે કૃષિ માર્કેટિંગનું વર્ગીકરણ કરતાં નીચેનાંમાંથી એકનો સમાવેશ થતો નથી, એ _______છે.

   a) દૈનિક બજારો  b) સાપ્તાહિક બજારો

   c) માસિક બજારો  d) અનાજ બજારો

જવાબઃ-(d)

10. કૃષિધિરાણનાં મુખ્ય પ્રકારો ______છે.

   a) ટૂંકાગાળાનું  b) મધ્યમગાળાનું

   c) લાંબાગાળાનું  d) ઉપરોકત તમામ

જવાબઃ-(d)

**5.6.3ટૂંકનોંધ લખો.**

1. ભારતમાં કૃષિક્ષેત્રનું વિશ્લેષણ
2. કૃષિકિંમત નિર્ધારણ નીતિ
3. કૃષિધિરાણ
4. કૃષિમાર્કેટિંગ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education
for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

## માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ભારતીય આર્થિક નીતિ

**MC02CC202**




## બ્લોક -૨

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

# MC02CC202

# બ્લોક -2

## ભારતીય આર્થિક નીતિ


| | | |
|---|---|---|
| એકમ-6 | ઔદ્યોગિક ક્ષેત્ર | 3-13 |
| એકમ-7 | IDBI અને SIDBIની ભૂમિકા | 14-22 |
| એકમ-8 | આર્થિક સુધારાઓ | 23-32 |
| એકમ-9 | જાહેર ક્ષેત્ર | 33-42 |
| એકમ-10 | ભારતીય નાણાં વ્યવસ્થા | 43-56 |

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. અંજલી ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ.યુનિવર્સીટી,<br>અમદાવાદ. |
| | ડૉ. બિના પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>કોમર્સ ફેકલ્ટી (SMPIC)<br>જી.એલ.એસ.યુનિવર્સીટી. |
| | ડૉ. સ્વાતી સક્સેના | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રી ચીમનભાઈ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ડૉ. એ.એ.શેખ | એસોસિએટ પ્રોફેસર,<br>ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>જાદર, જી. સાબરકાંઠા |
| સંપાદન: | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

આવૃત્તિ : 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-93-92139-32-1

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ : 6 ઔદ્યોગિક ક્ષેત્ર

## : રૂપરેખા :

6.1 પ્રસ્તાવના

6.2 ઔદ્યોગિક ક્ષેત્રનો અર્થ

6.3 ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ અને સ્વરૂપ

6.4 ઔદ્યોગિક ક્ષેત્ર, સુધારા પૂર્વેનો સમય અને ઔદ્યોગિક ક્ષેત્રે સુધારા, પછીના સમય અનુસાર, ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ

6.5 વિકાસની તરાહ અને લઘુ ઉદ્યોગો (MSME)

6.6 ઔદ્યોગિક ક્ષેત્રના અવરોધક પરિબળો

6.7 સારાંશ

6.8 સ્વાધ્યાય

## 6.1 પ્રસ્તાવના :

ભારતીય અર્થતંત્ર મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં વિભાજીત છે. ખેતી, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્ર ભારતીય અર્થતંત્રનો મુખ્ય વ્યવસાય ખેતી છે. દેશનાં 60 ટકાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. દેશના 60 ટકા લોકો ખેતી દ્વારા રોજગારી મળે છે. જ્યારે ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા લગભગ 1૨ ટકા અને સેવા ક્ષેત્ર ૨8 ટકા રોજગારી આપવામાં આવે છે.

ભારત આઝાદ થયો એના પછી ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ ઝડપી બન્યો છે, અને સાથે સાથે આર્થિક વિકાસે એક નવું સ્વરૂપ લીધું છે. પરંપરાગતભારતમાં કાપડ અને હસ્તકલાના ઉદ્યોગોનો વિકાસ થયો; જેના પરિણામે ખેત પેદાશોની માંગ સદતર વધતી ગઈ. પરંતુ, ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિ થયાં બાદ, ખેતી સાથે સંલગ્ન ઉદ્યોગો અને આધુનિક ઉદ્યોગોનું વર્ચસ્વ ઉગતું જણાયું.આ આધુનિક ઉદ્યોગોમાં ધાતુનાં ઉદ્યોગો, રસાયણિક ઉદ્યોગો, પરિવહન ઉદ્યોગો અને વીજળી ઉદ્યોગો, પરિવહન ઉદ્યોગો અને વીજળી ઉદ્યોગોનો વિકાસ થયો. વર્ષો વર્ષ કૃષિ, કૃષિ સહાયક પ્રવૃત્તિઓ, ઉદ્યોગો, ખાણકામ, ઉત્પાદન ક્ષેત્રે, સેવાઓને, ભારત દેશનાં કુલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો નીચે મુજબ જાણી શકાય.:-

**કોષ્ટક -1 : વિવિધ ક્ષેત્રોનો ભારતમાં કુલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો**

**(સતત ભાવો મુજબ ટકાવારીમાં)**

| ક્ષેત્રો | વર્ષ (%) | | | | | |
|---|---|---|---|---|---|---|
| **1950-51** | **1980-81** | **1990-91** | **2000-01** | **2010-11** | **2019-20** | |
| કૃષિ | 51.81 | 35.39 | 29.02 | 23.02 | 18.21 | 17.76 |
| કૃષિ સહાયક ક્ષેત્રો | 45.48 | 30.20 | 24.65 | 19.43 | 15.78 | 17.76 |
| ઉદ્યોગો | 14.16 | 24.29 | 26.49 | 26.00 | 27.16 | 27.48 |
| ખાણકામ | 0.75 | 1.71 | 2.60 | 2.29 | 2.83 | 2.14 |
| ઉત્પાદન ક્ષેત્ર | 10.51 | 16.18 | 16.16 | 15.31 | 14.80 | 15.13 |
| સેવાઓ | 33.25 | 39.92 | 44.18 | 50.98 | 54.64 | 54.77 |

**સ્રોત :**Ministry of Statistics & Programme Implementztion (4 January, 2021)

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણી શકાય છે કે કૃષિ, કૃષિ સહાયક્ષેત્રો, ઉદ્યોગો, ખાણકામ, ઉત્પાદન ક્ષેત્ર, સેવાઓનો કૂલ સ્થાનિક ઉત્પાદનમાં ફાળો સદંતર વધતો જાય છે. મુખ્યત્વે કૃષિ, ઉદ્યોગો, અને સેવાઓનો રોજગારી પૂરી પાડવામાં ખૂબ મોટો ફાળો છે. જે નીચે મુજબનાં કોષ્ટક નં. 2 પરથી જાણી શકાય.

**કોષ્ટક નં. 2 : ક્ષેત્રો મુજબ ભારતમાં રોજગારીની વહેંચણી (ટકાવારીમાં)**

| વર્ષ | કૃષિક્ષેત્ર | ઉદ્યોગક્ષેત્ર | સેવાક્ષેત્ર |
|---|---|---|---|
| 2010 | 51.52 | 21.81 | 26.68 |
| 2011 | 48.98 | 23.49 | 27.53 |
| 2012 | 47 | 24.36 | 28.64 |
| 2013 | 46.36 | 24.55 | 29.09 |
| 2014 | 45.84 | 24.55 | 29.61 |
| 2015 | 45.67 | 24.06 | 30.27 |
| 2016 | 45.14 | 23.98 | 30.87 |
| 2017 | 44.05 | 24.7 | 31.25 |
| 2018 | 43.33 | 24.95 | 31.72 |
| 2019 | 42.39 | 25.58 | 32.04 |
| 2020 | 41.49 | 26.18 | 32.33 |

**સ્તોત્ર :**Statista, (2021)

## 6.2 ઔદ્યોગિક ક્ષેત્રનો અર્થ :

કૃષિ સિવાયનાં ઉત્પાદન કરવામાં આવતાં ક્ષેત્રને તથા કાચા માલ તરીકે કૃષિ ઉપજોનો ઉપયોગ કરવામાં આવતો હોય તેવા ક્ષેત્રને ઔદ્યોગિક ક્ષેત્ર કહેવામાં આવે છે. ઔદ્યોગિક ક્ષેત્રનો મુખ્ય હેતુ, આર્થિક અને ધંધાકીય બાબતો સાથે સંકળાયેલો છે, જેનાથી રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં વિભાજન/વર્ગીકરણ માલિકીનાં આધારે, ઉત્પાદનનાં કે મૂડી રોકાણનાં પ્રમાણનાં આધારે અને ઉપયોગનાં આધારે કરવામાં આવેલ છે.

## 6.3 ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વઅને સ્વરૂપઃ

**ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ :**

ભારતીય અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે, જેને નીચે મુજબ ટાંકી શકાય.

- વપરાશી ચીજોનું ઉત્પાદન કરવા માટે;
- કાચા માલનું ઉત્પાદન માટે જરૂરી ચીજોનું ઉત્પાદન કરવા માટે;
- સેવાઓનાં ઉત્પાદનમાં સહાયતા માટે;
- નિકાસને પ્રોત્સાહિત અને આયાત અવેજીકરણ માટે;
- આજીવિકાનાં સાધન તરીકેનું મહત્ત્વ;
- કુદરતી સંસાધનોનાં વિવિધ ઉપયોગો માટે;
- ગરીબી અને બેકારી ઘટાડવા;

**વપરાશી ચીજોનું ઉત્પાદન કરવા માટે : -**

સામાન્ય રીતે ઔદ્યોગિક ક્ષેત્રનો ઉપયોગ વપરાશી ચીજોનાં ઉત્પાદન કરવા માટે થાય છે. જો વપરાશી ચીજોનું ઉત્પાદન સ્વદેશમાં જ થતુ હોય તો મહદઅંશે સસ્તું પડે છે અને દેશનાં લોકોને એ વસ્તુનો પુરવઠો નીચા દરે ઉપલબ્ધ કરાવી શકાય છે.

- **કાચા માલનું ઉત્પાદન માટે જરૂરી ચીજોનું ઉત્પાદન કરવા માટે :-**

  કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરવા માટે, કાચા માલની જરૂર પડે છે. કાચા માલનું ઉત્પાદન કરવા માટે કે પ્રક્રિયા કરવા માટે પણ ઉદ્યોગો જરૂરી છે, કાચામાલનું ઉત્પાદન સ્વદેશમાં કરવાથી કુલ ઉત્પાદનનો પુરવઠો નીચી કિંમતે મેળવી શકાય છે.

- **સેવાઓનાં ઉત્પાદનમાં સહાયતા માટે :-**

  દેશના દરેક નાગરિકને બધી જ સેવાઓ મળી રહે તે માટે પણ ઉદ્યોગો મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતમાં વસ્તી દિન-પ્રતિદિન વધતી જાય છે, જેના કારણે સેવાઓના ઉત્પાદનમાં પણ વધારો જણાય છે.

- **દેશને સ્વાવલંબી બનાવવા માટે :-**

  ઉદ્યોગો દેશને સ્વનિર્ભર બનાવવામાં ખૂબ જ ઉપયોગી છે. ઉદ્યોગો દેશમાં જ ઉત્પાદન વધારે તો દેશની જીડીપીમાં વધારો થાય, જેના પરિણામે દેશનું સ્વાવલંબનપણું વધતું જણાય છે.

- **નિકાસને પ્રોત્સાહિત અને આયાત અવેજીકરણ કરવા માટે :-**

  દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રનાં વિકાસને લીધે ઉત્પાદકતા અને પુરવઠાનું પ્રમાણ વધતું જાય છે, જે નિકાસને વધુ પ્રોત્સાહન પૂરું પાડે છે. બીજુ આયાત અવેજીકરણ એટલે જે વસ્તુઓ આયાત કરતા હતા, એ આયાત કરવાને બદલે એનું જ ઉત્પાદન પોતાના દેશમાં કરવું અને આયાતને ઘટાડવી, જેના પરિણામે વિદેશી હૂંડિયામણનો પુરવઠો દેશમાં વધતો જણાય.

- **આજીવિકાનાં સાધન તરીકેનું મહત્ત્વ :-**

  ઉદ્યોગોએ એક આજીવિકાનાં સાધન તરીકે કામ કરે છે. ખેતી એ કુદરતી સંસાધનો પર નિર્ભર કરે છે, તેથી રોજગારીની અનિશ્ચિતતા જોવા મળે છે. પરંતુ, એ રોજગારીની અનિશ્ચિતતા ઔદ્યોગિક ક્ષેત્રની મદદથી દૂર કરી શકાય છે.

- **કુદરતી સંસાધનોનાં વિવિધ ઉપયોગો માટે :-**

  કુદરતી સંસાધનોનો સ્રોત મર્યાદિત રહેતો હોય છે, છતાંપણ વણવપરાયેલ રહે છે. આવા કુદરતી સંસાધનોનાં વિવિધ ઉપયોગો કરવા માટે ઔદ્યોગિક ક્ષેત્ર મદદરૂપ થાય છે.

- **ગરીબી અને બેકારી ઘટાડવા :-**

  વધતી જતી વસ્તીનાં કારણે ગરીબી અને રોજગારીનાં અઘરા પ્રશ્નો સર્જાય છે આવા પ્રશ્નોને દૂર કરવા, ઔદ્યોગિક ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઔદ્યોગિક વિકાસ દ્વારા લોકોને રોજગારી આપી શકાય છે, જેના લીધે આવકમાં વધારો થાય છે અને ગરીબીમાં ઘટાડો થાય છે.

**ઔદ્યોગિક ક્ષેત્રનું સ્વરૂપ :**

ભારતમાં ઔદ્યોગિકક્ષેત્ર વિવિધ સ્વરૂપે નીચે મુજબ જોવા મળે છે.:

**ઔદ્યોગિકક્ષેત્રનું સ્વરૂપ**

| **ઉપયોગ આધારિત** | **માલિકી આધારિત** | **મૂડીરોકાણ આધારિત** |
|---|---|---|
| 1. પાયાની વસ્તુઓ | 1.જાહેર ક્ષેત્ર | 1. નાના ઉદ્યોગો |
| 2. મૂડીગત વસ્તુઓ | 2. ખાનગી ક્ષેત્ર | 2. મધ્યમ ઉદ્યોગો |
| 3.વચગાળાની વસ્તુઓ | 3.સંયુક્ત ક્ષેત્ર | 3. મોટા ઉદ્યોગો |
| 4.વપરાશી વસ્તુઓ | | |

**A ઉપયોગ આધારિત ઔદ્યોગિક સ્વરૂપ :**

ભારતમાં ઉદ્યોગોનાં ઉપયોગ આધારિત સ્વરૂપની સાથે ઔદ્યોગિક ઉત્પાદન અને ઔદ્યોગિક વૃદ્ધિદર પણ માપવામાં આવે છે.

**1.A** **પાયાની વસ્તુઓ :** જેમાં લોખંડ, સ્ટીલ એલ્યુમિનિયમ, કોલસો, વીજળી વગેરે વસ્તુઓનો સમાવેશ થાય છે કે, જેમના પર બીજી ઔદ્યોગિક વસ્તુઓના ઉત્પાદનનો આધાર છે.

**2.A** **મૂડીગત વસ્તુઓ :** જેમાં યંત્ર સામગ્રી વસ્તુઓનો સમાવેશ થાય છે અથવા એવી વપરાશી વસ્તુઓ કે જેમનો ઉપયોગ આખરી ચીજો ઉત્પાદન કરવામાં થાય છે. દા.ત. ઘડિયાળ બનાવવા માટે જે યંત્ર વપરાય છે તેને મૂડીગત વસ્તુ કહેવાય.

**3.A** **ખેતી આધારિત ઉદ્યોગો વચગાળાની વસ્તુઓ :** જેમાં એવા કાચામાલનો સમાવેશ થાય છે. જેની ઉપર પ્રક્રિયા કરીને આખરી વસ્તુ બનાવાય છે.

દા.ત. લાકડામાંથી રાચરચીલું તૈયાર કરવામાં આવે છે. જે લાકડં,ુ વૃક્ષો કાપીને બરાબર રીતે તૈયાર કરવામાં આવે છે. લાકડુંવચગાળાની વસ્તુ તરીકે ગણાવી શકાય.

**4.A** **વપરાશી વસ્તુઓ :** જેમાં પેન્સિલ, રબ્બર, પેન, પંખો, કાગળ, ઘઉં, ચોખા, શાકભાજી, ફળો વગેરે જેવી ઘણી વપરાશી વસ્તુઓનો સમાવેશ થાય છે.

**B માલિકી આધારિત ઔદ્યોગિક સ્વરૂપો :**

સામાન્ય રીતે માલિકીનાં ધોરણે ઐદ્યોગિક ત્રણ સ્વરૂપ જોઈ શકાય છે.

**1.B** **જાહેરક્ષેત્ર :** જેમાં ઉદ્યોગોની માલિકી ફક્ત સરકારની કે સરકારી સંસ્થાઓની જ હોય છે. દા.ત. રેલ્વે, સંરક્ષણ

**2.B** **ખાનગીક્ષેત્ર :** જે ઉદ્યોગોની માલિકી ફક્ત ખાનગી વ્યક્તિ કે વ્યક્તિઓનાં જૂથની હોય છે. દા.ત. રિલાયન્સ, વીપ્રો.

**3.B** **સંયુક્તક્ષેત્ર :** જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્ર બંનેની માલિકીનો સંયુક્ત રીતે સમાવેશ થાય છે. દા.ત. HPCL સંયુક્તક્ષેત્રમાં બે સ્વરૂપ હોઈ શકે છે; એક સ્વરૂપમાં – મૂડી સરકારની હોય અને વહીવટ ખાનગી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા હોય; જ્યારે બીજા સ્વરૂપમાં – મૂડી ખાનગીક્ષેત્રની હોય અને વહીવટ સરકારીક્ષેત્ર દ્વારા કરવામાં આવતું હોય છે.

**C મૂડીરોકાણનાં આધારિત ઉદ્યોગોનું સ્વરૂપ :**

**1.C નાના, સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો :**MSME ધારા 2006 આધારિત ઔદ્યોગિક સ્વરૂપ ભારતમાં આ મુજબ જોવા મળે છે. જે ઉદ્યોગોનું મૂડીરોકાણ મધ્યમ અને મોટાપાયે ઉદ્યોગો કરતા ઓછું કરવામાં આવે છે, તથા જે ઉદ્યોગોમાં મૂડીરોકાણનું કદ રૂ. 5 કરોડ સુધીની મર્યાદા સુધી હોય, તેવા ઉદ્યોગોને નાના ઉદ્યોગો કહે છે. જે વધારે શ્રમપ્રધાન હોય.

**2.C મધ્યમ કક્ષાનાં ઉદ્યોગો :** જે ઉદ્યોગોનું મૂડીરોકાણ નાના ઉદ્યોગો કરતાં વધારે અને મોટા ઉદ્યોગો કરતાં વધારે અને મોટા ઉદ્યોગો કરતાં ઓછું હોય તેવા ઉદ્યોગોને મધ્યમ કદનાં ઉદ્યોગો કહી શકાય. જેમાં રોકાણ કદ રૂ. 5 કરોડથી વધારે અને રૂ. 75 કરોડથી ઓછું હોય છે.

**3.C મોટા ઉદ્યોગો :** જે ઉદ્યોગોનું મૂડી રોકાણ નાના અને મધ્યમ કદનાં ઉદ્યોગો કરતા વધારે હોય તેવા ઉદ્યોગોને મોટા ઉદ્યોગો કહેવામાં આવે છે. ભારતમાં મોટા ઉદ્યોગોનું મૂડી રોકાણ રૂ. 75કરોડથી વધારે અને રૂ 250 કરોડ થી ઓછું કરવામાં આવે છે.

## 6.4 ઔદ્યોગિક ક્ષેત્રે સુધારા પૂર્વેનો સમય અને ઔદ્યોગિક ક્ષેત્રે સુધારા પછીના સમય અનુસાર, ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ :

ભારત એક વિકાસશીલ દેશ છે, જ્યાં ઉદ્યોગોનું એક આગવુંમહત્ત્વ રહેલું છે. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રને બીજી પંચવર્ષીય યોજનાથી ભાર આપવામાં આવ્યો છે, એટલે જ આ ઔદ્યોગિક ક્ષેત્રનાં વિકાસનું માપન કરવું પણ આવશ્યક છે. ભારતમાં ઉદ્યોગોના વિકાસ તબક્કાવાર અને વિવિધ પંચવર્ષીય યોજના અનુસાર અહીં મુખ્યત્વે બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

1. ઔદ્યોગિક ક્ષેત્ર : સુધારા પૂર્વેનો સમય
2. ઔદ્યોગિક ક્ષેત્ર : સુધારા પછીનો સમય

**1) ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ – સુધારાઓ પૂર્વેનો સમય :**

ઔદ્યોગિક ઉત્પાદનએ વપરાશી વસ્તુઓનાં ઉત્પાદન ક્ષેત્રમાં કાપડ ઉદ્યોગમાં ખાંડ, મીઠું, સાબુ, ચામડાના ઉદ્યોગમાં અને કાગળ ઉદ્યોગમાં આગળ વધતો જણાતો હતો. આ ઘટના પ્રથમ પંચવર્ષીય (1951-55)યોજનાનાં સમયગાળા દરમિયાન જોવા મળી હતી.

જ્યારે દ્વિતીય પંચવર્ષીય યોજના (1955-60)દરમિયાન, ઔદ્યોગિક ક્ષેત્રને પ્રાથમિકતા આપવામાં આવી હતી. જ્યાં, મહાલનોબિસનાં મૉડલ મુજબ મૂળભૂત અને ભારે વસ્તુનાં ઉત્પાદન કરતાં ઉદ્યોગો પર વજન મુકવામાં આવ્યું.જેના લીધે ઔદ્યોગિક ઉત્પાદન આંક 139(139)હતો. વર્ષ 1955-56માં; જે વધીને 194(194) આંક થયો વર્ષ 1960-61માં; જે ઔદ્યોગિક ક્ષેત્રની પ્રગતિ જણાવે છે.

વર્ષ 1961-65નાં સમયગાળામાં ત્રીજી પંચવર્ષીય યોજના અંતર્ગત લાંબાગાળામાં ભાવિ-લક્ષી આયોજનની વ્યૂહરચના ઘડવામાં આવી અને જેનો મુખ્ય ધ્યેય ''ઔદ્યોગિક અને ખેતીક્ષેત્રે નવલ વિકાસ'' કરવાનો હતો. આ ગાળામાં મુખ્ય વિધાર જાહેરક્ષેત્રોનો વિકાસ અને ભારે વસ્તુઓનાં ઉદ્યોગોનો વિકાસ કરવાનો હતો. જે મુખ્યત્વે મૂડીગત વિચારધારાને પ્રાધાન્ય આપતું હતું.

દુષ્કાળ (1966-68)નાં કારણે ચોથી પંચવર્ષીય યોજનાનાં આયોજન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને ભારતમાં વાર્ષિક આયોજનને અપનાવવામાં આવ્યું. આ દુષ્કાળનાં

કારણે દેશનાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસને ઘણો મોટો ધક્કો લાગ્યો હતો (1966-69).

ચોથી પંચવર્ષીય યોજના (1969-74)દરમિયાન અનુમાનિત વાર્ષિક ઔદ્યોગિક ઉત્પાદનનો વધારો 8ટકા કરવામાં આવ્યો હતો, પણ વાસ્તવિકતામાં 5ટકાની આસપાસ વાર્ષિક વૃદ્ધિ ઔદ્યોગિક ઉત્પાદનમાં મેળવવામાં આવી હતી. જેના મુખ્ય કારણોમાં નીચી માંગ, કાચામાલની અછત, મજૂરોનો ઉપદ્રવ અને ઓછી ક્ષમતાનો ઉપયોગ વગેરેનો સમાવેશ થતો હતો.

વર્ષ 1974-79(પાંચમી યોજના) અંતર્ગત મુખ્ય એટલે કોર (Core)ક્ષેત્ર જેવાં કે કોલસો સ્ટીલ મશીનરી કે યંત્રનું ઉત્પાદન, વીજળી, પેટ્રોલિયમ ઉત્પાદકો, નિકાસલક્ષી વસ્તુઓનું ઉત્પાદન અને વપરાશી વસ્તુઓનાં ઉદ્યોગો પર ધ્યાન વિશેષ આપવામાં આવ્યું હતું. જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનનો વાર્ષિક દર 5.2%જેટલો રહ્યો અને જેના કારણે ઉદ્યોગોને ઘણું પ્રોત્સાહન મળ્યું હતું.

વર્ષ 1980-85(છઠ્ઠી યોજના) દરમિયાન, ઔદ્યોગિક ઉત્પાદન પાંચ ગણું વધ્યું અને ઉદ્યોગોનાં માળખામાં પાયાની વસ્તુઓ, વચગાળાની વસ્તુઓ અને મૂડીગત વસ્તુઓનું ઉત્પાદન પ્રબળ કરવામાં આવ્યું હતું.

જ્યારે સાતમી યોજના (1985-90)અંતર્ગત અનુમાનિત વાર્ષિક ઔદ્યોગિક ઉત્પાદનનો વધારો 8.5%કરવામાં આવ્યો હતો, પણ વાસ્તવિકતામાં એ 8%વાર્ષિક રીતે મેળવવામાં આવ્યું હતું. જેના મુખ્ય કારણોમાં આંતર-માળખામાં સુધારણા, મૂડીગત વસ્તુઓની આયાત, કાર્યક્ષમતાનો વધુ ઉપયોગ, ટેકનોલોજીની આયાત વગેરેનો સમાવેશ થતો હતો.

**2) ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ – સુધારા પછી સમય :**

વર્ષ 1991પહેલાં ભારતીય અર્થતંત્રમાં આર્થિક સુધારા કરવામાં આવ્યાં ન હતાં. ઉદારીકરણની નીતિનાં અભાવને લીધે ભારતીય અર્થતંત્ર, આત્મનિર્ભરતા અને સ્વાવલંબન પ્રાપ્ત કરવા માટે વિશ્વનાં બજારોથી મહદઅંશે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પાછળ હતું.

વૈશ્વિકરણ અને ખાનગીકરણની પ્રક્રિયા સાથે ઉદારીકરણની પ્રક્રિયા જોડાયેલી છે. દુનિયાનાં વિવિધ દેશો વચ્ચે જે આદાનપ્રદાન થાય છે તથા આર્થિક ક્ષેત્રમાં જે આયાતનિકાસ થાય છે તેના પર રાજ્યનું નિયંત્રણ ઓછું થાય છે. ઉદારીકરણની પ્રક્રિયામાં વસ્તુઓની ખરીદી તથા વેચાણની ભૂમિકા ગૌણ બની જાય છે. રાજ્ય સરકાર પર આર્થિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક દબાણ પુષ્કળ વધી જાય છે. પરિણામે તે દરેક પ્રકારની છૂટછાટો મૂકી દે છે. ચીજ વસ્તુઓની ગુણવત્તા તથા જરૂરિયાતનાં આધારે પરસ્પર દેશો વચ્ચે આયાતનિકાસ વધારવા લાગે છે, આર્થિક ઉદારીકરણની નીતિ વર્ષ 1991થી ભારતમાં અપનાવવામાં આવી હતી. જેના લીધે ઔદ્યોગિક વેપાર અને વિદેશી રોકાણનીતિને ઉદાર કરવામાં આવી હતી. વાર્ષિક ઔદ્યોગિક ઉત્પાદનનો દર 7%મેળવવામાં આવ્યો હતો.

વર્ષ 1997-2002(નવમી પંચવર્ષીય યોજના) દરમિયાન, ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર ઘટતો જણાતો હતો. જેમાં મુખ્યત્વે નીચે મુજબ કારણો જવાબદાર હતાં : - વચગાળાની વસ્તુઓ માટે ઘરેલુ માંગની અછત ઊંચી, તેલની કિંમતો, વધારાની કાર્યક્ષમતા બીજા ક્ષેત્રની, માળખાગત તકલીફો, વીજળી, વાહનવ્યવહાર, રસ્તા, વ્યાવસાયિક વગેરે. ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર વર્ષ 1997-98, 1999-2000, 2000-01અને 2001-02માં અનુક્રમે 6.7%, 6.7%, 5%અને 2.7%અનુક્રમે હતો.

ત્યારબાદ વર્ષ 2002-07(દસમી યોજના) દરમિયાન, ઔદ્યોગિક વૃદ્ધિદર એ ઝડપી વેગ પકડ્યો હતો. જ્યારે વર્ષ 2007-12(અગિયારમી યોજના) અંતર્ગત અનુમાનિત વાર્ષિક

ઉદ્યોગોનાં ઉત્પાદનનો વૃદ્ધિદર 10%કરવામાં આવ્યો હતો. પરંતુ વૈશ્વિક મંદીનાં કારણે, સરકારે અનુમાનિત દરના મધ્યમ સુધીનો ઔદ્યોગિક વૃદ્ધિદર મેળવ્યો હતો.

વર્ષ 2012-13માં, ઔદ્યોગિક વૃદ્ધિદર એકમ ટકા ઘટ્યો, જે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે ચિંતાજનક બાબત હતી. વર્ષ 2014માં રાજકીય અસ્થિરતાનાં કારણ વર્ષ 2013-14માં ઉદ્યોગોનાં ઉત્પાદન દરમાં ઘટાડો થયો હતો.

## 6.5 વિકાસની તરાહ અને લઘુ ઉદ્યોગો (MSME)

ભારતીય અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ અગત્યનું રહેલ છે, જેનાથી ભારતીય વિકાસની તરાહની એક નવી દિશા જણાય છે. જેનાં અંતર્ગત લઘુ ઉદ્યોગો અથવા MSME (Micro Small Medium Enterprises)નો સર્વ વિશેષ ફાળો જોવા માળે છે. સૂક્ષ્મ નાના અને મધ્યમ કદનાં એકમો એટલે, એવાં એકમો કે જે ભારત સરકારનાં MSMEએક્ટ, 2006અને તેમાં વખતોવખત કરેલા સુધારાઓની પૂર્તિ કરવામાં આવેલ છે અને જેમણે સંબંધિત જિલ્લા ઉદ્યોગો કેન્દ્ર પાસેથીઉદ્દ્મીઓમેમોરેન્ડમ( EntrepreneursMemorandam)ની નોંધણીની સ્વીકૃતિ મેળવી હોય, જ્યાં હયાત અને નવા સાહસો જેણે વિસ્તરણ/વૈવિધ્યકરણ માટે 50%થી વધુ રોકાણ કર્યું હોય (જેમાં 60%રોકાણ પ્લાન્ટ અને યંત્રમાં હોય) અને આવા વિસ્તરણ/વૈવિધ્યકરણ પાછળ, રોકાણ અને તે હેઠળનાં કોમર્શિયલ ઉત્પાદનની શરૂઆત આ યોજનાનાં સમયગાળા દરમિયાન કરવામાં આવી હોય, તે વિસ્તરણ અને વૈવિધ્યકરણ ગણાશે. જે હયાત MSMEsએકમે, આધુનિકરણ માટે નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી નવી ઉત્પાદન પ્રક્રિયા અથવા પ્રદેશની ગુણવત્તા સુધારવા માટે, તેની હયાત ગ્રોસ મિલકતનાં 25%થી વધારે રકમનું રોકાણ પ્લાન્ટ અને યંત્રોમાં કરીને યોજનાનાં અમલીકરણનાં સમયગાળા દરમિયાન આધુનિકરણ દ્વારા કોમર્શિયલ ઉત્પાદન શરૂ કરે તેને આધુનિકરણ કહેવામાં આવે છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમોએ દરેક દેશનાં અર્થતંત્ર માટે મહત્ત્વની ભૂમિકા બજાવે છે. તે બિનકુશળ, અર્ધકુશળ અને કુશળ સમુદાય માટે રોજગારી પેદા કરવામાં સહાય કરે છે અને તેનો ફાળો કુલ ઉત્પાદનમાં 60% છે અને નિકાસમાં 50%છે. આઈડીબીઆઈ બેન્કનાં સીઈઓ આર.એમ.મલ્લાએ કહ્યું હતું કે મહત્ત્વની છે. જો ભારતે વિશ્વમાં ઔદ્યોગિક પ્રગતિ સાધવી હશે તો લઘુ-મધ્યમ ઉદ્યોગો, તેનું વિકાસ એન્જિન બની શકે તેમ છે, વર્ષ 2020માં ભારતમાં જે ટોપટેન કંપનીઓ હશે, તેમાં સિંહફાળો માઈક્રો ઈન્ડસ્ટ્રિઝનો (લઘુ ઉદ્યોગો)નો રહેશે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ (MESE) ધારા, 2006આધારિત તથા વર્ષ 2015માં સરકારની જાહેરાત અનુસાર, મૂડીરોકાણનાં ધોરણો નીચે મુજબ જાણી શકાય.

| ઉદ્યોગોનો પ્રકાર | પ્લાન્ટ અને મશીનરીમાં મૂડીરોકાણનાં ધોરણો |
|---|---|
| મેનુફેક્ચરિંગ સેક્ટરમાં, | |
| ➢ સૂક્ષ્મ ઉદ્યોગો | ➢ ₹ 25લાખ |
| ➢ નાના ઉદ્યોગો | ➢ ₹ 5કરોડ |
| ➢ મધ્યમ ઉદ્યોગો | ➢ ₹10કરોડ |
| સર્વિસ સેક્ટરમાં | |
| ➢ સૂક્ષ્મ ઉદ્યોગો | ➢ ₹ 10લાખ |
| ➢ નાના ઉદ્યોગો | ➢ ₹ 2કરોડ |
| ➢ મધ્યમ ઉદ્યોગો | ➢ ₹ 5કરોડ |

ચોથા ઑલ ઈન્ડિયા – સેન્સસ ઓફ MSMEસર્વે મુજબ ભારત દેશમાં કાર્યરત અને બિનકાર્યરત સૂક્ષ્મ, લઘુ મધ્યમ ઉદ્યોગો કુલ 15, 63, 974અને કુલ 4, 96, 355જેટલાં નોંધાયેલ છે.

ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનાં ઉત્પાદનનો ફાળો કુલ નિકાસમાં છેલ્લાં વર્ષોમાં નીચે મુજબ છે :

| વર્ષ | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો નિકાસમાં ફાળો |
|---|---|
| 2013-14 | 42.42% |
| 2014-15 | 44.76% |
| 2015-16 | 49.86% |

સ્રોત રાજ્ય સરકાર મંત્રાલય અને MSME મંત્રાલય

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની કાર્યક્ષમતા રોજગારી અને રોકાણ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ નીચે મુજબ છે :

| વર્ષ | કુલ કાર્યરત ઉદ્યોગો (લાખમાં) | રોજગારી (લાખમાં) | સ્થિર મિલકતની બજાર કિંમત (કરોડ રૂ.માં) |
|---|---|---|---|
| 2006-07 | 361.76 | 805.23 | 868543.79 |
| 2007-08 | 377.36 | 842.00 | 920459.84 |
| 2008-09 | 393.70 | 880.84 | 977114.72 |
| 2009-10 | 410.80 | 921.79 | 1038546.08 |
| 2010-11 | 428.73 | 965.15 | 1105934.09 |
| 2011-12 | 447.64 | 1011.69 | 1182757.64 |
| 2012-13 | 447.54 | 1061.40 | 1268763.67 |
| 2013-14 | 488.46 | 1114.29 | 1363700.54 |

**સ્રોત વાર્ષિક અહેવાલ 2014-15, MSMEs.**

ઉતરોક્ત લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોનાં વિકાસનો તરાહ પરથી અનુમાન કરી શકાય છે કે, ઉદારીકરણ પછી લઘુ ઉદ્યોગોનો વિકાસ સતત વધતો જણાય છે,

## 6.6 ઔદ્યોગિક ક્ષેત્રને અવરોધક પરિબળો :

ભારતમાં સૂક્ષ્મ, નાના કે મધ્યમ પ્રકારનાં ઉદ્યોગોમાં ઘણાં આર્થિક, સામાજિક, માળખાગત પ્રશ્નો અવરોધક પરિબળો તરીકે કામ કરે છે, જે નીચે મુજબ ગણાવી શકાય :

➢ **બેકાર મૂડી સંરચના :**

વિકાસમાં મૂડી સંરચના બેકાર હોય તો ઉદ્યોગોની પ્રગતિ કરવામાં એ અવરોધક બને છે.

➢ **રાજનૈતિક પરિબળો :**

આઝાદી પહેલાંનાં સમયમાં બ્રિટિશ નિયમો મુજબ ઔદ્યોગિક નીતિ અપનાવવામાં આવેલી હતી, આપણા દેશના હિતમાં ન હતી. જેના કારણે ભારત 200વર્ષ સુધી પાયાની વસ્તુઓનું ઉત્પાદન કરતો દેશ બની રહ્યો હતો, જેથી ઔદ્યોગિક વિકાસનું પતન થતું ગયું હતું. આઝાદી પછી પણ, રાજનૈતિક અસ્થિરતાના લીધે ઔદ્યોગિક વિકાસ રૂંધાઈ રહ્યો છે, જેના કારણેઉદ્યોગોને હેરાનગતિ વધારે થાય છે.

➢ **માળખાગત સુવિધાઓની અછત :**

હાલમાં, ભારત દેશને માળખાગત સુવિધાઓ માટે પછાત ગણવામાં આવે છે અને જે ઔદ્યોગિક વિકાસનાં મુખ્ય અવરોધક પરિબળ તરીકે કામ કરે છે. વાહનવ્યવહારની અને સંચાર વ્યવસ્થાની અછતનાં કારણે ઔદ્યોગિક વિકાસના ટોચ પર પહોંચી શકતું નથી.

➢ **ખેતીક્ષેત્રનું નીચું પ્રદર્શન :**

ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન એ ખેતી ક્ષેત્રની ઉત્પાદકતા પર નભે છે; ખેતીક્ષેત્રની ઉત્પાદકતા પણ કુદરતી સંસાધનોની અછતનાં લીધે પણ નીચી રહી છે, જે ઔદ્યોગિક સ્થગિતતાનું મુખ્ય કારણ છે.

➢ **લક્ષ્યો અને સિદ્ધિઓ વચ્ચેનાં તફાવત :**

પંચવર્ષીય યોજના મુજબ ઔદ્યોગિક વૃદ્ધિદરનાં લક્ષ્યાંકો ઘણાં ઊંચા રાખવામાં આવ્યાં હતાં, પરંતુ એ લક્ષ્યાંકો સામે સિદ્ધિઓનું પ્રદર્શન ખૂબ જ નીચું મેળવવામાં આવ્યું હતું. સંસાધનોની અછતનાં લીધે ઊંચા લક્ષ્યાંકોની સિદ્ધિ થઈ શકતી નથી.

➢ **અન્ય પરિબળો :**

અન્ય પરિબળોમાં તાલીમાર્થી અને કાર્યક્ષમતાની ખામી, સંપત્તિ એકાગ્રતાની ખામી બિનકાર્યક્ષમ, જાહેરક્ષેત્ર, પ્રાદેશિક અસમાનતા, ઔદ્યોગિક માંદગીનો સમાવેશ કરી શકાય.

## 6.7 ભારતમાં ઔદ્યોગિક માંદગી :

ઔદ્યોગિક માંદગીને સમગ્ર વિશ્વમાં આ મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે, "જે ઔદ્યોગિક ક્ષેત્ર કે કંપની જે પાંચ વર્ષથી ઓછા સમય માટે રજિસ્ટર્ડ કરાવેલ કંપની હોય; જે કોઈપણ નાણાકીય વર્ષના અંતે, તેના જેટલા નુકસાન અથવા તેના કરતાં વધારે થઈ ગઈ છે. આખું નાણાકીય વર્ષ અને આર્થિક વર્ષ અને તેની નાણાકીય વર્ષમાં પણ રોકડનું નુકસાન થયું છે નાના ઉદ્યોગોમાં વિશેષરૂપે ઔદ્યોગિક માંદગી હંમેશાં ભારતીય વ્યવસ્થા માટે જોવા મળે છે. કારણ કે કપાસ, જ્યુટ, ખાંડ, કાપડ, નાના સ્ટીલ અને એન્જિનિયરિંગ ઉદ્યોગો જેવાં વધુ અને વધુ ઉદ્યોગો આ માંદગીની સમસ્યાથી ઘેરાઈ રહ્યાં છે, જે ચિંતાજનક વિષય છે. રીયલ એસ્ટેટ, લાઈટ કઝ્યુમર ગૂડ્ઝ, ઓટોમોબાઈલ, હીરા અને અન્ય ઘણાં ઉદ્યોગો જેની માંગમાં ઘણો ઘટાડો થયો છે. નાણાંનો અપૂરતો પુરવઠો, બિન-પરફોર્મન્સ અસ્ક્યામતો (NPA) નો મોટો હિસ્સો અને જંગી નાણાકીય અવરોધોની અસર હેઠળ ભારતમાં ઔદ્યોગિક માંદગી જોવા મળે છે. વૃદ્ધાવસ્થાનાં પ્રાપ્યમાં ભંડોળની માત્રા પૂર્ણ અવરોધિત થઈ રહી છે, માત્ર ઔદ્યોગિક માંદગીનાં કારણે સરકારને ઘણાં નકારાત્મક ચિત્રો જોવા મળે છે.

## 6.8 સારાંશ :

ભારતીય અર્થતંત્ર મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં વિભાજીત છે. - ખેતી, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્ર. ભારતીય અર્થતંત્રનો મુખ્ય વ્યવસાય ખેતી છે, પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રને પણ મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. ભારત એક વિકાસશીલ દેશ છે, જ્યાં ઉદ્યોગોનું એક આગવુંમહત્ત્વ રહેલું છે. બીજી પંચવર્ષીય યોજનાથી ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રનાં વિકાસનું માપન કરવામાં આવ્યું છે. જેમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આર્થિક સુધારો પૂર્વેનો સમયમાં વસ્તુઓનું ઉત્પાદન વધ્યું છે. પરંતુ, આર્થિક સુધારા પછીનાં સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં વર્ષે 1991થી વૈવિધ્યકરણ અને

ખાનગીકરણની પ્રક્રિયા સાથે ઉદારીકરણની પ્રક્રિયા જોડાયેલી છે. જેના કારણે ઔદ્યોગિક વેપાર અને વિદેશી રોકાણનીતિને ઉદાર કરવામાં આવી હતી. જેના લીધે વાર્ષિક ઔદ્યોગિક ઉત્પાદનનો દર 7%મેળવવામાં આવ્યો હતો. વર્ષ 2006માં ભારત સરકારનાં દ્વારા MSMEએક્ટ દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યુ, જેના કારણે ઔદ્યોગિક ક્ષેત્રનાં ઉત્પાદનમાં બહોળો પ્રભાવ પડ્યો છે. ઔદ્યોગિક ક્ષેત્રને અવરોધક પરિબળોમાં બેકાર મૂડી સંરચના, રાજનૈતિક પરિબળો, માળખાગત સુવિધાઓની અછત, ખેતીક્ષેત્રનું નીચું પ્રદર્શન, લક્ષ્ય અને સિદ્ધિઓ વચ્ચેનો તફાવત તથા અન્ય પરિબળોનો સમાવેશ થાય છે.

## 6.9 સ્વાધ્યાય :

- **લાંબા પ્રશ્નોના જવાબ આપો.**

1. ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ વિસ્તારપૂર્વક સમજાવો.
2. ટૂંકનોંધ લખો – આર્થિક સુધારા પૂર્વેનાં સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રની તરાહ
3. ટૂંકનોંધ લખો –આર્થિક સુધારા પછીનાં સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રની તરાહ
4. વિકાસની તરાહ અને લઘુ ઉદ્યોગો (MSME)વિશે વિસ્તારપૂર્વક જણાવો.
5. ઔદ્યોગિક ક્ષેત્રને અવરોધ પરિબળો સમજાવો.

- **મલ્ટિપલ ચોઈસ દ્વારા સાચો જવાબ આપો.**

1. ભારતીય અર્થતંત્રમાં મુખ્યત્વે ________ક્ષેત્રનો સમાવેશ થાય છે.

   A. 2 B. 3
   C. 4 D. 5 જવાબ :- (B)

2. ભારતીય અર્થતંત્રમાં મુખ્ય વ્યવસાય ________છે, જેમાં ________% જેટલા લોકો રોજગારી મેળવે છે.

   A. ખેતી 60% B. ઉદ્યોગ 60%
   C. સેવા 60% D. હસ્તકલા ક્ષેત્ર 60% જવાબ :- (A)

3. આધુનિક ઉદ્યોગોમાં ________ઉદ્યોગોનું વર્ચસ્વ વિકસતુંજણાય છે.

   A. રસાયણિક ઉદ્યોગો B. પરિવહન ઉદ્યોગો
   C. વીજળી ઉદ્યોગો D. ઉપરોક્ત તમામ જવાબ :- (B)

4. ઔદ્યોગિક ક્ષેત્રનું વિભાજન ________પ્રકારે કરવામાં આવે છે.

   A. 2 B. 3
   C. 4 D. 5 જવાબ :- (B)

5. વપરાશી ચીજોનું ઉત્પાદન કરવા માટે, ________ક્ષેત્ર મહત્ત્વનું છે.

   A. ખેતી B. ઉદ્યોગ
   C. સેવા D. એકપણ નહિ જવાબ :- (B)

6. ________પંચવર્ષીય યોજનામાં, ઔદ્યોગિક ક્ષેત્રને ભાર આપવામાં આવ્યું.

   A. પ્રથમ B. દ્વિતીય
   C. ત્રીજી D. ચોથી જવાબ :- (B)

7. વર્ષ 1960-61માં ઔદ્યોગિક ઉત્પાદન આંક ________હતો.

A. 139 B. 140

C. 194 D. 195 જવાબ :- (C)

8. ________પંચવર્ષીય યોજનામાં, મૂડીગત વિચારધારાનાં ઉદ્યોગોને પ્રાધાન્ય અપાયું હતું.

A. પ્રથમ B. દ્વિતીય

C.ત્રીજી D. ચોથી જવાબ :- (C)

9. ________વર્ષમાં આર્થિક સુધારા આવ્યાં હતાં, જેના કારણે ઔદ્યોગિક વિકાસ વધ્યો હતો.

A. 1990 B. 1992

C. 1993 D. 1994 જવાબ :- (a)

10. ________વર્ષમાં ઔદ્યોગિક વૃદ્ધિદરએ ઝડપી વેગ પકડ્યો હતો.

A. 1997-2002 B. 2002-07

C. 2007-12 D. 2012-17 જવાબ :-(B)

11. MSMEનું પૂર્ણ સ્વરૂપ ________આપો.

A.Micro, Small, Medium Enterprise

B. Micro, School, Medium Enterprise

C.Mini, Small, Micro Enterprise

D.Mini, Small, Medium Enterprise જવાબ :-(A)

12. ________વર્ષમાં લઘુઉદ્યોગને પ્રાધાન્ય આપવા MSME Actભારતમાં જાહેર કરવામાં આવ્યો.

A. 2004 B. 2005

C. 2006 D. 2007 જવાબ :-(C)

13. લઘુ ઉદ્યોગોમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મૂડીરોકાણનું ધોરણ ________અને સર્વિસ સેક્ટરમાં ________છે.

A. 25લાખ; 10લાખ B. 5કરોડ; 2કરોડ

C. 2કરોડ; 5કરોડ D. 10કરોડ;5કરોડ જવાબઃ- (B)

14. કાર્યરતMSMEની સંખ્યા ________નોંધાયેલ છે. (ચોથા ઓલ ઈન્ડિયા સેન્સસ ઓફ MSMEસર્વે મુજબ)

A. 15, 63, 974 B. 16, 63, 974

C. 17, 63, 974 D. 18, 63, 974 જવાબઃ- (A)

15. વર્ષ 2015-16માં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો નિકાસમાં ફાળો ________હતો.

A. 42.42% B. 44.76%

C. 49.86% D. 59.89% જવાબઃ-(C)

# એકમ : 7 IDBI અને SIDBIની ભૂમિકા

## : રૂપરેખા :

**7.1 ઔદ્યોગિક વિકાસ IDB1 અને SIDBIની ભૂમિકા**

**7.1.1 ભારતના ઔદ્યોગિક વિકાસમાં નાણાં સંસ્થાનો ફાળો**

**7.1.2 શ્રમની વ્યાખ્યા**

**7.1.3 IDBI**

**7.1.4 SIDBI**

**7.2 શ્રમનું બજાર**

**7.2.1 ભારતમાં શ્રમબજારમાં લક્ષણો**

**7.2.2 ભારતમાં શ્રમબહારના પ્રશ્નો**

**7.3 ભારતમાં શ્રમનીતિ**

**7.3.1 રાષ્ટ્રીય શ્રમ આયોગના સૂચનો**

**7.3.2 ભારતમાં આધુનિક શ્રમનીતિ**

**7.4 સ્વાધ્યાય**

## 7.1 ઔદ્યોગિક વિકાસ IDB1 અને SIDBIની ભૂમિકા

- **પ્રસ્તાવના :**

દેશના ઔદ્યોગિક વિકાસનો આધાર મૂડીરોકાણ ઉપર છે. મૂડીરોકાણનો આધાર ઉદ્યોગને કેટલા પ્રમાણમાં નાણાં પ્રાપ્ત થાય છે તેના ઉપર છે. ઉદ્યોગોને નાણાં પૂરા પાડવા માટે જે વ્યવસાય છે તેને ઔદ્યોગિકનાણાંતંત્ર કહેવામાં આવે છે ઉદ્યોગોને નાણાંપ્રાપ્તિ માટે મુખ્ય બે સાધનો છે.

1) આંતરિક સાધનો

2) બાહ્ય સાધનો

ઉદ્યોગો પોતાની મૂડી અથવા નફામાંથી પોતાનાં અન્ય ક્ષેત્રોમાંથી જે નાણાંસ્રોતો કહેવામાં આવે છે અને બહારથી બેંકો, સંસ્થાઓ તેમજ ઈક્વિટી મૂડી દ્વારા જે નાણાં પ્રાપ્ત કરે તેને બાહ્ય સ્રોતો કહેવામાં આવે છે.

આ ઉપરાંત ભારતમાં ઉદ્યોગોને નાણાં પૂરા પાડવા માટેની કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ પણ કામ કરે છે આ સંસ્થાઓમાં IFCI, ICICI, IDBI, SFC, SIDBI વગેરેનો સમાવેશ થાય છે. આ દરેક નાણાંકીય સંસ્થાઓ પોતાની રીતે તેમના હેતુઓ સિદ્ધ કરવા મતે તેમની યોજનાઓ અનુસાર ઉદ્યોગોને નાણાં પૂરા પાડે છે.

### 7.1.1 ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે નાણાં સંસ્થાનો ફાળો :-

ઔદ્યોગિક વિકાસ મતે ઔદ્યોગિક સ્થાપના, વિસ્તાર, વૈવિધ્યકરણ આધુનિકીકરણ વગેરે માટે પુષ્કળ પ્રમાણમાં નાણાંની જરૂર પડે છે. આ નાણાંને પૂરા પાડવાનું કામ ઔદ્યોગિક સંસ્થાઓ કરે છે.

આયોજિત અર્થેકારણમાં કેટલાક પરિબળો હોય છે કે, જેથી વિશિષ્ટ નાણાં સંસ્થાઓની જરૂરિયાત જણાઈ હતી આ પરિબળમાં મૂડીની અગતશીલતા, નીચું મૂડીસર્જન યોગ્ય રીતે ગઠિત મૂડી બજાર વગેરે પરિબળોનો સમાવેશ થાય છે. મોટાભાગની નાણાં સંસ્થાઓ વર્તમાન નાણાં સંસ્થાઓને પૂરક બનવા માટે નહિ પરંતુ પ્રવર્તમાન નાણાં સાધનોને પૂરક બનવા માટે કામ કરે છે.વીમા કંપનીઓ અને બેંકો પણ વિશિષ્ટ નાણાં સંસ્થોઓ સ્થાપનામાં અંગ્રેસર છે. તેઓને સરકાર તરફથી પણ નાણાંકીય સહાય કરવામાં આવે છે કેટલીક વખત નાણાંકીય સંસ્થાની સ્થાપનાની કામગીરી સરકાર કરે છે. પરંતુ તેનું સંચાલન સ્વાયત્ત રીતે થાય તે માટે પ્રયાસ કરે છે. દેશના વિકાસનો આધાર નાણાંકીય સંસ્થાઓનું પ્રમાણ તેમની કામગીરી ગુણવતા પર છે. આ સંસ્થાઓ નીતિઓ, કાર્યક્રમો અને પ્રવૃતિઓનું વાહક છે જેને તેઓ વ્યક્ત કરે છે અને વ્યવહારમાં અમલમાં મૂકે છે. ઔદ્યોગિક કાર્યક્ષમતા અને ઉત્પાદક વધારવા માટે પણ આ સંસ્થાઓનું ઘણું જ પ્રદાન છે.

**ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે નાણાંકીય સ્ત્રોત્રનું સ્વરૂપ:-**

ભારતમાં ઔદ્યોગિકવિકાસ માટે નાણાંના વિવિધ સ્ત્રોત્ર ઉપલબ્ધ છે.

1. **આંતરિક સ્વ - નાણાં :** અમાન્ય રીતે પોતાની બચતમાંથી વ્યક્તિ રોકાણ કરે છે.
2. **ઈક્વિટી, ડિબેન્ચર્સ અને બોન્ડસ:-** નિશ્ચિત રોકાણ માટે નાણાંનો મોટોભાગ ઈક્વિટી અથવા શૅર માંથી આવે છે.
3. **જાહેર થાપણો :** મોટાભાગે નાણાં માટે આ પદ્ધતિ હેઠળ લોકો છ મહિના, એક કે બે કે ત્રણ વર્ષ અથવા તેથી વધુ સમય માટે આ કંપનીઓ અથવા મેનેજિંગ ઓથોરિટીઝ પાસે તેમના નાણાં ડિપોઝીટ તરીકે રાખે છે. થાપણદારોને નિશ્ચિત વ્યાજ મળે છે.
4. બેંકો તરફથી લોન પ્રાપ્ત થાય છે.
5. આંતરિક સાધનો તરફથી જેવા કે ફોરેન કેપિટલ સહાય અથવા લોન મળે છે. દા.ત. IMP દ્વારા પ્રાપ્ત થતી લોન
6. **વિકાસ નાણાંકીય સંસ્થાઓ :** ઔદ્યોગિક વિકાસ માટે સરકાર દ્વારા નાણાંકીય સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. દા.ત. ઔદ્યોગિક વિકાસ બેંક, ઔદ્યોગિક નાણાંકીય કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, યૂનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, ઈન્ડસ્ટ્રિયલ રિકન્સ્ટ્રકશન બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ ઈન્ડસ્ટ્રિયલડેવલપમેન્ટ કોર્પોરેશન વગેરે વિવિધ સંસ્થા દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રને નાણાં પ્રાપ્ત થાય છે.

**7.1.2 શ્રમની વ્યાખ્યા : -**

શ્રમનો ખ્યાલ એ વ્યક્તિ સાથે પ્રમુખ રીતે સબંધિત છે. આર્થિક પ્રવૃત્તિ ઉત્પાદક બાબતોને જ ધ્યાનમાં લે છે.વ્યક્તિ પોતાની જરૂરિયાતો સંતોષવા માટે શારીરિક કે માનસિક પ્રવૃત્તિ કરતો હોય છે. જેના બદલામાં તેને નાણાં મળે છે. એક રીતે કહીએ તો વ્યક્તિ પોતાનો શ્રમ વેચે છે અને તેનો બદલો મેળવે છે.

એટલે કે વ્યક્તિ શારીરિક કે માનસિક રીતે પ્રવૃત્તિશીલ રહે છે અને તેના બદલામાં તે નાણાં મેળવે છે. ત્યારે તેને શ્રમ કહેવામાં આવે છે.

**શ્રમના લક્ષણો :**

શ્રમનો અર્થ થાય છે કે કોઈપણ પ્રકારનો શારીરિક અથવા માનસિક પરિશ્રમ.

- **શ્રમ પ્રકૃતિમાં નાશવંત છે. :-** શ્રમિક તે પોતાના શ્રમને સંગૃહિત કરી શકતો નથી. દા.ત. જો કોઈ કામદાર એકપાળી માટે કામ ન કરે તો તે પાળીનું તેનું શ્રમ સંપૂર્ણ ખોવાઈ જાય છે. બીજા દિવસે તેનો સંગ્રહ અને ઉપયોગ કરી શકાતો નથી.
- શ્રમિક એ શ્રમથી અવિભાજ્ય છે. એટલે કે શ્રમિકને તેના શ્રમ શક્તિથી અલગ કરી શકાતા નથી.
- શ્રમ એ અન્યની તુલનામાં ઉત્પાદનનો એક વિશિષ્ટ પરિબળ છે. તે સીધા જ અન્ય પ્રયત્નોથી વિપરિત માનવ પ્રયત્ન સાથે સંબંધિત છે.

  દા.ત. કામદારો સાથે વ્યવહાર, બાકીનો સમય, યોગ્ય કામનું વાતાવરણ, નિષ્ક્રિય સમય વગેરે
- દરેક શ્રમિકની શ્રમશક્તિ સમાન નથી. શ્રમની ગુણવત્તા, કાર્યક્ષમતા, વગેરે અલગ-અલગ હોય છે.
- શ્રમિકની સોદા કરવાની શક્તિ નબળી છે.
- ઉત્પાદનના સાધન તરીકે શ્રમ ગતિશીલતા ખૂબ જ ઓછી છે.
- કોઈપણ સમયે બજારમાં શ્રમનો પુરવઠો તટસ્થ છે. એટલે કે શ્રમિકની માંગ વધતા તે તરત વધારી શકાતો નથી.

**શ્રમ બજારનું વર્ગીકરણ :**

1. કુશળતા આધારિત જેમાં સકુશળ શ્રમિક, અર્ધકુશળ, કુશળ શ્રમિકનો સમાવેશ થાય છે.
2. કામના આધારે શારીરિક શ્રમિક (દા.ત. ખેડૂત, ડ્રાઈવર, બાંધકામ શ્રમિકો) અને બૌદ્ધિક શ્રમિક (દા.ત. શિક્ષક, અધ્યાપક, ક્લાર્ક) વગેરેનો સમાવેશ થાય છે.
3. વ્યવસાય આધારિતમાંકૃષિ શ્રમિક, ઔદ્યોગિક સેવા આપનાર શ્રમિક, પરિવહન કાર્ય કરનાર શ્રમિક, ઑફિસ લેબર વગેરેનો સમાવેશ થાય છે.
4. રહેઠાણ આધારિત ગ્રામીણ અને શહેરી શ્રમિકમાં સમાવેશ થાય છે.
5. સમયગાળા આધારિત કાયમી અને હંગામી શ્રમિકનો સમાવેશ થાય છે.

**શ્રમ બજારના અન્ય બજાર સાથે આંતર સંબંધ :-**

શ્રમ બજાર અને વસ્તુ બજાર વચ્ચે તફાવત જોવા મળે છે. વસ્તુ બજારમાં વસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠાના સંદર્ભમાં નક્કી થાય છે. જ્યાં વસ્તુની માંગપુરવઠો સરખા થાય ત્યાં વસ્તુની કિંમત નક્કી થાય છે. જયારે શ્રમની કિંમત વેતન સ્વરૂપમાં હોય છે અને આ વેતન પણ શ્રમની માંગ અને પુરવઠાને આધારે જ નક્કી થાય છે. શ્રમબજારમાં શ્રમની માંગ ઉત્પાદકો દ્વારા થાય છે. વસ્તુબજારમાં ટૂંકાગાળામાં વસ્તુની તીવ્ર માંગ વધતાં પુરવઠો વધારવો શક્ય બનતો નથી. જયારે શ્રમબજારમાં સામાન્ય રીતે શ્રમનો પુરવઠો વધારે હોય છે.

### 7.1.3 IDBI -Industrial Development Bank of India :-

ઉદ્યોગોને નાણાં આપવા માટેની નાણાંસંસ્થાઓ હોવા છતાં પૂરતા પ્રમાણમાં ઉદ્યોગોને નાણાં પ્રાપ્ત થતાં ન હતા. ઉદ્યોગોની વધતી જતી નાણાંકીય જરૂરિયાતોને સંતોષવા મતે આ સંસ્થાઓ પર્યાપ્ત ન હતી. નાણાંકીય સંસ્થાઓની કામગીરી વચ્ચે સંકલન કરવા મતે પણ કોઈ નવી સંસ્થાની જરૂર હતી. આથી ભારતીય સરકારે Feb, 1964માં IDBI સંસ્થાનું બિલ રજૂ કર્યું અને કાયદો પસાર કર્યો અને 1, July 1964 થી તેના કામો શરૂ થયાં.

➢ **કાર્યો :-** ઔદ્યોગિકનાણાંતંત્રમાં ઝડપી ઔદ્યોગિકરણ સંકલિત અને સગ્રથિત કામગીરી કરવા માટે આ એકમની નાણાંની માંગ અને પુરવઠા વચ્ચેની ખાય પુરવાનું છે. બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓને મુદતી લોન આપો આ સંસ્થા સર્વોચ્ચ ઉચ્ચ નાણાંસંસ્થા તરીકે કામગીરી કરે છે. તે બધા પ્રકારના ઉદ્યોગોને સહાય આપે છે.

ઔદ્યોગિક સાહસોને સીધી સહાય :-

➢ IDBI ઔદ્યોગિક સાહસોને પ્રત્યક્ષ સહાય આપે છે.

➢ મૂડીગત વસ્તુઓઅને બીજી વસ્તુઓની નિકાસ કરવા માટે 16 વર્ષ માટેની નાણાંકીય લોન આપે છે.

➢ ઔદ્યોગિક એકમોના શૅર અને ડિબેન્ચર ખરીદે છે, અથવા તેના પર લોન આપે છે. આ પ્રકારની લોનો, ધિરાણો અને ડિબેન્ચર્સને ઈક્વિટી શૅરોમાં પરિવર્તન કરવાના વિકલ્પ પણ આપે છે.

➢ ઔદ્યોગિક એકમોને તેઓએ લીધેલી લોન સામે ગેરંટી પણ આવે છે.

➢ ઔદ્યોગિક એકમોનો નવા ઈસ્યુઓને અન્ડર રાઈટ કરે છે અને વ્યાપારી બિલોને વટાવી આપે છે અને પ્રોમિસરી નોટોને પણ વટાવી આપે છે.

**અન્ય નાણાંકીય સંસ્થાઓને સહાય :-**

IDBI અન્ય નાણાંકીય સંસ્થાઓને સહાય આપે છે. તેમના શેરો અને ડિબેન્ચર્સ બોન્ડ્ઝ ખરીદી લે છે, અને શૅર બોન્ડનું અન્ડર રાઈટિંગ પણ કરે છે. Sep 1964 થી IDBI દ્વારા Refianance Corporation સ્થપાયું. જે ઔદ્યોગિક લોન, નિકાસધિરાણ વગેરેનું પુન:ધિરાણ કરે છે 3 થી 25 વર્ષની મુદત મતે IFCI અને SFCS અને બીજી નાણાંકીય સંસ્થાને કે જે સરકાર દ્વારા નોધાયેલી છે. તેમને પુન:ધિરાણ કરે છે. ઉપરાંત, માર્કેટિંગ, મૂડીરોકાણ સંશોધન ટેક નોઈકોનોમિક સ્ટડીઝ અને સંશોધન કામગીરી અને ઔદ્યોગિક એકમોને સંચાલન, વિસ્તૃતીકરણ મતે ટેક નિકલ અને વહીવટી સેવાઓ પણ IDBI આપે છે.

➢ IDBI દ્વારા 1965 માં Development Assistance Fund ની સ્થાપના થઈ. તેમાંથી ઉદ્યોગોને વિવિધ હેતુઓ માટે લોન આપવામાં આવે છે. 16, Feb 1976ના રોજ આ સંસ્થાનું પુન:ગઠન થયું અને એ માટેના કાયદામાં સુધારો કરવામાં આવ્યો.

**સંચાલન :-**

તેનું સંચાલન બોર્ડ પફ ડિરેક્ટરસ દ્વારા થાય છે. અગાઉ RBIની બોર્ડ ડિરેક્ટર્સ આ સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે કામ કરતું હતું. પરંતુ 8 ફેબ્રુઆરી, 1976 થી IDBIને પોતાનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ છે. જેમાં કેન્દ્ર સરકારના વધુ પ્રતિનિધિઓ છે. 30 June, 1999ના રોજ આ બોર્ડના 17 ડાયરેક્ટરસ હતા. જેમાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર્સનો સમાવેશ થાય છે. તેમાંથી 9 સભ્યોની એક્ઝિક્યુટિવ સમિતિની રચના કરવામાં આવે છે.

આ સંસ્થાની 2000 કરોડ સુધીની અધિકૃત શૅરમૂડી પ્રાપ્ત કરવની સત્તા 1994માં આપવામાં આવી. જે હજુ પણ 5000 કરોડ સુધી વધારી શકે છે.

**કામગીરી :-**

1999 માર્ચના અંતે IDBIની શૅરમૂડી 657 કરોડ હતી. તેમની અનામતો અને ભંડોળો 8, 306 કરોડ રૂ. હતા. March-1999 સુધીમાં IDBIએ રૂ.1, 73, 977 કરોડની સહાય રજૂ કરી હતી. જેમાં ઉદ્યોગ પ્રમાણે આંતરમાળખાકીય વિભાગ ત્યારબાદ ટેક્ષ્સટાઈલ્સ, કેમિકલ

પ્રોડક્ટ, મેટલ્સને સહાય આપી. રાજ્યની દૃષ્ટિએ મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુ વગેરેને સહાય આપી.

**ટેકનિકલ ડેવલપમેન્ટ ફંડ સ્કીમ :-**

1976 - માર્ચમાં આ સ્કીમની સ્થાપના થઈ. જેમાં ટેક નિકલ જાણકારી, વિદેશીસલાહ સવલત, વિદેશી સંશાધનો અને ટૅક નોલોજી માટે વિદેશી હુંડિયામણ આપવામાં આવે છે.

- ટૅક્નિકલ વિકાસ ભંડોળને સહાય કેર છે.
- ઔદ્યોગિક લોનનું પુન:ધિરાણ કરે છે જેમાં નાના ઉદ્યોગને આપવામાં આવતી લોનની ગેરેંટી આપે છે.
- તે મશીનરી બિલો પર પુન:વટાવનું કામ કરે છે.
- તે નાણાંકીય સંસ્થાના શૅર અને બોન્ડ ખરીદવા
- નિકાસ સહાય પણ કરે છે. જેમાં પ્રત્યક્ષ નિકાસ ધિરાણ બેંકોના નિકાસ ધિરાણ પર પુન:ધિરાણ, દરિયાપારના ખરીદનારાને ધિરાણ, વિદેશી નાણાંકીય સંસ્થાને પણ તે ધિરાણ કરે છે.

**અન્ય કામગીરી:-**

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઔદ્યોગિક અસમાનતા દૂર કરવા માટે સહાય કરે છે. પછાત વિસ્તારમાં રાહત દરે ધિરાણ અને પુન:ધિરાણ કરે છે, ઉપરાંત કેન્દ્રીય સબસીડી યોજનાનો વહીવટ પણ પછાત જિલ્લાઓના વિકાસ માટે કરે છે

**7.1.4 Small Indstries Development Bank of India (SIDBI):-**

➢ સીડબીની સ્થાપના નાના પાયાના ઉદ્યોગો, સૂક્ષ્મ ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોને ધિરાણ કરવા માટે તેમજ તેના વિકાસ કરવા તથા આ ઉદ્યોગોના માટે કામ કરતી સંસ્થાઓને મદદ કરવા 1990માં થઈ.

➢ આ બેંક સીધી અને પરોક્ષ રીતે મદદ કરે છે. તે લાભાર્થીઓને પ્રોજેક્ટ ફાઈનાન્સની જુદી-જુદી યોજનાઓ અંતર્ગત સીધી સહાય આપે છે. આ ઉપરાંત સાધનોના વિકાસ માળખા વગેરે માટે પણ ધિરાણ કરે છે. એ જ રીતે બેંકો અને રાજ્યકક્ષાની સંસ્થાઓના પણ નાના પાયાના અને કુટીર ઉદ્યોગોના વિકાસ માટે ધિરાણ કરે છે.

➢ 1993-94 રૂા. 4014 કરોડની નાણાંકીય સહાય SIDBI એ કરી હતી. જેમાંથી 3311 કરોડની વહેંચણી કરી હતી.

➢ સીડબી દ્વારા આપવામાં આવતી ફાઈનાન્સ સુવિધાઓ.

**પ્રત્યક્ષ ફાઈનાન્સ :-**

વર્કિંગ કેપિટલ સહાય, ટર્મ લોન વિદેશી ચલણ લોન પ્રાપ્તિકર્તાઓ સામે સપોર્ટ ઇક્વિટી સહાય મધ્યમ નાના ઉદ્યોગો માટે ઊર્જા બચત યોજના વગેરેની સહાય.

**પરોક્ષ નાણાં**

દેશભરમાં એક વ્યાપક નેટવર્ક સાથે પ્રાથમિક ધિરાણ આપતી સંસ્થાઓ, બેંકો અને રાજ્યકક્ષાના નાણાંકીય સંસ્થા વગેરેનો સમાંવેશ કરીને પરોક્ષ સહાય કરે છે.

➢ **માઈક્રો ફાઈનાન્સ**

નાના ઉદ્યોગો સાહસિકોને તથા ઉદ્યોગો સ્થાપિત કરવા માટે ફાઈનાન્સ આપે છે.

**સીડબીની કામગીરી :-**

- નાના પાયાના ઔદ્યોગિક એકમોને વિસ્તૃત કરવા તથા સંશોધનની સહાય આપે છે.
- તે ડિસ્કાઉન્ટ કરે છે. બિલ ફરીથી કાઉન્ટ કરે છે.
- તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં નાના પાયાના ઉદ્યોગોના ક્ષેત્રના ઉત્પાદનો માટે માર્કેટિંગ ચેનલ્સના વિસ્તરણમાં પણ મદદ કરે છે.
- રોજગારલક્ષી ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે.
- તે વર્તમાન એકમોના આધુનિકકરણ અને તકનીકી અપગ્રેડેશન માટે પગલાંલે છે.

## 7.2 શ્રમનુંબજાર :-

શ્રમના અર્થકારણને અંગ્રેજીમાં Economics of Labours કહેવામાં આવે છે. જયારે કોઈ વ્યક્તિ કોઈની દેખરેખ હેઠળ નાણાંકીય વળતરની અપેક્ષાએ માનસિક કે શારીરિક પ્રવૃત્તિ કરે ત્યારે તેને અર્થશાસ્ત્ર શ્રમ તરીકે ઓળખે છે.

આર્થિક પ્રવૃત્તિ અનિવાર્યપણે ઉત્પાદકીય છે. શ્રમનો ઉપયોગ રોજગારી ઊભી કરે છે. જે કામ કરનારને વત્તા ઓછા પ્રમાણમાં ખરીદશક્તિ આપે છે.

### 7.2.1 ભારતમાં શ્રમબજારના લક્ષણો :-

ભારત જેવા અલ્પવિકસિત દેશો કે જયાં ઔદ્યોગિક વિકાસ ઓછો છે અને શ્રમિકોમાં અક્ષરજ્ઞાન બહુ જ ઓછું છે તેવા દેશોમાં શ્રમબજાર ખાસ વિકસ્યું નથી. ત્યાં આ બજારમાં ઘણી અપૂર્ણતાઓ ધરાવે છે.

- પૂર્ણબજારમાં વસ્તુ એકરૂપ હોય તેથી ભાવ એક સરખો હોય છે. જયારે શ્રમના બધા એકમો એકસરખા હોતાં નથી. તેમની કાર્યક્ષમતા તથા ગુણવતા ભિન્ન છે. જેથી એક જ પ્રકારનું કામ કરતા શ્રમિકના વેતન દર સરખા નથી. શ્રમ બજારની આ સંપૂર્ણતા છે. ભારતમાં આ અપૂર્ણતા વધતા-ઓછા અંશે જોવા મળે છે.
- પૂર્ણ બજારમાં ગ્રાહકો અને વેચનારાઓની સંખ્યા ઘણી મોટી હોય છે. તેથી વસ્તુની માંગ અને પુરવઠા રેખા કોઈ એક વ્યક્તિ માટે સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ છે.
- શ્રમની ખરીદીમાં ઈજારા કે અર્ધઈજારાની સ્થિતિમાં ઘન ઢાળવાળી હોય છે.
- પૂર્ણબજારમાં વ્યક્તિગત વેચનાર કે ખરીદનાર સ્વતંત્ર રીતે ખરીદી અને વેચાણ અંગેના નિર્ણયો લેતો હોય છે એટલે કે આવા નિર્ણયો લેવા મતે તે મુક્ત હોય છે. પરંતુ આજના શ્રમબજારમાં શ્રમિકો તેમજ માલિકોના સંગઠનો હોય છે. તેથી વેતનો બજાર પદ્ધતિ દ્વારા નક્કી થઈ શકતાં નથી.
- શ્રમબજારોમાં રહેલો શ્રમની ગતિશીલતાનો અભાવ.
- આધુનિક યુગમાં દરેક દેશમાં ઉત્પાદનના જુદા-જુદા ક્ષેત્રોમાં માલિકોના સંઘો અસ્તિત્વમાં આવ્યા છે. આવા સંગઠનો મજૂરોની સેવા મેળવવા માટે એકબીજા સાથે હરિકાઈ કરતા નથી તેથી મજૂરોની માંગના ક્ષેત્રે ઈજારા કે અપૂર્ણ હરીફાઈ જેવી પ્રવર્તે છે, આ બાબત શ્રમબજારમાં અપૂર્ણ હરીફાઈ સર્જે છે.

### 7.2.2 ભારતમાં શ્રમબજારના પ્રશ્નો :-

ભારતમાં શ્રમનો પુરવઠો વધુ છે, જયારે ત્રણેય ક્ષેત્ર પ્રાથમિક, માધ્યમિક અને ત્રીજા

ક્ષેત્રમાંથી ઉદ્દભવતી અપૂરતી માંગ છે. તથા વસ્તીવૃદ્ધિનો દર પણ વધુ છે. જેથી દર વર્ષ શ્રમના પુરવઠામાં ઉત્તરોત્તર વધારો થાય છે.

- અકુશળ મજૂરોની સંખ્યા વધી રહી છે. તથા પર્યાપ્ત વ્યવસાયિક સંસ્થાઓની ગેરહાજરીના પ્રશ્નો ઉદભવી રહ્યા છે. આમ અકુશળ મજૂરો માટે દૈનિક સ્વરોજગાર મેળવવું મુશ્કેલ છે જેથી બેરોજગારીના દરમાં વધારો થયો.
- દેશમાં ઈજનેરી કે વ્યવસાયિક અભ્યાસક્રમો વગેરે જેવી તકનીકી શિક્ષણ પૂર્ણ કર્યા પછી પણ તે ક્ષેત્રમાં કામ મળવું મુશ્કેલ બને છે.
- શ્રમબજારમાં રહેલી અપૂર્ણતાઓ જેવી કે નોકરી વિષે માહિતીનો અભાવ છે, એજન્સીનો અભાવ, બાળ મજૂરીની સમસ્યા તથા માનવ શક્તિના આયોજનના અભાવ છે.
- તથા વધારે પડતો ઉપયોગ જૂની-પૂરાણી ઉત્પાદન પદ્ધતિનો છે.
- ટ્રેડ યુનિયનના તંદુરસ્ત વ્યવહારનું પાલન કરતાં નથી ઘણીવાર હડતાલ કે અરાજકતાનો માહોલ ઊભો થાય છે.
- દેશનો મોટાભાગનો મજૂર વર્ગ, આખા વર્ષ અથવા મોસમના કેટલાંક ભાગમાં આંશિક અથવા સંપૂર્ણ બેરોજગાર છે. આનાથી છુપી, મોસમી, સામાન્ય કે શિક્ષિત બેકારી જેવી સમસ્યા ઊભી થાય છે.
- ખાનગીકરણ તરફ વધુ ઝુકાવ તથા જાહેર ઉદ્યોગોનું ખાનગીકરણ પણ બેકારીના પ્રશ્નોને વધુ ગંભીર બનાવે છે.
- દેશમાં પર્યાપ્ત મજૂર ધારાનો અભાવ છે. દેશના વિકાસના સંદર્ભમાં તર્કસંગત અને મહત્ત્વપૂર્ણ એવા જરૂરી મંજૂર સુધારાઓ અપનાવવામાં દેશ પાછળ છે.

## 7.3 ભારતમાં શ્રમનીતિ :

1951 થી જ ભારત સરકારે પંચવર્ષીય યોજનાની શરૂઆત કરી તથા શ્રમના સંબંધિત નીતિઓ પણ અપનાવી. પ્રથમ પંચવર્ષીય યોજનામાં શ્રમની કામની સ્થિતિમાં સુધાર, સામાજિક, સુરક્ષા, શ્રમના ધારાનું યોગ્ય પાલન, શ્રમ કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરવી, તથા શ્રમ સંબંધિત સમસ્યાઓને સમજવા, ઓળખવા કેન્દ્રીય શ્રમ સંસ્થાની સ્થાપના કરી હતી.બધી જ પંચવર્ષીય યોજનામાં પણ પ્રથમ પંચવર્ષીય યોજનાને લાગુ કરેલાં શ્રમ સુધારા દાખલ કરી મજૂરોના વેતન તથા વિવાદના પ્રશ્નોના ઉકેલ લાવવો વગેરે જેવા સુધારા પંચવર્ષીય યોજનામાં કરવામાં આવ્યા જેમાં શ્રમને ઔદ્યોગિક પ્રશિક્ષણ આપવું, બોનસ આપવું, કામના કલાકો નક્કી કરવા સ્વ-રોજગારના વિકલ્પો ઊભા કરવા, કર્મચારીને વિમા યોજનાથી લાભાન્વિત કરવા, આંતરિક વિવાદમાં ઘટાડો કરવો, કાર્ય સુરક્ષા આપવી.

- ન્યૂનતમ વેતન નિશ્ચિત કરવા વગેરે બાબતોને પંચવર્ષીય યોજના દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા.

### 7.3.1 રાષ્ટ્રીય શ્રમ આયોગના સૂચનો :-

કેન્દ્ર સરકારે 1966માં રાષ્ટ્રીય શ્રમ આયોગની સ્થાપના કરી. જેની રીપોર્ટ 1969માં રજૂ થઈ હતી. જેનો નિષ્કર્ષ એ હતો કે આઝાદીની આટલા સમય પછી પણ, શ્રમની વાસ્તવિક વેતનમાં વૃદ્ધિ થઈ ન હતી. ઉપરાંત ઉત્પાદકતા પણ વધી ન હતી.

- ઔદ્યોગિક વિવાદમાં ન્યાય રીતે નિર્ણય કરવા મધ્યસ્થતા સ્થાપવી.

- ➢ કેન્દ્ર અને રાજય દ્વારા સ્થાયી ઔદ્યોગિક આયોગ સંબંધ સ્થાપિત કરવા જેમાં વિભિન્ન શ્રમ સંઘના પ્રતિનિધિ સંઘોના સ્વરૂપમાં માન્યતા આપવી.
- ➢ દરેક રાજયમાં સ્થાયી શ્રમ ન્યાયલયની સ્થાપના કરવી જે વિવાદોનું સમાધાન કરે.
- ➢ લઘુતમ વેતન ધારો નીશ્ચિત કરી દેશના વિભિન્ન ક્ષેત્રોમાં લાગુ કરવો.
- ➢ કિમત-સ્થિતિ મુજબ ત્રણ વર્ષોમાં એક વાર વેતન દરમાં પરિવર્તન કરવા.
- ➢ વાસ્તવિક વેતનદરમાં વધારો કરવો.
- ➢ સામાજિક ન્યાય આપવાથી પ્રક્રિયા વિસ્તારવી
- ➢ ઔદ્યોગિક શાંતિ સ્થાપવી.

### 7.3.2 ભારતમાં આધુનિક શ્રમનીતિ :-

- ➢ ઔદ્યોગિક શાંતિને જાળવવા પર ભાર મૂકીને તેને પ્રાથમિકતા આપવામાં આવી.
- ➢ સામુહિક સોદાશક્તિ તથા તેવા ચુકાદાને પ્રોત્સાહન આપવું.
- ➢ ન્યાય ન મળતાં શ્રમિકો દ્વારા શાંતિપૂર્ણ પ્રત્યક્ષ કાર્યવાહી કરવાના અધિકારને સ્વીકારવામાં આવ્યો.
- ➢ રાજયને સમાજના હિતના સરક્ષણ તથા પરિવર્તન અને કલ્યાણ માટે ઉત્તરદાયી માનવામાં આવશે.
- ➢ નિર્બળ પક્ષના હિતમાં રાજયનો હસ્તક્ષેપ થવો જોઈએ તે માન્ય રાખવામાં આવ્યું તથા બધા સંબંધિત પક્ષો સાથે ઉચિત વ્યવહાર રાખવો.
- ➢ ઉત્પાદન તથા ઉત્પાદકતા વધારવા માટે સહાય આપવી.
- ➢ શ્રમિકોને પૂરતું વેતન મળે તથા સામાજિક સુરક્ષાની વ્યવસ્થા કરાવવી.
- ➢ સમાજની આર્થિક આવશ્યકતાને સર્વોચ્ચ રીતે પૂરી કરવી તેના માટે નિયોજક તથા શ્રમિકોને રચનાત્મક સહયોગ સ્થાપિત કરવો.
- ➢ રાજયના નિયમોને યોગ્ય સ્વરૂપે લાગુ કરવા.
- ➢ વિપક્ષીય પરામર્શને પ્રોત્સાહિત કરવું.
- ➢ શ્રમકલ્યાણ તથા સામાજિક સુરક્ષા ઉપાયોનું એકીકરણ તથા પ્રસાર કરવો.
- ➢ બહુપક્ષીય પરામર્શનો વિસ્તારવું, શ્રમ સંબંધોમાં પરસ્પર સહકાર, સહયોગ વધારવો.

આમ, દેશના સામાજિક આર્થિક વિકાસમાં શ્રમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે જેથી સમયાંતરે શ્રમના ધારામાં સુધારો તથા તેનું યોગ્ય અમલીકરણ ખૂબ જ આવશ્યક બની રહે છે.

## 7.4 સ્વાધ્યાય

1) IDBIની ભૂમિકા ચર્ચો
2) ઔદ્યોગિક વિકાસમાં નાણાંસંસ્થાનો ફાળો દર્શાવો.
3) SIDBI સમજાવો.
4) ભારતમાં આધુનિક શ્રમનીતિ વિગતવાત લખો.
5) શ્રમ બજાર એટલે તેના લક્ષણો તથા પ્રશ્નો દર્શાવો.
6) ભારતમાં શ્રમનીતિ તથા શ્રમ આયોગના સૂચનો દર્શાવો.

**બહુવિકલ્પ પ્રશ્નો**

1) ઉદ્યોગોની નાણાંપ્રાપ્તિના સાધનો કયા છે.

(a) આંતરિક (b) બાહ્ય

(c) (a) અને (b) બંને (d) ઉપરોક્ત કોઈ નહિ

2) નીચેનામાંથી કઈ નાણાંકીય કઈ સંસ્થા છે.

(a) IFCI (b) IDBI

(c) SIDBI (d) ઉપરોક્ત તમામ

3) IDBIની સ્થાપના ક્યારે થઈ.

(a) 1964 (b) 1968

(c) 1961 (d) 1962

4) Development Assistance Fund સ્થાપના ક્યારે થઈ ?

(a) 1960 (b) 1965

(c) 1970 (d) 1975

5) SIDBIની સ્થાપના વર્ષ ________.

(a) 1991 (b) 1981

(c) 1978 (d) 1990

6) 1999 માર્ચના અંતે IDBIની શૅરમૂડી કેટલી હતી.

(a) 500 કરોડ (b) 200 કરોડ

(c) 450 કરોડ (d) 657 કરોડ

7) ટેક નિકલ ડેવલપમેન્ટ ફંડની સ્થાપના વર્ષ ______.

(a) 1950 (b) 1960

(c) 1976 (d) 1972

8) શ્રમ એ ઉત્પાદનનું કેવું સાધન છે.

(a) જીવંત (b) નિર્જીવ

(c) સ્થિર (d) ઉપરોક્ત તમામ

9) રાષ્ટ્રીય શ્રમ આયોગની સ્થાપના ક્યારે થઈ.

(a) 1954 (b) 1956

(c) 1966 (d) 1962

10) શ્રમનીતિના સૂચનો કયા છે.

(a) ઔદ્યોગિક શાંતિ (b) લઘુતમ વેતનદર

(c) સામૂહિક શોધશક્તિ (d) ઉપરોક્ત તમામ

**જવાબ**

1) (c) 2) (d) 3) (a) 4) (b) 5) (d)

6) (d) 7) (c) 8) (a) 9) (c) 10) (d)

# એકમ : 8 આર્થિક સુધારાઓ

: રૂપરેખા :


8.1 1991 પહેલાંની ભારતની આર્થિક નીતિ

8.2 આર્થિક સુધારા પાછળનું તર્ક

8.3 ભારતમાં આર્થિક સુધારાઓ

8.4 ખાનગીકરણનો અર્થ ઉદ્દેશો

8.4.1 ભારતમાં ખાનગીકરણની આવશ્યકતા

8.4.2 ભારતમાં ખાનગીકરણની નીતિ

8.4.3 ખાનગીક્ષેત્રે ભારતની ધીમી પ્રગતિના કારણો

8.5 આર્થિક ઉદારીકરણની પ્રક્રિયા

8.5.1 ઉદ્દેશો

8.5.2 ઉદારીકરણ હેઠળ સુધારાઓ

8.5.3 ઉદારીકરણની ભારતમાં સકારાત્મક અસર

8.5.4 નકારાત્મક અસર ઉદારીકરણની

8.6 વૈશ્વિકીકરણનો અર્થ અને તેના માટેના પગલાં

8.6.1 વૈશ્વિકીકરણના મુખ્ય પાસાં

8.6.2 ભારતમાં વૈશ્વિકીકરણ માટે લેવાયેલ પગલાં

8.7 ભારતીય અર્થતંત્રમાં આર્થિક સુધારાઓનું મૂલ્યાંકન

8.8 ભારતમાં આર્થિક સુધારાની અસરો

8.9 સ્વાધ્યાય


## 8.1 1991 પહેલાં ભારતની આર્થિક નીતિ

- **પ્રસ્તાવના :-**

આયોજનના પ્રથમ ચાર દાયકામાં (1990 સુધીમાં) અમલમાં કેટલીક આર્થિક નીતિઓ મૂકી અને તેની મર્યાદાઓએ 1991માં નવા આર્થિક સુધારા લાવવા આયોજકને મજબૂર કર્યાં છે.

➢ ખાનગી ક્ષેત્ર ઉપરના નિયંત્રણોને લીધે અપેક્ષિત આર્થિક વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકયા નહી.

➢ **ઔદ્યોગિક પરવાના :-**

ભારતમાં 1951 થી અમલમાં આવેલ ઔદ્યોગિક ધારા મુજબ અમલમાં આવેલ પરવાના નીતિ મુજબ નવા ઉદ્યોગો સ્થાપવા સરકારનો પરવાનો લેવો પડે છે.

➢ **જાહેરક્ષેત્ર માટે અનામત :**

1956 ની ઔદ્યોગિક નીતિ મુજબ શસ્ત્ર સરંજામ, લોખંડ પોલાદ, અણુશક્તિ, ભારે

યંત્ર સામગ્રી કોલસો, ખનીજતેલ, હવાઈ પરિવહન, રેલ્વે વગેરે જેવા 18 ઉદ્યોગોને જાહેરક્ષેત્ર માટે અનામત રખાયા તેમાં ખાનગી ક્ષેત્રના પ્રવેશ ઉપર નિયંત્રણો મૂકાયા હતા.

- 800 થી વધુ વસ્તુઓને નાના પાયાના ઉદ્યોગો માટે અનામત રાખી આ ક્ષેત્ર મોટા ઉદ્યોગોના પ્રવેશ પર નિયંત્રણમાં રખાયો હતો
- ભાવ નિયંત્રણ ની નીતિ હેઠળ બજારતંત્ર મુક્ત રીતે કામ કરી શકતું ન હતું
- વિકાસ અવરોધક કાયદા, વધારે કડક મજુર કાયદા, MRTP નો કાયદો ઘડી મોટા ઉદ્યોગો ઉપર નિયંત્રણો લાવતા તે પણ આગળ આવી શક્યા નહી.
- વિદેશ વેપાર પર નિયંત્રણો, આયાત અવેજીકરણ જેને લીધે આયાતોના પ્રમાણમાં નિકાસમાં ઓછો વધારો થાય તેવી સ્થિતિનું સર્જન કરી હૂંડિયામણની તંગી સર્જી. હ્વઈઇછ નો ઘડેલો કાયદો, સંપૂર્ણ વિનિયમ અંકુશ પ્રથા વગેરેએ વિકાસને અવરોધ્યો હતો.

- **1991 પછીની સ્થિતિનું મૂલ્યાંકન**

આર્થિક સુધારા બાદ ભારતની માથાદીઠ આવક અને જીડીપીમાં વૃધ્ધિ થઈ છે. 1992-2003માં વાર્ષિક જીડીપી વૃધ્ધિ દર 6.0% હતો જે 2003-15માં 8.0% અંદાજવામાં આવ્યો હતો. ભારતને વિદેશી સહાયનું પ્રમાણ પણ વધ્યું છે. 2014-15 કુલ વિદેશી રોકાણ (ઈક્વિટી પ્લસ પોટફોલિયો ઈન ફ્લો) 51.2 બિલિયન ડોલર રહેવા પામ્યુ હતું હરિતક્રાંતિએ ભારતને આત્મનિર્ભર બનાવ્યું છે. 2014 અને 2015 માં ભારતને સતત બે દુષ્કાળનો સામનો કરવો પડયો છે તેમ છતા કૃષિ ઉત્પાદનમાં ખરેખર વધારો થયો હતો. ભરતમાં 2015માં વિશ્વના સૌથી મોટા ચોખાના નિકાસકાર દેશ બન્યુ 10.23 મિલિયન ટન નિકાસ કર્યું. ભારત તાજેતરનાં વર્ષમાં ઘઉં અને મકાઈનો નોંધપાત્ર નિકાસકાર બન્યો છે. આ ઉપરાંત 2004-05 થી 2011-12 વચ્ચેના સાત વર્ષમાં 138 મિલિયન કરતા ઓછા ભારતીયો ગરીબી રેખાની ઉપર ગયા નહિ. 1993-94 અને 2004-05 ની વચ્ચે ભારતની ગરીબીમાં ઘટાડો દર વર્ષ 0.7% હતો. આમ આર્થિક ઉદારીકરણથી ગરીબીમાં ઘટાડો થવાનું શરુ થયું છે, નિકાસના ક્ષેત્રે ભારતમાં કમ્પ્યુટર સોફ્ટવેર અન્ય વ્યવસાયિક સેવાઓ ફાર્માસ્યુટિકલ, ઓટોમોબાઈલ્સ, ઓટોપાર્ટસ વગેરેમાં પ્રમુખ સ્થાન ધરાવે છે. ભારતની શરૂઆત અને વૈશ્વિકરણને કરને જીડીપીના પ્રમાણમાં આયાત અને નિકાસ તથા વસ્તુઓ અને સેવાઓ બનેમાં વધારો થયો છે. શિક્ષણ અને સ્વાસ્થ્યની સૂવિધા તથા આંતરમાળખાકીય સવલતમાં ઉતરોત્તર વધારો થવા પામ્યો છે.

- **ભારતીય અર્થતંત્રમા આર્થિક વિકાસ માટે 1991 ના આર્થિક સુધારાનું મહત્ત્વ**

1991 પહેલાં ભારતનુ અર્થતંત્રની સ્થિતિ કપરી બની હતી વિશાળ ભંડોળની અછત, જાહેરક્ષેત્રની બિનકાર્યક્ષમતા અમલદારશાહી, લાઈસન્સ રાજ વગેરે પ્રશ્નો ઊભા થયાં હતા તેથી ભારતમાં આર્થિક સુધારા માટેનો આ સમય આદર્શ હતો. ભારતીય અર્થતંત્રમાં 1991માં આર્થિક સુધારા પાછળનુ મહત્ત્વનું કારણો એ હતા કે ઔધોગિક ક્ષેત્રની નબળી કામગીરી, સ્પર્ધાત્મકતાને અભાવ, રાજકોષીય ખાધમાં વધારો, તથા ભાવઅસ્થિરતા, ફુગાવો વગેરે પરિબળ જવાબદાર હતા.

## 8.2 આર્થિક સુધારા પાછળનું તર્ક

- જાહેર સાહસનું નબળું પ્રદર્શન રહ્યું હતું કેમ કે જાહેર સાહસને 1951-1990 દરમિયાન વિકાસ માટે મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું હતું પરંતુ તેની કામગીરી સંતોષજનક

રહી નહી અને મોટા પાયા પર ખોટ થઈ અને બિનકાર્યક્ષમ સંચાલન રહયું હતું જાહેર સાહસોનું

- આયાતોનું પ્રમાણ વધારે અને નિકાસનું પ્રમાણ ઓછું રહેવા પામ્યું હતું જેને લીધે લેણદેણની તુલા ખાધવાળી રહેવા પામી હતી નિકાસમાં વધારો ન થવાનું કારણી નીચી ગુણવતાવાળી વસ્તુનું ઉત્પાદન તથા ઉંચી કિંમતો હતી.
- વિદેશી હૂંડિયામણમાં ના અનામતમાં નોધપાત્ર ઘટાડો થયો હતો તથા સરકાર વિદેશી દેવું ચૂકવામાં સમક્ષ ન હતુ.
- વિકાસલક્ષી કાર્યક્રમ હેઠળ સરકારના ખર્ચમાં વધારો થવા પામ્યો હતો પરંતુ કરવેરાથી યોગ્ય પ્રમાણમાં આવક ઊભી થઈ નહી જેના પરિણામ સ્વરૂપ સરકારે જાહેર તથા આંતરરાષ્ટ્રીય ફાયનાન્સીયલ સંસ્થાઓ જેવી કે IMF પાસેથી ઉધાર લેવું પડ્યું જેના લીધે સરકાના દેવામાં વધારો થયો.
- તથા દેશમાં મહત્ત્વની વસ્તુઓ ના ભાવમાં વધારો થવા પામ્યો હતો જેના માટે નવી નીતિની આવશ્યકતા ઊભી થઈ
- આ ઉપરાંત ભારતે 7 બિલીયન નાણાકીય સહાય વર્લ્ડ બેંક અને IMF પાસેથી મેળવી જેમાં કરાર હતો કે ભારતે નવી આર્થિક નીતિ અમલમાં મૂકવી

આ ઉપરોક્ત પરિબળો સાથે-સાથે ગલ્ફ વોર ને લીધે સ્થિતિ વધારે કટોકટીભરી બની હતી જેના લીધે આર્થિક સુધારા અનિવાર્ય હતા.

## 8.3 ભારતમાં આર્થિક સુધારાઓ

ભારતમાં નવી આર્થિક નીતિ અપનાવામાં આવી જેમાં આર્થિક ઉદારીકરણ હેઠળ આયાત જકાત પર છુટ, ખાનગીક્ષેત્ર પરના અવરોધો દૂર કરવામાં આવ્યા તથા વિદેશી કંપનીઓને પણ છુટ આપવામાં આવી કરવેરામાં ઘટાડો કરવામાં આવ્યો જેનાથી દેશની આર્થિક સ્થિતિમાં સુધારો થાય.

- ભૂતપૂર્વ પ્રધાનમંત્રીના હેઠળ જુલાઈ 24, 1991 માં નવી આર્થિક નીતિ અમલમાં મુકવામાં આવી

- **આર્થિક નીતિના હેતુઓ :-**

- આર્થિક નીતિનો મુખ્ય હેતુ ફુગાવામાં ઘટાડો કરવો
- આર્થિક વૃદ્ધિ કરવી તથા પુરતા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણ અનામત કરવું.
- આર્થિક સ્થિરતા હાંસલ કરવી.
- અર્થતંત્ર માં રહેલા નિયંત્રણો દૂર કરી બજાર આધારીત અર્થતંત્રમાં બદલવું
- આ ઉપરાંત નિયંત્રણો દૂર કરવા જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વસ્તુ, સેવા, મૂડી માનવ સંસાધન અને ટેકનોલોજી મુક્ત રીતે હેરફેર થાય.
- ખાનગી ક્ષેત્રનો ફાળો અર્થતંત્રના બધા સેકટરમાં વધે.

આમ નવી આર્થિક નીતિનું ઉદ્દેશ ખાસ કરીને અર્થતંત્રના સ્પર્ધાત્મક વાતાવરણ ઊભુ કરવું જેનાથી પધ્ધતિમાં સુધારો થાય, ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો કરવો અને આ ત્યારે જ શકય બને કે જયારે ખાનગી પેઢી પરના નિયંત્રણો દૂર કરવી તથા તેનો પ્રવેશ પરના અડચણો હટાવવી.

- **આર્થિક નીતિના મહત્ત્વના પગલાં**

1) ખાનગીકરણ

2) ઉદારીકરણ

3) વૈશ્વિકીકરણ

## 8.4 ખાનગીકરણનો અર્થ અને ઉદ્દેશો

- **ખાનગીકરણનો અર્થ :**

સામાન્ય રીતે સરકાર જાહેરક્ષેત્રનાં એકમની, માલિકી, ખાનગીક્ષેત્રને હસ્તાંતરણ કરે તેને ખાનગીકરણ કહે છે. આમ ખાનગીકરણ એટલે રાજ્ય સંચાલિત જાહેરક્ષેત્રના એકમોમાં શેરોનું અંશતઃ કે સંપૂર્ણ રીતે ખાનગીક્ષેત્રને કરાતું વેચાણ

➢ જાહેર વિભાગ માટે અનામત રખાયેલા ક્ષેત્રમાં ખાનગીક્ષેત્રને પ્રવેશ અપાય

➢ સરકાર જાહેર સાહસના કેટલાંક શેરોનું ખાનગી ક્ષેત્રને વેચાણ કરે, પરંતુ સંચાલન પોતાને હસ્તક રાખે.

➢ સરકાર જાહેર સાહસના કેટલાંક શેર પોતાની પાસે રાખે પણ સંચાલન ખાનગીક્ષેત્રને સોંપે.

➢ રાજ્યની માલિકીવાળા એકમો ખાનગીક્ષેત્રને ચલાવવા ભાડે આપવામાં આવે.

➢ રાજ્ય સંચાલિત એકમમાં જરૂરી વસ્તુ કે સેવાઓ જાતે ઉત્પન્ન કરવાને બદલે તે જવાબદારી ખાનગી એજન્સીને સાથે ઉદાહરણ તરીકે રાજ્ય વિધુત બોર્ડ વીજળીના વિતરણની જવાબદારી ખાનગી કંપનીને સોપે.

### 8.4.1 ભારતમાં ખાનગીકરણની આવશ્યકતા

➢ ખાનગીકરણ થતા જાહેર વિભાગની કાર્યક્ષમતા અને નફાકારકતા વધશે પરિણામે રોકાણના પ્રમાણમાં વધુ વળતર શકય બનશે.

➢ ખાનગીકરણ કરાશે તો સરકારની જાહેર વિભાગમાં રોકાયેલી મૂડી છુટી થશે, જે સરકાર બીજા વિકાસ કાર્યોમાં વાપરી શકશે

➢ જાહેરસાહસોએ સર્જેલા દેવા અને વ્યાજની ચુકવણીની જવાબદારીમાંથી સરકાર મુક્ત થશે આવા એકમો નિભાવવા સરકારને રાજકોષિય ખાધ કરવાની ફરજમાંથી મુક્તિ મળશે.

➢ વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં મહત્તમ લાભ લેવા બિનકાર્યક્ષમ જાહેરક્ષેત્રને બદલે કાર્યક્ષમ ખાનગીક્ષેત્ર અનિવાર્ય છે.

➢ ભારતમાં જાહેરસાહસોનો વહીવટ આર્થિક સિધ્ધાંતોને બદલે સ્વાર્થી રાજકીય હેતુથી થતો હોવાથી ખોટનો જે પ્રશ્ન છે તે ઉકેલી શકાય.

### 8.4.2 ભારતમાં ખાનગીકરણની નીતિ :

ભારતમાં 1991થી ખાનગીકરણનો સૈધાંતિક સ્વીકાર કર્યો છે. શરૂઆતમાં સરકારે મૂડી વિનિવેશની પ્રક્રિયા અમલમાં મૂકી હતી મૂડી વિનિવેશ એટલે સરકાર જાહેર સાહસના થોડાક શેર ખાનગી વિભાગને વેચે, પણ તેનો વહીવટ પોતાને હસ્તક રાખે તે મૂડી વિનિવેશ છે.

➢ આમ સરકારે જાહેરક્ષેત્રના કેટલાંક શેરો વેચી તેનો વહીવટ પોતાને હસ્તક રાખ્યો

હતો આવુ મૂડી વિનિવેશ કરવા પાછળનો મુખ્ય હેતુ અંદાજપત્ર માટે નાણાકીય સાધનો મેળવવાનો અને ખાનગી શેરધારકોની વહીવટી અને વેપારલક્ષી શક્તિનો લાભ લેવાનો હતો. સરકારે શરૂઆતમાં 20 ઉદ્યોગોની ખાનગીકરણની યાદી બહાર પાડી હતી જેના શેર નાણાકીય સંસ્થાઓ અને જાહેરજનતાને ઓફર કર્યા છે.

- ભારતમાં જો કે લક્ષ્યાંક કરતાં ઓછી રકમ મૂડી વિનિવેશથી પ્રાપ્ત થઈ શકે છે ઉદાહરણ તરીકે એપ્રિલ 1999 થી સપ્ટેમ્બર 2002 સુધીમાં મૂડી વિનિવેશ દ્વારા 78, 300 કરોડ રૂ. મેળવવાના લક્ષ્યાંક સામે વાસ્તવમાં 29, 482 કરોડ રૂ. જ પ્રાપ્ત થઈ શક્યા છે. જે ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો લક્ષ્યાંકના 37.6% જ છે. 1998 થી કેન્દ્ર સરકારે ખાનગીકરણનો આક્રમક અભિગમ અપનાવ્યો છે. 1998માં તેમણે જાહેર કર્યું કે સંરક્ષણ અણુશક્તિ અને રેલવે સિવાયના ક્ષેત્રોમાં કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં 26% જ શેર ધારણ રાખશે એટલે કે 74% શેરોનું વેચાણ કરીને તેનો સંપૂર્ણ વહીવટ ખાનગી ક્ષેત્રને સોપાશે.
- 1999માં સૌ પ્રથમ 2000 શ્રમિકોવાળી "મોડર્ન ફૂડ ઇન્ડિયા લિમીટેડ" ના 74% શેરો હિન્દુસ્તાન લીવર નામની ખાનગી કંપનીને સંપૂર્ણ વહીવટ સાથે સોપવામાં આવ્યા ત્યારબાદ બાલ્કો નામની એલ્યુમિનિયમ કંપની, હિન્દુસ્તાન ઝીક લિમીટેડ, C.M.C. (કમ્પ્યુટર મેઈન્ટેનન્સ કંપની) મારૂતિ ઉદ્યોગ વગેરેમાં ખાનગીકરણ થયું છે.
- તાજેતરમાં આંતરમાળખું તૈયાર કરવા જરૂરી મૂડી માટે ખાનગીકરણને વેગ આપવામાં આવી રહયો છે. વીજળી ઉત્પાદનક્ષેત્રને જાહેરક્ષેત્રની સુરક્ષિત યાદીમાંથી નાબુદ કરી ખાનગીક્ષેત્રને પ્રવેશવાની છુટ આપી છે. વીમા તથા હવાઈ પરિવહનક્ષેત્રે પણ ખાનગીક્ષેત્રને મંજુરી અપાઈ રહી છે.

### 8.4.3 ખાનગીક્ષેત્રે ભારતની ધીમી પ્રગતિના કારણો

- સરકાર જાહેર સાહસના ઈક્વિટી શેરનુ મૂલ્ય વધુ ઈચ્છે છે, પરંતુ રોકાણકારો તેની બિનકાર્યક્ષમ કામગીરીને લીધે આપવા તૈયાર નથી
- ખાનગીકરણનો વિરોધ કામદારમંડળો પોતાને મળતાં લાભ અને સહી સલામતી જવાના ભયથી કરી રહયા છે.
- આવી વસ્તુના ભાવ નક્કી કરવાની અને મજૂરોને છુટા કરવાના કાયદા હોય તો જ રોકાણકારો આગળ આવવા તૈયાર છે, જે રાજકીય સ્વાર્થી હેતુથી સ્વીકારતું નથી. આ અવરોધોને લીધે ભારતમાં ખાનગીકરણ સંપૂર્ણ રીતે થવા પામ્યું નથી.

## 8.4 આર્થિક ઉદારીકરણની પ્રક્રિયા :-

ઉદારીકરણ આર્થિક ગતિવિધિઓ પર રાજ્યના નિયંત્રણના ઉન્મૂલનની પ્રક્રિયા કે સાધન છે. આ નિર્ણય લેવામાં ધંધાકીય સાહસોને વધુ સ્વાયત્તતા પ્રદાન કરે છે અને સરકારની દખલ દૂર કરે છે.

- આ મર્યાદાઓને સમાપ્ત કરવા અને અર્થતંત્રના અનેક ક્ષેત્રો ખોલવા માટે ઉદારીકરણની શરૂઆત કરવામાં આવી હતી જોકે 1980ના દાયકામાં નિકાસ-આયાત નીતિ ટેકનોલોજી અપગ્રેડેશન નાણાકીય નીતિ અને વિદેશી રોકાણ, મૂડીરોકાણ ઔધોગિક પરવાના વગેરેની 1991માં શરૂ કરાયેલી આર્થિક સુધારણા નીતિઓના ક્ષેત્રમાં રજૂઆત કરવામાં આવી.

- 1991માં અને તે પછી પણ નાણાકીય ક્ષેત્ર ઔદ્યોગિક ક્ષેત્ર વિદેશી વિનિમય બજારો, કર-સુધારણા અને રોકાણ અને વેપાર ક્ષેત્રોને માન્યતા આપવામાં આવી.
- 1991માં નવી આર્થિક વ્યૂહરચના અપનાવી ત્યારથી ભારતીય અર્થવ્યવસ્થામાં ધરખમ પરિવર્તન આવ્યુ છે. ઉદારીકરણના આગમન સાથે સરકારે ખાનગી ક્ષેત્રની સંસ્થાઓને ઓછા પ્રતિબંધો સાથે વ્યવહાર કરવા માટે નિયમન કર્યું છે.

**8.5.1 ઉદ્દેશો :-**

**1) ઘરેલુ ઉદ્યોગો વચ્ચેની સ્પર્ધાને વેગ આપવા**

- વિદેશી વેપારને પ્રોત્સાહન આપવા અને આયાત અને નિકાસને નિયંત્રીત કરવા.
- તકનીકી અને વિદેશી મૂડીમાં સુધારો
- દેશનું વૈશ્વિક બજાર વિકસાવવા
- દેશના દેવાના બોજને ઘટાડવા માટે
- ખાનગી ક્ષેત્ર અને બહુરાષ્ટ્રીય નિગમોને રોકાણ અને વિસ્તરણ માટે પ્રોત્સાહિત કરીને દેશની આર્થિક સંભાવનાને અનલોક કરવા.
- વિકાસ ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.
- ભવિષ્યના ઔદ્યોગિક વિકાસમાં જાહેર ક્ષેત્રની ભૂમિકા ઓછી કરવી.
- કાર્યક્ષમતા વધારવાના ઉદ્દેશ્યથી અર્થવ્યવસ્થામાં વધુ સ્પર્ધા રજૂ કરવા.

**8.5.2 ઉદારીકરણ હેઠળ સુધારાઓ**

- ઔદ્યોગિક ક્ષેત્રનું નિયમન
- નાણાકીય ક્ષેત્ર સુધારણા
- કર સુધારણા
- વિદેશી વિનિયમ સુધારણા
- વેપાર અને રોકાણ નીતિ સુધારણા
- બાહય ક્ષેત્ર સુધારણા
- વિદેશી વિનિમય સુધારણા
- વિદેશી વેપારનીતિ સુધારણા

**8.5.3 ઉદારીકરણની ભારતમાં સકારાત્મક અસર**

**1) મૂડીનો મફત પ્રવાહ :**

ઉદારીકરણએ ધંધા માટે રોકાણકારો પાસેથી મૂડી લઈ ધંધા-ઉદ્યાગ સુધી પહોચાડવું અને નફાકારક પ્રોજેક્ટમાં મૂડીનો પ્રવાહ વધાર્યો છે.

2) રોકાણકારો માટે વિવિધતા :

રોકાણકારોએ તેમના વ્યવસાયના કેટલાંક ભાગને વૈવિધ્યીકરણ સંપત્તિ વર્ગમાં રોકાણ કરીને લાભ મેળવશે.

### 8.5.4 નકારાત્મક અસર ઉદારીકરણની

**1) અર્થવ્યવસ્થાને નબળી પાડવી :-**

રાજકીય સત્તા અને આર્થિક શક્તિની પ્રચંડ પૂન સ્થાપનાથી સમગ્ર ભારતીય અર્થવ્યવસ્થા નબળી પડી જશે.

**2) તકનીકી અસર**

ઝડપી વિકાસ ભારતના ઘણા નાના ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગો ફેરફારો સાથે સમાયોજિત ન થતા બંધ થાય છે.

## 8.6 વૈશ્વિકીકરણનો અર્થ અને તેના માટેના પગલાં

નવા આર્થિક સુધારામાં વૈશ્વિકીકરણ પણ એક મહત્ત્વનું ઘટક છે. વૈશ્વિકીકરણ એક પ્રક્રિયા છે. જેમાં રાષ્ટ્ર આંતરિક ફલક ઉપરથી આંતરરાષ્ટ્રીય ફલક ઉપર નવા આર્થિક ક્રમ મુજબ જઈ રહયુ છે. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના ક્ષેત્રે આવેલા ક્રાંતિકારી ટેકનોલોજીકલ પરિબળોએ આ પ્રક્રિયા વેગવાન બનાવી છે.

### 8.6.1 વૈશ્વિકીકરણના મુખ્ય પાસાં

દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્રો સાથે વધુને વધુ પ્રમાણમાં સાંકળવાની પ્રક્રિયાને વૈશ્વિકીકરણના નામે ઓળખવામાં આવે છે. વૈશ્વિકીકરણના મુખ્ય પાસા, વેપાર, વાણિજ્ય, ટેકનોલોજી, વિજ્ઞાન માહિતી જ્ઞાન અને સંસ્કાર છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં મુખ્યત્વે ચાર બાબતો સાંકળવામાં આવી છે.

**1) મુક્ત વેપાર**

વિશ્વના જુદાજુદા દેશો વચ્ચે, વેપારને અવરોધના આયાત અને નિકાસના નિયંત્રણો દૂર કરી વસ્તુઓ અને સેવાઓનો મુક્ત વેપાર શકય બનાવવો

**2) મૂડીની હેરફેર**

એક રાષ્ટ્રમાંથી બીજા રાષ્ટ્રમાં થતી મૂડીની હેરફેરના પ્રતિબંધો દૂર કરી મૂડીની આંતરરાષ્ટ્રીય ગતિશીલતા વધારવી.

**3) ટેકનોલોજીની હેરફેર**

જુદા-જુદા રાષ્ટ્રો વચ્ચે ટેકનોલોજી ની હેરફેર મુક્ત બનાવવી

**4) શ્રમિકની હેરફેર**

જુદા-જુદા રાષ્ટ્રો વચ્ચે શ્રમની હેરફેર મુક્ત કરવી. જે કે ઉપરોક્ત ચાર માંથી પ્રથમ ત્રણનો વિકસિત દેશોએ સ્વીકાર કર્યો છે અને શ્રમની મુક્ત હેરફેર સ્વીકાર્ય નથી.

### 8.6.2 ભારતમાં વૈશ્વિકીકરણ માટે લેવાયેલાં પગલાં

- ➢ ઉત્તરોત્તર આયાત જકાતોમાં ઘટાડો કરાયો છે. આ દર નિરપેક્ષ રીતે ઘટ્યા હોવા છતાં સાપેક્ષ રીતે ચીન અને દક્ષિણ એશિયાના દેશોની સરખામણીમાં હજુ ઘણા ઊંચા છે. દા.ત 1991-92 માં 72.5% જેટલા સરેરાશ આયાત જકાતના દર હતા, જે ઘટીને 1996-97 માં 24.6% થયા હતા. પરંતુ વૈશ્વિક મંદીના વલણો સર્જાતા આ દર વધારવાની નીતિ અમલમાં મુકાતા 2002-03 માં 29% થયા હતા. ચીન અને દક્ષિણ એશિયામાં તો જકાતના દર ભારત કરતા અડધો છે.
- ➢ આયાત પરના નિયંત્રણો ક્રમશઃ નાબુદ કરાયા છે.

- આયાત પરવાના રદ કરવામાં આવ્યા છે. શરૂઆતમાં મૂડી સ્વરૂપની અને અર્ધઉત્પાદિત વસ્તુ માટે આયાત પરવાના નાબુદ કરાયા હતા. 1993 થી આયતો ક્રમશઃ મુક્ત બનાવાઈ છે.
- પરિવર્તનશીલ વિનિમય દર સ્વીકારાયો છે. વિદેશી વલણ માટેની માંગ અને વિદેશી ચલણના પૂરવઠા પરિબળો પ્રમાણે મુક્ત રીતે જે તે ચલણ સાથેના વિનિમય દર નક્કી કરવામાં આવે છે. હૂંડિયામણ દરને વાસ્તવિક બનાવાતા નિકાસોને પ્રોત્સાહન મળ્યું છે.

## 8.7 ભારતીય અર્થતંત્રમાં આર્થિક સુધારાઓનું મૂલ્યાંકન

આર્થિક પરીસ્થિતિમાં સુધારા માટે I.M.F ની સલાહ પ્રમાણે 1991થી ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણને મહત્ત્વ આપતી આર્થિક સુધારાઓની નીતિ અમલમાં મુકી છે.

- કેટલાંક જોખમવાળા અને પર્યાવરણ તથા સ્વાસ્થની દ્રષ્ટીએ હાનિકારક ઉદ્યોગો સિવાયના ઉદ્યોગોને પરવાનામાંથી મુક્તિ આપી
- MRTP ACT અંગેની મોટા ઉદ્યોગો માટેની અસ્કયામતોની મર્યાદા દૂર કરી.
- નાના ઉદ્યોગોની અનામત યાદી ઘટાડી
- જાહેરક્ષેત્ર માટે અનામત ક્ષેત્રની યાદી 18 થી ઘટાડી 3 ની જ કરાઈ
- અમૂક શરતોને આધીન ફેરા હેઠળની કંપનીમાં વિદેશી શેરમૂડીનો ફાળો 51% કરવાની છૂટ આપી
- 1998માં સરકારે જાહેર કર્યુ કે સંરક્ષણ, અણુશક્તિ અને રેલ્વે સિવાયના ક્ષેત્રે કેન્દ્ર, સરકારના જાહેર સાહસોમાં 26% જેટલું શેરધારણ રાખશે. અને જાહેર વિભાગના એકમોમાં મૂડી વિનિવેશની પ્રક્રિયા અમલમાં મૂકી.
- વીજળી, રસ્તા, સંદેશવ્યવહાર અંગે ખાનગીક્ષેત્રને છુટ આપી.
- વસ્તુના ભાવ અને વિતરણ અંગેના નિયંત્રણો ઘટાડી બજારતંત્ર પ્રમાણે નિર્ણયો લેવાની છુટ આપી.
- વૈશ્વિકીકરણની પ્રક્રિયાને આગળ વધારવા 1991થી ઉત્તરોત્તર આયાત-જકાતના દર ઘટાડવાની, આયાત-પરવાના પધ્ધતિ નાબુદ કરવાની, પરિવર્તનશીલ વિનિમય દર અમલમાં મુકવાની અને પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણને આવકારતા આર્થિક સુધારા અમલમાં મુકાયો છે.

## 8.8 ભારતમાં આર્થિક સુધારાની અસરો

- આર્થિક સુધારા પછીના પાંચ વર્ષમાં ઔદ્યોગિક ઉત્પાદન વૃધ્ધિ દર નોંધપત્ર વધ્યો હતો. પરંતુ પછીના પાંચ વર્ષમાં ઘટીને 4.5% જેવા નીચો ગયો હતો. પરંતુ ત્યારબાદના વર્ષોમાં ફરીથી ઔદ્યોગિક ઉત્પાદન દર નોંધપાત્ર વધવા લાગ્યો છે.
- 1999-2000 માં વિશ્વ નિકાસમાં ભારતનો હિસ્સો વધીને 0.6% થયો છે.
- 1999 થી 2000માં સોફ્ટવેર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ નોંધપાત્ર નિકાસ કમાણી કરી આપી છે ઉદાહરણ તરીકે મેડીકલ ટ્રાન્સક્રીપ્શન, બેકઅપ એકાઉન્ટિંગ, ગ્રાહક સબંધિત સેવાઓ, વગેરે એકમોની 1990-91માં માત્ર

10 કરોડ ડોલરની નિકાસ કમાણી હતી, જે 2000-01 માં 600 કરોડ ડોલરની થઈ છે.

- ➢ વૈશ્વિકીકરણની દિશામાં પરિવર્તનશીલ વિનિમય દરની નીતિએ કૃષિ પેદાશોને વાજબી ભાવ પૂરા પાડતાં વિશ્વની કુલ કૃષિ નિકાસોમાં ભારતનો હિસ્સો વધ્યો છે.
- ➢ આર્થિક વિકાસ દર વધ્યો છે ગરીબી પણ ઘટી છે.

● **આર્થિક સુધારાનું મહત્ત્વ**

ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના પગલાં સિવાય ભારત પાસે અર્થતંત્રને સુધારાના રસ્તા મર્યાદિત હતા નવી આર્થિક નીતિની અપેક્ષાએ IMF અને વિશ્વ બેંક પાસેથી 7 બિલિયન ડોલરની લોન લેવામાં આવી હતી આમ નવી આર્થિક નીતિ અને LPG ના પગલા સાથે લેવામાં આવ્યા ભારતની અર્થવ્યવસ્થામાં સુધારો લાવવા માટે વૈશ્વિક વ્યાપારમાં ભારતનો હિસ્સો આઝાદીના સમયે 2.2% હતો ઘટીને 1985માં 0.45% થયો આઝાદીના પ્રથમ ત્રણ દાયકામાં ભારતીય અર્થવ્યવસ્થામાં જીડીપી વૃધ્ધિ દર સરેરાશ 3.5% રહયો હતો આ ઉપરાંત ગરીબી હટાવો કાર્યક્રમમાં અંતર્ગત પણ 1983ના વર્ષ સુધી ગરીબીમાં ઘટાડો થયો ન હતો અને 1980 પછી જીડીપી વૃધ્ધિ દર 5.5.% રહયો હતો અને ત્યાર બાદ આર્થિક સુધારાના પગલા હેઠળ અર્થતંત્રમાં સુધારા-વધારા જોવામાં આવ્યાં હતાં.

● **મર્યાદાઓ**

- ➢ આર્થિક સુધારાના લાભ સામાન્ય પ્રજા સૂધી પહોચાડી શક્યા નથી.
- ➢ દેશમાં આવકની અસમાનતા વધી છે.
- ➢ હરીફાઈની ક્ષમતા વધારવા અધતન તકનીકનો ઉપયોગ થવાથી રોકાણના પ્રમાણમાં રોજગારીની તકોનું ઓછું સર્જન થવાથી બેકારીનો પ્રશ્ન ગંભીર બન્યો છે.

## 8.9 સ્વાધ્યાય

1) આર્થિક સુધારા પાછળનું તર્ક અને કારણો દર્શાવો.
2) ખાનગીકરણની પ્રક્રિયા સમજાવો
3) ઉદારીકરણ એટલે શું ?સમજાવો ?
4) વૈશ્વિકીકરણનો અર્થ અને તે માટેના પગલા વિગતવાર દર્શાવો ?
5) આર્થિક સુધારાનું મૂલ્યાંકન કરો.
6) આર્થિક સુધારાની અસરો દર્શાવો.

**બહુવિકલ્પ પ્રશ્નો**

1) ભારતમાં આર્થિક સુધારા કયારે હાથ ધરવામાં આવ્યા હતા?

(a) 1991 (b) 1956

(c) 1980 (d) 1999

2) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અને ઈજારાશાહી અટકે તે હેતુથી રચાયેલો કાયદો.

(a) IIM (b) BIFE

(c) MTP (d) MRTP

3) વિદેશી હૂંડિયામણ અને રાજકોષીય ખાધની કટોકટીમાંથી ઉગારવા 1991માં ભારતે કોની પાસેથી લોન મેળવી ?

(a) IMF (b) CCD

(c) બ્રિટન (d) અમેરિકા

4) ઔદ્યોગિક માલિકીના એકમનું હસ્તાંતરણ એટલે શું ?

(a) ઉદારીકરણ (b) કેન્દ્રીકરણ

(c) ખાનગીકરણ (d) વૈશ્વિકીકરણ

5) આર્થિક સુધારાના મુખ્ય કેટલા વિભાગ છે.

(a) બે (b) ત્રણ

(c) ચાર (d) પાંચ

6) બજાર આધારિત આર્થિક નિર્ણયો લેવાય તે વ્યવસ્થાને શું કહે છે ?

(a) ઉદારીકરણ (b) ખાનગીકરણ

(c) મૂડી વિનિવેશ (d) વૈશ્વિકીકરણ

7) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે સાંકળવાની પ્રક્રિયા એટલે....

(a) ખાનગીકરણ (b) વૈશ્વિકીકરણ

(c) ઉદારીકરણ (d) કેન્દ્રીકરણ

8) જાહેરક્ષેત્ર માટે કેટલા ઉદ્યોગો અનામત રખાયા

(a) 20 (b) 22

(c) 18 (d) 15

9) ભારતમાં જે જાહેર સાહસોનું ખાનગીકરણ થયું તે કંપનીના શ્રમિકોની સંખ્યા કેટલી હતી

(a) 2000 (b) 3000

(c) 2100 (d) 1900

10) 1999-2000 માં વિશ્વની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો કેટલો છે?

(a) 0.6% (b) 0.5%

(c) 0.4% (d) 1.1%

**જવાબ**

1) (a) 2) (d) 3) (a) 4) (c) 5) (b)

6) (a) 7) (b) 8) (c) 9) (a) 10) (a)

# એકમ : 9 જાહેર ક્ષેત્ર

## : રૂપરેખા :

9.1 જાહેર ક્ષેત્રનો અર્થ તેની ભૂમિકા અને કામગીરી

9.2 જાહેર સાહસના હેતુઓ

9.3 ભારત સરકારની જાહેર સાહસો અંગેની નીતિ

9.4 જાહેર સાહસનું મૂલ્યાંકન

9.5 જાહેર સાહસોની ઓછી નફાકારકતાના કારણો

9.6 જાહેર સાહસનું ખાનગીકરણ

9.6.1 ખાનગીકરણની વિવિધ પધ્ધતિઓ તથા પ્રકાર

9.7 ખાનગીકરણની તરફેણની દલીલો

9.8 ખાનગીકરણ સાથે સંકળાયેલ પ્રશ્નો

9.9 જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર સંકલ્પના અને તફાવત

9.10 સ્વાધ્યાય

## 9.1 જાહેર ક્ષેત્રનો અર્થ તેની ભૂમિકા અને કામગીરી

- **પ્રસ્તાવના :**

ભારત જેવા અલ્પવિકસીત અથવા ઓછા વિકસિત દેશો પ્રજાનું જીવન ધોરણ ઉંચું લાવવા, ઝડપી આર્થિક વૃધ્ધિ-વિકાસ અને આર્થિક વિકાસના લાભોની સમાન અને ન્યાયી વહેચણીનું ધ્યેય સિધ્ધ કરવા માંગે છે. આ બંને ધ્યેયો હાંસલ કરવાની ખાનગીક્ષેત્ર પૂરતી ક્ષમતા ધરાવતું હોતું નથી. અને તેથી જાહેરક્ષેત્રની હિમાયત કરવામાં આવે છે. અલબત, જાહેર ક્ષેત્ર એ ખાનગી ક્ષેત્રનો વિકલ્પ નથી. ખાનગીક્ષેત્ર પણ રાજયના નિયંત્રણને આધીન રહી અમૂક કામગીરી બજાવવાની રહે છે.

- **જાહેરક્ષેત્રની ભૂમિકા**

વિકસતા દેશોની વિશિષ્ટ પરીસ્થિતિમાં જાહેરક્ષેત્ર અનિવાર્ય અંગ બની રહયું છે. જુદા-જુદા સંજોગો અનુસાર જાહેર ક્ષેત્ર જુદા-જુદા પ્રકારની ભૂમિકાઓ ભજવવાની રહે છે.

➢ ચોક્કસ હેતુ યા હેતુઓને અનુલક્ષીને જાહેરક્ષેત્ર ભૂમિકા ભજવે છે. અથવા કામગીરી કરે છે.

➢ આમ છતાં ઝડપી અને સમતુલિત આર્થિક વિકાસ અને આર્થિક સમાનતા તથા ન્યાય આ બે મૂળભૂત ઉદ્દેશો નજર સમક્ષ રાખીને જાહેરક્ષેત્ર પોતાની ભૂમિકા ભજવે છે. વિકસતા દેશોના સંદર્ભમાં જાહેરક્ષેત્રની ભૂમિકા અગત્યની છે.

**1) ચાવીરૂપ અને વ્યુહાત્મક ઉદ્યોગોનો વિકાસ :**

વિકાસ હાંસલ કરવાનું જાહેરક્ષેત્રનું મુખ્ય ધ્યેય છે અને આર્થિક વિકાસને અસર કરતુ એક મહત્વનું પરીબળ ચાવીરૂપ અને વ્યુહાત્મક ઉદ્યોગો છે આવાઉદ્યોગોમાં ખાનગી મૂડીનું ભાગ્યે જ રોકાણ થાય છે. કારણકે તેમાં મોટા પાયા પર મૂડીરોકાણ કરવું પડે

છે. જોખમનું પ્રમાણ સવિશેષ હોય છે. અને ઝડપથી વળતર મળતું નથી તેથી વિકસતા દેશોમાં પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગોને વિકસાવવાની જવાબદારી જાહેરક્ષેત્રની છે.

**2) વિકાસ માટેનું આંતરમાળખું પુરું પાડવું**

ઔદ્યોગિક વિકાસનો આધાર બળતણ (કોલસો, વીજળી) પાણી, રસ્તા, રેલ્વે, સંદેશાવ્યવહાર, બેંકિંગ વગેરે સવલતોની પ્રાપ્તિ પર રહેલો છે. આ પ્રકારની સવલતો ઔદ્યોગિક સાહસો સ્વયં ઉભીકરી શકે નહિ આમઆંતરમાળખું પૂરી પાડવાની જવાબદારી રાજ્ય ઉઠાવે છે. કારણકે તેમનો હેતુ નફો કમાવાનો નથી આથી આ કામગીરી માત્ર જાહેરક્ષેત્ર જ બજાવી શકે છે.

**3) નાણાંકીય સાધનોનું એકત્રીકરણ**

મોટા પાયા પર ઉદ્યોગો તથા આંતરમાળખું વિકસાવા વ્યાપક પ્રમાણમાં નાણાંકીય સાધનોની જરૂર પડે છે. જે ખાનગીક્ષેત્ર માટે ભાગ્યે જ શકય છે માત્ર રાજ્ય જ જરૂરી નાણાંકીય સાધનો એકત્રિત કરી શકે છે.

**4) અર્થતંત્રમાં તળિયાથી ટોચ સૂધી અંકુશ**

અર્થતંત્રની પ્રવૃત્તિઓને ઈચ્છિત દિશામાં વળાંક આપવા, આર્થિક વિકાસનું લક્ષ્યાંક હાંસલ કરવા અને પૂરતા પ્રમાણમાં નાણાંકીય સાધનો મેળવવા સમગ્ર અર્થતંત્ર પર તળિયાથી ટોચ સુધી સરકારનો અંકુશ હોવો જરૂરી છે. મહત્વના ઉદ્યોગોની માલિકી હોય સરકારની હોય તો વિકાસની જરૂરિયાતોને અનુલક્ષીને અર્થતંત્રને ઉચિત દિશામાં ફેરવી શકાય છે.

**5) સામાજિક પરિવર્તનનું સાધન**

જાહેરક્ષેત્ર એ આર્થિક વિકાસના સાધન ઉપરાંત સામાજિક પરિવર્તનનું પણ સાધન છે. જાહેર સાહસો ઈજારો ભોગવે છે પરંતુ ખાનગી ક્ષેત્રની જેમ નફો નહી, પરંતુ જાહેરહિતો જાળવવા ઇજારાને ઉપયોગમાં લેવામાં આવે છે. ખાનગી ઈજારા અને આર્થિક સત્તાના કેન્દ્રીકરણના પ્રતિકારનું કાર્ય જાહેરક્ષેત્રના ઈજારાનું છે. બજારમાંગ અને બજાર પૂરવઠાને આધારે નહિ, પરંતુ વ્યાપક સામાજિક જરૂરિયાતોને લક્ષમાં રાખીને જાહેરક્ષેત્રમાં ઉત્પાદન તથા વહેંચણીની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. સમાજના અમુક વર્ગો (જેમ કે આર્થિક રીતે નબળા વર્ગોની જરૂરિયાતની ચીજોના ઉત્પાદનમાં વધારો જન્માવીને અથવા બજાર કિંમત કરતાં ઓછી કિંમતે નબળા વર્ગોને ચીજો પૂરી પાડે છે તથા નબળા વર્ગોની તરફેણમાં આવકની પુનઃવહેચણી પણ જન્માવે છે. આમ જાહેરક્ષેત્ર સમાનતા અને ન્યાય જેવા સામાજિક ઉદ્દેશો હાંસલ કરવાનું પણ કાર્ય કરે છે.

- **જાહેરક્ષેત્રની કામગીરી**

➢ આર્થિકતેમજ ઔદ્યોગિક રીતે પછાત વિસ્તારોમાં જાહેરક્ષેત્ર હેઠળ ઔદ્યોગિક સાહસો ઉભો કરીને પ્રાદેશિક અસમતુલા ઘટાડવામાં આવે છે.

➢ દેશમાં બેરોજગારીનું પ્રમાણ ઉચું હોય તેવી પરીસ્થિતિમાં વધુને વધુ લોકોને રોજગારી પૂરી પાડવાના હેતુથી જાહેર સાહસોની સ્થાપના અને વિકાસ કરવામાં આવે છે.

➢ ખાનગીક્ષેત્રના બંધ પડેલા અથવા માદા ઔદ્યોગિક એકમો રાજ્ય હસ્તક લઈને મજુરોને રોજગારીનું રક્ષણ પુરું પાડવામાં આવે છે.

- નાના ઉદ્યોગનું અર્થતંત્રમાં જે મહત્વ છે તેને અનુલક્ષીને નાના ઉદ્યોગો તથા આનુસંગિકઉદ્યોગોને જાહેરક્ષેત્ર મદદ કરી શકે છે.
- આયાત અવેજી ઉદ્યોગો જાહેરક્ષેત્રમાં વિકસાવીને આયાતો ઘટાડી શકાય છે અને એ રીતે વિદેશી હૂંડિયામણની બચત કરી શકે છે.
- બીજી બાજુ જાહેર સાહસો દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી પણ કરાવી આપે છે.

## 9.2 જાહેર ઔદ્યોગિક સાહસોના હેતુઓ

- ઝડપી ઉધોગીકરણ અને તે દ્વારા ઝડપી આર્થિક વિકાસને ઉત્તેજન આપવું
- આર્થિક વિકાસ માટેના આંતરમાળખાને વિકસાવવું
- સમગ્ર અર્થતંત્ર પર અસરકારક અંકુશ જમાવવો (જેથી આર્થિક પ્રવૃત્તિઓને ઈચ્છિત દિશામાં વાળી શકાય)
- આર્થિક વિકાસ માટે નાણાંકીય સાધનો આંતરિક બચતો દ્વારા પ્રાપ્ત કરવા
- ઈજારા તથા આર્થિક સત્રના કેન્દ્રીકરણનો પ્રતિકાર કરવો અને આવક અને સંપતિની અસમાનતા ઘટાડવી
- રોજગારીની તકોમાં વધારો જન્માવો
- પ્રાદેશિક અસમતુલામાં ઘટાડો જન્માવો
- નાના ઉદ્યોગો તથાઆનુષંગિક ઉદ્યોગોને મદદ કરવી
- આયાત અવેજીકરણને ઉત્તેજન આપવું, વિદેશી હૂંડિયામણ અને ન્યાયની સ્થાપના કરવી

## 9.3 ભારત સરકારની જાહેર સાહસો અંગેની નીતિ

1947માંઆઝાદી મળી તે પહેલાં ભારતમાં જાહેરક્ષેત્ર જેવું ખાસ નહોતું અલબત્ત, ટપાલ, તાર, રેલ્વે, બંદરો વગેરે સરકારની માલિકી અને સંચાલન હેઠળ હતા પરંતુ તેઓને રાજ્ય વહીવટ કરવામાં સરળતા રહે તે હેતુથી ખાતાકીય સાહસો તરીકે વિકસાવવામાં આવ્યા હતા.

- આર્થિક વિકાસની વ્યૂહરચનાના આંતરિક ભાગ તરીકે ભારતમાં જાહેરક્ષેત્રનો વિકાસ આઝાદી પછી અને તેમાં ખાસ કરીને બીજી પંચવર્ષીય યોજના પછી થયો છે. પાયાના ચાવીરૂપ અને વ્યુહાત્મક ઉદ્યોગોમાં જાહેર સાહસોની સ્થાપના તથા બિનખાતાકીય સાહસો તરીકે તેનો વિકાસ એ છેલ્લા ચાર દાયકા દરમિયાનની ઘટના છે.
- ચોથી પંચવર્ષીય યોજના પછી જાહેરક્ષેત્રના વિસ્તરણ તેમજ આર્થિક વિકાસ માટે નાણાંકીય સાધનોના એકત્રીકરણના હેતુને વધુ મહત્વ આપવામાં આવી રહયું છે. અછત તથા ફુગાવાના સંજોગોમાં વપરાશી તથા વચગાળાની, વસ્તુઓના ઉદ્યોગોમાં ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણના હેતુ મોખરે રહ્યો છે.
- મહત્વના ઉદ્યોગો કેન્દ્ર સરકાર હસ્તક છે પોલાદ, ખનીજો, ધાતુઓ પેટ્રોલિયમ, વીજળી, રાસાયણિક ખાતરો વગેરેના ઉત્પાદનમાં જાહેર સાહસોનો હિસ્સો ગણનાપાત્ર છે. કેન્દ્ર સરકાર હસ્તક જાહેર સાહસોની સંખ્યા પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં માત્ર 5 હતી જે વધીને 1990 ના માર્ચના અંતે 244 થઈ છે.જયારે આ ગાળા દરમિયાન જાહેર સાહસોમાં મૂડીરોકાણ રૂ. 29 કરોડથી વધીને રૂ.99, 315 કરોડ થયું છે.

મૂડીરોકાણની દ્રષ્ટીએ જાહેર સાહસોનું કદ ઉતરોત્તર વધતું ગયું છે. જાહેર સાહસદીઠ સરેરાશ મૂડીરોકાણ 1 લી એપ્રિલ 1951ના રોજ 6 કરોડ કરતાં પણ ઓછું હતું જે 31મી માર્ચે 1990 ના રોજ રૂ. 400 કરોડની સપાટીને વટાવી ગયુ છે. મૂડીરોકાણ ઉત્પાદન નફાકારકતા તથા પ્રવૃતિઓના વિસ્તારની દ્રષ્ટીએ જાહેર સાહસોનો વિકાસ અભૂતપૂર્વ રહયો છે.

- જાહેર સાહસો 22 લાખા કરતાં વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે
- 1991 ની નવી ઔદ્યોગિક નીતિ હેઠળ જાહેરક્ષેત્રના સાહસો માટે ઘણાં ફેરફાર કરવામાં આવ્યો જેમા બજારલક્ષી પધ્ધતિ અપનાવી તેમની પુનરચના કરવી જાહેરક્ષેત્રના હેઠળ રાખેલ અનામત ક્ષેત્રોને હટાવવામાં આવ્યાં. ખોટ કરતાં જાહેર સાહસોનું વેચાણ કરવામાં આવ્યું. સરકાર દ્વારા માલિકીનો ઘટાડો કરવો વગેરે પગલા લેવામાં આવ્યાં. આ સુધારણા પાછળનો હેતુ જાહેર ક્ષેત્ર પણ ખાનગી ક્ષેત્ર સાથે સમાન ધોરણે સ્પર્ધામાં રહેશે.
- જાહેરક્ષેત્ર વ્યુહાત્મક, ઉચ્ચ તકનીકી અને આવશ્યક માળખાગત ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે.Public Sector Unitsજે ગંભીર રીતે બીમાર છે તે પુનર્નિર્માણ માટે ધ્યાનમાં લેવામાં આવશે.
- PSU માં સંશોધન એકત્રીકરણને પ્રોત્સાહિત કરવા માટે
- પી.એસ.યુ ની શેરહોલ્ડીંગનો એક ભાગ મ્યુચ્યુઅલ ફંડ્સ નાણાંકીય સંસ્થાઓ સામાન્ય લોકો અને કામદારોને (ઘણીવાર આને ડિસઈન્વેસ્ટમેન્ટ પોલિસી તરીકે વર્ણવામાં આવે છે) આપવામાં આવશે.
- PSU ના બોર્ડને વધુ વ્યાવસાયિક બનાવવામાં આવશે અને વધુ સત્તા આપવામાં આવશે.
- 1991 ની ઔદ્યોગિક નીતિ હેઠળ જાહેર ક્ષેત્ર દ્વારા રોકાયેલા મુખ્ય ક્ષેત્રો.

(1) આવશ્યક આંતરમાળખું સમાન અને સેવાઓ

(2) તેલ અને ખનીજ સંશોધનોનું સંશોધન

(3) તે ક્ષેત્રમાં તકનીકી વિકાસ અને ઉત્પાદન ક્ષમતાઓનું નિર્માણ જે અર્થતંત્રના લાંબાગાળાના વિકાસમાં નિર્ણાયક છે. અને જ્યાં ખાનગીક્ષેત્રનું રોકાણ અપૂરતું છે

(4) એવા ઉત્પાદનોનું ઉત્પાદન જ્યાં વ્યુહાત્મક વિચારણા મુખ્યત્વે સંરક્ષણ ઉપરકરણો જેવા હોય છે.

- 16 મી માર્ચ 1999 ના રોજ સરકારે જાહેરક્ષેત્રના ઉદ્યોગોને ડિસઈન્વેસ્ટમેન્ટના હેતુથી વ્યુહાત્મક અને બિન-વ્યુહાત્મક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી. એવુ નક્કી કરવામાં આવ્યું હતું કે વ્યૂહરચનાત્મક જાહેરક્ષેત્રના સાહસો તે ક્ષેત્રના હશે.
- શસ્ત્ર અને દારુગોળો અને સંરક્ષણ ઉપકરણો, સંરક્ષણ હસ્તકલા અને યુધ્ધ જહાજોની વસ્તુઓ વગેરે.
- રેલ્વે પરિવહન તથા અન્ય તમામ જાહેર સાહસોને બિન-વ્યુહાત્મક માનવામાં આવ્યા. બિન-વ્યુહાત્મક જાહેરક્ષેત્રના સાહસો માટે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સરકારના હિસ્સાને 26% સુધી ઘટાડવાનો નિર્ણય આપ મેળે રહેશે નહી. કામ કરવાની રીતમાં પણ વધારો કરવામાં આવશે.

## 9.4 જાહેર સાહસોનું મૂલ્યાંકન

**1) નિર્ણાયક ક્ષેત્રોમાં જાહેર સાહસોનું વર્ચસ્વ :**

અર્થતંત્રના નિર્ણાયક ક્ષેત્રો જેવા કે કોલસો વીજળી, પોલાદ, ખનીજ, બિન-લોટ ધાતુઓ, પેટ્રોલિયમ રાસાયણિક ખાતરો વગેરેમાં કરવામાં આવ્યું જાહેરક્ષેત્રનો કાળો કોલસાના ઉત્પાદનમાં 98% લિગ્નાઇટના ઉત્પાદનમાં લગભગ 100% પેટ્રેલીયનમાં ઉત્પાદનમાં 100% પોલાદની પાટોના ઉત્પાદનમાં 58% એલ્યુમિનિયમના ઉત્પાદનમાં 53% હતું.

**2) સરકારને ઉપજ મેળવી આપવામાં મદદ :**

સરકારને ઉપજ મેળવી આપવામાં જાહેર સાહસ મદદરૂપ બને છે સરકારને ડિવિડન્ડ ચુકવવા ઉપરાંત કોર્પોરશન ટેક્ષ આબકારી જકાત, કસ્ટમ ડ્યુટી તથા બીજા કરવેરાના રૂપમાં સરકારને ઉપજ પૂરી પાડે છે. છઠ્ઠુ પંચ વર્ષીય યોજના દરમિયાન જાહેર સાહસોએ કેન્દ્ર સરકારને ડિવિડન્ડ તથા કરવેરા દ્વારા 27, 570 કરોડની ઉપજ પૂરી પાડી છે.

3) જાહેર સાહસો વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ફાળો આપી રહયા છે.જાહેર સાહસોની નિકાસ કમાણી 1987-88 માં 4, 176 કરોડ અને 1988-89માં રૂ.4, 898 કરોડ હતી.જાહરે સાહસોની પ્રત્યક્ષ ફાળવણીમાં નિકાસ કમાણી કરનાર મુખ્ય જાહેર સાહસો જેવા કે મિનરલ્સ એન્ડ મેટલ ટ્રેડિંગ કોર્પોરેશન, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન, એર ઈન્ડિયા નેશનલ એલ્યુમિનિયમ કું., શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અને નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન છે. જયારેપરોક્ષ ફાળાની વાત કરીએ તો આયાત અવેજીકરણમાં પણ જાહેર સાહસો ફાળો આપી રહયાં છે. દા.ત ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ હિન્દુસ્તાન એન્ટીબાયોટીક્સ લિમિટેડ વગેરે આયાત અવેજી કરણ દ્વારા વિદેશી હૂંડિયામણની બચત કરવામાં જાહેર સાહસ ફાળો આપી રહયા છે જે નોધાવાપાત્ર છે.

4) આંતરિક બંચતો તથા નાણાવૃતિમાં ઉત્તરોતર વધારો જન્માવવામાં સફળ રહયા છે. સાતમી યોજનમાં જાહેર સાહસો પાછળના કુલ આયોજનના ખર્ચમાં આંતરિક નાણા પ્રાપ્તિનો હિસ્સો 34.6% અંદાજવામાં આવ્યો હતો

**5) રોજગારીનું સર્જન અને સામાજિક જવાબદારી**

જાહેર સાહસનો સામાજીક હેતુ રોજગારીની તકો ઉભી કરવાનો હતો. પરંતુ જાહેર ક્ષેત્રના મોટા ભાગના ઉદ્યોગો ઉચ્ચ ટેકનોલોજી અપનાવવામાં આવતી હોવાથી રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ઓછી છે.

- જાહેર સાહસોના કર્મચારીઓના સરેરાશ પગારમાં સતત વધારો થયો છે. આમ છતા સામાજિક તથા આર્થિક રીતે પછાત જાતિઓને રોજગારી પૂરી પડવાની સામાજીક જવાબદારી પણ જાહેર સાહસોએ નિભાવી છે.

**6) પ્રાદેશિક અસમતુલામાં ઘટાડો :**

આ હેતુ અન્વયે શકય હોય ત્યાં સૂધી પછાત પ્રદેશો પછાત વિસ્તારોમાં જાહેર સાહસો ઉભા કરવાની સરકારની નીતિ રહી છે. જેમ કે જાહેર સાહસોના કુલ મૂડીરોકાણમાં મધ્ય પ્રદેશનો હિસ્સો 11.7%, આંધ્રપ્રદેશનો હિસ્સો 10.3%, બિહારનો હિસ્સો 8.7%, ઓરિસ્સાનો હિસ્સો 4.9% હતો. જે તે રાજયની વસ્તીના પ્રમાણમાં આ હિસ્સો ઉંચો છે. આમ પ્રાદેશિક અસમતુલા ઘટાડવામાં જાહેર સાહસોનું યોગદાન રહ્યું છે.

## 9.5 જાહેર સાહસોની ઓછી નફાકારકતાના કારણો

- જાહેરક્ષેત્રની કંપનીઓનું કદ મોટું છે. અમુક કદ (એટલે કે ધીષ્ટ કદ) કરતાં પણ મોટું કદ ગેરલાભ જન્માવે છે જેથી સરેરાશ ખર્ચમાં વધારો અને નફામાં ઘટાડો થાય છે.
- જાહેર સાહસોની અસ્કયામતોનું વાસ્તવિક મૂલ્ય ઓછું હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને જાહેર સાહસના સ્થાપનાના તબક્કા દરમિયાન આચરવામાં આવતી ગેરરીતિઓ તથા ભ્રષ્ટાચારને પરિણામે આવું બને છે. જેમ કે, બજાર ભાવ કરતાં ઉંચી કિંમતે માલસામાન ખરીદવામાં આવે અથવા નિમ્ન કક્ષાનો માલસામાન ખરીદવામાં આવે આથી જાહેર સાહસની અસ્કયામતો પર જેટલું વાસ્તવિક વળતર મળવું જોઈએ તેટલું મળતું નથી.
- જાહેર સાહસોનું સંચાલન ખાનગી સાહસોના સંચાલનની જેમ કાર્યદક્ષ નથી. જાહેર સાહસોના સંચાલન મંડળમાં સનદી અધિકારીઓ અથવા રાજકીય પુરુષોની નિમણૂંક કરવામાં આવે છે તેઓને ધંધાકીય સંચાલનની તાલીમ યા અનુભવ હોતા નથી. જાહેર સાહસોનો નફો/નુકશાન સંચાલકોનું પોતાનું ન હોવાથી તેઓ કાર્યદક્ષતા દાખવતા નથી.
- સામાજિક જવાબદારીઓ નિભાવવા જાહરે સાહસોએ કેટલુંક વધારાનું ખર્ચ કરવું પડે છે. મોટા જાહેર સાહસો ઉભા કરવામાં આવ્યા હોય ત્યાં કર્મચારીઓ માટેના રહેઠાણો બાંધવામાં આવે છે. અલગ નગર ઉભુ કરવામાં આવે છે. રહેઠાણોની સગવડ પણ પૂરી પાડવામાં આવે છે. જેને લીધે ખર્ચાઓ વધે છે અને નફાના પ્રમાણમાં ઘટાડો થાય છે.
- જાહેરસાહસો સ્થાપિત ઉત્પાદન ક્ષમતા કરતા ઓછુ ઉત્પાદન કરે છે 1988-89 ના માહિતી અનવયે 212 જાહેર સાહસમાંથી 126 સાહસોનું ઉત્પાદન તેમની ઉત્પાદન ક્ષમતાના 75% કરતાં વધુ હતુ જયારે 43 સાહસોનું ઉત્પાદન તેમની માલ સ્ટોકનું વધુ પડતુ પ્રમાણ પણ ઓછા નફા માટે જવાબદાર છે.
- ઘણા ખરા જાહેર સાહસોમાં ખરેખર જરૂરિયાત હોય તેના કરતાં વધુ કર્મચારીઓ કામ કરે છે જેથી ખર્ચમાં બિનજરૂરી વધારો થાય છે.
- ભાવનીતિમાં ખાસ કરીને પોલાદ, ખાતરો, વીજળી વગેરેના ભાવો નીચા રાખવાનો હેતું જેથી સામાજિક કલ્યાણમાં વધારો થાય પરંતુ ઓછો નફો અથવા ખોટનું કારણ જાહેર સાહસની ભાવનીતિ છે.
- પછાત વિસ્તારોમાં આંતર માળખાનો પૂરતો વિકાસ થયેલો હોતો નથી અને તેથી જરૂરી સવલતો વિકસાવવા જાહેર સાહસો ખર્ચ કરવું પડે છે.
- આ ઉપરાંત માંદા ઔદ્યોગિક એકમો સરકાર પોતાને હસ્તક લે છે જેથી શ્રમિકોની રોજગારીને વિપરીત અસર ન પડે. આવા બાબતથી પણ જાહેરક્ષેત્રનું ખર્ચ વધે છે.

## 9.6 જાહેર સાહસોનું ખાનગીકરણ

જાહેર સાહસોના ખાનગીકરણનો ત્રણ બાબતોથી અભિપ્રેત થાય છે.

- ખાનગી માલિકી
- ખાનગી અંકુશ
- ખાનગી સંચાલન

જાહેર સાહસોની માલિકી, અંકુશ તથા સંચાલન ખાનગી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને એક યા બીજી રીતે સોપવામાં આવે તો તેને જાહેર સાહસોના ખાનગીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

### 9.6.1 ખાનગી કરણની વિવિધ પધ્ધતિઓ તથા પ્રકાર

જાહેર સાહસો સંપૂર્ણપણે ખાનગી કંપનીઓને વેચી દેવામાં આવે અથવા જાહરે સાહસોના શેર જનતા અથવા જાહેર સાહસોના કર્મચારીને વેચવામાં આવે તો એ ખાનગીકરણની સામાન્ય પધ્ધતિ છે.

- જાહેર સાહસોના શેરો બજાર ભાવે અથવા પ્રીમિયમથી જાહેર જનતાને વેચી શકાય છે. જાહેર સાહસનું સંચાલન ખાનગી કંપનીને કરાર દ્વારા સુપરત કરવામાં આવે અથવા જાહેર સાહસ ખાનગી કંપનીને ચલાવવામાં માટે ભાડાપટ્ટે યા બીજી કોઈ રીતે આપવામાં આવે તો ખાનગીકરણની બીજી પધ્ધતિ છે. આ પધ્ધતિ હેઠળ ઔદ્યોગિક સાહસની માલિકી સરકારની રહે છે. પરંતુ તેના સંચાલનની જવાબદારી ખાનગી કંપનીની રહે છે પરિણામે ખાનગી સંચાલનના લાભો પ્રાપ્ત થવા પામે છે.
- જાહેર સાહસોનું ખાનગીકરણ સંપૂર્ણ અથવા આંશિક હોઈ શકે છે. જાહેર સાહસની તમામ શેરમૂડી ખાનગી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને વેચાણ દ્વારા તબદીલ કરવામાં આવે તે સંપૂર્ણ ખાનગીકરણ છે. જયારે અમૂક શેર મૂડી (50% કરતાં ઓછી) ખાનગી વ્યક્તિઓ અથવા સંસ્થાને વેચાણ દ્વારા તબદીલ કરવામાં આવે તે આંશિક ખાનગીકરણ છે. વળી જાહેર સાહસની માલિકી યથાવત રાખીને તેનું સંચાલન ખાનગી કંપનીને સુપરત કરવામાં આવે તેને પણ આંશિક ખાનગીકરણ તરીકે ઓળખી શકાશે.

## 9.7 ખાનગીકરણની તરફેણની દલીલો :

**1) જાહેર સાહસોની ઓછી કાર્યક્ષમતા :-**

ખાનગી સાહસોની સરખામણીમાં જાહેર સાહસો ઓછા કાર્યક્ષમતા સુધારવા માટે ખાનગીકરણ આવશ્યક છે.

**2) મૂડીરોકાણ પર અપૂરતું વળતર :**

ભારતમાં જાહેર સાહસો પર વળતરનો દર પ્રમાણમાં નીચો છે. ઈજારો ધરાવતાં સાહસો નફો કરે છે. પરંતુ સ્પર્ધાત્મક પર્યાવરણમાં કામ કરતાં જાહેર સાહસો ખોટ કરે છે જેથી આ ખોટને પહોંચી વળવા અંદાજપત્રમાં જોગવાઈ કરવી પડે છે. જાહેર સાહસનું ખાનગીકરણ અંદાજપત્રીય ખાદ્ય ઘટાડવામાં મદદરૂપ બને છે.

**3) જાહેર દેવાનો અસહ્ય બોજો:**

ભારત સરકારના આંતરિક તથા બાહ્ય દેવામાં મોટો વધારો થયો છે. જાહેર ક્ષેત્રમાં મૂડીરોકાણ માટે દેશ અને વિદેશમાંથી મોટા પાયા પર લોનો લેવામાં આવી છે. તેથી સરકારના દેવામાં વધારો થયો છે. દેવા પેટે વ્યાજની ચુકવણીઓનું પ્રમાણ વધ્યું છે. આ બોજો ઘટાડવા દેવાની ચુકવણી કરવા ખાનગીકરણ આવશ્યક છે.

**4) રાજ્યના હસ્તક્ષેત્રમાંથી છુટકારો :**

જાહેર સાહસો અમલદારી શાસનનો ભોગ થઈ પડે છે. જેને લીધે સંચાલન પર વિપરીત અસર જન્મે છે. ખાનગી સંચાલન કાર્યક્ષમતામાં સૂધારો લાવશે.

આમ, જાહેર સાહસોના હેતુઓ અસ્પષ્ટ અને ક્યારેક પરસ્પર વિરોધાભાસી હોવાને

કારણે જાહેર સાહસોના સંચાલનમાં ગુંચવાડો પેદા થાય છે. જાહેર સાહસોમા મજૂર સંઘોના અધીકારોનો ગેરઉપયોગ થતો જોવા મળે છે. બીજી બાજુ શ્રમના વેતનો ઉચા તથા ઉત્પાદકતા નીચી જોવા મળે છે. આમ જાહેર સાહસોનું ખાનગીકરણ તેનાથી ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વૃદ્ધિ, આવક અને રોજગારીનું વિસ્તરણ, નાણાંકીય સાધનોની પ્રાપ્તિમાં વધારો અંદાજપત્ર પરના દબાણમાં ઘટાડાના રૂપમાં સમગ્ર રીતે અર્થતંત્રને લાભદાયી બની શકે છે.

## 9.8 ખાનગીકરણ સાથે સંકળાયેલા પ્રશ્નો

- ખાનગી સાહસો પણ જાહેર સાહસોની જેમ બિનકાર્યક્ષમ હોઈ શકે છે. ખાનગી ક્ષેત્રમાં બંધ પડેલાં અથવા માંદા ઔદ્યોગિક એકમો એ તેનો જવલંત પૂરાવો છે.
- સમાજવાદના હિમાયતીઓ જાહેર સાહસોના ખાનગીકરણનો વિરોધ કરી રહયા છે.
- ખાનગીકરણના લાભ ત્યારે જ પ્રાપ્ત થાય જયારે બજારતંત્ર અસરકારક અને કાર્યક્ષમ હોય તો જ ખાનગી કોર્પોરેટ ક્ષેત્રમાં ઈજારા તથા આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ હજુ સુધી નિર્મૂળ કરી શકાયુ નથી તંદુરસ્ત સ્પર્ધાની ગેરહાજરી વ્યાપક છે.
- ખોટ કરતાં જાહેર સાહસોમાં લોકો રોકાણ કરવા તૈયાર થતા નથી. તેનું ખાનગીકરણ કરવું સહેલું નથી
- શ્રમિકોનો વિરોધ એ જાહેર સાહસોના ખાનગીકરણ સામેનો મોટો અવરોધ બની રહ્યો છે. કારણે શ્રમિકોના હક તથા વેતન પર કાપ મુકાશે તેવો ભય છે તેથી તે જાહેર સાહસોના ખાનગીકરણનો વિરોધ કરી રહયા છે.

આમ ખાનગીકરણ એ જાહેર સાહસોની સમસ્યાઓનો એક માત્ર ઉપાય નથી. કારણ કે અમુક આર્થિક પ્રવૃત્તિઓ સરકાર હસ્તક હોવી હજુ જરૂરી છે.

## 9.9 જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર સંકલ્પના

- **જાહેરક્ષેત્રએટલે**

એવા વ્યવસાયો છે કે જેની માલિકી સરકાર અને દસ્તક હોય કે નિયંત્રણમાં હોય અહી કોઈ કંપની ઉદ્યાગ કે સાહસ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા આશિક અથવા સંપૂર્ણ રીતે સંચાલિત થઈ શકે છે

- **ખાનગી ક્ષેત્ર**

એ એવા વ્યવસાયો છે જે ખાનગી જૂથ અથવા કોઈ વ્યક્તિની માલિકીના છે.ખાનગી ઉદ્યાગો હેઠળ વિવિધ પ્રકારનાં વ્યવસાયો ભાગીદારી એકમાત્ર માલિકીના સહકારી અને કંપની સ્વરૂપમાં જોવા મળે છે. સરકાર ખાનગી ઉધોગોના કાર્યોમાં દખલ નહિ કરી શકે કારણ કે તેમનો કોઈ નિયંત્રણ નથી. તે વ્યવસાયિક એકમ નફાના હેતુથી કામ કરે છે.

દા.ત ICICI બેંક લિમિટેડ વિપ્રો, ITC લિમિટેડ વગેરે ખાનગી ઉદ્યાગના ઉદાહરણ છે.

| ખાનગી ક્ષેત્ર | જાહેર ક્ષેત્ર |
|---|---|
| ▪ ખાનગી ઉદ્યાગનો મુખ્ય હેતુ નફો છે. | ▪ જાહેર સાહસનોનો હેતુ સામાજીક ક્લ્યાણનો છે. |
| ▪ ખાનગી સાહસની માલિકી વ્યક્તિગત અથવા વ્યક્તિઓના જૂથની હોઈ શકે | ▪ જયારે જાહેર સાહસની માલિકી કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓની હોય છે. |
| ▪ ખાનગી સાહસનું સંચાલન માલિકો, ભાગીદારો અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા થાય છે. | ▪ જયારે સંચાલન કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા થાય છે. |
| ▪ મૂડીની વ્યવસ્થા માલિકો ભાગીદારો અથવા શેર હોલ્ડરો દ્વારા થાય છે. | ▪ જયારે જાહેર સાહસમાં મૂડીની વ્યવસ્થા કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કે સામાન્ય લોકો દ્વારા થાય |
| ▪ ખાનગી સાહસની કામગીરી રાષ્ટ્રીય સૂરક્ષા સિવાયના બીજા લગભગ બધા ક્ષેત્રો છે જયા તેમને તેમના મૂડીના રોકાણ પર પરંતુ વળતર મળતું હોય. દા.ત ફાયનાન્સ કન્સ્ટ્રકશન ફાર્માસ્યુટિકલ ટેલિકોમ્યુનિકેશન | ▪ જયારે જાહેર સાહસની કામગીરી મૂળભૂત તથા પ્રજાની જાહેર ઉપયોગિતા ક્ષેત્રોમાં ખાસ કરીને કામ કરતુ જોવા મળે છે<br>▪ દા.ત પોલિસ, આમી, ખનન, સ્વસ્થ, ઈલેક્ટ્રીકસીટી, શિક્ષણ, ટ્રાન્સપોર્ટ, બેંકિંગ, વીમો. |

## 9.10 સ્વાધ્યાય

1) જાહેર સાહસ એટલે શું ? તેની ભૂમિકા અને કામગીરી દર્શાવો ?

2) જાહેર સાહસની સરકારની નીતિ દર્શાવો

3) જાહેર સાહસના હેતુઓ ચર્ચો.

4) જાહેર સાહસનું મૂલ્યાંકન કરો.

5) જાહેર સાહસોની ઓછી નફાકારકતાના કારણો લખો

6) જાહેર સાહસોનું ખાનગીકરણ સમજાવો ?

7) જાહેર સાહસોના ખાનગીકરણની તરફેણની દલીલ તથા પ્રશ્નો ચર્ચો.

● **બહુવિકલ્પ પ્રશ્ન**

1) કયા દેશોમાં જાહેરક્ષેત્રની ભૂમિકા મહત્વની છે.

(a) વિકસતા　　(b) સમાજવાદી

(c) સામ્યવાદી　　(d) મૂડીવાદી

2) જાહેરક્ષેત્રનું મૂલ્ય ધ્યેય શું છે.

(a) આર્થિક અને સામાજિક વિકાસ　　(b) માત્ર નફો

(c) કાર્યક્ષમતા સુધારવી　　(d) મૂડીરોકાણ કરવું

3) ઔદ્યોગિક વિકાસનો આધાર શેના પર રહેલો છે.

(a) પાયાની સવલતો　　(b) નાણાંકીય સાધન

(c) (a) અને (b) બન્ને　　(d) ઉપરોક્તમાંથી કોઈ નહી

4) જાહેર સાહસના હેતુઓ કયા છે.

(a) રોજગારી　　(b) પ્રાદેશિક સમતુલા

(c) સમાનતા　　(d) ઉપરોક્ત તમામ

5) વિદેશી હૂંડિયામણની બચત કેવી રીતે કરી શકાય

(a) આયાત અવેજી ઉદ્યોગો (b) જાહેર સાહસની નિકાસ

(c) (a) અને (b) બન્ને (d) કોઈ પણ નહી

6) જાહેરક્ષેત્રનો વિકાસ કઈ યોજના પછી કરવામાં આવ્યો

(a) ત્રીજી પંચવર્ષીય (b) બીજી પંચવર્ષીય

(c) ચોથી પંચવર્ષીય (d) છઠ્ઠી પંચવર્ષીય

7) જાહેર સાહસોની કામગીરીના માપદંડો કયા છે

(a) નિર્ણાયક ક્ષેત્રોમાં વર્ચસ્વ (b) વિદેશી હૂંડિયામણ

(c) પ્રાદેશિક અસમતુલામાં ઘટાડો (d) ઉપરોક્ત તમામ

8) ખાનગીકરણ કેટલી બાબતોથી અભિપ્રેત થાય છે

(a) ત્રણ (b) ચાર

(c) પાંચ (d) છ

9) જાહેર સાહસનું ખાનગીકરણ કેવી રીતે થાય છે.

(a) સંપૂર્ણ (b) આંશિક

(c) (a) અને (b) બન્ને (d) ઉપરોક્તમાંથી કોઈ નહી

10) જાહેર સાહસની માલિકી યથાવત રાખીને સંચાલન કંપનીને ખાનગી કંપનીને સુપરત કરવામાં આવે તેને શું કહેવાય ?

(a) સંપૂર્ણ (b) આંશિક

(c) મધ્ય (d) ઉપરોક્ત બધા

11) જાહેર સાહસોના ખાનગીકરણની તરફેણની દલીલ કઈ છે.

(a) જાહેર સાહસની ઓછી કાર્યક્ષમતા (b) દેવાનો બોજો

(c) મૂડીરોકાણ અપૂરતું (d) ઉપરોક્ત તમામ

12) જાહેર સાહસોનું ખાનગીકરણ કયા પ્રશ્નોનો ઉકેલ લાવી શકે છે.

(a) સંચાલન (b) નફો

(c) (a) અને (b) (d) અંદાજપત્ર

13) જાહેર સાહસના ખાનગીકરણના પ્રશ્નો કયા છે.

(a) બજારતંત્રની ઉણપ (b) સમાજ વિરોધ પગલું

(c) મજુર સંઘોનો વિરોધ (d) ઉપરોક્ત તમામ

**જવાબ**

1) (a) 2) (a) 3) (c) 4) (d) 5) (c) 6) (b) 7) (d)

8) (a) 9) (c) 10) (b) 11) (d) 12) (c) 13) (d)

# એકમ : 10 ભારતીય નાણાં વ્યવસ્થા

## : રૂપરેખા :

10.1 પ્રસ્તાવના
10.2 નાણાં વ્યવસ્થાનો અર્થ
10.3 નાણાંબજારનો અર્થ
10.4 નાણાંબજારના લક્ષણો
10.5 નાણાંબજારના કાર્યો
10.6 મૂડીબજાર અર્થ
10.7 મૂડીબજારની લાક્ષણિકતાઓ
10.8 ગૌણ મૂડીબજારના કાર્યો
10.9 મૂડીબજાર અને નાણા બજારનો તફાવત
10.10 પ્રાથમિક અને ગૌણ મૂડીબજાર વચ્ચેનો તફાવત
10.11 રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાની નાણાકીય નીતિ
10.12 નાણાકીય નીતિના સાધનો
10.13 નાણાકીય નીતિનું મૂલ્યાંકન
10.14 વૈકલ્પિક પ્રશ્નો
10.15 સ્વાધ્યાય

## 10.1 પ્રસ્તાવના

કોઈ પણ દેશના આર્થિક વિકાસ માટે તે દેશની નાણાં વ્યવસ્થા સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ હોય તે ખૂબ જ જરૂરી છે. દેશના અર્થતંત્રમાં બચત કરનાર વર્ગ તથા ઔદ્યોગિક હેતુ માટે રોકાણના ઉદ્દેશથી નાણાંની માંગ કરનાર વર્ગ જુદો હોય છે. દેશના કરોડો લોકો દ્વારા જે નાની નાની બચતો થાય છે તેને મૂડી રોકાણમાં રૂપાંતર કરવાનું કાર્ય દેશના ઝડપી આર્થિક વિકાસ માટે અત્યંત મહત્ત્વનું છે અને આ જ મહત્ત્વનું કાર્ય એટલે કે બચતો એટલે કે નાણાંના પુરવઠા અને નાણાંની માંગ વચ્ચે સંતુલન જાળવવાનું કાર્ય નાણાં વ્યવસ્થાનું છે. ભૂતકાળમાં નાણાકીય વ્યવસ્થા માત્ર સરકારી ક્ષેત્રને જ વધુ મહત્ત્વ આપતી હતી. પરંતુ તેનો આ દૃષ્ટિકોણ હવે બદલાઈ ગયો છે.આધુનિક સમયમાં નાણાં વ્યવસ્થા માત્ર માત્ર સરકારી ક્ષેત્રને જ નહીં પરંતુ ખાનગી ક્ષેત્રને પણ મહત્ત્વ આપવા લાગ્યું છે. કારણ કે યોગ્ય અને ઝડપી આર્થિક વિકાસ માટે ખાનગી ક્ષેત્રનો વિકાસ થાય તે ખૂબ જ જરૂરી છે.

## 10.2 નાણાં વ્યવસ્થાનો અર્થ

સામાન્ય શબ્દો મુજબ એવું કહી શકાય કે વ્યક્તિ, ધંધા કે સરકારને નાણાકીય સાધનો પૂરા પાડવા એટલે નાણાં વ્યવસ્થા.

- નાણાં વ્યવસ્થામાં નાણાકીય સંસ્થાઓ, નાણાકીય બજારો, નાણાકીય સાધનો, નાણાકીય સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

- નાણાં વ્યવસ્થાનું મુખ્ય કાર્ય નાણાંને ગતિશીલ રાખવાનું એટલે કે બચતોને રોકાણમાં ફેરવવાનું છે. ઔદ્યોગિક એકમોને મૂડી પૂરી પાડી આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ આપવાનો છે.
- શ્રી રોબિન્સનના મત મુજબ,

  "નાણાકીય વ્યવસ્થાનું પ્રાથમિક કાર્ય નવી સંપત્તિના સર્જન માટે તથા વર્તમાન સંપત્તિના પોર્ટફોલિયોમાં ફેરફાર કરવા માટે બચતો અને રોકાણો વચ્ચે કડી પૂરી પાડવાનું છે."
- શ્રી વાન હોર્નના મત મુજબ,

  "નાણાકીય વ્યવસ્થાનો હેતુ અર્થતંત્રમાં બચતોની અસરકારક ફાળવણી કરીને અંતિમ ઉપભોક્તાઓને ક્યાં તો રોકાણ કરવા માટે અથવા સ્થાવર મિલકત માટે અથવા ઉપભોગ કરવા માટેનો છે."
- શ્રી અમિત ચૌધરીના જણાવ્યા મુજબ,

  "નાણાકીય વ્યવસ્થા એ નાણાંકીય સંસ્થાઓ, નાણાકીય બજારો, નાણાકીય સુરક્ષા અને નાણાકીય સેવાઓનું એકીકૃત સ્વરૂપ છે જેનો હેતુ આર્થિક વિકાસ માટે અર્થતંત્રમાં ભંડોળનું પ્રસારણ કરવાનું છે.

## 10.3 નાણાંબજાર :

- **પ્રસ્તાવના :**

નાણાંબજાર એ ભારતીય નાણાં વ્યવસ્થાનો ખૂબ જ મહત્ત્વનો વિભાગ છે. કેટલાક રોકાણકારોના મત મુજબ શેર બજારમાં રોકાણ કરવામાં જોખમ રહેલું છે. અને જે રોકાણકારો જોખમ ન લેવા માંગતા હોય તેમના માટે નાણાં બજાર શ્રેષ્ઠ વિકલ્પ છે. અહીં એવી મિલકતોનો વેપાર થાય છે જે ટૂંકાગાળાની હોય છે તથા એક વર્ષની અંદર પાકતી હોય છે. આ બજાર મહદઅંશે ટૂંકાગાળા માટે રોકાણ કરનાર અને ટૂંકાગાળા માટે નાણાં ઉછીના લેનાર લોકોને ઉપયોગી બની રહે છે. અર્થતંત્રમાં તરલતા જાળવી રાખવા માટેનું RBIનું એક અગત્યનું નાણાકીય સાધન છે. કંપનીઓ તથા અન્ય સંસ્થાઓ કાર્યશીલ મૂડીની જરિયાતને પહોંચી વળવા આનો ઉપયોગ કરે છે. આ બજારમાં કામ કરનારા પક્ષકારો બેંકો, સરકાર, નાણાકીય સંસ્થાઓ, મ્યુચ્યુલ ફંડો, F.I.I. (Foreign Institutional Investors) વગેરે છે.

- **નાણાંબજારનો અર્થ :** સરળ શબ્દોમાં કહીએ તો નાણાં બજાર ટૂંકા ગાળા માટે નાણાં ઉછીના લેવાનું અને નાણાં ધિરાણ કરવાનું વૈશ્વિક બજાર છે.
- નાણાં બજાર એ ટૂંકા ગાળાના દેવાના સાધનોનું જથ્થાબંધ બજાર છે અને તે તરલતાનું સમાનાર્થી છે.
- નાણાં બજાર એ નાણાકીય બજારનો એક ભાગ છે કે જ્યાં નાણાકીય સાધનોની તરલતા ઊંચી હોય છે અને પરિપક્વતાનો ગાળો ટૂંકો હોય છે. આથી નાણાં બજારના રોકાણોને રોકડ રોકાણો પણ કહેવામાં આવે છે.
- R.B.I. (Reserve Bank of India)ના મત મુજબ, "બજાર કે જેમાં ટૂંકાગાળાની નાણાકીય મિલકતો કે જે નાણાંનો નજીકનો વિકલ્પ હોય, પ્રાથમિક અને ગૌણ બજારને મદદરૂપ હોય તેવું બજાર અને નાણાં બજાર છે."
- નાણાં બજારમાં કામ કરનારાઓ સામાન્ય રીતે રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, ડિસ્કાઉન્ટ એન્ડ ફાયનાન્સ હાઉસ ઑફ ઇન્ડિયા નાણાં સ્વીકારનાર ગૃહો, બેંકો, નાણાકીયમધ્યસ્થીઓ, દલાલો, ટ્રસ્ટો, પેઢીઓ, વ્યક્તિઓ વગેરે હોય છે.

## 10.4 નાણાં બજારના લક્ષણો :

નાણાં બજારની લાક્ષણિકતાઓને સરળ ભાષામાં અને સંક્ષિપ્તમાં નીચે મુજબ દર્શાવી શકાય છે.

1) નાણાં બજારના સાધનોનો પરિપક્વતાનો ગાળો ટૂંકો હોય છે એટલે કે એક વર્ષથી ઓછો પરિપક્વતાનો ગાળો હોય છે.

2) તેટૂંકા ગાળાની જરૂરિયાત સંતોષે છે એટલે કે ટૂંકા ગાળા માટે ઉછીના લેનાર અને ધિરાણ કરનારાઓ માટેનું બજાર છે.

3) નાણાં બજાર અન્ય સાધનોની સરખામણીમાં વધુ સલામત હોય છે કારણ કે તેમાં જોખમનું પ્રમાણ ઓછું હોય છે.

4) નાણાં બજારમાં દલાલોવિના પણ વેપાર કરી શકાય છે. એટલે કે દલાલોની જરૂર રહેતી નથી.

5) રિઝર્વબેંક ઑફ ઇન્ડિયા દ્વારા નિયમન : નાણાં બજાર તેમજ તેની સમગ્ર કામગીરી પર રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા અંકુશ રાખે છે, નિયમન કરે છે. રિઝર્વ બેંક માટે અર્થતંત્રમાં ફુગાવો અંકુશિત કરવા તથા મંદીને દૂર કરવા માટે નાણાં બજાર ખૂબ જ ઉપયોગી છે.

6) નાણાં બજારના સાધનો : નાણાં બજારમાં રોકાણ કરવા માટે રોકાણકારો માટે અનેક વિકલ્પો છે. એટલે કે નાણાં બજારના અનેક સાધનો છે. જેવા કે, તિજોરી બીલો, વાણિજ્યિક પેપર, થાપણોનું પ્રમાણપત્ર, કોલ મની કે ટૂંકી નોટીસ પર મળે તેવા નાણાં વગેરે વગેરે.

7) ઓછું ખર્ચાળ : નાણાં બજારમાં નાણાં ઉછીના લેનાર તથા ધિરાણ કરનાર બંને માટે સોદાની પડતર અન્ય નાણાકીય સાધનોની સરખામણીમાં ઓછી હોય છે. તેમાં દલાલોની આવશ્યકતા રહેતી નથી જેથી ઓછી ખર્ચાળ રહે છે.

8) નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો નિર્ણાયક :નાણાં બજારમાં નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો નિર્ણાયક હોય છે અને તેને આધારે બજારનું સ્વરૂપ નક્કી થાય છે.

9) તરલતાનું ઊંચુ પ્રમાણ : નાણાં બજારના જે સાધનો છે તેમાં તરલતાનું પ્રમાણ ઊંચુ હોય છે. એટલે કે તેના સોદા ઝડપથી અને સહેલાઈથી થઈ શકતા હોય છે. તેમજ તેનું સરળતાથી અને ઝડપથી નાણાંમાં રૂપાંતર કરી શકાતું હોય છે.

## 10.5 નાણાં બજારના કાર્યો :

ઉદ્યોગ સાહસિકના સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવવા માટે નાણાં બજાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નાણાં બજાર દેશના આર્થિક વિકાસ માટે અનેક મહત્ત્વના કાર્યો કરે છે. જેને ટૂંકમાં નીચે મુજબ દર્શાવી શકાય છે :

**1) ભંડોળને ગતિશીલ રાખવાનું કાર્ય કરે છે :**

જેમ શરીર માટે રક્ત જરૂરી છે તેમ જ ધંધા માટે નાણાં જરૂરી છે. અર્થતંત્રમાં બચત કરનાર વર્ગ અને રોકાણ કરનાર પક્ષ જુદા જુદા છે. નાણાં બજાર બચત કરનાર વર્ગ પાસેથી નાણાં લઈ તેમને ઉદ્યોગ સાહસિકો સુધી પહોંચાડે છે એટલે કે અર્થતંત્રમાં ભંડોળને ગતિશીલ રાખે છે.

**2) આર્થિક વિકાસ કરવામાં મદદરૂપ થાય છે :**

આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસ એ પૂર્વશરત છે. ઉદ્યોગોના વિકાસ માટે

લાંબા અને ટૂંકા ગાળાની મૂડીની જરૂર હોય છે. ધંધાને સતત ચાલુ રાખવા માટે જે કાર્યશીલ મૂડીની જરૂર હોય છે તે મૂડી નાણાં બજાર પૂરી પાડે છે. જેને કારણે નવી રોજગારીનું સર્જન થાય છે, નવા સંશોધન થાય છે, લોકોના જીવન-ધોરણમાં સુધારો થાય છે. આમ નાણાં બજાર અર્થતંત્રને વિકસાવવામાં મદદરૂપ બને છે.

**3) નાણાં ઉછીના લેનાર અને ધીરનાર બંને માટે ફાયદાકારક છે :**

નાણાં બજારના નાણાકીય સાધનો નાણાં ઉછીના લેનાર અને ધીરનાર એમ બંને માટે ફાયદાકારક છે. આ બજારમાં સોદા માટે દલાલીનો ખર્ચ નથી થતો જેથી ઓછા ખર્ચે રોકાણ થાય છે તેમજ આ સાધનો પ્રમાણમાં વધુ સલામત પણ હોય છે. બીજી બાજુ નાણાં ઉછીના લેનાર માટે નાણાં બજારના સાધનો અન્ય સાધનોની સરખામણીમાં ઓછા ખર્ચાળ હોય છે. તદઉપરાંત આ સાધનો સરળતાથી પ્રાપ્ત પણ થઈ જતા હોય છે.

**4) સરકારને ટૂંકા ગાળાની નાણાકીય જરૂરિયાત સંતોષવામાં મદદરૂપ થાય છે :**

કોઈ પણ રાષ્ટ્રના વિકાસ માટે સરકારને નાણાંની જરૂરિયાત રહે છે. સરકારની રોજબરોજની કામગીરી માટે જે ટૂંકા ગાળા માટે નાણાકીય જરૂરિયાત ઉદ્‌ભવે છે તે નાણાં બજાર દ્વારા પૂરી કરવામાં આવે છે. દા.ત. ટ્રેઝરી બિલ્સ અને અન્ય જુદા જુદા ઈન્સ્ટ્રુમેન્ટ સરકાર બહાર પાડે છે અને લોકો પાસેથી ટૂંકા ગાળા માટે ધિરાણ મેળવે છે. જેનું સંચાલન સરકાર વતી રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવે છે.

**5) રિઝર્વબેંક માટે અર્થતંત્રમાં તરલતા જાળવવા માટેનું એક અગત્યનું સાધન :**

કોઈ પણ દેશના ઝડપી અને તંદુરસ્ત આર્થિક વિકાસ માટે તે દેશના અર્થતંત્રમાં રોકડ તરલતાનું યોગ્ય પ્રમાણ જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે. અર્થતંત્રમાં વધુ પડતી રોકડ ફુગાવો એટલે કે ભાવ વધારો અને મોંઘવારીને જન્મ આપે છે જ્યારે અર્થતંત્રમાં રોકડ તરલતાનું ઓછું પ્રમાણ મંદીની સ્થિતિ ઊભી કરે છે. અર્થતંત્રમાં મંદી હોય તો રિઝર્વ બેંકનાણાકીય સાધનોની ખરીદી કરીને રોકડ તરલતામાં વધારો કરે છે અને જો ફુગાવાની સ્થિતિ હોય તો નાણાકીય સાધનો બહાર પાડી અર્થતંત્રમાં રોકડ તરલતાનું પ્રમાણ ઘટાડે છે. આમ નાણાં બજારના સાધનો રિઝર્વ બેંક માટે અર્થતંત્રમાં રોકડ તરલતા જાળવવા માટેના ખૂબ જ મહત્ત્વના સાધનો છે.

**6) ઔદ્યોગિક એકમોને મદદરૂપ થાય છે :**

જુદા જુદા ઉદ્યોગોને જુદા જુદા ઉદ્દેશો માટે નાણાંની જરૂર પડે છે. દા.ત. નવા ઉદ્યોગની સ્થાપના, વિસ્તરણ માટે અન્ય કંપની સાથે સંયોજન કે જોડાણ માટે કાર્યશીલ મૂડી માટે, સંશોધન વિકાસ માટે, આધુનિકીકરણ માટે વગેરે. મૂડી બજારમાંથી નાણાં એકત્ર કરવાનું કાર્ય ખર્ચાળ પણ છે અને તેમાં લાંબી પ્રક્રિયા અનુસરવાની હોવાથી વિલંબ પણ થાય છે. જ્યારે નાણાં બજારમાંથી નાણાંની પ્રાપ્તિ સરળતાથી તેમજ ઓછા ખર્ચે કરી શકાય છે.

## 10.6 મૂડીબજાર :

- **પ્રસ્તાવના :**

ધંધાકીય એકમમાં નાણાંની જરૂરિયાત ટૂંકા ગાળા માટે તેમજ લાંબા ગાળા માટે પણ હોય છે. સામાન્ય રીતે ધંધાકીય એકમ તેની ટૂંકા ગાળાની નાણાકીય જરૂરિયાત પૂરી કરવા માટે

નાણાં બજારના નાણાકીય જરૂરિયાત સંતોષવા માટે મૂડી બજારના નાણાકીય સાધનો અને કામગીરીઓની મદદ લે છે. કોઈ પણ દેશના અર્થતંત્રની નાણાકીય વ્યવસ્થામાં મૂડી બજાર ખૂબ જ મહત્ત્વનું હોય છે. તે દેશના આર્થિક વિકાસમાં ખૂબ જ મદદરૂપ થતું હોય છે.

- **મૂડીબજારનો અર્થ :**

સરળ શબ્દોમાં કહીએ તો, ''મૂડીબજાર મધ્યમ અને લાંબા સમયગાળાના ભંડોળ ઉછીના લેવા અને ધીરવા માટેની તમામ સગવડો અને સંસ્થાકીય વ્યવસ્થા દર્શાવે છે.''

- મૂડીબજાર દ્વારા જામીનગીરીઓનું ખરીદ-વેચાણ કરી શકાય છે. તે ભંડોળની માંગ કરનારા અને ભંડોળ પૂરું પાડનારાઓનું બનેલું છે.
- નાણાંના બાહ્ય પ્રાપ્તિસ્થાનોમાં મૂડીબજાર એ શ્રેષ્ઠ પ્રાપ્તિસ્થાન છે.
- પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મૂડીનો દાવો કરતા નાણાકીય રોકાણો કરતું બજાર એ મૂડીબજાર છે.
- મૂડીબજાર એ જામીનગીરી બજાર કરતા ખૂબ જ વિસ્તૃત છે. તેમાં વટાવખત હોય કે ન હોય તેવા તમામ નાણાકીય સાધનોનો સમાવેશ થાય છે.

## 10.7 મૂડીબજારની લાક્ષણિકતાઓ :

મૂડીબજારના મહત્ત્વના લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય છે.

1) લાંબા અને મધ્યમ ગાળા માટે ધિરાણ : આ બજાર ધંધાકીય એકમને લાંબા અને મધ્યમ સમયગાળા માટે ધિરાણ કરે છે. આ બજારમાં બહાર પાડવામાં આવેલી જામીનગીરીઓનો સમયગાળો સામાન્ય રીતે લાંબો હોય છે. આથી એવા જ રોકાણકારો આ બજારમાં રોકાણ કરતા હોય છે કે જેમણે લાંબા ગાળા માટે રોકાણ કરવાની ઈચ્છા હોય. આ બજારના નાણાકીય સાધનો લાંબા ગાળાની પરિપક્વતાની મુદત ધરાવતા હોય છે.

2) મૂડીબજારના સાધનો : આ બજારમાં વિવિધ પ્રકારના નાણાકીય સાધનોનો સમાવેશ થાય છે. જેમ કે ઈક્વિટી શેર, પ્રેફરન્સ શેર, ડિબેન્ચર્સ, બોન્ડઝ, ડિપોઝિટરીઝસ વગેરે. સામાન્ય રીતે આ બધા સાધનો લાંબા સમયગાળા માટેના હોય છે. ધંધાકીય એકમ ઉપરોક્ત નાણાકીય સાધનો પૈકી કયું નાણાકીય સાધન પસંદ કરશે તેનો આધાર સંચાલકોના વલણ, ધંધાના જોખમ, અર્થતંત્રની સ્થિતિ, રોકાણકારોના સ્વભાવ, કરવેરા, સરકારી નીતિઓ વગેરે અનેક બાબતો ઉપર હોય છે.

3) મૂડીબજારના બે વિભાગો :મૂડીબજારને મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચી શકાય છે. 1) પ્રાથમિક મૂડીબજાર અને 2) ગૌણ મૂડી બજાર. પ્રાથમિક બજારમાં કંપનીઓ દ્વારા સૌપ્રથમ વખત જે નવી જામીનગીરીઓ બહાર પાડવામાં આવે છે તેનો વેપાર થાય છે જ્યારે ગૌણ બજારમાં અગાઉ બહાર પાડેલ હોય તેવી જૂની જામીનગીરીઓના ખરીદ-વેચાણના સોદા થાય છે. ગૌણ બજાર જુદા જુદા શેરબજારોની મદદથી કાર્ય કરે છે.

4) SEBI(સેબી) દ્વારા મૂડીબજારનું નિયમન થાય છે :ભારતમાં મૂડીબજાર પર તથા તેમાં કામ કરનાર મધ્યસ્થીઓ, દલાલો તમામ ઉપર સેબી અંકુશ ધરાવે છે. રોકાણકારોનું હિત જળવાય તેમના નાણાં સલામત રહે તે માટે સેબી મૂડીબજારમાં કામગીરી માટેના નીતિ-નિયમો તૈયાર કરે છે. આ બજારમાં કાર્ય કરનારાઓએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે અંગે ગાઈડલાઈન સેબી તૈયાર કરે છે. મૂડીબજારમાં થતા સોદાઓમાં

કંપનીધારાની જોગવાઈઓ, વિદેશી હૂંડિયામણના કાયદા તથા અન્ય જે કોઈ કાયદાઓ લાગુ પડતા હોય તેની તમામ જોગવાઈઓનું યોગ્ય રીતે પાલન થાય છે કે નહિ તે જોવાનું કાર્ય સેબીનું છે.

5) જામીનગીરીનું મૂલ્ય નીચું હોય છે : આ બજારમાં જે જામીનગીરીઓ હોય છે તેનું મૂલ્ય નીચું રાખવામાં આવે છે. જેથી નાના અને મધ્યમ રોકાણકારો પણ સરળતાથી આ બજારની જામીનગીરીમાં રોકાણ કરી શકે. આ બજારમાં રોકાણ કરનારાઓની સંખ્યામાં વધારો થાય, આ બજારનું કાર્યક્ષેત્ર વિસ્તૃત બને તે માટે આ બાબત ખૂબ જ ઉપયોગી થાય છે. દા.ત. કંપનીઓ દ્વારા શૅર કે ડિબેન્ચર જેવી જામીનગીરીઓની કિંમત 10? કે 100? જેવી નીચી રાખવામાં આવે છે.

6) મૂડીબજારના પક્ષકારો : મૂડીબજારમાં ભાગ લેનારા અનેક પક્ષકારો હોય છે જેવા કે વ્યક્તિઓ, સરકાર, નાણાકીય સંસ્થાઓ, રોકાણ કંપનીઓ વગેરે. આ બજારને અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે વધુમાં વધુ સંખ્યામાં પક્ષકારો આ બજારમાં રોકાણ કરે તે ખૂબ જ જરૂરી છે.

7) દલાલોની સેવા :આ બજારના વિકાસ માટે તેમજ તેની બધી જ કામગીરી યોગ્ય રીતે થાય તે માટે દલાલો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ દલાલોના કાર્યો ઉપર સેબી અંકુશ રાખતી હોય છે. દલાલોએ પણ સેબીની ગાઈડલાઈન મુજબ જ કાર્ય કરવાનું હોય છે. જામીનગીરીના સોદાઓ સરળતાથી અને ઝડપથી પૂરા થાય તે માટે દલાલો સેવા પૂરી પાડે છે જે બદલ તેઓ રોકાણકારો પાસેથી દલાલી મેળવે છે જે તેમના માટે આવકનું સાધન બને છે. દલાલ તરીકે કાર્ય કરવા માટે દલાલોએ પોતાની નોંધણી કરાવવી જરૂરી છે.

## 10.8 ગૌણ મૂડીબજારના કાર્યો :

ગૌણ મૂડી બજાર રોકાણકારોને તરલતા પૂરી પાડે છે અને આ બજારને વધુ આકર્ષક બનાવવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. આ બજારમાં રોકાણકારો દ્વારા જામીનગીરીનું વેચાણ તથા પુનઃ ખરીદીનું કાર્ય કરવામાં આવે છે એટલે કે રોકડમાં રૂપાંતર કરવામાં આવે છે.

1) બચતોનાં મૂડીરોકાણનું કાર્ય : આ બજાર અસંખ્ય નાના નાના બચત કરનારાઓની બચતોને ઉત્પાદન માટે મૂડી તરીકે પૂરું પાડવાનું કાર્ય કરે છે. જેને કારણે ઔદ્યોગિક અને આર્થિક વિકાસ ઝડપી બને છે. મૂડીબજારનું આ એક ખૂબ જ અગત્યનું કાર્ય છે.

2) તરલતાનું કાર્ય :મૂડીબજાર માન્ય કિંમતે જામીનગીરીનું વેચાણ અને ખરીદી કરનારને બજાર પૂરું પાડે છે. તેને કારણે જામીનગીરીનું સરળતાથી અને ઝડપથી રોકડમાં રૂપાંતર કરી શકાય છે. તરલતાને કારણે જ રોકાણકારો રોકાણ કરવા માટે આકર્ષાતા હોય છે.

3) મૂડીબજાર અને નાણાંબજારને પ્રોત્સાહન આપવાનું કાર્ય :ગૌણ બજાર દ્વારા મૂડીબજાર તથા નાણાંબજાર દ્વારા પાડવામાં આવેલ જામીનગીરીઓને પ્લેટફોર્મ એટલે કે બજાર મળે છે જેને કારણે તરલતાનું પ્રમાણ વધે છે. જેને લીધે મૂડીબજાર અને નાણાંબજાર બંનેને પ્રોત્સાહન મળે છે.

4) મધ્યસ્થીઓ માટે રોજગારી પૂરી પાડવી : ગૌણ બજારમાં સોદાઓ કરવા માટે અનેક મધ્યસ્થીઓ જેવા કે એજન્ટસ, દલાલ, પેટાદલાલ, અધિકૃત ક્લાર્ક છે. આ લોકો પોતાની સેવાના બદલામાં રોકાણકારો પાસેથી ચાર્જ વસૂલ કરે છે જે તેમના માટે આવકનું સાધન બને છે.

5) રોકાણકારોને નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે : આ બજાર દ્વારા જામીનગીરીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. એટલે કે જામીનગીરીની માંગ અને પુરવઠા, અર્થતંત્રની સ્થિતિ, સરકારની નીતિ, નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ, કરવેરા નીતિ, વેપાર ચક્ર, કંપની દ્વારા જાહેર કરાયેલ ડિવિડન્ડ, કંપનીની નફાકારકતા, સદ્ધરતા જેવા પરિબળોને આધારે દરેક જામીનગીરીનું યોગ્ય મૂલ્ય નક્કી કરવામાં આવે છે. આ મૂલ્યાંકનને આધારે રોકાણકારો કઈ જામીનગીરીમાં રોકાણ કરવું તે અંગેનો અગત્યનો નિર્ણય લેતા હોય છે.

6) કંપનીઓનું જુદા જુદા જૂથમાં વિભાજન કરે છે :ગૌણ બજારમાં જુદી જુદી કંપનીઓને તેમની નફાકારકતા, સદ્ધરતા, મિલકતો, મૂડીભંડોળ વગેરે બાબતોને આધારે જુદા જુદા જૂથમાં વિભાજન કરવામાં આવે છે. દા.ત. જૂથ-A, જૂથ-B.આ પ્રકારનું વિભાજન રોકાણકારોને રોકાણ અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે.

## 10.9 મૂડીબજાર અને નાણાંબજાર વચ્ચેનો તફાવત :

| નાણાંબજાર | તફાવતના મુદ્દા | મૂડીબજાર |
|---|---|---|
| ૧) તે ટૂંકાગાળાના ધિરાણ સાથે સંકળાયેલ છે. | ૧) સમયગાળો | ૧) તે મધ્યમ અને લાંબાગાળાના ધિરાણ સાથે સંકળાયેલ છે. |
| ૨) આ બજાર પર રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાનું નિયંત્રણ હોય છે. | ૨) નિયંત્રણ | ૨) આ બજાર પર SEBI (સેબી)નું નિયંત્રણ હોય છે. |
| ૩) નાણાંબજારમાં વળતરનો દર નિશ્ચિત હોય છે. | ૩) વળતરનો દર | ૩) મૂડીબજારમાં વળતરનો દર અનિશ્ચિત હોય છે. |
| ૪) આ બજારમાં જોખમનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે. | ૪) જોખમ | ૪) આ બજારમાં જોખમનું પ્રમાણ વધુ હોય છે. |
| ૫) નાણાંબજારમાં તેજીના સમયમાં રોકાણકારોને મૂડી નફો મળતો નથી. | ૫) મૂડી નફો | ૫) આ બજારમાં તેજીના સમયમાં રોકાણકારોને મૂડી નફો મળતો હોય છે. |
| ૬) નાણાંબજારનો હેતુ ટૂંકાગાળા માટેની કાર્યશીલ મૂડી પ્રાપ્ત કરવાનો છે. | ૬) હેતુ | ૬) આ બજારનો ઉદ્દેશ/હેતુ ધંધાની સ્થાપના,નવીનીકરણ, વિસ્તરણ, આધુનિકીકરણ કરવા અંગેનો છે. |
| ૭) નાણાંબજારના પક્ષકારોમાં – નાણાકીય સંસ્થાઓ, વાણિજ્યિક બેંકો વગેરેનો સમાવેશ થાય છે. | ૭) પક્ષકારો | ૭) મૂડી બજારમાં નાણાકીય સંસ્થાઓ, રોકાણકારો, વિદેશી રોકાણકારો, બેંકો, કોર્પોરેટ એકમનો સમાવેશ થાય છે. |
| ૮) આ બજારના સાધનો છે, ટ્રેઝરી બિલ્સ, કોમર્શિયલ પેપર, કોલમની, પ્રમાણપત્રો, પબ્લિક થાપણ વગેરે. | ૮) સાધનો | ૮) આ બજારના સાધનો છે ઈ.શેર, પ્રે.શેર, ડિબેન્ચર, બોન્ડ વગેરે. |

## 10.10 પ્રાથમિક મૂડીબજાર અને ગૌણ મૂડીબજાર વચ્ચેનો તફાવત :

| પ્રાથમિક મૂડીબજાર | તફાવતના મુદ્દા | ગૌણ મૂડીબજાર |
|---|---|---|
| ૧) જે બજારમાં કંપની જાહેર ભરણા દ્વારા શેર કે ડિબેન્ચર બહાર પાડી લાંબાગાળાની મૂડી પ્રાપ્ત કરે છે તેને પ્રાથમિક મૂડીબજાર કહે છે. | ૧) અર્થ | ૧) જે બજારમાં રોકાણકારો શેર કે ડિબેન્ચર્સનું વેચાણ તથા તેની પુનઃખરીદી કરે છે તે બજારને ગૌણ મૂડીબજાર કહે છે. |
| ૨) આ બજારમાં કંપની કેન્દ્રસ્થાને હોય છે. | ૨) કેન્દ્રસ્થાને | ૨) આ બજારમાં શેરબજાર કેન્દ્રસ્થાને હોય છે. |
| ૩) આ બજારમાં શેર-ડિબેન્ચર્સનું વેચાણ થઈ શકતું નથી. આથી રોકડ તરલતા હોતી નથી. | ૩) તરલતા | ૩) આ બજારમાં જામીનગીરીઓનું વેચાણ અને પુનઃખરીદી શક્ય હોવાથી રોકડ તરલતા હોય છે. |
| ૪) આ બજારમાં રોકાણ કરનારનો હેતુ વાસ્તવિક રોકાણ કરવાનો હોય છે. | ૪) રોકાણકારોનો હેતુ | ૪) આ બજારમાં રોકાણ કરનારનો હેતુ જામીનગીરીના ખરીદ-વેચાણ દ્વારા નફો કમાવવાનો હોય છે. |
| ૫) આ બજારમાં જામીનગીરીની ખરીદી માટે દલાલોની જરૂર નથી. | ૫) દલાલોની જરૂર | ૫) આ બજારમાં જામીનગીરીના ખરીદ અને વેચાણ માટે દલાલોની જરૂર હોય છે. |
| ૬) આ બજારમાં જામીનગીરીની માત્ર ખરીદી જ થઈ શકે છે. વેચાણ થઈ શકતું નથી. | ૬) ખરીદ અને વેચાણ | ૬) આ બજારમાં જામીનગીરીની ખરીદી અને વેચાણ બંને થઈ શકે છે. |
| ૭) આબજારમાં શેર ખરીદવા રોકાણકારે શેર અરજી કરવી પડે છે. | ૭) શેર અરજી | ૭) આ બજારમાં શેર ખરીદવા રોકાણકારે શેર અરજી કરવી પડતી નથી. |
| ૮) આ બજારમાં જામીનગીરી અંગે વાયદાના સોદા થઈ શકતા નથી. | ૮) વાયદાના સોદા | ૮) આ બજારમાં જામીનગીરી અંગે વાયદાના સોદા થઈ શકે છે. |
| ૯) આ બજારમાં કંપનીએ નક્કી કરેલ નીતિ મુજબ શેર મંજૂર થાય છે. | ૯) મંજૂર થયેલ શેર | ૯) આ બજારમાં રોકાણકાર પોતાની ઈચ્છા મુજબ ગમે તેટલા શેર પ્રાપ્ત કરી શકે છે. |

## 10.11 રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાની નાણાકીયનીતિ :

- **પ્રસ્તાવના :**

ભારતમાં રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા દ્વારા જે નાણાકીય નીતિ અપનાવવામાં આવી છે તે ભાવોમાં સ્થિરતા, વિનિમય દરમાં સ્થિરતા, પૂર્ણ રોજગારી તથા ઝડપી અને યોગ્ય આર્થિક વિકાસ જેવા અનેક ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટેના નાણાંના પુરવઠાનાં નિયમન અને નિયંત્રણ સાથે સંબંધિત છે. બીજા શબ્દોમાં કહીએ તો નાણાકીય નીતિ એ RBIનું એક એવું સાધન છે જેનો ઉપયોગ RBI નાણાંના મૂલ્યમાં સ્થિરતા જાળવવા માટે તથા નાણાંની માંગ અને પુરવઠાને નિયંત્રિત કરવા માટે કરે છે.

પ્રો. હેરીના મત મુજબ,

**"નાણાકીયનીતિમાં એ તમામ નાણાકીય નિર્ણયો અને પગલાઓનો સમાવેશ થાય છે કે જેનો ઉદ્દેશ નાણાકીય વ્યવસ્થાને અસર કરે છે."**

ઉપરોક્ત ચર્ચાને આધારે એ સ્પષ્ટ થાય છે કે એક સારી નાણાકીય નીતિ એ છે કે જે ભાવોમાં સ્થિરતા જાળવે, વિનિમય દરોમાં સ્થિરતા લાવે, રોજગારીનું સર્જન કરે, આર્થિક વિકાસ અને સ્થિરતા જાળવે.

- **રિઝર્વબેંકની નાણાકીય નીતિના ઉદ્દેશો :**

રિઝર્વબેંકની નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ દર્શાવી શકાય છે.

1) **ભાવ સ્થિરતા :** શાસ્ત્રીય અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ ભાવોમાં (કિંમતોમાં) સ્થિરતા જાળવવાનો છે. ભાવોમાં થતી અસામાન્ય વધઘટ એટલે કે અસામાન્ય ફેરફારને કારણે અર્થતંત્રમાં ફુગાવા કે મંદી જેવી આર્થિક સમસ્યાઓ ઉદ્ભવે છે. જે દેશના આર્થિક વિકાસ માટે અવરોધક બને છે. આથી નાણાકીયનીતિનો મુખ્ય ઉદ્દેશ ભાવોમાં સ્થિરતા જાળવવાનો તથા નાણાંના મૂલ્યમાં પણ સ્થિરતા જાળવવાનો છે.

2) **વિનિમય દરોમાં સ્થિરતા :**નાણાકીય નીતિનો બીજો એક મહત્ત્વનો ઉદ્દેશ વિનિમય દરોમાં સ્થિરતા જાળવવાનો છે. જ્યારે વિનિમય દરોમાં સ્થિરતા જળવાતી નથી ત્યારે દેશની સરકાર માટે દેશને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનું કાર્ય મુશ્કેલ બને છે. વિનિમય દરોમાં અસ્થિરતા વિદેશ વેપાર તેમજ વિદેશી હૂંડિયામણ બંને માટે પ્રતિકૂળ અસરો ઊભી કરે છે. આથી સ્થિરતા સાથે ઝડપી આર્થિક વિકાસ માટે વિનિમય દરોમાં સ્થિરતા જળવાય તે ખૂબ જ જરૂરી છે.

3) **પૂર્ણ રોજગાર પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ :**નાણાકીય નીતિનો એક ખૂબ અગત્યનો ઉદ્દેશ ફુગાવાના સર્જન વિના પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે. નાણાકીય નીતિની મદદથી બેન્કિંગ સિસ્ટમ દ્વારા બચત અને રોકાણના દરોમાં વધારો કરી શકાય છે તથા બચતોને મૂડીરોકાણમાં પરિવર્તિત કરી લાંબાગાળાના પ્રોજેક્ટ માટે રોકાણ કરી શકાય છે જેને કારણે ઔદ્યોગિક વિકાસ થતા મોટા પાયે રોજગારીનું સર્જન કરવાનું શક્ય બને છે.

4) **આર્થિક વિકાસનો ઊંચો દર :**નાણાકીય નીતિનો મુખ્ય ઉદ્દેશ ઊંચા દરે આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આર્થિક વિકાસનો સીધો સંબંધ રાષ્ટ્રીય આવકમાં થતા વિસ્તરણ અને દેશમાં ચીજવસ્તુ તથા સેવાના ઉત્પાદનમાં થતા વધારા સાથે છે. નાણાકીય નીતિએ ઝડપી અને ઊંચો આર્થિક વિકાસ દર હાંસલ કરવા પરિવર્તનશીલ વ્યાજ દરો તથા ઉદાર શાખ ધિરાણ નીતિ દ્વારા માળખાગત સુવિધાઓ વિકસાવવા તથા પાયારૂપ ઉદ્યોગો વિકસાવવા લાંબાગાળાનું ભંડોળ પૂરતા પ્રમાણમાં સરળતાથી અને અનુકૂળ શરતોએ મળી રહે તેની ખાતરી કરવી જોઈએ.

5) **નાણાંની માંગ અને પુરવઠા વચ્ચે સમતુલા જાળવવાનો હેતુ :**રિઝર્વ બેંકનાણાકીય નીતિ દ્વારા નાણાંની માંગ અને નાણાંના પુરવઠા વચ્ચે સમતુલા જાળવે છે. નાણાંની માંગ અને તેનાં પુરવઠા વચ્ચેની અસમતુલા અર્થતંત્રમાં ફુગાવા અને મંદી જેવી આર્થિક સમસ્યાઓનું સર્જન કરે છે. રિઝર્વ બેંક નાણાંની માંગ અને તેના પુરવઠાની અસમતુલા દૂર કરવા માટે મોંઘી નાણાંની નીતિ અને સસ્તી નાણાંની નીતિનો ઉપયોગ કરી અર્થતંત્રને સમતોલિત રાખે છે.

6) **આર્થિક સમાનતા જાળવવાનો ઉદ્દેશ :**નાણાકીય નીતિની મદદથી રિઝર્વ બેંક વ્યાજના દરોમાં ફેરફાર કરી આર્થિક અસમાનતા ઘટાડી આર્થિક સમાનતા અને આર્થિક ન્યાયની નીતિનો અમલ કરી શકે છે. જેમ કે સટ્ટાકીય હેતુથી વસ્તુઓનો સંગ્રહ કરી અઢળક નફો કમાનાર વેપારીઓ પાસેથી ઊંચો વ્યાજ દર લેવામાં આવે તથા ખેડૂતો અને નાના, લઘુ ઉદ્યોગોને નીચા વ્યાજે ધિરાણ કરી તેમને પ્રોત્સાહન આપવામાં આવે તો અર્થતંત્રમાં

આર્થિક અસમાનતામાં ઘટાડો લાવી શકાય છે. આમ આર્થિક અસમાનતા ઘટાડી આર્થિક સમાનતા જાળવવાનો નાણાકીય નીતિનો ઉદ્દેશ અતિ મહત્ત્વનો છે.

7) **અસરકારક વ્યાજનો દર :** નાણાકીય નીતિમાં વ્યાજનો દર એ ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે. આથી રિઝર્વ બેંકે વ્યાજનો યોગ્ય દર જાળવવો ખૂબ જ જરૂરી છે. લાંબાગાળા માટે તથા ટૂંકાગાળા માટેનો ધિરાણનો વ્યાજનો દર યોગ્ય અને અસરકારક હોવો જોઈએ. યોગ્ય અને અસરકારક વ્યાજ દર દ્વારા બચત અને રોકાણ બંનેમાં વૃદ્ધિ લાવી શકાય છે. જે આર્થિક તેમજ ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ સહાયરૂપ થાય છે.

## 10.12 નાણાકીય નીતિના સાધનો :

રિઝર્વબેંક દ્વારા શાખ નિયંત્રણ માટે અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ જુદી જુદી પદ્ધતિઓને નાણાકીય નીતિના સાધનો તરીકે ઓળખવામાં આવે છે.

રિઝર્વબેંક દ્વારા શાખ નિયંત્રણ માટે નીચે જણાવેલ સાધનો (પદ્ધતિઓ)નો ઉપયોગ કરવામાં આવે છે.

1) **બેંક દર (Bank Rate) :** બેંક દર એ નાણાકીય નીતિનું સૌથી પ્રાચીન સાધન છે. બેંક દર એ એવો દર છે જે દરે કેન્દ્રીયબેંકવાણિજ્યિક બેંકોને હૂંડીઓ પુનઃ વટાવી આપે છે. જો કે આધુનિક સમયમાં તેનો અર્થ ખૂબ જ વ્યાપક છે. આ એક એવો ન્યૂનતમ દર છે કે જે દરે કેન્દ્રીય બેંક વાણિજ્યિક બેંકોને તેમની નાણાકીય જરૂરિયાતો અદા કરવા નાણાં આપે છે.

બેંકો દ્વારા વ્યક્તિઓ કે ઉદ્યોગ સાહસિકોને અપાતું ધિરાણ વધારવું હોય તો RBI આ બેંક દરમાં ઘટાડો કરે છે અને જો વાણિજ્યિક બેંકો દ્વારા અપાતું ધિરાણ ઘટાડવું હોય તો કેન્દ્રીય બેંક(RBI) આ બેંક દરમાં વધારો કરે છે. આમ શાખ ધિરાણની નીતિ પર પ્રત્યક્ષ રીતે અસર કરતું આ ખૂબ જ મહત્ત્વનું સાધન છે.

ઑક્ટોબર1999માં બેંક દર 12% હતો. જ્યારે 2003-04ની નાણાકીય નીતિમાં તે 6.25% થી ઘટાડીને 6% કરવામાં આવ્યો હતો. ઑક્ટોબર 2013માં બેંક દર 8.75% હતો જે હાલમાં ઑક્ટોબર 2020માં 4.25% છે.

2) **C.R.R. [Cash Reserve Ratio] (કેશ રિઝર્વ રેશિયો) :** દરેક દેશની વાણિજ્યિક બેંકોએ પોતાની થાપણોના અમુક ટકા થાપણો સેન્ટ્રલ બેંકોમાં જાળવવાની હોય છે. કેન્દ્રીય બેંક પાસે આ ટકાવારીમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા હોય છે. C.R.R.માં ફેરફાર દ્વારા કેન્દ્રીય બેંક વાણિજ્યિક બેંકોની શાખ ધિરાણની નીતિ પર નિયંત્રણ રાખી શકે છે.

C.R.R.માં વધારો કરવાથી વાણિજ્યિક બેંકોની ધિરાણ આપવાની ક્ષમતા ઘટે છે. એટલે કે શાખ આપવાની શક્તિ ઘટે છે એ જ રીતે C.R.R.માં ઘટાડો કરવાથી વાણિજ્યિક બેંકોની શાખ આપવાની શક્તિમાં વધારો થાય છે અને વાણિજ્યિક બેંકો વધુ ધિરાણ આપે છે. આમ C.R.R. અને વાણિજ્યિક બેંકોની ધિરાણ આપવાની ક્ષમતા વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

1993માં સીઆરઆર 14% જેટલો ઊંચો હતો જે ફેબ્રુઆરી 2013માં 4% જેટલો હતો અને ઑક્ટોબર 2020માં C.R.R. 4% છે.

3) **S.L.R. [Statutary Liqvidity Ratio]** (વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર) :વાણિજ્યિક બેંકોએ તેમની કુલ મિલકતો તથા રોકાણકારોની થાપણોનો અમુક ભાગ સરકારી

જામીનગીરીઓના સ્વરૂપમાં કેન્દ્રીય બેંકમાં તરલતા જાળવવાના હેતુથી રાખવાનો હોય છે. R.B.I. તેની વહીવટી સત્તાઓનો ઉપયોગ કરી આ ગુણોત્તરના પ્રમાણમાં ફેરફાર કરી શકે છે. કેન્દ્રીય બેંક(RBI) આ S.L.R.માં પરિવર્તન કરીને અર્થતંત્રમાં ફુગાવા અને મંદી જેવા આર્થિક પરિબળો પર નિયમન કરી શકે છે. જેમ કે બજારમાં નાણાંનો પુરવઠો વધુ હોય એટલે કે ફુગાવાની સ્થિતિ હોય તો કેન્દ્રીય બેંક આ ગુણોત્તરમાં વધારો કરી ફુગાવાને નિયંત્રિત કરે છે. એ જ રીતે અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો ઓછો હોય એટલે કે મંદીનું વાતાવરણ હોય તો R.B.I.આ ગુણોત્તરમાં ઘટાડો કરે છે જેને લીધે મંદી દૂર કરી શકાય છે.

આમR.B.I.આ S.L.R.માં વધઘટ કરીને વાણિજ્યિક બેંકોની શાખ ધિરાણની નીતિને નિયંત્રિત કરે છે. સામાન્ય રીતેSLR10%થી 39%ની વચ્ચે રહે છે. ઓગસ્ટ 2013 થી એસએલઆર ઘટાડીને 23% કરવામાં આવ્યો છે.

4) **ખુલ્લા બજારની કામગીરી (Open Market Operation):** ખુલ્લા બજારની કામગીરીમાં કેન્દ્રીય બેંક દ્વારા જુદા જુદા પ્રકારની મિલકતો, વિદેશી હૂંડિયામણ, સોનું, સરકારી જામીનગીરીઓ અને કંપનીના શેરોના ખરીદ અને વેચાણનો સમાવેશ થાય છે, જો કે ભારતમાં આ કામગીરી માત્ર સરકારી જામીનગીરીઓના ખરીદ અને વેચાણ પૂરતી જ મર્યાદિત રાખેલ છે.

ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓના ખરીદ અને વેચાણ દ્વારા કેન્દ્રીય બેંક અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધારી તથા ઘટાડી પણ શકે છે.

જ્યારે અર્થતંત્રમાં મંદી હોય એટલે કે નાણાંનો પુરવઠો ઓછો હોય ત્યારે કેન્દ્રીય બેંક વાણિજ્યિક બેંકો અને જાહેર જનતા પાસેથી સરકારી જામીનગીરીઓની ખરીદી કરે છે જેથી બજારમાં નાણાંનો પુરવઠો વધે છે અને મંદી દૂર કરી શકાય છે. આથી ઊલટું જો બજારમાં ફુગાવો હોય એટલે કે નાણાંનો પુરવઠો વધુ હોય તો કેન્દ્રીય બેંક વાણિજ્યિક બેંકો અને જાહેર જનતાને સરકારી જામીનગીરીઓનું વેચાણ કરે છે જેને લીધે નાણાંનો પુરવઠો ઘટે છે અને ફુગાવાને નિયંત્રિત કરી શકાય છે.

5) **પસંદગીયુક્ત ધિરાણ નિયંત્રણ :** આ સાધન દ્વારા ચોક્કસ હેતુ અથવા આર્થિક પ્રવૃત્તિઓ માટે અપાતા ધિરાણને નિયંત્રિત કરવામાં આવે છે. આ સાધનનો ઉદ્દેશ એવા પ્રકારની પ્રવૃત્તિઓને નિરુત્સાહી બનાવવાનો છે કે જે અર્થતંત્ર માટે અનાવશ્યક અને હાનિકારક છે જેવી કે અનાજ તથા આવશ્યક કાચા માલનો સંગ્રહ કરી તેની કૃત્રિમ અછત ઊભી કરી તેમની કિંમતોમાં અસામાન્ય અને અયોગ્ય વધારો લાવવાની પ્રક્રિયા.

સામાન્ય રીતે પસંદગીના ધિરાણ નિયંત્રણ માટે નીચે જણાવેલ તકનીકોનો ઉપયોગ થાય છે.

A)ચોક્કસ સિક્યોરીટીઝ સામે ધિરાણ આપવા માટે ન્યૂનતમ માર્જિન

B) ચોક્કસ હેતુઓ માટે ક્રેડિટની માત્રા પર છત

C) અમુક પ્રકારના ધિરાણ પર વ્યાજના દરોમાં તફાવત

## 10.13 નાણાકીય નીતિનું મૂલ્યાંકન :

રિઝર્વબેંક દ્વારા અપનાવવામાં આવેલ નાણાકીય નીતિનું મૂલ્યાંકન કરવા માટે રિઝર્વ બેંકે આ નીતિ દ્વારા ઉદ્દેશો કેટલા પ્રમાણમાં સિદ્ધ કર્યા છે તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

સામાન્ય રીતે રિઝર્વ બેંકની નાણાકીય નીતિના મુખ્ય બે ઉદ્દેશો છે. 1) નાણાકીય પુરવઠાને આધારે આર્થિક વિકાસમાં મદદરૂપ થવું અને 2) શાખ વિસ્તરણને નિયંત્રિત કરવું.

જ્યાં સુધી પ્રથમ ઉદ્દેશનો પ્રશ્ન છે ત્યાં સુધી રિઝર્વ બેંકે કેટલીક નોંધપાત્ર સફળતા મેળવી છે તેમ કહી શકાય. કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે નાણાંનો પૂરતો પુરવઠો મળી રહે તે માટે અનેક સંસ્થાઓનું નિર્માણ કરેલ છે પરંતુ રિઝર્વ બેંક ફુગાવાને નિયંત્રિત કરવામાં સફળ રહી નથી. રિઝર્વ બેંકની અર્થતંત્રમાં ભાવવધારો (મોંઘવારી) કાબૂમાં લાવી શકાઈ નથી. રિઝર્વ બેંકની નાણાકીય નીતિની મુખ્ય મર્યાદાઓ, નિષ્ફળતાઓ નીચે મુજબ દર્શાવી શકાય છે.

1) **અયોગ્યનાણાકીય વ્યવસ્થા :**નાણાકીય બાબતો માત્ર સુવ્યવસ્થિત, પરિવર્તનશીલ અને લક્ષ્યાંકિત અર્થતંત્રમાં અસરકારક સાબિત થાય છે અને આપણા જેવા વિકાસશીલ રાષ્ટ્ર જ્યાં અર્થતંત્ર છૂટુંછવાયું બજારવાળું, અવ્યવસ્થિત બજાર તથા આવક અને સંપત્તિની અસમાનતાને કારણે રિઝર્વ બેંક ધાર્યા લક્ષ્યાંકો સિદ્ધ કરી શક્યું નથી.

2) **કાળા નાણાંનું વિશાળ સામ્રાજ્ય :** રિઝર્વ બેંકની નાણાકીય નીતિ લક્ષ્યાંકો સિદ્ધ ન કરી શકી તે માટે એક ખૂબ જ મહત્ત્વનું કારણ કાળા નાણાંનું વિશાળ સામ્રાજ્ય છે. બધા જ ક્ષેત્રોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાથી કાળા નાણાંની એક સમાંતર અર્થવ્યવસ્થા ચાલે છે જેને કારણે બજારમાં ચીજવસ્તુઓ, સેવાઓ, મિલકતોના ભાવોમાં અસામાન્ય અને અયોગ્ય પ્રમાણમાં ભાવવધારો જોવા મળે છે. કાળું નાણું અર્થતંત્રમાં ફુગાવાને વધારતું સૌથી મહત્ત્વનું પરિબળ છે. રિઝર્વ બેંકની નાણાકીય નીતિ કાળા નાણાંને નાથવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

3) **નોન-બેન્કિંગ સંસ્થાઓ પર અંકુશનો અભાવ :** નોન બેન્કિંગ સંસ્થાઓ તથા શરાફો ઉપર રિઝર્વ બેંકનો કોઈ અંકુશ નથી. તેમની કામગીરી ઉપર રિઝર્વ બેંકના નિયમો લાગુ પડતા નથી. આવી નોન-બેન્કિંગ સંસ્થાઓનો નિરંકુશ વ્યવહાર રિઝર્વ બેંકની નાણાકીય નીતિને અસરકારક અને સફળ બનવા દેતી નથી.

4) **અસંગઠિત નાણાં બજાર :** ભારતીય અર્થતંત્રમાં હજી પણ બજારનો ઘણો મોટો ભાગ અસંગઠિત છે અને ઘણા બધા નાણાકીય વ્યવહારો સંગઠિત નાણાં બજારની બહાર એટલે કે અસંગઠિત નાણાં બજારમાં થાય છે. તદ્ ઉપરાંત સંગઠિત નાણાં બજારમાં પણ જે વ્યવહારો થાય છે તેમાં ચેક દ્વારા થતા વ્યવહારોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. રોકડ વ્યવહારોનું પ્રમાણ હજુ પણ અન્ય વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં ખૂબ જ ઊંચું છે. જેને કારણે નાણાકીય સાધનોની અસરકારકતા ઘટી જાય છે.

5) **બેંકોમાં નાણાં જમા કરાવવાનું ઓછું પ્રમાણ :** ઘણા બધા લોકો તેમની બચતના નાણાં બેંકોમાં જમા કરાવવાની સોના, ચાંદી, ઝવેરાત, શેર, સટ્ટા, જમીન, સ્થાવર મિલકતોમાં રોકાણ કરે છે. આવી પ્રવૃત્તિઓ ફુગાવાને પ્રોત્સાહન આપે છે અને રિઝર્વ બેંકબેંકની શાખને નિયંત્રિત કરવાની શક્તિ ઘટાડે છે.

## 10.14 વૈકલ્પિક પ્રશ્નો

નીચે આપેલ પ્રશ્નોના તેની નીચે આપેલ વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.

1. નાણાં વ્યવસ્થામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

   (A) નાણાકીય સંસ્થાઓ (B) નાણાકીય સાધનો

   (C) નાણાકીય સેવાઓ (D) ઉપરોક્ત બધા જ

2. નાણાં બજારના સાધનોનો પરિપક્વતાનો ગાળો કેવો હોય છે ?

(A) ટૂંકો (B) મધ્યમ

(C) લાંબો (D) એકપણ નહિ

3. નાણાં બજારની કામગીરી ઉપર કોનો અંકુશ હોય છે ?

(A) SEBI (B) SBI

(C) RBI (D) ઉપરોક્ત બધા જ

4. નીચેના પૈકી કયું નાણાં બજારનું એક સાધન નથી.

(A) તિજોરી બિલ (B) ડિબેન્ચર

(C) વાણિજ્યિક પેપર (D) થાપણોનું પ્રમાણપત્ર

5. સામાન્ય રીતે મૂડી બજારના સાધનોનો પરિપક્વતાનો ગાળો કેવો હોય છે ?

(A) ટૂંકો અને મધ્યમ (B) ટૂંકો અને લાંબો

(C) મધ્યમ અને લાંબો (D) એકપણ નહી

6. મૂડી બજારની કામગીરી ઉપર કોનો અંકુશ હોય છે ?

(A) S.E.B.I. (B) I.R.D.A.

(C) R.B.I. (D) એકપણનહિ

7. નીચેના પૈકી કયું મૂડી બજારનું એક સાધન નથી ?

(A) ઈક્વિટીશેર (B) ડિબેન્ચર

(C) કોમર્શિયલ પેપર (D) બોન્ડ

8. આ બજારમાં જોખમનું પ્રમાણ વધુ હોય છે ?

(A) નાણાં બજાર (B) મૂડી બજાર

(C) (A) અને (B) બંને (D) એકપણ નહિ

9. જે દરે કેન્દ્રીય બેંક વાણિજ્યિક બેંકોને હૂંડીઓ પુનઃ વટાવી આપે છે તે દરને શું કહે છે ?

(A) બેંક દર (B) કેશ રિઝર્વ રેશિયો

(C) વૈધાનિક પ્રવાહીના ગુણોત્તર (D) એકપણ નહી

10. ઑક્ટોબર1999માં બેંક દર કેટલો હતો ?

(A) 11% (B) 12%

(C) 13% (D) 14%

11. C.R.R.માં વધારો કરવાથી વાણિજ્યિક બેંકોની શાખ ધિરાણની ક્ષમતા પર શું અસર થાય છે ?

(A) વધે છે (B) ઘટે છે

(C) અસર થતી નથી (D) એકપણ નહિ

10. રિઝર્વબેંકની નાણાકીય નીતિના કેટલા સાધનો છે ?

(A) 5 (B) 6

(C) 4 (D) 7

**વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર**

**જવાબ :**

(1) d (2) a (3) c (4) b (5) c (6) a (7) c

(8) b (9) a (10) b (11) b (12) a

## 10.15 સ્વાધ્યાય

1) નાણાકીય વ્યવસ્થા એટલે શું તે સમજાવો.
2) નાણાં બજાર એટલે શું તેનો અર્થ સમજાવો.
3) નાણાં બજારની અગત્યની લાક્ષણિકતાઓની સંક્ષિપ્તમાં રજૂઆત કરો.
4) ťડી બજાર વિશે સમજૂતી આપો.
5) પ્રાથમિક મૂડી બજાર અને ગૌણ બજાર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.
6) ગૌણ મૂડી બજારના કાર્યો પર વિસ્તૃત નોંધ લખો.
7) નાણાં બજાર અને મૂડી બજાર વચ્ચેના તફાવતની મુદ્દા આધારિત રજૂઆત કરો.
8) રિઝર્વબેંકની નાણાકીય નીતિની સવિસ્તર ચર્ચા કરો.
9) રિઝર્વબેંકની નાણાકીય નીતિના ઉદ્દેશો સમજાવો.
10) નાણાકીય નીતિના નાણાકીય સાધનો પર વિસ્તૃત નોંધ લખો.
11) રિઝર્વબેંકની નાણાકીય નીતિનું મૂલ્યાંકન સવિસ્તર મુદ્દાસર રીતે રજૂ કરો.

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

## માસ્ટર ઓફ કોમર્સ

સેમેસ્ટર-૨

# ભારતીય આર્થિક નીતિ

MC02CC202




## બ્લોક -૩

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય સેમેસ્ટર એમ. કોમ.

**MC02CC202**

# બ્લોક -3

## ભારતીય આર્થિક નીતિ


| | |
|---|---|
| **એકમ-11 સામાજિક અને ભૌતિક આંતરમાળખું** | **3-11** |
| **એકમ-12 વેપાર નીતિ** | **12-22** |
| **એકમ-13 આંતરરાષ્ટ્રીય વેપાર નીતિ** | **23-42** |
| **એકમ-14 વિનિમય દર** | **43-65** |

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. આત્મન શાહ | લેકચરર,<br>ડીપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક્સ,<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| | પ્રો. પી.સી.વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ HOD (Eco,Dept.)<br>પ્રિ.એમ.સી.શાહ કોલેજ,<br>નવગુજરાત કેમ્પસ, અમદાવાદ. |
| | ડૉ. બિના પટેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર,<br>કોમર્સ ફેકલ્ટી (SMPIC)<br>જી.એલ.એસ.યુનિવર્સીટી. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ. નટુભાઈ પટેલ | પ્રિન્સિપાલ,<br>સી.યુ.શાહ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | પ્રિન્સિપાલ,<br>મણીબેન એન.પી.શાહ મહિલા કોલેજ, કડી. |
| | ડૉ. પિંકીબેન દેસાઈ | એસોસિએટ પ્રોફેસર એન્ડ HOD (ECO),<br>સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ધનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ડૉ. એ.એ.શેખ | એસોસિએટ પ્રોફેસર,<br>ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>જાદર, જી. સાબરકાંઠા |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | 2021-22 પ્રથમ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ) | |

ISBN : 978-93-92139-33-8

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ : 11 સામાજિક અને ભૌતિક આંતરમાળખું

: રૂપરેખા :

**11.1** ઉદ્દેશો

**11.2** પ્રસ્તાવના

**11.3** ઊર્જા અને પરિવહન

**11.4** શિક્ષણ અને આરોગ્ય

**11.5** ચાવીરૂપ શબ્દો

**11.6** સ્વાધ્યાય

## 11.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકાશે:

1. આંતરમાળખાનું મહત્ત્વ
2. ભૌતિક અને સામાજિક આંતરમાળખા વચ્ચેનો તફાવત
3. ભારતમાં ઊર્જાઅને પરિવહન ક્ષેત્ર
4. ભારતમાં શિક્ષણ અને આરોગ્ય

## 11.2 પ્રસ્તાવના

સમાવેશી અને લાંબાગાળાની આર્થિક વૃદ્ધિ માટેની એક અત્યંત અગત્યની જરૂરિયાત માળખાગત સવલતો (Infrastructure) નું વ્યાપક અને કાર્યક્ષમ માળખું છે. અર્થતંત્રનાં ત્રણેય ક્ષેત્રોની અસરકારક કામગીરી માટે ખૂબ જ અગત્યની બાબત છે. ભારતનું અર્થતંત્ર વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બને તે માટે શ્રેષ્ઠ કક્ષાની માળખાગત સવલતો જરૂરી છે. માળખાગત સવલતોના વિકાસની ઝડપ વધારવા માટે અને તેમનો અભાવ ઘટાડવા માટે ભારત સરકારે અને પરિયોજનાઓઅને પ્રકલ્પો હાથ ધર્યા છે. જો કે, આ ક્ષેત્રે હજુ પણ વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા વર્તાય છે.

જો આર્થિક વૃદ્ધિનો દર ઊંચો રાખવો હોય તો ભારતમાં માળખાગત વિકાસની ખૂબ જ આવશ્યકતા રહે છે. સારી ગુણવત્તાવાળી અને કાર્યક્ષમ માળખાગત સેવાઓ ઉપલબ્ધ થાય તો અર્થતંત્રમાં વૃદ્ધિની ગતિ જળવાઈ રહે છે. માળખાગત સેવાઓમાં ભૌતિક અને સામાજિક માળખાગત સવલતોનો સમાવેશ કરવામાં આવે છે. ભૈતિક માળખાગત સેવાઓમાં રસ્તા, રેલવે, સિંચાઈ, પાણી, સફાઈ, હવાઈ અને જળ વાહનવ્યવહાર, બંદરો, દૂરસંચાર વગેરે જેવી માળખાગત સવલતોનો સમાવેશ થાય છે. જ્યારે સામાજિક માળખાગત સેવાઓમાં શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણને સુરક્ષા જેવી સવલતોનો સમાવેશ થાય છે.

આર્થિક વૃદ્ધિને ટેકો આપવામાં માળખાગત સવલતોનું મહત્ત્વ વિશેષ છે. વિશ્વ બેંકનો 1994નો વિશ્વ વિકાસ અહેવાલ એમ જણાવે છે કે, "માળખાગત સેવાઓની જોગવાઈ ઉદ્યોગ-ધંધા, પરિવારો અને અન્ય વપરાશકારોની માંગને સંતોષે છે અને તે આર્થિક વિકાસનો એક મોટો પડકાર છે" વિશ્વ બેંક દ્વારા કરાયેલા અનેક સર્વેમાં ખાનગી રોકાણકારોએ એમ જણાવ્યું હતું કે તેમના મૂડી રોકાણ અંગેના નિર્ણયોમાં માળખાગત સવલતોનો વિશ્વનીય પુરવઠો પ્રાપ્ત છે કે કેમ ? તે બાબતની ગણતરી મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

રસ્તા, રેલવે, વિમાની મથકો અને બંદરોનાં વિકાસને લીધે વસ્તૂઓ અને સેવાઓનું પરિવહન સરળ બને છે. અને ઓછું ખર્ચાળ બને છે. વળી, અનેક અભ્યાસો એમ પણ દર્શાવે છે કે માળખાગત સવલતોમાં મૂડીરોકાણ થાય તો ખેતી ક્ષેત્રે ઉત્પાદકતા વધે છે અને ખાસ કરીને ગરીબોની ખેતી સિવાયનાં ક્ષેત્રોમાંની રોજગારીમાં વધારો થાય છે, અને તેમની આવકમાં પણ વધારો થાય છે. આ રીતે આર્થિક વૃદ્ધિનો દર ઊંચો આવે છે.

અનેક અભ્યાસો એમ પણ દર્શાવે છે કે, માળખાગત સવલતોના વિકાસને લીધે ઔદ્યોગિક વિકાસ થાય છે. વસ્તુઓના ખરીદારો અને ઉત્પાદનનાં સાધનો વેચનારાઓના પરસ્પરને શોધવા માટેના ખર્ચમાં ઘટાડો થાય છે અને તેમની પૂરતી માહિતી ઝડપથી મળે છે. ગુજરાતમાં 1960 થી 2000 સુધીના સમયગાળા દરમિયાન મહેસાણાથી વાપી સુધીની આશરે 400 કિ.મી. લાંબી અને લગભગ 25 કિ.મી પહોળી પટ્ટીમાં જ મોટા ભાગનો ઔદ્યોગિક વિકાસ થયો એ તેનું જ્વલંત ઉદાહરણ છે. આ પટ્ટીને 'સુવર્ણ પટ્ટી ' (Golden Corridor) કહેવામાં આવી કે જ્યાં રસ્તા, વીજળી, રેલવે અને પાણીની સવલતો ઉપલબ્ધ હતી.

## 11.3 ઊર્જા અને પરિવહન

આર્થિક વૃદ્ધિ માટે વીજળીને ઉદ્દીપક સમજવામાં આવે છે. પણ અગિયારમી પંચવર્ષીય યોજનામાં દર્શાવામાં આવ્યું છે તે મુજબ દેશમાં લગભગ 50 ટકા વસ્તીને વીજળી કે બીજી કોઈ પણ પ્રકારની વ્યાપારી ઊર્જા મળતી નથી. દુનિયાના ઊર્જા ઉત્પાદનમાં ભારતનો ફાળો 2.49 ટકા છે અને તે સાથે દુનિયામાં સાતમાં ક્રમે ઊર્જા ઉત્પાદન કરનારો દેશ છે. 2004માં ભારત ઉર્જાના વપરાશકારોમાં પાંચમાં ક્રમે હતો. જો કે, ઊર્જા વપરાશ દુનિયામાં સોથી ઓછી ધરાવનારા દેશોમાં ભારતનો નંબર આવેછે. ભારતની માથાદીઠ વપરાશ 2004માં 455 કિગ્રા તેલ સમકક્ષ હતી. જ્યારે ચીનની અને બ્રાઝિલની અનુક્રમે 1147 કિ.ગ્રા.તેલ1232 કિગ્રા તેલ સમકક્ષ હતી.

2007માં પુનપ્રપ્યિ ઊર્જાનાં સ્રોતો દ્વારા દેશમાં 7761 મેગાવોટ વીજળી ઉત્પન્ન થતી હતી. જો કે, તેમાંથીરાજ્યનાં સાહસો 976 મેગાવોટ અને ખાનગી સાહસો 6, 785 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરતાં હતા. 2007માં જળવિદ્યુત, તાપવિદ્યુત અને અણુવિદ્યુત ક્ષેત્રે 1, 24, 569 મેગાવોટ વીજળી ઉત્પન્ન થતી હતી. તેના સંદર્ભમાંબિન-પરંપરાગત અને પુનઃપ્રા???સ્રોતો દ્વારા ઉત્પન્ન થતી વીજળી 5.45 ટકા જેટલી થાય છે. સૌર ઊર્જા ઉત્પાદનમાં ભારત 2017માં ચીન અને અમેરિકા પછી ત્રીજા ક્રમે આવ્યું છે. 2017 નાં અંતે ભારતમાં ગિગાવોટ સૌર ઊર્જા ઉત્પાદન થતી હતી. 2010થી 2017 દરમ્યાન સૌર ઊર્જાનો સંચયિત વાર્ષિક વૃદ્ધિ ભારતમાં 170 ટકાનો રહ્યો છે.

વીજળી ક્ષેત્રે મોટી સમસ્યા વીજળીના સંવહન અને વિતરણમાં થતી નુકસાની (Transmission Distribution Loss) છે. 1992-93માં આ નુકસાની 19.8 ટકા હતી. 2002માં તે 33.98 ટકા હતી જેમાં રાજ્યે રાજ્યે તેમાં તફાવત નજરે પડે છે. જેમ આ નુકસાની વધારે તેમ વીજળીના ધંધામાં ખોટ વાધારે હોય છે. રાજ્યોનાં સાહસોની ખોટ દૂર કરવા આ નુકસાની ઘટાડવાની જરૂર છે.

દેશમાં વીજળીનું ઉત્પાદન કોઠા નંબર. 11.1 માં દર્શાવ્યું છે.

કોઠા નંબર. **11.1 ડિસેમ્બર -2017 મુજબ દેશમાંવીજળીનું ઉત્પાદન**

| **ક્ષેત્ર** | **મેગાવોટ** | **ટકાવારી પ્રમાણ** |
|---|---|---|
| રાજ્યની કંપનીઓ | 80,677 | 24.4% |
| કેન્દ્ર સરકાની કંપનીઓ | 1,03,058 | 31.1% |
| ખાનગી ક્ષેત્રે | 1,47,125 | 44.5% |
| **બળતણ** | | |
| તાપ વિદ્યુત | 2,18,960 | 66.2% |
| 1. કોલસો | 1,92,972 | 58.3% |
| 2. ગેસ | 25,150 | 7.6% |
| 3. તેલ | 838 | 0.3% |
| જળ વિદ્યુત | 44,963 | 13.6% |
| અનુ ઊર્જા | 6,780 | 2.0% |
| પુનપ્રાપ્ય ઊર્જા | 60,158 | 17.4% |
| કુલ | 3,30,860 | |

**સ્રોત : ઊર્જા મંત્રાલય, ભારત સરકાર**

**રેલવે :**

ભારત સરકારનું એકમાત્ર રેલવે મંત્રાલય એવું છે કે જેનું અલગ અદાજપત્ર સસદમાં રજૂ થાય છે.પરિવહન ક્ષેત્રમાં ભારતની રેલવે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેને ભારતીય અર્થતંત્રની જીવાદોરી ગણવામાં આવે છે કારણ કે ટૂંકા અને લાંબા અંતરની મુસાફરી તથા લાંબા અંતરે માલસામાનના પરિવહનમાં રેલવે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રેલવેએ નવમી પંચવર્ષીય યોજનાને અંતે એટલે કે 2001-02માં 4, 925 લાખ ટન માલસામાનની હેરાફેરી કરી હતી. જ્યારે દસમી પંચવર્ષીય યોજનાને અંતે રેલવેએ 7, 284 લાખ ટન માલસામાનની હેરાફેરી કરી આ રીતે તેમાં લગભગ 48 ટકા જેટલો જંગી વધારો થયો હતો. નવમી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન પરિવહનમાં સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર 3.8 ટકા રહ્યો હતો, જ્યારે 10મી પંચવર્ષીય યોજના દરમિયાન તે 8.60 ટકા રહ્યો હતો. નવમી પંચવર્ષીય યોજનાના અંતિમ વર્ષમાં રેલવેમાં 517 કરોડ મુસાફરોએ મુસાફરી કરી હતી અને તે સંખ્યા વધીને દસમી પંચવર્ષીય યોજનાના અંતિમ વર્ષમાં 635 કરોડ થઈ હતી. તેમાં આ રીતે તેમાં લગભગ 23 ટકાનો વધારો થયો હતો.

1992-2002 દરમ્યાન ભારતમાં 682 કિ.મી.ની નવી રેલવે લાઇન નંખાઈ હતી, 1519 કિ.મી.ની રેલવે લાઈનમાં દ્વિમાર્ગી પાટા નંખાયા હતા. અને 5, 192 કિ.મી.ની રેલવે લાઇનનું વીજળીકરણ કરાયું હતું. આ ગાળા દરમિયાન રેલવેમાં નવું મૂડીરોકાણ આશરે 86, 000 કરોડ ? જેટલું થયું હતું.

**રસ્તા :**

ઝડપી આર્થિક વૃદ્ધિ માટેની માળખાગત સવલતોની જરૂરિયાતોમાં રસ્તાઓનું સારુંમાળખું ખૂબ જ અગત્યનું છે. તેમનું મહત્ત્વ નીચે મુજબ છે.

1. રસ્તા દેશના દૂર સુદૂરના વિસ્તારોને પરસ્પર જોડે છે.
2. તે બજારો, શાળાઓ, હોસ્પિટલો તગેરે સુધી પહોંચવાનો માર્ગ મોકળો કરે છે.
3. તે પછાત વિસ્તારોને વ્યાપાર અને મૂડી રોકાણ માટે મોકળાશ કરી આપે છે.
4. તે વિમાની મથકો, રેલવે સ્ટેશનો અને બંદરો જેવી અન્ય માળખાગત સવલતોના ઉપયોગની તકો વધારે છે.

2007માં ભારતમાં 33.14 લાખ કિ.મી.ના રસતા હતા. ભારતના રસ્તામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ, રાજ્ય ધોરીમાર્ગો, જિલ્લાના મોટા રસ્તા અને ગ્રામીણ રસ્તાનો સમાવેશ થાય છે. દેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ માત્ર 66, 590 કિ.મી. લાંબા હતા અને કુલ રસ્તામાં તેમનું પ્રમાણ માત્ર બે ટકા જ હતું. પરંતુ રાષ્ટ્રીય ધોરી માર્ગો 40 ટકા જેટલો ટ્રાફિક ધરાવતા હતા. રાજ્ય ધોરીમાર્ગો અને મોટા જિલ્લા માર્ગો પણ 40 ટકા ટ્રાફિક ધરાવે છે, જો કે, તેમની લંબાઈ ફક્ત 13 ટકા જ છે.

ગ્રામીણરસ્તાઓ એક વાર વિકસાવવામાં આવે અને સારી રીતે નિભાવવામાં આવે તો તે ગ્રામ વિસ્તારોને અન્ય વિસ્તારો સાથે જોડે છે, તેથી ખેતીની આવક વધે છે, ઉત્પાદક રોજગારીની તકો વધે છે અને સામાજિક તથા આર્થિક સેવાઓની પ્રાપ્તિને પ્રોત્સાહન મળે છે. તેથી જ ગ્રામ વિસ્તારોને જોડાણ પૂરું પાડવા 2003માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવી. તેનો ઇરાદો 1000થી વધુ વસ્તીવાળી વસાહતોને પાકા રસ્તાથી સાંકળવાનો હતો.2007 સુધીમાં તો 250થી વધુ વસ્તીવાળી તમામ વસાહતોને સાંકળવાનો હેતુ તેમાં રખાયો, આ યોજના અન્વયે કુલ 37, 487 ગ્રામીણ વસાહતોને રસ્તા દ્વારા 2007 સુધીમાં સાંકળવામાં આવી હતી.

## 11.4 શિક્ષણ અને આરોગ્ય

ભારતમાં શિક્ષણ ક્ષેત્રની પરિસ્થિતિ કોઠા નં 11.2માં દશાવાઈ છે. ભારતમાં માધ્યમિક શિક્ષણમાં નોંધણીદર અને શાળા છોડી જવાનો દર બહુ ચિંતાજનક નથી. પરંતુ જો માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણને ધ્યાનમાં લઈએ તો નોંધણી દર અને શાળા છોડી જવાનો દર બંને ખૂબ જ ચિંતાજનક છે. 2015-16માં ઉચ્ચ શિક્ષણમાં નોંધણી દર માત્ર 24.5 હતો. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ કરતાં માધ્યમિક શાળાઓમાં શાળા છોડી જવાનો દર ખૂબ જ વધારે જોવા મળે છે. 2014-15માં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ છોડી જવાનો દર અનુક્રમે 4.13 અને 4.03 હતો કે જયારે તે જ વર્ષે માધ્યમિક શાળાઓમાં તે દર 17.06 જેટલો હતો. અહીં એ બાબત પણ મહત્ત્વની છે કે SC માં શાળા છોડી જવાનો દર 19.36 હતો કે જ્યારે STમાં તેનું પ્રમાણ 24.68 હતું.

(Annual Status of Education Report (ASER) ના અહેવાલ મુજબ 2008થી 2018 દરમિયાન ભારતમાં શિક્ષણમાં ઉત્પાદકતા ઘટી છે. 6-14ના વયજૂથમાં કુલ નોંધણી દર 96 ટકા હતો કે જેમાંથી 50 ટકા આઠમા ધોરણનાં બાળકો સામાન્ય ગણિતના પ્રશ્નો ઉકેલી શકતા ન હતા. પાંચમા ધોરણમાં ભણતાં 44.2 ટકા બાળકો ધોરણ-2નું પુસ્તક જ વાંચી શકે છે. અહીં મહત્ત્વનો મુદ્દો એ છે કે નોંધણી દર સતત વધતો જાય છે તેમ જ શાળા છોડી જવાના દરમાં સતત ઘટાડો થતો જાય છે, પરંતુ તેનાથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થતો નથી.

**કોઠા નંબર. 11.2 ભારતમાં શિક્ષણની સ્થિતિ**

| ક્રમ | વિગત | વર્ષ | સ્થિતિ |
|---|---|---|---|
| 1. | શાળાઓની કુલ સંખ્યા | 2015-16 | 15, 22, 346 |
| 1.1 | પ્રાથમિક શાળાઓની ટકાવારી | 2015-16 | 55.2% |
| 1.2 | ઉચ્ચ પ્રાથમિક શાળાઓની ટકાવારી | 2015-16 | 28.22% |
| 1.3 | ઉચ્ચ માધ્યમિક શાળાઓની ટકાવારી | 2015-16 | 9.16% |
| 1.4 | માધ્યમિક શાળાઓની ટકાવારી | 2015-16 | 7.39% |
| 2. | કુલ શાળાઓમાં સરકારી શાળાઓનું પ્રમાણ | 2015-16 | 72.43% |
| 3. | કુલ શાળાઓમાં સરકારી અનુદાનિત શાળાઓનું પ્રમાણ | 2015-16 | 5.50 |
| 4 | કુલ શાળાઓમાં ખાનગી શાળાઓનું પ્રમાણ | 2015-16 | 22.05% |
| 5 | નોંધણી દર | 2015-16 | |
| 5.1 | પ્રાથમિક શાળાઓ | 2015-16 | 96.9 |
| 5.2 | માધ્યમિક શાળાઓ | | 80.8 |
| 5.3 | ઉચ્ચ માધ્યમિક શાળાઓ | | 56.2 |
| 5.4 | ઉચ્ચ શિક્ષણ | | 24.5 |
| 6 | શાળા છોડી જવાનો દર | 2014-15 | |
| 6.1 | પ્રાથમિક શાળાઓ | | 4.13 |
| 6.2 | ઉચ્ચ પ્રાથમિક શાળાઓ | | 4.03 |
| 6.3 | માધ્યમિક શાળાઓ | | 17.06 |

**સ્રોત :Educational Statistics at a Glance, 2018, MHRD**

ભારત સરકારે 2019-20ના અંદાજપત્રમાં National Education Mission માટે રૂપિયા 27584 કરોડ ફાળવણી કરી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારો બંનેનું શિક્ષણ ખર્ચ 2017-18માં બજેના 10.0 ટકા રહેવાનો અંદાજ હતો. આ પ્રમાણ 2012-13માં 11.6 ટકા જેટલું હતું. 2012-13થી 2017-18 દરમિયાન ખર્ચનો શિક્ષણ ખર્ચનો ફાળો ઘટતો ગયો છે. મે-2019માં બહાર પડાયેલો નવી શિક્ષણનીતિનો મુદ્દો જણાવે છે કે ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો તેમના બજેટના 10.9 ટકા ખર્ચ શિક્ષણ પાછળ ખર્ચશે માત્ર શિક્ષણ પાછળ ખર્ચ વધારવાથી શિક્ષણનું સ્તર સુધરશે તેવી માન્યતા ખોટી છે. ખરેખર તો શિક્ષણ ખર્ચની ગુણવત્તા શિક્ષણનું સ્તર સુધારવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**આરોગ્ય:**

આરોગ્ય ક્ષેત્રનો વિકાસ ચકાસવા માટે આરોગ્યનાજે નિર્દેશકો છે તેની માહિતીનું વિશ્લેષણ કરવું પડે. કોઠા નં. 11.3 માં ભારતમાં સરેરાશ આયુષ્યનું પ્રમાણ દશવિવામાં આવ્યું છે. ભારતમાં સરેરાશ આયુષ્ય સતત વધતું ગયું છે.1991-95 દરમિયાન તે 60.3 વર્ષ હતું. જે 2012-16માં 68.7 વર્ષ થયું છે. અહી બે બાબત નોંધનીય છે કે સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય પુરુષોના સરેરાશ આયુષ્ય કરતાં વધારે છે. 1993-97 દરમિયાન સ્ત્રીઓનું સરેરાશ

આયુષ્ય 61.8 હતું કે જે 2012-16માં વધીને 68.8 થયું હતું. એટલે કે સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય આ સમયગાળા દરમિયાન 11.32 ટકા જેટલું વધ્યું છે.

ભારતમાં બાળમૃત્યુ દરમાં સતત ઘટાડો થતો ગયો છે. પરંતુ બીજા વિકસિત અને વિકાસશીલ દેશોની સરખામણીએ તે ઘણો વધારે છે. 1997થી 2016 દરમ્યાન બાળ મૃત્યુ દરમાં 52.11 ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં બાળ મૃત્યુ દરમાં આંતર-રાજ્ય અસમાનતા પણ ખૂબ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જેમ કે 2016માં ગોવા અને કેરળમાં બાળ મૃત્યુ દર અનુક્રમે 8 અને 10 હતો જ્યારે અન્ય રાજ્યો જેવાં કે બિહાર , મધ્ય પ્રદેશ , ઓરિસ્સા, રાજસથાન અને ઉત્તર મદેશમાં તે 40 કરતાં પણ વધુ જોવા મળે છે.

ભારતમાં મૃત્યુ દરમાં પણ સતત ઘટાડો જોવા મળે છે. 1990માં ભારતમાં મૃત્યુ દર 9.7 હતો કે જે 2016માં ઘટીને 6.4 થયો હતો. ભારતમાં 1990માં જન્મ દર 30.2 હતો જે 2016માં ઘટીને 20.4 થયો છે એટલે કે તેમાં માત્ર 14.39 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ભારતમાં મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટતા જાય. તેનાં ઘણાં કારણો છે.જેમ કે, આરોગ્યની સુવિધામાં સુધારો, સામાજિક માળખામાં સુધારો વગેરે. આરોગ્યની સુવિધામાં સુધારો થવાને કારણે વધુ સારી અને સસ્તા દરે આરોગ્યની સેવાઓ ગરીબોને પ્રાપ્ત થાય છે. ગ્રામીણ વિસ્તારમાં આરોગ્યની સવલતો પહોંચવાને કારણે તેમને વધુ સારી અને નિષ્ણાતો દ્વારા સલાહ પ્રાપ્ત થાય છે. ભારતમાં આરોગ્યની સ્થિતિ કોઠા નં 11.3માં દશવિ છે.

કોઠા નં. 11.3માં ભારતમાં વિવિધ આરોગ્યલક્ષી નિર્દેશકોની પરિસ્થિતિ દશવી છે. નીતિ આયોગના આંકડા મુજબ 2015માં USMR પુરુષોમાં 40 અને સ્ત્રીઓમાં 45 હતો. તે દશવિ છે કે સ્ત્રીઓમાં તેનું પ્રમાણ પુરુષો કરતાં વધારે છે. ભારતમાં 2017માં 9, 89, 167 બાળકોનું મૃત્યુ પાંચ વર્ષની વય પહેલાં થયું હતું. 2017માં સમગ્ર વિશ્વમાં U5MRનું પ્રમાણ 39.1 હતું જ્યારે ભારતમાં તેનું પ્રમાણ 39.4 હતું. અન્ય વિકાસશીલ દેશો જેવા કે બ્રાઝિલ (14.8), દક્ષિણ આફ્રિકા (37.1), ચીન (9.3)માં U5MRનું પ્રમાણ ભારત કરતાં ઘણું ઓછું છે.

**11.3 ભારતમાં આરોગ્યની સ્થિતિ**

| ક્રમ | વિગત | વર્ષ | સ્થિતિ |
|---|---|---|---|
| 1 | માતૃત્વ મૃત્યુ દર (MMR) | 2015 | 174 |
| 2 | કુશળ આરોગ્ય કાર્યકર દ્વારા બાળ જન્મ (%) | 2005-16 | 81 |
| 3 | પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં મૃત્યુ દર | 2015 | 47.7 |
| 4 | 15-49ના વયજૂથમાં HIV (દર હજારે) | 2015 | 0.11 |
| 5 | ટી.બી. (દર એક લાખે) | 2015 | 217 |
| 6 | મલેરિયાનું જોખમ (દર હજારે) | 2015 | 48.6 |
| 7 | હેપિટિટિસ-બી (દર એક લાખે) | 2015 | 87 |
| 8 | બિન-ચેપી રોગોથી મૃત્યુ (%) (30-70ના વયજૂથમાં) | 2015 | 23.3 |
| 9 | આત્મહત્યા દર (દર એકલાખે) | 2015 | 15.7 |
| 10 | દારૂની વપરાશ (15 કે તેથી ઓછી વયનાઓમાં) (લિટરમાં) | 2016 | 5.0 |
| 11 | માર્ગ અકસ્માતથી મૃત્યુ (દર એક્લાખે) | 2013 | 16.6 |
| 12 | મહિલાઓમાં કુટુંબ નિયોજનની પદ્ધતિઓનો ઉપયોગ | 2005-15 | 63.9 |
| 13 | 15-19ની વયની કિશોરઓમાં જન્મ દર | 2005-14 | 28.1 |
| 14 | વાયુ પ્રદૂષણને કારણે મુત્યુ દર (દર એક લાખે ) | 2012 | 133.7 |
| 15 | ગંદા પાણી અને અસલામત સફાઈ વ્યવસ્થાને લીધે મૃત્યુ (દર એક લાખે) | 2012 | 27.4 |
| 16 | ઝેર ચડવાથી મૃત્યુ (દર એક લાખે) | 2015 | 1.9 |
| 17 | એક વર્ષથી નીચેની વયનાં બાળકોમાં રસીકરણ (%) | 2015 | 87 |
| 18 | કુશળ આરોગ્ય કાર્યકરો (દર દસ હજારે) | 2005-15 | 27.5 |
| 19 | સરકારનું આરોગ્યલક્ષી ખર્ચ (કુલ ખર્ચનાં ટકા) | 2014 | 5.0 |
| 20 | 5 વર્ષથી નીચેની વયના બાળકોમાં અપૂરતો વિકાસ (%) | 2005-16 | 38.4 |
| 21 | પીવાનું ચોખ્ખું પાણી મેળવતા લોકો (%) | 2015 | 94 |
| 22 | સારી સફાઈ વ્યવસ્થા ધરાવતા લોકો (%) | 2015 | 40 |
| 23 | સ્વચ્છ બળતણ ધરાવનારાં ઘર | 2014 | 34 |

**સ્રોત :Educational Statistics at a Glance, 2018, MHRD**

## 11.5 ચાવીરૂપ શબ્દો

આંતરમાળખું, ભૌતિક આંતરમાળખું, સામાજિક આંતરમાળખું, ભારતમાં શિક્ષણ અને આરોગ્ય

## 11.6 સ્વાધ્યાય

- **નીચેના પ્રશ્નોમાં સાચો વિકલ્પ પસંદ કરોઃ**

1. આરોગ્યનો સમાવેશ શેમાં થાય છે?

   A. ભૌતિક આંતરમાળખું     B. સામાજિક આંતરમાળખું

   C. એક પણ નહિ

2. નીચેનામાંથી કયા સ્તરે શાળા છોડી જવાનું પ્રણામ ઓછું છે?

   A. પ્રાથમિક     B. માધ્યમિક

   C. ઉચ્ચ શિક્ષણ

**3. નીચેનામાંથી કયા સ્રોત દ્વારા તાપ વિદ્યુતનું સૌથી વધુ ઉત્પાદન થાય છે?**

   A. કોલસો     B. ગેસ

   C. તેલ

**4. ભારતમાં 2015માં માતા મૃત્યુ દર કેટલો હતો?**

   A. 175     B. 180

   C. 190

**5. નીચેનામાંથી શેમાં નોંધણી ર સૌથી વધુ છે?**

   A. પ્રાથમિક     B. માધ્યમિક

   C. ઉચ્ચ શિક્ષણ     D. ટેક્નિકલ શિક્ષણ

**જવાબો :**

1 (B)    2 (A)    3 (A)    4 (A)    5 (A)

- **નીચેના વિધાનો સાચા છે કે ખોટાં તે જણાવો.**

1. શિક્ષણ અને આર્થિક વૃદ્ધિને કોઈ સંબંધ નથી.
2. ભારતમાં શાળા છોડી જવાનો દર અન્ય દેશો કરતાં વધુ છે.
3. ભારત સાયથી વધુ વીજળીનું ઉત્પાદન સૌર ઊર્જાદ્વારા કરે છે.
4. માત્ર ભૌતિક આંતરમાળખું જ આર્થિક વૃદ્ધિ માટે મહત્ત્વનું છે.
5. પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોત દ્વારા વીજળીનું ઉત્પાદન ફાયદાકારક છે.

**જવાબો :**

| 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|
| ખોટું | સાચું | ખોટું | ખોટું | સાચું |

- **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખોઃ**

1. પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતનો કુલ ઉત્પાદનમાં ફાળો જણાવો.
2. ભારતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરતા દર કેટલો છે ?
3. ભારતમાં શેમાં શાળા છોડી જવાનો દર સૌથી વધુ છે? કેટલો ?
4. ભારતમાં જળ વિદ્યુત દ્વારા કેટલું ઉત્પાદન થાય છે ?

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખોઃ**

1. ભૌતિક અને સામાજિક આંતરમાળખું સમજાવો.
2. ભારતમાં રેલવે વિષે માહિતી આપો.
3. ભારતમાં શિક્ષણની પરિસ્થિતિ સમજાવો.

- **નીચેના પ્રશ્નોના વિગતે જવાબ આપોઃ**

1. ભારતમાં રસ્તા અને રેલવે વિષે માહિતી આપો.
2. ભારતમાં ઊર્જાઅને પરિવહન વિષે જણાવો.
3. ભારતમાં શિક્ષણ અને આરોગ્યની પરિસ્થિતિ વિષે મૂલ્યાંકન કરો.

# એકમ : 12 વેપાર નીતિ

## : રૂપરેખા :

12.1 વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારનો સિધ્ધાંત
12.1.1 ભારતીય વેપાર નીતિ
12.1.2 આંતરિક વેપાર અને બાહ્ય વેપાર
12.2 ઉત્પાદન ખર્ચ તફાવત
12.2.1 સંપૂર્ણ નિરપેક્ષ ખર્ચ તફાવત
12.2.2 નિયમની મર્યાદા
12.3 તુલનાત્મક ખર્ચ તફાવત
12.3.1 રિકાર્ડોના સિધ્ધાંતની ટીકાઓ
12.4 સમાન ખર્ચ તફાવત
12.5 હેકસર ઓહલિનનો સાધન ઉપલબ્ધતાનો સિધ્ધાંત
12.5.1 સાધન વિપુલતાની ધારણા
12.5.2 સાધન વિપુલતાનો અર્થ
12.5.3 સિધ્ધાંતની મર્યાદા
12.6 સ્વાધ્યાય

## 12.1 વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારનો સિધ્ધાંત

● **પ્રસ્તાવના :**

દરેક દેશ પોતાનાં સાધનોની અનુકૂળતા પ્રમાણે ઉત્પાદન કરે છે અને એકબીજા દેશની ભિન્ન-ભિન્ન જરૂરિયાતો સંતોષવા અને જરૂરી વસ્તુઓ પ્રાપ્ત કરવા વિનિમય પ્રક્રિયાનું સર્જન થાય છે. અને આ વિનિયમ પ્રક્રિયા સ્થાનિક આંતરિક કે આંતરરાષ્ટ્રીય વેપારમાં પરિણમે છે. આમ, સમયના ટૂંકાગાળામાં મર્યાદિત સાધનો વડે અનેક ભિન્ન-ભિન્ન જરૂરિયાતો શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ એ વેપારનો આધાર છે.

**પ્રો. હેરોડના મત મુજબ,**

"જયારે શ્રમવિભાજન દેશની સરહદ ઓળંગીને વિસ્તાર પામે ત્યારે તે આંતરરાષ્ટ્રીય વેપાર બને છે.

**પ્રો. ફેડરિક લિસ્ટના મતે,**

"આંતરિક વેપાર તે આપણી વચ્ચેનો વેપાર છે, જયારે આંતરરાષ્ટ્રીય વેપાર કે વિદેશ વેપાર એ આપણી અને તેઓની વચ્ચેનો વેપાર છે.

➢ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ આંતરિક અને વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચે મૂળભૂત તફાવત છે આ તફાવત સર્જતા પરિબળો છે જેમ કે ઉત્પાદનના સાધનોની ગતિશીલતા, ચલણ વ્યવસ્થા, વેપારનીતિના તફાવતો, વિશિષ્ટ રાષ્ટ્રીય બજારો,

રાજયનો હસ્તક્ષેપ અને નિયંત્રણોમાં તફાવત, માનવસર્જિત સંજોગો અને કુદરતી સંજોગો વગેરે છે.

### 12.1.1 ભારતીય વેપાર નીતિ

ભારતીય વર્તમાન વેપાર નીતિ અંતર્ગત વાણિજ્ય મંત્રાલયે વિશેષ નિકાસ અને આયાત નીતિ તૈયાર કરી છે જેને એક્ઝિમ પોલિસી પણ કહેવામાં આવે છે. વર્તમાન 2015-20 વિદેશ વેપાર નીતિનો મુખ્ય ઉદ્દેશ વિદેશ વેપારને $900 બિલિયનના લક્ષ્યાંક સાથે ભારતને વૈશ્વિક ક્ષેત્રે આગળ વધારવાનો છે. જેમાં વિદેશ વેપારને મેક ઈન ઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ સાથે સાંકળી લેવામાં આવી છે.

- ➢ નિકાસને પ્રોત્સાહન આપવા નિકાસી ઉદ્યોગોને જોડવા, જકાતમાં રાહત, કરવેરામાં છુટ આપવી
- ➢ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનમાં નિકાસી ઉદ્યોગોને લગત યોજના મેળવી નિકાસ લક્ષી એકમો નિકાસ કરતા હાર્ડવેર તથા સોફ્ટવેર અને ટેકનોલોજી વાળા વોર્ડને માટે જોગવાઈ
- ➢ ભારત 190 દેશોમાં 7500 જેટલી ચીજ વસ્તુઓની નિકાસ કરે છે અને 140 દેશોમાંથી 6000 જેટલી ચીજવસ્તુઓની આયાત કરે છે નિકાસી વસ્તુઓમાં ટોચની વસ્તુઓનો સમાવેશ થાય છે જેવી કે પેટ્રોલિયમ ઉત્પાદનો, કિંમતી સ્ટોન, ડ્રગ અને ફાર્માસ્યુટીકલ જૈવિક, સોના અને અન્ય કિંમતી ધાતું
- ➢ આયાતી વસ્તુઓ માં ક્રૂડ ઓઈલ, સોનું પેટ્રોલિયમ ઉત્પાદન, કોલસો, કોક, વગેરે છે.
- ➢ ભારતીય વિદેશ વેપારમાં ટોચના પાંચ વેપારી ભાગીદારો દેશ USA, ચીન, UAE , સાઉદી અરેબિયા અને હોંગકોંગ છે.
- ➢ ભારતનો વૈશ્વિક વેપાર 2017માં 5.7% ના દરે વૃધ્ધિ થવા પામ્યો હતો સર્વિસ ક્ષેત્રમાં પણ વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો વધવા પામ્યો છે. આમ છતા હજી ભારતમાં વેપારને આર્થિક ખ્યાલ તરીકે ઓળખવામાં આવે છે જેમાં માલની ખરીદી અને વેચાણ સામેલ છે. વેપાર બે અથવા વધુ પક્ષો વચ્ચે અથવા વ્યક્તિગત અથવા વ્યવસાયિક પણ હોઈ શકે છે.

### 12.1.2 આંતરિક વેપાર અને બાહય વેપાર

- ➢ વેપારના બે પ્રકાર છે. આંતરિક વેપાર અને બાહ્ય વેપાર
- ➢ આંતરિક વેપાર એટલે જે વેપાર રાષ્ટ્રની રાજકીય અને ભૌગોલિક સીમાઓ ધરાવતાં પક્ષો વચ્ચે કરવામાં આવે છે. દેશની સીમાની અંદર થતા આર્થિક વ્યવહારો એટલે કે ખરીદ-વેચાણ થાય
- ➢ બાહ્ય વેપાર એટેલે જે દેશની સીમાની બહાર અથવા બે દેશો વચ્ચે અથવા જુદાં-જુદાં દેશો વચ્ચે કરવામાં આવે છે.
- ➢ આંતરિક વેપારમાં ઘરેલું ચલણનો ઉપયોગ ચુકવણી ના માધ્યમ માટે થાય છે. બાહ્ય વેપાર માટે વેપાર અંતર્ગત જોડાયેલા દેશોની સંમતિ સાથે એક સમાન ચલણ નો ચુકવણી માટે ઉપયોગ થાય છે આંતરિક વેપારમાં જોખમ ઓછુ હોય છે અને બાહ્ય વેપારમાં વધુ જોખમ જેવી કે ચલણની વધઘટ, દેશોની આર્થિક સ્થિતિ વગેરેના

પરિબળો અસર કરે છે આંતરિક વેપારમાં ઓછા પ્રતિબંધો છે અને બાહ્ય વેપાર ઘણા નિયંત્રણોને આધિન છે કારણકે તે બે દેશો વચ્ચે છે જેમાં વિવિધ કાયદાનો પણ સમાવેશ થાય છે.

## 12.2 ઉત્પાદન ખર્ચ તફાવત અને તેના પ્રકારો

એડમ સ્મિથ અને રિકાર્ડોના મંતવ્ય પ્રમાણે, બે દેશો વચ્ચે જે બે ચીજવસ્તુઓનો વ્યાપાર થાય છે. તેનું કારણ તે ચીજવસ્તુઓના ઉત્પાદન ખર્ચમાં જોવા મળતો તફાવત હોય છે. આ ઉત્પાદન ખર્ચના તફાવતને આધારે જ વેપારની શક્યતા અને વેપારનો લાભ જાણી શકાય છે.

### 12.2.1 સંપૂર્ણ (નિરપેક્ષ) ખર્ચ તફાવત (Absolute Cost Difference)

કોઈપણ એક રાષ્ટ્રને વિદેશ વ્યાપારમાંથી પ્રાપ્ત થતા લાભને **એડમ સ્મિથ** સ્પષ્ટપણે જોઈ શક્યા હતા અને અંગે તેઓએ લખ્યું છે કે, " દરજી પોતાના બુટ જાતે બનાવતો નથી પરંતુ તે કોટના બદલામાં મોચી પાસેથી બૂટ પ્રાપ્ત કરે છે અને તે જ રીતે મોચી પોતાનો કોટ બુટના બદલામાં દરજી પાસેથી પ્રાપ્ત કરે છે." આમ વિનિમય કરવાથી બંનેને લાભ થાય છે આમ **એડમ સ્મિથે** વિદેશ વ્યાપારની શકયતા અને તેના દ્વારા લાભ સમજાવવા માટે નિરપેક્ષ ખર્ચ તફાવત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ.

કોઈ એક દેશ કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં નિરપેક્ષ રીતે વધુ કાર્યક્ષમ હોય અને બીજો દેશ બીજા વસ્તુના ઉત્પાદનમાં પહેલા દેશ કરતાં નિરપેક્ષ રીતે વધુ કાર્યક્ષમ હોય ત્યારે ઉત્પાદન ખર્ચમાં જે તફાવત ઉદ્દભવે છે તે નિરપેક્ષ ખર્ચ તફાવત કહેવાય.

અહી એક દેશ એક વસ્તુ અને બીજો દેશ બીજી વસ્તુનું ઉત્પાદન ઓછા ખર્ચે કરે છે. આ બંને દેશો વચ્ચે રહેલો ઉત્પાદન ખર્ચનો તફાવત નૈસર્ગિક (ભૌગોલિક આબોહવા) કે માનવસર્જિત (સાંસ્કૃતિક વારસાગત) શક્તિઓ કે ગુણોમાં રહેલા તફાવતને કારણે પેદા થતો હોય છે. આવા ખર્ચ તફાવતને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્દભવે છે. જેને પરિણામે કુલ ઉત્પાદનમાં વૃધ્ધિ થાય છે અને તે રીતે આંતરરાષ્ટ્રીય વ્યાપાર લાભદાયી નીવડે છે.

| દેશ | એક ટન ખાંડ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) | એક ટન પોલાદ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) |
|---|---|---|
| ભારત | 10 | 20 |
| યુ.એસ.એ | 20 | 10 |

- આ ઉદાહરણ પરથી સ્પષ્ટ થાય છે.કે ભારત ખાંડના ઉત્પાદનમાં યુ.એસ.એ કરતા બેગણું કાર્યક્ષમ છે; કારણકે ભારતમાં ખાંડનું શ્રમખર્ચ યુ.એસ.એ ની સરખામણી અડધું છે.

  જયારે યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં ભારત કરતા બેગણું કાર્યક્ષમ છે. કારણકે તેમનું પોલાદનું શ્રમખર્ચ ભારતની સરખામણીમાં અડધું છે. આ સ્થિતિમાં ભારતે ખાંડના ઉત્પાદનમાં અને યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં સંપૂર્ણ વિશિષ્ટકરણ કરવું જોઈએ અને ત્યાર બાદ બંને દેશો વચ્ચે 1 ટન ખાંડના બદલામાં 1/2 ટન કરતા વધારે પરંતુ 2 ટન કરતા ઓછો દર પોલાદનો વિનિમય થાય તો બંને દેશોને ફાયદો થશે.

- વિશિષ્ટકરણ થયા પહેલા 30 દિવસના માનવશ્રમના ખર્ચથી ભારતમાં 1 ટન ખાંડ અમે 1 ટન પોલાદ પેદા થતાં હતાં તે જ રીતે યુ.એસ.એ માં પણ 30 દિવસના શ્રમખર્ચ કુલ 1 ટન ખાંડ અનu 1 ટન પોલાદ પેદા થતાં હતાં, આમ બંને દેશોમાં 60 દિવસના

શ્રમખર્ચ કુલ 2 ટન ખાંડ અને 2 ટન પોલાદ પેદા થતાં હતાં પરંતુ ખાંડમાં ભારત વિશિષ્ટકરણ કરીને તેટલા જ શ્રમ ખર્ચ દ્વારા 3 ટન ખાંડ અને યુ.એસ.એ પોલાદમાં વિશિષ્ટકરણ કરીને તેટલા જ શ્રમ ખર્ચ દ્વારા કુલ 3 ટન ખાંડ અને 3 ટન પોલાદ પેદા થાય છે; જે વિશિષ્ટકરણ પહેલાની સ્થિતિ કરતાં વધારે ઉત્પાદન બતાવે છે આ દેશો વિશિષ્ટકરણ કર્યા બાદ 1 ટન ખાંડ = 1 ટન પોલાદના દરે સામ-સામા વિનિમય કરે તો દરેકની પાસે $1.^1/_2$ટન ખાંડ અને $1.^1/_2$ટન પોલાદ પ્રાપ્ત થશે; જે બંને દેશો માટે લાભદાયી સ્થિતિ સૂચવે છે.

### 12.2.2 નિયમની મર્યાદા

**એડમ સ્મિથે** પ્રતિવાદિત કર્યા મુજબ બંને વસ્તુઓના ઉત્પાદનમાં બંને દેશોમાં નિરપેક્ષ ખર્ચ તફાવત હોય તો આંતરરાષ્ટ્રીય વ્યાપારનો ઉદ્દભવ સમજાવવો એકંદરે સરળ બાબત છે. પરંતુ વ્યવહારમાં કેટલીક વાર બે દેશોના બે ચીજવસ્તુઓના ઉત્પાદન ખર્ચમાં નિરપેક્ષ ખર્ચ તફાવત હોતો નથી એટલે કે, જો કોઈ એક રાષ્ટ્ર બંને વસ્તુમાંથી કોઈ એક પણ વસ્તુના ઉત્પાદનમાં નિરપેક્ષ ખર્ચ લાભ ધરાવતો ન હોય તો શું આ દેશે બીજા દેશમાંથી માત્ર વસ્તુઓ આયાત જ કર્યા કરવી? અથવા તો સ્વઉત્પાદન પર નિર્ભર રહેવું? આવી સ્થિતિમાં આ સિધ્ધાંતનું કાર્યક્ષેત્ર અને ઉપયોગિતા મર્યાદિત બની જાય છે.

- વાસ્તવિક જીવનમાં કેટલાક અલ્પવિકસીત રાષ્ટ્રોમાં શ્રમની કાર્યક્ષમતા વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં, બધી જ વસ્તુઓના ઉત્પાદનમાં ઓછી હોય છે. છતાં પણ આ અલ્પવિકસિત દેશો આંતરરાષ્ટ્રીય વ્યાપારથી વંચિત હોતા નથી. તેઓ પણ આયાત-નિકાસ કરતા હોય છે.એડમ સ્મિથનો નિરપેક્ષ ખર્ચ તફાવતનો સિધ્ધાંત આ સ્થિતિને સમજાવી શકતો નથી.

## 12.3 તુલનાત્મક (સાપેક્ષ) ખર્ચ તફાવત :-

ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક ખર્ચ તફાવતનો સિધ્ધાંત આપ્યો જે અંતરરાષ્ટ્રીય વ્યાપારનો સામાન્ય સિધ્ધાંત ગણી શકાય.દેશને જે વસ્તુના ઉત્પાદનમાં સાપેક્ષ કે તુલનાત્મક રીતે ઓછું ખર્ચ થાય તે વસ્તુ ઉત્પન્ન કરીને તે તેની નિકાસ કરશે અને જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે વધુ ખર્ચ થતું હોય તો તેનું ઉત્પાદન પોતાના દેશમાં કરવાને બદલે તેની આયાત કરશે. આમ અહી આંતરરાષ્ટ્રીય વ્યાપારના ઉદ્દભવ માટે નિરપેક્ષ ખર્ચ તફાવત જ નહી પરંતુ તુલનાત્મક ખર્ચ તફાવત જ મુખ્ય કારણ છે એમ કહી શકાય.

કોઈ એક દેશના શ્રમિકો બીજા દેશના શ્રમિકો કરતાં બંને વસ્તુઓના ઉત્પાદનમાં નિરપેક્ષ રીતે વધુ કાર્યક્ષમ હોય ત્યારે આ દેશ બંને વસ્તુઓના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં નિરપેક્ષ રીતે વધુ કાર્યક્ષમ હોય ત્યારે આ દેશ બંને વસ્તુઓના ઉત્પાદનમાં બીજા દેશ કરતાં નિરપેક્ષ ખર્ચની દ્રષ્ટિએ સરસાઈ ધરાવતો હોય છે આમ છતાં બંને વસ્તુઓના ઉત્પાદનમાં કોઈ એક દેશના શ્રમિકોની કાર્યક્ષમતા બીજા દેશના શ્રમિકોની કાર્યક્ષમતાની તૂલનામાં એક સરખી વધારે હોતી નથી.એટલે કે કોઈ એક દેશ બંને વસ્તુઓના ઉત્પાદન ખર્ચમાં સાપેક્ષરીતે એકસરખી સરસાઈ ભોગવતો હોતો નથી. જો આ પ્રકારનો તુલનાત્મક ખર્ચ તફાવત બંને દેશોમાં અસ્તિત્વમાં હોય તો તેને ધ્યાનમાં લઈને તે દેશોએ વિશિષ્ટીકરણ કરવું જોઈએ અને ત્યાર બાદ વ્યાપાર કરીને લાભ પ્રાપ્ત કરવા જોઈએ.

- પ્રો.એલ્સ્વર્થના મત અનુસાર “જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક લાભ વધુમાં વધુ હોય કે તુલનાત્મક ગેરલાભ ઓછામાં ઓછો હોય તેવી વસ્તુના ઉત્પાદનમાં દેશ ધ્યાન કેન્દ્રિત કરે છે.

ધારો કે યુ.એસ.એ અને ભારતમાં ખાંડ અને પોલાદના ઉત્પાદનમાં શ્રમખર્ચની સ્થિતિ નીચેના કોઠામાં દર્શાવ્યાં પ્રમાણે છે.

| દેશ | એક ટન ખાંડ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) | એક ટન પોલાદ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) |
|---|---|---|
| ભારત | 10 | 20 |
| યુ.એસ.એ | 20 | 10 |

યુ.એસ.એ. બંને વસ્તુઓના ઉત્પાદનમાં ભારત કરતાં નિરપેક્ષ ખર્ચ લાભ ધરાવે છે. પરંતુ સાપેક્ષ કે તુલનાત્મક રીતે જોતા યુ.એસ.એનો ખર્ચ લાભ ખાંડ કરતાં પોલાદમાં ઉત્પાદનમાં વધારે છે, માટે યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ સાધે અને ભારત કે જેને ખાંડ ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચ ગેરલાભ ઓછો છે તે ખાંડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ સાથે તે બંને દેશો માટે લાભદાયી છે. આ માટેનું કારણ એ છે કે ભારતની સરખામણીમાં યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં ખાંડ કરતાં તુલનાત્મક વધુ કાર્યક્ષમતા ધરાવે છે. જે નીચેના ઉદાહરણથી સમજી શકાય.

પોલાદ ખાંડ

$$\frac{10}{60} < \frac{20}{30}$$

અહી યુ.એસ.એ. પોલાદનું ઉત્પાદન ભારત કરતાં $\frac{1}{6}$ ખર્ચ ખરી શકે છે. અથવા યુ.એસ.એ માં પોલાદના ઉત્પાદનમાં શ્રમની કાર્યક્ષમતા ભારત કરતાં છ ગણી વધારે છે. જયારે ખાંડનું ઉત્પાદન ભારત કરતાં $\frac{2}{3}$ ખર્ચ કરી શકે છે. અથવા ખાંડના ઉત્પાદનમાં તેના શ્રમની કાર્યક્ષમતા ભારત કરતાં માત્ર દોઢ ગણી જ વધારે છે. આમ તુલનાત્મક રીતે યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં ભારત કરતાં વધુ ખર્ચેલાભ ધરાવે છે. આ જ બાબત બીજી રીતે કહીએ તો ભારત નિરપેક્ષ ખર્ચની રીતે યુ.એસ.એ કરતાં બંને વસ્તુઓના ઉત્પાદનમાં વધુ ખર્ચ ધરાવે છે. અથવા ઓછી કાર્યક્ષમતા ધરાવે છે. માટે યુ.એસ.એ પોલાદના ઉત્પાદનમાં અને ભારત ખાંડના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરે અને બંને દેશો વચ્ચે આ વસ્તુઓનો વ્યાપાર થાય તે બંને દેશો માટે લાભદાયી છે.

આમ કોઈ એક વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરે તો તેટલા જ શ્રમખર્ચ દ્વારા ભારતમાં 3 ટન ખાંડ અને યુ.એસ.એ માં 3ટન પોલાદ પેદા કરી શકાશે અને જો તેઓ વચ્ચે 1 ટન ખાંડ = 1 ટન પોલાદ એ દરે વિનિમય થાય તો ભારત $1\frac{1}{2}$ ટન ખાંડના બદલામાં $1\frac{1}{2}$ ટન પોલાદ પ્રાપ્ત થશે અથવા યુ.એસ.એ $1\frac{1}{2}$ ટન પોલાદના બદલામાં $1\frac{1}{2}$ ટન ખાંડ પ્રાપ્ત કરશે. આ પ્રમાણે કરવાથી બંને દેશો વ્યાપાર પહેલાની સ્થિતિ કરતાં વ્યાપાર પછીની સ્થિતિમાં વધુ આર્થિક સંપતિ અને સુખાકરીનો અનુભવ કરશે. ટૂંકમાં પ્રાપ્ત ઉત્પાદનના સાધનો વડે એક દેશ વ્યાપાર વગરની સ્થિતિમાં જેટલું આર્થિક કલ્યાણ પ્રાપ્ત કરી શકે તેના કરતાં વ્યાપાર કરીને વધુ આર્થિક કલ્યાણ પ્રાપ્ત કરી શકે છે.

### 12.3.1 રિકાર્ડોના સિધ્ધાંતની ટીકાઓ :-

**1) સ્થિર અર્થતંત્રનું વિશ્લેષણ**

ઉત્પાદન પધ્ધતિમાં કોઈ ફેરફાર થતો નથી તેમજ લોકોની અભિરુચિ સ્થિર રહે છે આથી આ સિધ્ધાંતનું વિશ્લેષણ સ્થિર અર્થતંત્ર પૂરતું જ ઉપયોગી છે. પરંતુ વાસ્તવમાં ઘણુંખરું અર્થતંત્રો ગતિશીલ હોય છે કારણ કે લોકોની અભિરુચિ લાંબા સમય સૂધી સ્થિર રહેતી નથી ઉત્પાદન પધ્ધતિ સમય જતાં બદલાય છે. આથી આ સ્થિર અર્થતંત્રની ધારણા અવાસ્તવિક બંને છે.

**2) કલ્યાણલક્ષી સિધ્ધાંત**

તુલનાત્મક ખર્ચ તફાવતનો સિધ્ધાંત આંતરરાષ્ટ્રીય વ્યાપારની શકયતા તેમાંથી મળતા લાભ તપાસે છે. શ્રમવિભાજનથી ઉત્પાદનના સાધનોની વહેંચણી કેવી રીતે કાર્યક્ષમ બંને છે તે સાબિત થતું નથી તથા ઈજારા કે સંપૂર્ણ હરીફાઈની પરીસ્થિતિ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.

**3) અપૂર્ણ સિધ્ધાંત :-**

આ સિધ્ધાંતમાં વ્યાપારના ઉદ્દભવ માટે માત્ર ખર્ચ તફાવત જ જવાબદાર છે પરંતુ બંને દેશો વચ્ચે બંને વસ્તુઓનો વ્યાપાર કયા વિનિમય દરે થશે અને તેનું પરિણામ કેટલું હશે તે સમજાવી શકાતું નથી. આ સિધ્ધાંતમાં માંગ બાજુની ઉપેક્ષા કરે છે.

**4) મૂલ્યના શ્રમ-સિધ્ધાંત પર આધારિત સિધ્ધાંત :-**

આ સિધ્ધાંતમાં માની લેવામાં આવ્યું છે કે, સમાન ગુણી વસ્તુનું મૂલ્ય તે વસ્તુ પાછળ ખર્ચાયેલા શ્રમના પ્રમાણ પર આધારિત છે. અને તેની સાથે એવી ધારણા કરે છે કે શ્રમના બધાં જ એકમો એકસરખા છે. આં બંને ધારણાઓ અવાસ્તવિક છે.

**5) સ્થિર ખર્ચ અને સંપૂર્ણ વિશિષ્ટીકરણની ધારણા :-**

વાસ્તવમાં સંપૂર્ણ વિશિષ્ટીકરણની સ્થિતિ જોવા મળતી નથી વ્યવહારમાં ઘણુંખરું વધતા જતા ખર્ચની પરીસ્થિતિ હોય છે કે જે સંપૂર્ણ વિશિષ્ટીકરણ સર્જે છે. કારણ કે ગ્રેહામ લખે છે આંતરરાષ્ટ્રીય વેપારમાં જોડાયેલ દેશોનું કદ એકસરખું નથી તેથી નાનો દેશ મોટા દેશની જરૂરિયાત સંપૂર્ણ પણે સંતોષી શકે નહિ. તેથી મોટા દેશ પોતાની જરૂરિયાત સંતોષવા માટે આયાતો ઉપરાંત દેશમાં જ વસ્તુનું ઉત્પાદન કરશે તેથી સ્વાવલંબન પ્રાપ્ત કરવાની નીતિ પ્રબળ હોવાથી પણ સંપૂર્ણ વિશિષ્ટીકરણ શકય બનતું નથી.

**6) હેરફેરનું ખર્ચ :-**

આ સિધ્ધાંતમાં વસ્તુઓની આંતરરાષ્ટ્રીય હેરફેરમાં થતાં ખર્ચ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.

**7) બે દેશ, બે વસ્તુઓની ધારણા :-**

વ્યવહારમાં વ્યાપાર બે કરતાં વધુ દેશો વચ્ચે તેમજ બે વસ્તુઓ કરતાં વધુ વસ્તુઓનો થાય છે આ ઉપરાંત તુલનાત્મક ખર્ચ તફાવતના કારણો વિશે અસ્પષ્ટતા છે તથા પૂર્ણ રોજગારીની પ્રવર્તે છે, તેવી અવાસ્તવિક ધારણા કરવામાં આવી છે.

## 12.4 સમાન ખર્ચ તફાવત :-

રિકાર્ડોના તુલનાત્મક ખર્ચના સિધ્ધાંતને આધારે ક્યારે બે દેશો વચ્ચે વ્યાપાર ન થાય અથવા શકય ન બંને તે પણ આપણે સમજાવી શકીએ છીએ જો નિરપેક્ષ ખર્ચ લાભ હોય પરંતુ સાપેક્ષ કે તુલનાત્મક ખર્ચ લાભ ન હોય તો બંને દેશો વચ્ચે લાભદાયી બને તેવો વ્યાપાર શકય બનતો નથી.આ બાબતને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| દેશ | એક ટન ખાંડ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) | એક ટન પોલાદ પેદા કરવાનું વાસ્તવિક ખર્ચ (શ્રમ દિવસોમાં) |
|---|---|---|
| ભારત | 30 | 60 |
| યુ.એસ.એ | 10 | 20 |

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ ભારત અને યુ.એસ.એ. ખાંડ અને પોલાદના ઉત્પાદનમાં તુલનાત્મક ખર્ચની રીત અથવા કાર્યક્ષમતાની બાબતમાં એકસરખી સ્થિતિ ધરાવે છે. ભારતમાં 1 ટન ખાંડ =$\frac{1}{2}$ ટન પોલાદની સ્થિતિ છે. તે જ રીતે યુ.એસ.એ માં પણ 1 ટન ખાંડ = $\frac{1}{2}$ ટન પોલાદની સ્થિતિ છે. આ બંને દેશોમાં એક સરખી જ છે. આથી તેમની વચ્ચે આ બે ચીજવસ્તુઓનો વ્યાપાર કરવા માટે જરૂરી ખર્ચ તફાવત કે કિંમત તફાવત રહેતો નથી અને તેથી લાભદાયી વ્યાપારની શકયતા પણ નથી.

આમ જયારે કોઈ દેશ બીજા દેશ બીજા દેશ કરતાં બંને વસ્તુઓના ઉત્પાદનમાં શ્રેષ્ઠ હોય પરંતુ બંને વસ્તુઓના ઉત્પાદનમાં શ્રેષ્ઠતા સરખી હોય તો સમાન ખર્ચ તફાવત કહેવાય. આમ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીઓના મત મુજબ જો બંને દેશોમાં ઉત્પાદન ખર્ચ સમાન દેશનો આંતરરાષ્ટ્રીય વેપારથી આ દેશોને લાભ નહિ થાય.

## 12.5 હેકસર-ઓહલીનનો સાધન ઉપલબ્ધતાનો સિધ્ધાંત (Factor Endowment Theory)

આ સિધ્ધાંત મુજબ જુદાં જુદાં દેશોમાં સાધનોના સાપેક્ષ પ્રમાણમાં રહેલો તફાવત જ આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કારણ છે. ઓહલીનના મત મુજબ કેટલાક દેશોમાં શ્રમની સરખામણીમાં મૂડીનો પુરવઠો વધુ હોય છે તો કેટલાક બીજા દેશોમાં મૂડીની સરખામણીમાં શ્રમનો પૂરવઠો વધુ હોય છે જે દેશમાં શ્રમ વિપુલ પ્રમાણમાં હોય તે દેશમાં વેતનદર નીચા હોય છે. તેથી તે દેશ શ્રમપ્રચૂર વસ્તુઓના સાપેક્ષ રીતે ઓછા ખર્ચ પેદા કરી શકે છે આથી વિરુધ્ધ જે દેશમાં મૂડી વિપુલ પ્રમાણમાં હોય તે દેશમાં વ્યાજના દર નીચા હશે અને તે દેશ મૂડીપ્રચૂર વસ્તુઓ સાપેક્ષ રીતે ઓછો ખર્ચ પેદા કરી શકે છે. આમ શ્રમની વિપુલતા ધરાવતો દેશ શ્રમપ્રચૂર વસ્તુઓનું ઉત્પાદન અને નિકાસ કરશે.

### 12.5.1 સિધ્ધાંતની ધારણાઓ :-

- બે દેશો બે વસ્તુઓ અને ઉત્પાદનના બે જ સાધનો છે.
- બે દેશોમાં વ્યાપાર મુક્ત છે અને તેમની વચ્ચેના વ્યાપારમાં વાહનવ્યવહારનું ખર્ચ શૂન્ય છે.
- વસ્તુઓ અને સાધનોના બજારમાં પૂર્ણહરિફાઈ પ્રવર્તે છે.
- બધી જ વસ્તુના ઉત્પાદન વિધેયો એક ઘાતીય સમસ્વરૂપના છે.
- જુદીજુદી વસ્તુઓ માટેના ઉત્પાદન વિધેયો માં સાધન પ્રચૂરતા જુદીજુદી છે. પરંતુ

કોઈ એક જ વસ્તુનુ ઉત્પાદન વિધેય જુદાજુદા દેશોમાં એક સરખી જ સાધનપ્રચૂરતા ધરાવે છે.

➢ બંને દેશોમાં સાધનોની ગુણવત્તા એક સાથી છે.

**12.5.2 સાધન વિપુલતાનો અર્થ :-**

હેક્સર ઓહલીન સિધ્ધાંતમાં સાધન વિપુલતા બે જુદીજુદી રીતે દર્શાવવામાં આવે છે.

1) સાધન કિંમતની રીત


2) સાધનોના ભૌતિક જથ્થાની રીત

**1) સાધન કિંમતની રીત :**

આ રીત પ્રમાણે જો કોઈ એક દેશમાં બીજા દેશની સરખામણીમાં મૂડીની કિંમત (વ્યાજનો દર) નીચી હોય અને શ્રમની કિંમત (વેતન દર) ઊંચી હોય તો એક દેશમાં મૂડીની વિપુલતા છે અને બીજા દેશમાં શ્રમની વિપુલતા છે એમ કહેવાય આ રીતે મુજબ બંને દેશોમાં આ સાધનોનો જથ્થો કેટલો છે તે ધ્યાનમાં લેવામાં આવતુ નથી.

આ પધ્ધતિમાં બંને દેશોમાં રહેલા સાધનના પૂરવઠા અને માંગના પરિબળોને જ લક્ષમાં લેવામાં આવે છે કારણ કે કોઈપણ સાધનની કિંમત તેની માંગ અને પુરવઠો સંયુક્ત રીતે નક્કી કરતાં હોય છે.

યુ.એસ.એ જેવો દેશ કે જ્યાં મૂડીનો પૂરવઠો ભારત જેવા દેશની તુલનામાં ઘણો વધારે છે તે, ભારતની સરખામણીમાં મૂડીની વિપુલતા ધરાવતો દેશ નથી જો યુ.એસ.એ માં લોકોની મૂડીપ્રચૂર વસ્તુઓની માંગ ઘણી જ વધારે હોય તો મૂડીના સાધનોની માંગ પણ તેના પુરવઠાની તૂલનામાં વધારે રહેશે આથી અર્થતંત્રમાં મૂડીની અછત હોય તેવી સ્થિતિ પેદા થશે. જે મૂડીની ઊંચી કિંમત કે વ્યાજના ઊંચા દરોમાં વ્યક્ત થશે. આમ જથ્થાની રીતે યુ.એસ.એ માં મૂડીની વિપુલતા લાગે પરંતુ તેની કિંમતની રીતે અછત પ્રવર્તે છે. (વિપુલતા નથી) એમ કહેવાય.




આકૃતિ મુજબ BB એ ભારતની અને AA એ અમેરિકાની ઉત્પાદન શકયતા રેખા છે. ભારત એ શ્રમના જથ્થામાં અને અમેરિકા એ મૂડીના જથ્થામાં વિપુલતા ધરાવતાં હોવાથી ભારત X વસ્તુ (કાપડ) શ્રમપ્રચૂર અને અમેરિકામાં Y વસ્તુ (યંત્રો) મૂડીપ્રચૂર છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર પહેલા ભારત N બિંદુએ પ્રાપ્ત થતા X અને Y વસ્તુઓના સંયોજનની માંગ કરે છે. જ્યારે અમેરિકા M બિંદુએ પ્રાપ્ત થતા સંયોજનની માંગ કરે છે.બંને દેશની PP કિંમત રેખા સામાન્ય છે.PP નો ઢાળ M અને N બિંદુએ સરખો છે. અર્થાત Y ના સંદર્ભમાં X નુ મૂલ્ય બંને દેશોમાં સરખું છે આ પરીસ્થિતિમાં શ્રમનો વિપુલ જથ્થો ધરાવતા દેશને શ્રમપ્રચૂર વસ્તુઓના

ઉત્પાદનમાં તુલનાત્મક લાભ નથી, જયારે મૂડી પ્રધાન દેશોમાં મૂડીપ્રચૂર વસ્તુઓના ઉત્પાદનમાં તુલનાત્મક લાભ નથી.

**2) સાધનોના ભૌતિક જથ્થાની**


આ રીત પ્રમાણે જો એક દેશમાં બંને સાધનો મૂડી અને શ્રમનો ગુણોત્તર બીજા દેશમાં રહેલા મૂડી અને શ્રમના ગુણોત્તર કરતાં ઊંચો હોય તો એક દેશમાં મૂડીની વિપુલતા છે. અને બીજા દેશમાં શ્રમની વિપુલતા છે એમ કહેવાય :-

**દા.ત.**

$$\frac{\text{મૂડીના એકમો (યુ.એસ.એ}}{\text{શ્રમના એકમો (યુ.એસ.એ)}} > \frac{\text{મૂડીના એકમો (ભારત)}}{\text{શ્રમનાં એકમો (ભારત)}}$$

તેનો અર્થ એ છે કે યુ.એસ.એ માં મૂડીની વિપુલતા છે અને ભારતમાં શ્રમની વિપુલતા છે સાધન વિપુલતા દર્શાવવાની આ પધ્ધતિમાં એક દેશ અને બીજા દેશમાં રહેલ મૂડી અને શ્રમના ભૌતિક જથ્થાની સાપેક્ષ (ગુણોત્તર રૂપે) તૂલના કરવામાં આવે છે. એટલે કે આ પધ્ધતિમાં માત્ર સાધનોનો પુરવઠો જ લક્ષમાં લેવામાં આવે છે. અને તેની માંગ તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે.

આ બંને પધ્ધતિઓ એક સરખી નથી હેકસર ઓહલીન સિધ્ધાંત પ્રમાણે વ્યાપારની તરેહ તો જ સમજાવી શકાય છે કે જો આપણે સાધન કિંમતની રીતે સાધન વિપુલતાની પધ્ધતિ ઉપયોગમાં લઈએ. ભૌતિક જથ્થાની સાધન-વિપુલતાની પધ્ધતિ ઉપયોગમાં લઈને આ સિધ્ધાંત પ્રમાણેની વ્યાપારની તરેહ હંમેશા સમજાવી શકાતી નથી આથી જ ઓહલીને પોતાનો સિધ્ધાંત સમજાવવામાં સાધન વિપુલતાની સાધન કિંમતની પધ્ધતિને જ ઉપયોગમાં લીધી છે. જો કે ઓહલીન એવો મત ધરાવે છે કે કોઈ એક દેશમાં કોઈ એક સાધનની સાપેક્ષ કિંમત બીજા દેશ કરતાં નીચી હોય તો તે એ બાબત પ્રતિબિંબિત કરે છે કે તે દેશમાં તે સાધનનો ભૌતિક જથ્થો બીજા દેશ કરતાં સાપેક્ષ રીતે વધુ છે. એટલે કે તે દેશ તે સાધનની વિપુલતા ધરાવે છે.




ઉપરની આકૃતિX અને Y અનુક્રમે શ્રમપ્રચૂર વસ્તુ (કાપડ) અને મૂડીપ્રચૂર વસ્તુ (યંત્રો) છે. BB એ ભારતની ઉત્પાદન શકયતા રેખા છે જે દર્શાવે છે કે, ભારત પોતાના બધા જ સાધનો X (કાપડ) ના ઉત્પાદનમાં રોકે તો અમેરિકા કરતાં કાપડનું વધારે ઉત્પાદન કરી શકે. જયારે અમેરિકાની ઉત્પાદન શકયતા રેખા AA છે જે દર્શાવે છે કે અમેરિકા પોતાના બધાં જ સાધનોની મદદથી ભારત કરતાં Y (યંત્રો) નું ઉત્પાદન વધારે કરી શકે છે. બંને દેશોમાં વસ્તુઓની માંગ સરખા પ્રમાણમાં છે એમ ધારી લઈએ તો આંતરરાષ્ટ્રીય વેપાર પહેલાં બંને દેશમાં બંને વસ્તુઓનુ ઉત્પાદન સરખા પ્રમાણમાં થાય છે. આ વસ્તુ મધ્યબિંદુએથી શરૂ થતી 45°ની રેખા

દર્શાવે છે. આ 45°ની રેખા દર્શાવે છે ભારતની ઉત્પાદન શકયતા રેખા BB એ M બિંદુએ સ્પર્શે છે. અને અમેરિકાની ઉત્પાદન શકયતા રેખા AA એ N બિંદુએ ઉત્પાદન કરતાં હોય તો વસ્તુઓના ઉત્પાદનનો ગુણોત્તર સરખો થશે M બિંદુએ સ્પર્શતી PP કિંમત રેખા ભારતમાં X નું મૂલ્ય (Y ના સંદર્ભમાં) દર્શાવે છે જયારે N બિંદુએ સ્પર્શતી QQ કિંમત રેખા અમેરિકામાં Y નું મૂલ્ય (X ના સંદર્ભમાં) દર્શાવે છે. PP કરતાં QQ કિંમત રેખાનો ઢાળ વધુ છે એનો અર્થ એ થાય છે કે ભારત કરતાં અમેરિકામાં X નું મૂલ્ય વધુ છે. ભારતમાં X વસ્તુ (કાપડ) સસ્તી અને Y વસ્તુ (યંત્રો) મોંઘી છે. જયારે અમેરિકામાં

X વસ્તુ મોંઘી અને Y વસ્તુની સસ્તી છે. ભારત X વસ્તુની નિકાસ કરશે અને અમેરિકા Y વસ્તુની નિકાસ કરશે આ રીતે ભારત શ્રમપ્રચૂર ઉત્પાદન પધ્ધતિમાં અને અમેરિકા મૂડીપ્રચૂર ઉત્પાદન પધ્ધતિમાં વસ્તુઓના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ અપનાવશે.

### 12.5.3 સિધ્ધાંતની મર્યાદાઓ

લિયોન્ટિફે અમેરિકાના નિકાસ ઉદ્યોગ તેમજ આયાત અવેજ ઉદ્યોગના કરેલા અભ્યાસમાંથી એવું જાણવા મળ્યુ કે અમેરિકાની નિકાસો શ્રમપ્રચૂર અને આયાતો, મૂડીપ્રચૂર છે. લિયોન્ટિફ વિરોધાભાસ કે ‘કોયડા’ તરીકે ઓળખાય છે.

આ સિધ્ધાંતમાં બુકાનન તેમજ જેરોસ્લેવ યાનેક નામના અર્થશાસ્ત્રી દલીલ કરે છે કે કુદરતી સાધનોની અવગણના કરવામાં આવી છે.

આ સિધ્ધાંત સ્થિર સિધ્ધાંત છે. ઉત્પાદન પરિસ્થિતિ બદલાતા વસ્તુઓના તુલનાત્મક ખર્ચ લાભમાં કર્યો ફેરફાર થશે તે અંગેની ચર્ચા કરવામાં આવી નથી.

પ્રો.એલ્સવર્થ આ સિધ્ધાંતની ટીકા કરતા જણાવ્યું કે આ સિધ્ધાંતમાં સમાન ઉત્પાદન વિધેયની ધારણા સાચી નથી

આ ઉપરાંત વેચાણ ખર્ચ સામૂહિક સોદાશક્તિ ઉદ્યોગોની આંતરિક વ્યવસ્થા જકાત વાહનવ્યવહાર ખર્ચ વગેરે પરિબળો આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે. જેની આ સિધ્ધાંતમાં અવગણના કરવામાં આવી છે.

### 12.6 સ્વાધ્યાય

- **મુદ્દાસર પ્રશ્નોના જવાબ આપો**

1. વેપાર એટલે શું ? તથા સમાન ખર્ચ તફાવતની ચર્ચા કરો.
2. તૂલનાત્મક ખર્ચના સિધ્ધાંત તથા તેની ધારણા અને મર્યાદા દર્શાવો.
3. નિરપેક્ષ ખર્ચ તફાવતની સમજૂતી આપો.
4. હેકસર-ઓહલીનનો સાધન ઉપલબ્ધતાનો સિધ્ધાંત સમજાવો.

- **બહુવિકલ્પી પ્રશ્નો**

1) ઉત્પાદનખર્ચના તફાવતના મુખ્ય પ્રકારો કેટલા છે.

(a) 3 (b) 4

(c) 4 (d) 6

2) જયારે કોઈ દેશ બીજા દેશની સરખામણીમાં સંપૂર્ણ ઓછા ખર્ચ ઉત્પાદન કરે તો તેને શું કહેવાય ?

(a) સંપૂર્ણ ખર્ચ તફાવત (b) તુલનાત્મક તફાવત

(c) (a) અને (b) બન્ને (d) ઉપરોક્ત કોઈ નહિ

3) કયા અર્થશાસ્ત્રી મુજબ વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક લાભ વધુમાં વધુ હોય કે તુલનાત્મક ગેરલાભ ઓછામાં ઓછા હોય તેવી વસ્તુના ઉત્પાદનમાં દેશ ધ્યાન કેન્દ્રિત કરે છે.

(a) પ્રો.એલ્સવર્થ (b) એડમ સ્મિથ
(c) પ્રો.વીનેર (d) માર્શલ

4) તુલનાત્મક ખર્ચના તફાવતનો સિધ્ધાંત કોણે આપ્યો

(a) હેબરલર (b) એડમ સ્મિથ
(c) માર્શલ (d) રિકાર્ડો

5) જુદાજુદા દેશોમાં કોઈ એક વસ્તુના વૈકલ્પિક ખર્ચમાં તફાવત માટે જુદાં જુદાં દેશોમાં સાધોના સાપેક્ષ પ્રમાણના તફાવતને જવાબદાર ગણવામાં આવે છે.

(a) સાધન ઉપલબ્ધતા (b) સમાન ખર્ચ
(c) નિરપેક્ષ ખર્ચ (d) સાપેક્ષ ખર્ચ

6) સાધન વિપુલતાના સંદર્ભમાં સિધ્ધાંતની સમજૂતી કેટલી રીતે આપી શકાય

(a) એક (b) બે
(c) ત્રણ (d) ચાર

7) બે દેશોની સાધન વિપુલતા બે સાધનોના ગુણોત્તર દ્વારા દર્શાવામાં આવે છે.

(a) આંતરિક વેપાર (b) વૈકલ્પિક ખર્ચ
(c) સાધન કિંમત (d) ભૌતિક જથ્થા

8) લિયોન્ટિફ વિરોધાભાસ માં લિયોન્ટિફે કયા દેશ પર સંશોધન કર્યું છે ?

(a) ભારત (b) નેપાળ
(c) અમેરિકા (d) બાંગ્લાદેશ

9) બે દેશો વચ્ચે વેપાર માટે અસર કરતા પરિબળ કયા છે ?

(a) વેચાણ ખર્ચ (b) જકાત
(c) વાહનવ્યવહાર ખર્ચ (d) ઉપરોક્ત તમામ

10) નિરપેક્ષ ખર્ચ તફાવતનો સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ આપ્યો ?

(a) મિલ (b) માર્શલ
(c) એડમ સ્મિથ (d) વાઈનર

**જવાબ**

1) (a) 2) (a) 3) (a) 4) (d) 5) (a) 6) (b)
7) (d) 8) (c) 9) (d) 10) (c)

# એકમ : 13 આંતરરાષ્ટ્રીય વેપાર નીતિ

## : રૂપરેખા :


13.1 પ્રસ્તાવના

13.2 અર્થ અને ખ્યાલ

13.3 આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વ

13.4 આંતરરાષ્ટ્રીય વેપારની નીતિ

13.5 મુક્ત વેપાર નીતિ

13.5.1 અર્થ

13.5.2 મુક્ત વેપારના લાભ

13.5.3 મુક્ત વેપારના ગેરલાભ

13.6 સંરક્ષણ વેપાર નીતિ

13.6.1 અર્થ

13.6.2 બાળ ઉદ્યાગની દલીલ

13.6.2.1 બાળ ઉદ્યોગને રક્ષણ શા માટે?

13.6.2.2 રક્ષણ માટેની શરતો

13.6.2.3 સંરક્ષણની દલીલ

13.6.2.4 ફાયદાઓ (લાભ)

13.6.2.5 મર્યાદાઓ (ગેરલાભ)

13.6.3 સંરક્ષણ માટે રોજગારીની દલીલ

13.6.4 ઔદ્યોગિકરણ માટે સંરક્ષણ

13.6.4.1 ઔદ્યોગિકરણ માટે સંરક્ષણની તરફેણની દલીલો

13.6.4.2 મર્યાદાઓ

13.7 આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરતાં પરિબળો

13.8 આંતરરાષ્ટ્રીય વેપારના ફાયદા

13.9 આંતરરાષ્ટ્રીય વેપારના ગેરફાયદા


## 13.1 પ્રસ્તાવના

પ્રાચીનકાળમાં ચીજવસ્તુઓ અને સેવાઓનું વેચાણ નાણાકીય સ્વરૂપમાં નહી, પરંતુ સાટા પ્રથાનાં સ્વરૂપમાં થતું હતું અર્થાત વસ્તુ કે સેવાનાં બદલામાં વસ્તુ કે સેવાની આપલે. વેપાર એટલે આર્થિક હેતુથી ચીજવસ્તુઓ કે સેવાનું વેચાણ. વેપાર એટલે એવી વ્યવસાયિક/ધંધાકીય પ્રવૃત્તિ કે જેમાં...

વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટૅક્નૉલૉજી, ટૅક્નિકલ માહિતી, બૌદ્ધિક સંપદાનો વિનિમય થાય છે.

આવક કે નફાની પ્રાપ્તિ માટે વસ્તુઓ અને સેવાઓની હેરફેર કરવામાં આવે છે.

ટૂંકમાં, વેપાર એટલે ચીજવસ્તુઓનો વિનિમય.

જો આ વેપાર પ્રવૃત્તિ કોઈ એક દેશનાં રાજ્ય કે પ્રદેશ પુરતી સીમિત હોય તો તેને આંતરિક વેપાર કહેવામાં આવે છે. દા.ત., ગુજરાત થી રાજસ્થાન વચ્ચે થતી ખાંડ અને કાપડની આપ-લે.

જયારે આંતરરાષ્ટ્રીય વેપારમાં વેપાર પ્રવૃત્તિઓ વિશ્વનાં કોઈ બે કે તેથી વધુ દેશો વચ્ચે થાય છે. આંતરરાષ્ટ્રીય વેપાર એ શ્રમ વિભાજનનું પરિણામ છે અર્થાત કોઈપણ પ્રકારનાં વેપારના ઉદ્ભવ માટે મુખ્ય જવાબદાર પરિબળ શ્રમ વિભાજન છે. દરેક દેશની શ્રમની ઉત્પાદકતા અને કૌશલ્ય જુદા જુદા હોય છે. નિયોજન શક્તિની કાર્યક્ષમતા પણ જુદી હોય છે. આમ, બે દેશો વચ્ચે શ્રમ-વિભાજન અને વિશિષ્ટિકરણ જોવા મળે છે. જે તે વસ્તુનાં ઉત્પાદનમાં વિશિષ્ટતા ધરાવતા બે કે તેથી વધુ દેશો, તેવી ચીજવસ્તુઓનો ઉત્પાદન કરી વસ્તુઓનો આયાત-નિકાસ કરી આંતરરાષ્ટ્રીય વેપાર શક્ય બનાવે છે. દરેક દેશનાં ઉત્પાદનનાં સાધનો જુદા-જુદા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આ બધા દેશો પાસે સંશોધનો, ટૅક્નૉલૉજી પૂરતા પ્રમાણમાં હોતી નથી જેથી તે વિદેશ વેપાર કરી પોતાની જરૂરિયાતો પૂર્ણ કરે છે. દરેક દેશ પાસે ઉત્પાદનનાં સાધનો અને સંસાધનો જુદા-જુદા હોવાના કારણે વસ્તુ અને સેવાઓનો ઉત્પાદન ખર્ચ પણ જુદો-જુદો હોય છે. ઉત્પાદનનાં કેટલાક સાધનોની અછત અને ઉંચી કિંમત હોવાને કારણે વસ્તુ કે સેવાનો ઉત્પાદન ખર્ચ પણ ઊંચો હોય છે. ઘરેલું ખર્ચ ઊંચો હોય ત્યારે તે પરિસ્થિતિમાં વસ્તુ કે સેવાની આયાત કરવી સરળ અને સસ્તી બને છે. બધા દેશોમાં સરખી ટૅક્નૉલૉજીકલ પ્રગતિ જોવા મળતી નથી. અમુક દેશો ટૅક્નૉલૉજીકલ પ્રગતિમાં મોખરે હોય છે. દરેક દેશમાં વસ્તુની કાર્યક્ષમતા એકસરખી ન હોવાથી બે દેશો વચ્ચે ચીજવસ્તુઓ અને સેવાનો આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે.

## 13.2 અર્થ અને ખ્યાલ

➢ આંતરરાષ્ટ્રીય વેપારને 'બ્રાહ્ય વેપાર' કે 'વિદેશ વેપાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

➢ આંતરિક વેપાર આપણી વચ્ચેનો વેપાર છે જયારે આંતરરાષ્ટ્રીય વેપાર આપણી અને તેમની વચ્ચેનો વેપાર છે.

"Domestic Trade is among us, while international trade is between us and them" ***-Fredrick List***

➢ "જયારે શ્રમ-વિભાજન દેશની સીમાઓ ઓળંગીને વિસ્તૃત થાય છે ત્યારે તે આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે.-હેરોડ

➢ આંતરરાષ્ટ્રીય વેપાર એટલે વિશ્વનાં જુદા-જુદા સાર્વભૌમ રાષ્ટ્રો વચ્ચે ચીજવસ્તુઓનો વિનિમય.

➢ દેશની હદની બહાર થતી વેપાર પ્રવૃત્તિને આંતરરાષ્ટ્રીય વેપાર કે વિદેશ વેપાર કહે છે.

દા.ત., ભારત અને અમેરિકા વચ્ચે ચાલતો વેપાર.

## 13.3 આંતરરાષ્ટ્રીય વેપાર નીતિનું મહત્ત્વ

આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વ નીચે મુજબ છે.

1. આંતરરાષ્ટ્રીય હરીફાઈને ઉત્તેજન મળે છે. જેથી હરીફાઈનાં લાભ ગ્રાહકોને પ્રાપ્ત થાય છે.
2. આંતરરાષ્ટ્રીય શ્રમ-વિભાજનનો લાભ મળે છે. ઓછા ઉત્પાદન ખર્ચ, વધુ ગુણવત્તાવાળી વસ્તુઓ અને સેવાઓ વિશ્વનાં દરેક દેશને પ્રાપ્ત થાય છે.
3. જો દેશમાં કોઈ વસ્તુ કે સેવાની અછત હોય તો તે આયાતો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.
4. જો દેશમાં કોઈ વસ્તુનું ઉત્પાદન ન થતું હોય તેવી વસ્તુઓની આયાતો કરીને લોકો તેમનો વપરાશ કરી શકે છે.
5. આંતરરાષ્ટ્રીય વેપારનાં કારણે સાધનોની વ્યર્થ હેરફેર કરવાની જરૂર રહેતી નથી.
6. આંતરરાષ્ટ્રીય વેપારથી દેશનો ઝડપી આર્થિક વિકાસ શક્ય બને છે. આર્થિક વિકાસ માટે જરૂરી મૂડી, યંત્રો, કાચોમાલ, ટૅક્નિકલમાહિતી વગેરેની આયાતો કરી દેશનો આર્થિક વિકાસ સાધી શકાય છે.
7. આંતરરાષ્ટ્રીય વેપારને કારણે સાધનોનાં કરકસરયુક્ત ઉપયોગ દ્વારા ન્યૂનતમ ખર્ચે વધુ ઉત્પાદન પ્રાપ્ત કરી શકાય છે.
8. વૈશ્વિક સ્તરે નાગરિકોનાં જીવનધોરણમાં સુધારો થાય છે.
9. ઉત્પાદન વિષયક અધતન ટૅકનૉલૉજી અને વૈજ્ઞાનિક માહિતી મેળવી શકાય છે.
10. કુદરતી આપત્તિ જેવી પરિસ્થિતિમાં અસરગ્રસ્ત લોકોને મદદ કરવા, પછાત અર્થતંત્રનાં ઉત્થાન માટે, નવા બજારો પ્રાપ્ત કરવા અને ઓછી કિંમતે વસ્તુ અને સેવાઓનું મોટા આંતરરાષ્ટ્રીય વેપાર કોઈપણ દેશનાં સંદર્ભમાં ઉપયોગી નીવડે છે.

## 13.4 આંતરરાષ્ટ્રીય વેપારનીતિ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનાં આંતરરાષ્ટ્રીય વેપારનાં સિદ્ધાંતોમાં એક નીતિવિષયક બાબત સમાવિષ્ટ હતી કે, વિશ્વનાં દેશો મુક્ત રીતે ચીજવસ્તુઓ-સેવાઓનો આંતરરાષ્ટ્રીય વેપાર કરે તો સમગ્ર વિશ્વમાં ઉત્પાદન સાધનોની ફાળવણી ઈસ્ટ રીતે થાય અને સમગ્ર વિશ્વને મહત્તમ ઉત્પાદનનો લાભ શક્ય બને. આ જ મત અર્થશાસ્ત્રીનાં પિતા 'એડમ સ્મિથ' નો પણ હતો. તેમનાં મુજબ દેશનાં સાધનોનાં મહત્તમ ઉપયોગ માટે મુક્ત વેપારનીતિ અપનાવવી જોઈએ. એડમ સ્મિથ ઉપરાંત ડેવિડ રિકાર્ડો, જે.એસ.મિલ, માર્શલ, પીગું અને તોસિંગ પણ મુક્ત વેપારનીતિનાં હિમાયતી હતા.

દેશની આયાતો અને નિકાસો અંગેની નીતિ એટલે વેપારનીતિ. કોઈપણ દેશનાં બાહ્યઆર્થિક સબંધોને નિયંત્રિત કરતાં તમામ પગલાનો સમાવેશ વેપાર નીતિમાં થાય છે. વેપારનીતિનો નિર્ણય લેતી વખતે દેશની સરકાર પાસે બે વિકલ્પો હોય છે.,

1. મુક્ત વેપારનીતિ
2. સંરક્ષણની નીતિ

## 13.5 મુક્ત વેપારનીતિ

આંતરરાષ્ટ્રીય વેપારમાં પ્રવેશતી વસ્તુઓનાં આંતરરાષ્ટ્રીય અને આંતરિક ભાવો વચ્ચે વાહનવ્યવહાર ખર્ચને બાદ કરતાં જો કોઈ તફાવત પ્રવર્તતો ન હોય તો તે મુક્ત વેપાર નીતિની સ્થિતિ છે. મુક્ત વેપારનીતિ બિનહસ્તક્ષેપનાં સિદ્ધાંતનું એક પાસું છે. ટૂંકમાં, વેપાર કરતાં દેશોમાં વસ્તુઓની આયાત અને નિકાસ પર કોઈપણ જાતનાં નિયંત્રણ કે અવરોધ વગર મુક્ત રીતે વેપાર કરવામાં આવતું હોય તો તેને મુક્ત વેપાર નીતિ કહેવાય છે.

**13.5.1અર્થ**

➤ ''બે દેશો વચ્ચે કુદરતી રીતે ચાલતા વેપાર પર કોઈ પણ જાતનાં નિયંત્રણો મુકવામાં ન આવે તો તેને મુક્ત વેપાર કહેવામાં આવે છે.''

➤ ''જયારે દેશી અને વિદેશી વસ્તુઓ વચ્ચે કોઈ ભેદ પાડવામાં આવતો ન હોય, વિદેશમાંથી આવતી વસ્તુઓ ઉપર કોઈ કર નાખવામાં આવતો ન હોય અને દેશની વસ્તુને કોઈ આર્થિક સહાય અપાતી ન હોય ત્યારે વેપાર મુક્ત છે તેમ કહેવાય.''

***- એડમ સ્મિથ***

➤ ''જયારે જુદા જુદા દેશો વચ્ચેઓ અને સેવાઓની છુટથી હેરફેર થતી હોય, બધા જ પ્રકારનાં નિયંત્રણો, પ્રોત્સાહન સંપૂર્ણપણે ગેરહાજર હોય ત્યારે તેને મુક્તવેપાર કહેવાય.''-જગદીશ ભગવતી

➤ ''પ્રામાણિકતાની જેમ મુક્ત વેપાર એ ઉત્તમ વેપાર નીતિ છે.

***–નિકૉલસન***

"Free trade like honesty is still the best policy.

➤ ''મુક્ત વેપાર એટલે રાજયનાં નિયંત્રણો કે હસ્તક્ષેપ વગરનો તુલનાત્મક ખર્ચનાં સિદ્ધાંત પ્રમાણે થતો વેપાર.''

➤ ''રાષ્ટ્રો વચ્ચેનાં ચીજવસ્તુઓ અને સેવાઓનાં વિનિમયમાં જકાત, ક્વોટા ઈત્યાદિનાં સ્વરૂપમાં સરકારનાં હસ્તક્ષેપનો અભાવ.'' આ સ્થિતિમાં તુલનાત્મક લાભનાં આધાર પર દેશો વચ્ચેનો વેપાર ચાલે છે. તેનો એક લાભ દર્શાવવામાં આવ્યો છેઃ તેને પરિણામે વૈશ્વિક સ્તરે સાધનોની ફાળવણીની કાર્યક્ષમતા મહત્તમ થાય છે અને આવક તેની ઉચ્ચતમ સપાટી પર પહોચે છે. આ ભૂમિકા ઉપર મુક્ત વેપારની પ્રબળ હિમાયત કરવામાં આવતી હોવા છતાં ભાગ્યે જ કોઈ દેશ મુક્ત વેપાર નીતિ અપનાવે છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં હસ્તક્ષેપ કરવા માટે સરકાર પાસે અનેક આર્થિક અને બિનઆર્થિક કારણો હોય છે.

**13.5.2 મુક્ત વેપારનાં લાભ**

મુક્ત વેપારથી નીચે મુજબનાં ફાયદા હોવાથી કેટલાંક પ્રશિદ્ધ અર્થશાસ્ત્રીઓ તેની હિમાયત કરતાં હતાં. આ ઉપરાંત WTO (World Trade Organization)પણ મુક્ત વેપારનીતિની હિમાયત કરે છે.

**1. અલભ્ય વસ્તુઓની પ્રાપ્તિ**

- કેટલાંક દેશોમાં અમુક વસ્તુનાં ઉત્પાદન કરવા માટે જરૂરી કુદરતી સાધન-સામગ્રી ઉપલબ્ધ હોતી નથી, જેથી આવાં દેશો તે વસ્તુનું ઉત્પાદન કરી શકતા નથી. પરિણામે દેશનાં નાગરિકોને તે વસ્તુથી વંચિત રહેવું પડે છે.
- મુક્ત વેપારને કારણે દેશમાં જે વસ્તુની છત છે તે વસ્તુ સરળતાથી આયાત કરી મેળવી શકાય છે અર્થાત જે વસ્તુનું દેશમાં ઉત્પાદન ન થતું હોય તે વસ્તુ પણ મુક્ત વેપારનાં કારણે મેળવી શકાય છે.

  દા.ત., ભારતનાં અણુઉદ્યોગ માટે યુરેનિયમ ધાતુ જરૂરી છે, પરંતુ ભારતમાં યુરેનિયમ ઉપલબ્ધ નથી. આમ છતાં મુક્ત વેપારનીતિને કારણે ભારત આ ધાતુને અમેરિકા, ફ્રાંસ અને ઓસ્ટ્રેલિયા દેશોમાંથી આયાત કરીને મેળવે છે.

- ખનીજ તેલનું ઉત્પાદન અરબ દેશોમાં વધુ થાય છે, પરંતુ મુક્ત વેપારનાં કારણે સમગ્ર વિશ્વ તેનો ઉપયોગ કરી શકે છે.

**2. ઉત્પાદનમાં વધારો**

- તુલનાત્મક ખર્ચનાં સિદ્ધાંતને આધારે મુક્ત વેપારથીમુક્ત દેશનાં ઉત્પાદન સાધનોનું યોગ્ય ક્ષેત્રમાં રોકાણ થાય છે
- મુક્ત વેપાર આંતરરાષ્ટ્રીય શ્રમ-વિભાજનનું પરિણામ છે.
- શ્રમ-વિભાજનથી વિવિધ દેશો વિવિધ વસ્તુઓનાં ઉત્પાદનમાં વિશિષ્ટિકરણ સાધે છે. જેથી દેશમાં વધુ ઉત્પાદન પ્રાપ્ત કરી શકાય.
- મુક્ત વેપારને કારણે દેશમાં ઉત્પાદિત થયેલી વસ્તુઓનું વિદેશનાં બજારમાં સરળતાથી વેચાણ કરી શકાય છે.
- જેથી વસ્તુ વેચવા માટેનું બજાર મોટું બને છે. જેથી વસ્તુની માંગ વધતા તેનું ઉત્પાદન વધારવામાં આવે છે.
- આમ, મુક્ત વેપારનાં કારણે ઉત્પાદનમાં વધારો પ્રાપ્ત થાય છે.

**3. ઉત્પાદન ખર્ચ ઘટે**

- મુક્ત વેપારને કારણે વસ્તુની માંગ વધતા તેનું ઉત્પાદન વધે છે.
- ઉત્પાદન વધતા સ્થિર ખર્ચ વધુ ને વધુ એકમો વચ્ચે વહેચાઈ જતા તે ઘટે છે.
- આમ, ઉત્પાદન ખર્ચ ઘટે છે.

**4. રોજગારી અને આવકમાં વધારો**

- મુક્ત વેપારને કારણે વસ્તુની બજારમાં માંગ વધતા ઉત્પાદન વધારવામાં આવે છે.
- ઉત્પાદન વધારતા વધુ મજુરો કામ પર રાખવા પડે છે, જેથી રોજગારી વધે છે.
- જયારે બીજી રીતે રોજગારીની તકો વધતા લોકોની આવક અને નફામાં વધારો થાય છે.
- જેથી તેમની ખરીદશક્તિ (માંગ) વધે છે, આ માંગને પહોંચી વળવા વધુ ઉત્પાદન માટે વધુ શ્રમિકો કામ પર રોકવા પડે છે.
- આમ, મુક્ત વેપારને કારણે રોજગારી અને આવકમાં વધારો થાય છે.

**5. પ્રજાને સસ્તી અને સારી વસ્તુ મળે**

- આંતરરાષ્ટ્રીય શ્રમ વિભાજન અને મુક્ત વેપારને ઉત્પાદન વૃદ્ધિ થતાં ઉત્પાદન ખર્ચ ઘટે છે.
- ઉત્પાદન ખર્ચ ઘટતા પ્રજાને વસ્તુ અને સેવા ઓછી કિંમતે પ્રાપ્ત થાય છે.
- મુક્ત વેપારને કારણે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં વધારો થાય છે.
- આ પરિસ્થિતિમાં ઉત્પાદકોની પરસ્પર સ્પર્ધાનાં કારણે ગ્રાહકોને ઊંચી ગુણવત્તાવાળી વસ્તુ કે સેવા નીચી કિંમતે પ્રાપ્ત થાય છે.

**6. આંતરરાષ્ટ્રીય સહકાર વધે છે**

- મુક્ત વેપારનાં કારણે વેપાર કરતાં બે દેશો વચ્ચેનાં સબંધો સારા બનતા, બંને દેશો વચ્ચેનો સહકાર વધે છે.

- મુક્ત વેપારમાં એક દેશનું બીજા દેશમાં મોટા પ્રમાણમાં મૂડીરોકાણ થયું હોવાથી યુદ્ધ જેવી પરિસ્થિતિ ઉદ્‌ભવતી નથી.
- આમ, મુક્ત વેપારમાં આંતરરાષ્ટ્રીય સહકાર વધે છે.

**7. સ્પર્ધા વધે, ઈજારાશાહી અટકે**

- મુક્ત વેપારની પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્પાદન અને વેચાણની બાબતમાં સ્પર્ધામાં થાય છે. જેથી ઈજારાશાહી પરિબળો નિયંત્રિત કે નાબૂદ કરી શકાય છે.
- દરેક દેશ વસ્તુનું ઉત્પાદન ખર્ચ ઘટાડવા, વસ્તુ નીચી કિંમતે વેચવા અને વસ્તુની ગુણવત્તા સુધારવા પ્રયત્નશીલ રહે છે. તેથી ગ્રાહકોને લાભ થાય છે.

**8. ઉત્પાદન પદ્ધતિમાં સતત સુધારો**

- મુક્ત વેપારમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તીવ્ર સ્પર્ધા હોવાથી ઉત્પાદન ખર્ચ ઘટાડવા નિયોજકો સતત પ્રયાસ કરે છે.
- જેનાં માટે તે નવીન ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી સંશોધનો સતત ચાલુ રાખે છે.
- આમ, ઉત્પાદન પદ્ધતિમાં સુધારો થાય છે.

**9. બહુલક્ષી વેપાર અને ચલણ પરિવર્તનશીલતા**

- મુક્ત વેપારમાં એક ચલણનું અન્ય ચલણમાં મુક્ત અને પૂર્ણ રૂપાંતર શક્ય બને છે જેથી બહુલક્ષી વેપારને ઉત્તેજન મળે છે.
- આમ, મુક્ત વેપારથી વેપારનાં તમામ લાભ વિશ્વનાં દેશો પ્રાપ્ત કરી શકે છે.

**10. વિકસતા દેશોને લાભ**

- વિકસતા દેશોમાં ટૅકનૉલૉજી, કાચોમાલ, સાધનો, મૂડીરોકાણ વગેરેની અછત જોવા મળે છે.
- મુક્ત વેપારના કારણે વિકસતા દેશો અછત ધરાવતા વસ્તુની સરળતાથી આયાત કરી શકે છે.
- આમ, મુક્તવેપારમાં વિકસિત દેશોનાં સહકાર વડે વિકસતા દેશો પોતાનો ઝડપી આર્થિક વિકાસ સાધી શકે છે.

### 13.5.3 મુક્ત વેપારનાં ગેરલાભ-જોખમો

જેમ સિક્કાની બે બાજુઓ હોય છે, તેમ મુક્ત વેપારમાં ફાયદા ઉપરાંત કેટલાંક ગેરફાયદા પણ જોવા મળે છે. જે નીચે મુજબ છેઃ-

**1. નાણું વિદેશમાં જતું રહે**

- મુક્ત વેપારને કારણે વિકસતા દેશોની આયાતો વધે છે, પરિણામે આપણા દેશનાં નાણાં વિદેશમાં જતાં રહે છે અને આપણા નાણા દ્વારા બીજાં દેશો આપણા દેશ માંથી જીવનજરૂરી ચીજવસ્તુઓ ફરજીયાત લઇ શકે છે.વિદેશ જતું નાણું ગુલામી લાવે છે.
- અમેરિકાનાં પૂર્વ પ્રમુખ ઈબ્રાહીમ લિંકન મુજબ, ''જયારે હું કોટ ઈંગ્લેંડ માંથી ખરીદું છું તો કોટ મારી પાસે આવે છે અને નાણા ઈંગ્લેન્ડમાં જાય છે. પરંતુ જો હું કોટ મારા દેશમાંથી ખરીદું તો કોટની સાથે નાણાં પણ મારા દેશમાં જ રહે છે.''

**2. જોખમી પરાવલંબન**

- મુક્તવેપારમાં દરેક દેશ અમુક વસ્તુઓનાં જ ઉદ્યોગોનો વિકાસ કરી વસ્તુઓનું ઉત્પાદન કરે છે.
- જયારે બાકીની વસ્તુઓ બીજાં દેશોમાંથી આયાત કરે છે, અર્થાત દેશ અમુક વસ્તુઓ માટે બીજાં દેશ પર પરાવલંબન બને છે.
- આવું પરાવલંબન યુદ્ધ કે કટોકટીનાં સમયે જોખમી પુરવાર થાય છે.
- આવાં સમય રાજકીય સબંધો બગડતા આયાતો બંધ થઈ જાય છે, જેથી વસ્તુની અછત સર્જાય છે.
- અર્થતંત્ર સ્થગિત અવસ્થામાં આવી જાય છે, તો ક્યારેક રાજકીય ગુલામી સ્વીકારવી પડે છે, તો ક્યારેક યુદ્ધમાં હારી જવું પડે છે.
- આમ, મુક્ત વેપાર જોખમી પુરવાર થાય છે.

**3. બિનજરૂરી અને નુકસાનકારક વસ્તુઓની આયાત**

- મુક્ત વેપારની સ્થિતિમાં વિદેશથી આવતી વસ્તુઓ પર કોઈ નિયંત્રણ રહેતું નથી, પરિણામે બિનજરૂરી અને નુકસાનકારક વસ્તુઓની છુટથી આયાત થાય છે.
- જે નાગરિકોના શારીરિક, માનસિક, સામાજિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક પુરવાર થાય છે.

  દા.ત., માદક પદાર્થો, અશ્લીલ ચલચિત્રો વગેરે.

**4. બેકારીમાં વધારો**

- મુક્ત વેપારમાં વિદેશી કંપનીઓ દેશમાં જ ઉત્પાદન કરવાનું શરુ કરે છે.
- આ કંપનીઓ પાસે સારી ટૅકનૉલૉજી અને મોટું મૂડીરોકાણ હોય છે, જેની સામે દેશનાં નાના અને સ્થાનિક ઉધોગો ભાંગી પડે છે.
- આ ઉદ્યોગોમાં કામ કરી રહેલાં શ્રમિકો બેકાર બને છે.
- જયારે બીજી બાજુ, મુક્ત વેપારમાં દેશમાં અમુક જ ઉદ્યોગોનો વિકાસ થયો હોય છે, પરંતુ જયારે આ ઉદ્યોગોમાં ઉત્પન્ન થતી વસ્તુઓની વિશ્વ બજારમાં માંગ ઘટી જાય ત્યારે આવાં ઉદ્યોગો બંધ થતાં દેશમાં બેકારીની સ્થિતિ ઉદ્ ભવે છે.

**5. લેણદેણની તુલામાં ખાધ**

- મુક્ત વેપાર નીતિને પરિણામે દેશની આયાતો વધે છે અને નિકાસો ઘટે છે.
- આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત વધવાને કારણે લેણદેણની તુલા ખાધવાળી બને છે. જેનાં આર્થિક પરિણામો ખરાબ આવે છે.

**6. વિકસતા દેશોને ગેરલાભ**

- મુક્ત વેપારથી વિકસતા દેશોનો શોષણ થાય છે. પરિણામે વિકસતા દેશો આર્થિક રીતે નબળાં અને વિકસિત દેશો આર્થિક રીતે વધુ ને વધુ મજબૂત બનતા જાય છે.
- જેનું મુખ્ય કારણ વિકસિત દેશો પોતાની વસ્તુઓ વિકસતા દેશોમાં વેચાણ કરે છે, જેથી વિકસતા દેશોનાં નાના પાયાનાં ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો ભાંગી પડે છે.
- આમ, મુક્ત વેપારને કારણે વિકસિત દેશોનો બજારમાં ઈજારો પેદા થાય છે.

**7. લાદણનો ભય**

- કેટલાંક ઔદ્યોગિક એકમો દેશની મુક્ત વેપારનીતિનો ખોટો લાભ ઉઠાવે છે.
- કેટલાંક દેશો વિશ્વ બજાર સર કરવા શરુઆતમાં ખોટ સહન કરીને પણ ખૂબ જ ઓછા ભાવે વસ્તુ વેંચે છે અર્થાત વસ્તુનું લાદણ કરે છે.
- ઓછા ભાવની વસ્તુઓ લોકો ખરીદે છે અને તેનાંથી ટેવાઈ જાય છે.
- જયારે બીજી બાજુ સ્થાનિક ઉદ્યોગો તે જ વસ્તુ ઊંચા ભાવે વેચતા હોવાથી, સ્થાનિક ઉદ્યોગો બંધ પડી જાય છે.
- લોકો એક જ વસ્તુની વપરાશથી ટેવાઈ ગયા હોવાથી હવે તે જ વસ્તુ ઊંચા ભાવે પણ ખરીદે છે.
- લોકોને તે વસ્તુ ખરીદવા માટે ની ફરજ પડે છે.
- આ સંજોગોમાં ઊંચા ભાવ લઇ લોકોનું શોષણ કરવામાં આવે છે.

  દા.ત., ઠંડા પે પીણા પદાર્થ, મોબાઈલ નેટવર્ક કંપનીઓ વગેરે.
- આ જ રીતે ચીન દ્વારાભારતમાં અનેક વસ્તુઓનું ડમ્પિંગ કરવામાં આવે છે.

  દા.ત., ખૂબ જ સસ્તા મોબાઈલ , રમકડાં, બેટરી, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ વગેરે.

## 13.6 સંરક્ષણ વેપારનીતિ

વિશ્વમાં 18મી સદીમાં મુક્તવેપારનીતિ પ્રચલિત કરી, 19મી સદીમાં અમેરિકા અને જર્મની જેવાં દેશો એ મુક્ત વેપાર નીતિ અપનાવી. પરંતુ પ્રથમ વિશ્વ યુદ્ધ પછી વિશ્વનાં ઘણાં બધા દેશો એ સરંક્ષણ નીતિ અપનાવી ઝડપી આર્થિક વિકાસ સાધ્યો હતો. સમગ્ર વિશ્વ માટે લાંબાગાળાની દ્રષ્ટિ એ મુક્ત વેપારની નીતિ લાભદાયક હોવા છતાં, રાષ્ટ્રીય હિત માટે અને ટૂંકાગાળા નાં કેટલાંક હિતોનાં સંદર્ભમાં મુક્ત વેપારનાં સ્થાને આયાત-નિકાસનું નિયમન કરવા માટે ને દલીલો ઊભી થઇ, જેનાં પરિણામ સ્વરૂપે 'સરંક્ષણ નીતિ'ની શરૂઆત થઇ.

સરકારનાં કોઈ પગલાંથી જો આંતરરાષ્ટ્રીય વેપારમાં પ્રવેશતી વસ્તુઓનાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય ભાવો વચ્ચે વાહન-વ્યવહારનાં ખર્ચથી વધુ તફાવત સર્જાય તો તેને "સંરક્ષણ નીતિ" કહે છે. સંરક્ષણ નીતિની સૌપ્રથમ હિમાયત અમેરિકન અર્થશાસ્ત્રી એલેકઝાન્ડર હેમિલ્ટને કરી હતી. 1890માં અર્થશાસ્ત્રી ફેડરિક લીસ્ટે પણ આ નીતિની હિમાયત કરી હતી.

### 13.6.1અર્થ

- ➢ "વિદેશી ઉદ્યોગોની ફરીફાઈથી આપણા ઉદ્યોગોને બચાવવા માટે સરકાર જે પગલાં લેતેને સંરક્ષણ નીતિ કહે છે."
- ➢ "સંરક્ષણ નીતિ એ આંતરરાષ્ટ્રીય વેપારની એવી નીતિ છે, કે જેમાં દેશની અને વિદેશની વસ્તુઓ ભેદ પાડવામાં આવે છે.દેશની વસ્તુઓને કરવેરામાં રાહત આપી ઉત્પાદન વધારવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. જયારે વિદેશથી આવતી વસ્તુઓ પર જકાત અને અન્ય અંકુશો લાદી, દેશમાં તેની આયાતો ઘટાડવાના પ્રયાસ કરવામાં આવે છે."
- ➢ મુક્ત રીતે આયાત-નિકાસ કરવાને બદલે જયારે આયાતોને બંધ કરવાનાં કે નિયંત્રિત કરવાનાં અને નિકાસોને પ્રોત્સાહિત કરવાનાં પ્રયત્નો દ્વારા દેશનાં વેપારને રક્ષણ આપવામાં આવે છે ત્યારે તે નીતિને સંરક્ષણ નીતિ તરીકે ઓળખવામાં આવે છે.

સંરક્ષણ નીતિની ત્રણ દલીલો છે.

1.બાળ ઉદ્યોગોની દલીલ

2.ઔદ્યોગીકરણની દલીલ

3.રોજગારીની દલીલ

**13.6.2 બાળ ઉદ્યોગની દલીલ**

સંરક્ષણની બધી જ દલીલોમાં સૌથી તર્કબદ્ધ દલીલ બાળ ઉદ્યોગનાં સંરક્ષણની દલીલ છે. મુક્તવેપારમાં માનનારા અર્થશાસ્ત્રીઓ પણ બાળ ઉદ્યોગની દલીલની હિમાયત કરે છે. બાળ ઉદ્યોગની હિમાયત કરનારા અર્થશાસ્ત્રીઓમાં અમેરિકાનાં એલેકઝાન્ડર હેમિલ્ટન, જર્મનીનાં ફ્રેડરિક લિસ્ટ, ઈંગ્લેંડનાં હેનરી કારે, બ્રેન્ટાનો પોહલે ચાર્લ્સ, ડેરીસ વગેરેનો સમાવેશ થાય છે.

**અર્થ**

- ''નવો, નાનો, શરૂઆત પામતો, ઓછી મૂડીથી શરુ થયેલો ઉદ્યોગ એટલે બાળ ઉદ્યોગ.''
- ''બાળ ઉદ્યોગ એટલે નવો ઉછરતો ઉદ્યોગ કે જેનું ઉત્પાદન ઓછું હોય છે.ટૅકનૉલૉજી પછાત હોય અને ઉત્પાદન ખર્ચ વધુ હોય છે.''
- "Nurse the baby, feed the child and free the adult."

**13.6.2.1બાળ ઉદ્યોગને રક્ષણ શા માટે?**

બાળ ઉદ્યોગને રક્ષણ આપવાના બે કારણો છે.

**1. ફ્રેડરિક લિસ્ટ મુજબ.....**

- બાળ ઉદ્યોગમાં મૂડીરોકાણ ઓછું હોય છે, પરિણામે તેમાં ઉત્પાદન કરવાની ક્ષમતા પણ ઓછી હોય છે.
- ઓછા ઉત્પાદનનાં કારણે તેમાં ઉત્પાદન ખર્ચ વધુ આવે છે.
- જયારે મોટા ઉદ્યોગમાં વધુ ઉત્પાદન થવાને કારણે ઉત્પાદન ખર્ચ ઓછું જોવા મળે છે.
- આમ, બાળ ઉદ્યોગો ઉત્પાદન ખર્ચને કારણે વિદેશી કે મોટા ઉદ્યોગો સામેની હરીફાઈમાં ટકી શકતા નથી જેથી તેમને રક્ષણની જરૂર પડે છે.

**2. પ્રો.હેમિલ્ટન મુજબ.....**

- ''જેમ બાળક પહેલવાન સાથે કુસ્તી કરે તો પહેલવાન જ જીતે, તેમજ બાળ ઉદ્યોગ તેનાથી મોટા ઉદ્યોગો સાથે હરીફાઈમાં ઉતરે તો તે મોટા ઉદ્યોગોની સામે તે ટકી શકે નહી. જેથી બાળ ઉદ્યોગને રક્ષણ આપવું જરૂરી છે.''

**13.6.2.2રક્ષણ માટેની શરતો**

બાળ ઉદ્યોગને રક્ષણ આપવું જરૂરી હોવા છતાં નીચે મુજબની કેટલીક શરતો ધ્યાનમાં રાખીને જ બાળ ઉદ્યોગને રક્ષણ આપવું જરૂરી છે.

**1. પ્રો. મિલની શરત**

- બાળ ઉદ્યોગનાં સંરક્ષણ માટે પ્રો. મિલની શરત એ છે કે, સંરક્ષણપાત્ર ઉદ્યોગ પ્રારંભિક તજજ્ઞતા અને કૌશલ્યતા ધરાવતો હોવો જોઈએ.

**2. પ્રો. બેસ્ટેબલની શરત**

- બાળ ઉદ્યોગને સંરક્ષણ કાયમી આપવાનું નથી પરંતુ જ્યાં સુધી બાળ ઉદ્યોગ પગભર થાય ત્યાં સુધી જ તેને સંરક્ષણ આપવાનું છે.
- સંરક્ષણ ખોરાક તરીકે નહી પરંતુ દવા તરીકે હોવું જોઈએ.
- સંરક્ષણ ચાલવા માટે ટેકારૂપ ઘોડી સમાન હોવું જોઈએ.

**3. બધા બાળ ઉદ્યોગને સંરક્ષણ નહીં**

- જે બાળ ઉદ્યોગ દેશનાં આર્થિક વિકાસ માટે જરૂરી હોય તેવાં જ બાળ ઉદ્યોગને સંરક્ષણ આપવું જોઈએ.

**4. પ્રો. રેગ્નાર નકસની શરત**

- માત્ર વિકસતા અને ખેતીપ્રધાન દેશો એ જ બાળ-ઉદ્યોગને સંરક્ષણ આપવું.

5. જે ઉદ્યોગોને સંરક્ષણ આપવામાં આવે તેને મળતા વિકાસનાં લાભ બ્રાહ્ય હોવા જોઈએ.
6. જે બાળ ઉદ્યોગો ભવિષ્યમાં જાતે પગભર થઇ શકે તેવાં જ બાળ-ઉદ્યોગને સંરક્ષણ આપવું.
7. જે બાળ ઉદ્યોગો ભવિષ્યમાં વિદેશી ઉદ્યોગો સામે કોઈપણ જાતનાં સંરક્ષણ વિના ટકી શકે તેમ હોય તેને જ સંરક્ષણ આપવું જોઈએ.
8. સંરક્ષણ આપ્યા સિવાય જે ઉદ્યોગોમાં વિકાસ અશક્ય હોય તેને જ સંરક્ષણ આપવું જોઈએ.

**13.6.2.3 સંરક્ષણની દલીલ**

"બાળ ઉદ્યોગ એટલે વિકાસની દ્રષ્ટિ એ બાળ અવસ્થાનાં ઉદ્યોગો. બાળ ઉદ્યોગો સંરક્ષણ આપવાની દલીલ સાથે ફેડરિક લિસ્ટનું નામ સંકળાયેલું છે. પ્રો. ફેડરિકનાં શબ્દો મુજબ.....

"Nurse the baby, Feed the child &Free the adult."

શિશુની માવજત કરો, બાળકને ઉછેરો અને યુવાનને મુક્ત કરો.

આ જ બાબત એક ઉદ્યોગ માટે વિચારી શકાય. ખૂબ જ નાનો તેમજ નવો શરુ થયેલાં ઉદ્યોગોને દેશની સરકાર મોટા ઉદ્યોગો સામે સંરક્ષણ પૂરું પાડે છે. આ ઉદ્યોગોને સરકાર સબસીડી જેવી સગવડો પૂરી પાડે છે. આ ઉદ્યોગોને સરકાર સબસીડી જેવી સગવડો પૂરી પાડે છે. આવાં ઉદ્યોગોમાં ઉત્પાદન ખૂબજ ઓછું હોવાથી ઉત્પાદન ખર્ચ વધુ આવે છે. જેથી તે ખૂબજ ઓછો નફો કમાય છે, પરંતુ હવે આ ઉદ્યોગોને સંરક્ષણ મળતાં તેમનો વિકાસ થાય છે. સરકાર તેમને વિદેશથી ટૅકનૉલૉજી લાવવામાં મદદરૂપ થાય છે. તેમને વિશ્વ બજાર અંગેની માહિતી મળે છે. હવે આ ઉદ્યોગોનો નફો વધતા તે મોટા ઉદ્યોગો બને છે. જેથી હવે આ ઉદ્યોગોને સંરક્ષણ આપવાની જરૂર રહેતી નથી. પરિણામે સરકાર હવે આ ઉદ્યોગોને વિદેશી ઉદ્યોગો સામે હરીફાઈમાં ઉતરવા મુક્ત કરશે.

**13.6.2.4 ફાયદાઓ (લાભ)**

**1. ઔદ્યોગિકરણ વધે**

- બાળ ઉદ્યોગોને સંરક્ષણ પૂરું પાડવામાં આવતા તે મોટા વિદેશી ઉદ્યોગો સામેની હરીફાઈમાં ટકી શકે, પરિણામે દેશનાં ઉદ્યોગોને સંરક્ષણ મળતાં તે વિકાસ કરે છે જેનાં વડે ઔદ્યોગિકરણમાં વધારોથાય છે.

**2. રોજગારીમાં વધારો**

- દેશનાં વધુ ને વધુ બાળ ઉદ્યોગોને સરકાર દ્વારા સંરક્ષણ મળતાં તેમનો વિકાસ થાય છે.
- બાળ ઉદ્યોગોમાં ઉત્પાદન વધે છે, ઉત્પાદન વધતા રોજગારીની તકોમાં પણ વધારો થાય છે.

**3. ઉત્પાદનમાં વધારો**

- બાળ ઉદ્યોગોને સંરક્ષણ પ્રાપ્ત થતાં તે મોટા પાયા પર યાંત્રિકીરણ અને શ્રમ-વિભાજનનો લાભ લઈ ઉત્પાદનમાં વધારો કરે છે.

**4. સસ્તી અને સારી ગુણવત્તાવાળી વસ્તુઓની પ્રાપ્તિ**

- બાળ-ઉદ્યોગોને સંરક્ષણ મળતાં ઉત્પાદન વધતા ઉત્પાદન ખર્ચ ઘટે છે. તેમજ પ્રજાને સસ્તી અને સારી ચીજવસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

**5. સરકારની આવકમાં વધારો**

- બાળ ઉદ્યોગોને સંરક્ષણ આપવા માટે સરકાર જો આયાત જકાત જેવું સાધન વાપરે તો સરકારની આવકમાં વધારો થાય છે.

**6. આત્મનિર્ભરતા**

- બાળ ઉદ્યોગોનો વિકાસ થતાં દેશમાં સમતોલ ઔદ્યોગિક વિકાસ શક્ય બને છે. જેથી ભવિષ્યમાં આર્થિક દ્રષ્ટિએ સ્વાવલંબન મેળવી શકાય છે.

**13.6.2.5 મર્યાદાઓ (ગેરલાભ)**

**1. ખોટા બાળ ઉદ્યોગને સંરક્ષણ મળે છે**

- વિકસતા દેશમાં કોને બાળ ઉદ્યોગ ગણવા તે એક સમસ્યા છે.
- ભ્રષ્ટાચારી રાજકીય પક્ષો દેશનાં વિકાસ માટે જરૂરીન હોય તેવાં ઉદ્યોગોને પણ બાળ ઉદ્યોગ ગણાવી સંરક્ષણ પૂરું પાડે છે.
- જયારે ખરેખર સંરક્ષણની જરૂરિયાત ધરાવતાં દેશનાં અમુક બાળ ઉદ્યોગોને સંરક્ષણ મળતું નથી.

**2. સંરક્ષણ કાયમી બને છે**

- સંરક્ષણ ટૂંકાગાળા માટેનો જ હોય છે, પરંતુ એક વખત સંરક્ષણ મેળવી ચુકેલાં ઉદ્યોગ સંરક્ષણ છોડવા તૈયાર હોતાં નથી, તે ઉદ્યોગો પોતે જ વિકાસ પામવા ઈચ્છતા નથી.
- કહેવાય છે કે “Once an infant is always an Infant” અર્થાત એક વખતનું બાળક, હંમેશનું બાળક.

**3. પ્રો. એલ્સવર્થ મુજબ....**

- “જો ઉદ્યોગોનાં વિકાસની બધી જ તકો હોય તો બાળ ઉદ્યોગોને સંરક્ષણની જરૂર રહેતી નથી.”
- જયારે બાળક શક્તિશાળી શક્તિ પ્રાપ્ત કરે તો પણ સંરક્ષણનાં વર્તુળમાંથી બહાર આવવા તૈયાર થતો નથી.

**4. ગ્રાહકો માટે ક્યારેક નુકસાનકારક બને**

- ➢ સંરક્ષણનાં લીધે ઉદ્યોગોની કાર્યક્ષમતામાં સુધારો ન થતાં અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો ન થતાં ગ્રાહકોને ઊંચા ભાવે વસ્તુઓ મેળવવી પડે તો તે નુકસાનકારક ગણાય.
- ➢ બાળ ઉદ્યોગોને સંરક્ષણ આપવાના કારણે દેશમાં ઈજારાની પરીસ્થિતિ ઉદભવે છે.

5. દેશનાં બધા જ ઉદ્યોગોને બાળ ઉદ્યોગો તરીકે લાભ ન આપી શકાય. જે વિકાસપાત્ર હોય તેને જ સંરક્ષણ મળવું જોઈએ.

6. બાળ ઉદ્યોગની દલીલમાં માત્ર ખર્ચનો વિચાર કરવામાં આવે છે, જયારે ગ્રાહકોની પસંદગીનો વિચાર કરવામાં આવતો નથી. આયાત અવેજીકરણનો ઉદ્યોગ દેશમાં વિકાસ પામી શકે પણ ગ્રાહકો ઉંચી કિંમતે પણ વિદેશી વસ્તુઓને વપરાશ કરવાનું ચાલુ રાખે તો સંરક્ષણ મળવા છતાં ઉદ્યોગ વિકાસ પામી શકે નહિ. વળી, આયાત અવેજીકરણની નીતિ ને કારણે અર્થતંત્રમાં બિન કાર્યક્ષમ ઉદ્યોગોને ઉત્તેજન મળતું જાય છે.

7. પ્રો. રેગ્નાર નર્કસ મુજબ, જે દેશ બાળ ઉદ્યોગની હિમાયત કરે છે, તે મોટાભાગે વિકસતા દેશો છે, આવા દેશોમાં ઉદ્યોગની સ્થાપના માટે સંરક્ષણ નહી પણ મૂડીની જરૂરિયાત પ્રથમ હોય છે.

### 13.6.3 સંરક્ષણ માટે રોજગારીની દલીલ

દેશમાં રોજગારી વધારવા અને બેરોજગારી ઘટાડવા માટે સંરક્ષણ નીતિમાં ઉદ્યોગોની હિમાયત કરવામાં આવી છે. મહામંદીનાં સમયગાળા દરમ્યાન આ દલીલ ખૂબજ પ્રચલિત બની. અમેરિકન અર્થશાસ્ત્રી હેમિલ્ટનનાં મતાનુસાર સંરક્ષણ નીતિ દ્વારા જ દેશમાં રોજગારી વધારી શકાય છે.

વેપારવાદી વિચારસરણીનો મૂળભૂત ઉદેશ્ય આયાતોનું નિયંત્રણ કરી, આંતરિક ક્ષેત્રે ઔદ્યોગિક ઉત્પાદન અને રોજગારી વધારો કરવાનો હતો. પ્રો. કેઈન્સે પોતાની પુસ્તક “General theory on employment interest and money” માં જણાવ્યું કે બેરોજગારી ઘટાડવા માટેનો એક ઉપાય વિદેશમાંથી આવતી આયાતો પર જકાત નાંખી તેનું નિયંત્રણ કરવાનું હતું. જેનાં માટે પ્રો. કેઈન્સને ‘નવ વેપારવાદી’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

સંરક્ષણ નીતિના ઉપયોગથી દેશમાં આયાતી વસ્તુઓ મોંઘી બનતાં, દેશમાં તેની માંગ ઘટે છે. જયારે દેશી વસ્તુઓની માંગ વધે છે અને દેશમાં ઉત્પાદન વધતા ઉત્પાદન સાધનોની રોજગારીનું પ્રમાણ વધે છે.સૈદ્ધાંતિક દ્રષ્ટિએ મંદીની સ્થિતિમાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત થાય ત્યાં સુધી આયાત જકાત વધારતા રહીને સંરક્ષણ નીતિનો અમલ થઇ શકે છે. અર્થશાસ્ત્રી હેમિલ્ટન મુજબ “સંરક્ષણ આપવાથી આ ઉદ્યોગોમાં મોટાપાયા પર ઉત્પાદન થતાં શ્રમવિભાજનનો લાભ દેશને મળે છે, જેથી રાષ્ટ્રીય ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરી શકાય.” અલબત્ત આ નીતિનાં કેટલાંક ભયસ્થાનો છે જે નીચે મુજબ છે.

1. આ સંરક્ષણ નીતિમાં આપણે રોજગારી વધારવા માટે જકાતનીતિનો ઉપયોગ કરીએ છીએ. અર્થાંત બીજાં દેશોનાં ભોગે આપણી રોજગારી વધારવામાં આવે છે. જેથી આ નીતિને ‘પડોશીને નિર્ધન બનાવીને પોતે ધનવાન બનવવાની નીતિ’ (Beggar my neighbor policy)તરીકે પણ ઓળખવામાં આવે છે.

2. આ નીતિ ત્યારે જ સફળ થાય જયારે વળતા પ્રતિકારની સંભાવના શૂન્ય હોય, સંરક્ષણ

નીતિનાં કારણે આયાતોની સાથે જો નિકાસો પણ ધટે તો બેરોજગારી ઘટવાને બદલે વધે છે.

3. સંરક્ષણ દ્વારા માળખાગત બેકારી દૂર કરી શકાય નહી.

   દા.ત., ગ્રાહકોની ફેશ, ટેવ, રસ-રૂચિમાં પરિવર્તન આવતા જુના ઉદ્યોગોનું પતન થાય છે.જેનું સ્થાન નવાં ઉદ્યોગો લે છે, પરિણામે અર્થતંત્રમાં માળખાગત બેકારી ઉદભવે છે. આ પ્રકારની બેરોજગારી સંરક્ષણ નીતિ દ્વારા દૂર થઇ શકે નહીં.

4. આ સંરક્ષણ નીતિને પરિણામે દેશનાં ઉદ્યોગોમાં આવતું યંત્રીકરણ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ અવરોધાય છે.

   પરિણામે આર્થિક વિકાસ મંદ બને છે. જે લાંબાગાળે નવી રોજગારીની તકોનું સર્જન મંદ બનાવે છે.

5. સંરક્ષણ જકાત નીતિ દ્વારા મોસમી બેકારી પણ નિવારી શકાતી નથી.

6. જકાતનીતિ ક્યારેક અસરકારક માંગમાં ધટાડો કરે છે પરિણામે બેરોજગારી ઘટવાને બદલે વધે છે. આ સંજોગોમાં સરકાર પોતાનાં બજેટમાં જાહેરખર્ચમાં વધારો કરી કરવેરાનાં દર ઓછા કરે છે, જેથી રોજગારીમાં વૃદ્ધિ કરી શકે છે.

## 13.6.4 ઔદ્યોગિકરણ માટે સંરક્ષણ

કોઈપણ દેશનાં આર્થિક વિકાસ માટે ઉદ્યોગોનો વિકાસ ખૂબજ જરૂરી છે. ઔદ્યોગિકરણ તે આર્થિક વિકાસ માટે પાયાની શરત છે. ઔદ્યોગિકરણ માટે સંરક્ષણ નીતિમાં માત્ર નવાં ઉદ્યોગોને સંરક્ષણ આપવું ત્યાં સુધી સીમિત નથી પરંતુ ઉદ્યોગોને કાચોમાલ, યંત્રો, ટૅકનૉલૉજી, પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓનાં અને પાયાનાં કે ચાવીરૂપ ઉદ્યોગોનાં સંરક્ષણની સાથે વિકાસ માટેની હિમાયત કરવામાં આવી છે.

- ‘‘જે દેશમાં ખેતીનો વિકાસ થયો હોય અને ઉદ્યોગ ન થયો હોય તે દેશ એક હાથ વાળા માણસ જેવો છે.’’ ***- ફ્રેડરિક લિસ્ટ***
- ‘‘વિકસતા દેશોનો અસમતોલ વિકાસ થયો હોય છે. આ દેશોમાં ખેતીક્ષેત્રે પરંપરાગત ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થાય છે. જયારે ઉદ્યોગક્ષેત્રે મર્યાદિત પ્રમાણમાં આધુનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે. તેથી આવાં દેશોમાં ઔદ્યોગિકરણ માટે સંરક્ષણ નીતિ આવશ્યક બને છે.’’ ***—ગુન્નર મીરડાલ***

### 13.6.4.1ઔદ્યોગિકરણ માટે સંરક્ષણની તરફેણની દલીલો

**1. સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ**

- વિકસતા દેશોમાં મૂડી, કાચોમાલ, યંત્રસામગ્રી વગેરેની અછત કે અભાવ હોય છે, આ દેશોમાં ઉદ્યોગોને સંરક્ષણ આપવામાં આવે તો અછત ધરાવતા સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે. જેથી દેશમાં આવકઅને રોજગારીમાં વધારો થાય છે.

**2. તેજી-મંદીનાં સમયમાં રક્ષણ**

- જો દેશનો સમતોલ વિકાસ થયો હોય તો દેશમાં આવતા તેજીમંદીનાં મોજાઓ સહન કરવાની શક્તિમાં વધારો થાય છે.

**3. સમતોલ વિકાસ**

- દેશનાં સમતોલ વિકાસ માટે સંરક્ષણ નીતિ આવશ્યક છે, કારણ કે દેશમાં જો વપરાશી

વસ્તુઓનાં થોડાંક જ ઉદ્યોગોનો વિકાસ થયો હોય તો તે ઔદ્યોગિક વિકાસ એકાંગી હોય છે.

**4. આંતરિક બજારનો લાભ મેળવવા**

- દેશનાં ઉદ્યોગોને સંરક્ષણ આપવામાં ન આવે તો તે વિદેશી ઉદ્યોગો સામેની હરીફાઈમાં ટકી શકતાં નથી અને દેશનાં બજારનો લાભ વિદેશી કંપનીઓને મળે છે.
- જેથી દેશનાં ઉદ્યોગોને સંરક્ષણ આપવામાં આવે તો આંતરિક બજારનો લાભ મેળવી શકાય.

**5. સરકારની આવકમાં વધારો**

- ઔદ્યોગિકરણ કરવા માટે સરકારને આયાત જકાતનો આશરો લેવો પડે છે તેથી સરકારની આવકમાં વધારો થાય છે.

**6. ખેતીક્ષેત્રનાં વિકાસ માટે**

- વિકસતા દેશોમાં ખેતીક્ષેત્રની સાથે ઉદ્યોગક્ષેત્રનો વિકાસ પણ જરૂરી છે.
- ખેતીક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્ર બંને એકબીજાંનાં પુરક છે.
- ખેતીક્ષેત્ર- ઉદ્યોગને કાચોમાલ પૂરો પાડે છે, જયારે ઉદ્યોગક્ષેત્ર, ખેતીક્ષેત્રને અદ્યતન યંત્રો, બિયારણ, જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતર વગેરે પૂરો પાડે છે.
- આમ, ખેતીક્ષેત્રનાં વિકાસ માટે પણ ઉદ્યોગક્ષેત્રનો વિકાસ જરૂરી છે.

**13.6.4.2 મર્યાદાઓ**

1. ઉદ્યોગોને સંરક્ષણ તુલનાત્મક ખર્ચનાં લાભની વિરુદ્ધ છે, જેથી સંરક્ષણની ઔદ્યોગિકરણ માટેની દલીલ હેબરલરે બિન-આર્થિક ગણાવી છે.
2. ક્યાં ઉદ્યોગને સંરક્ષણ આપવું, તે નક્કી કરવું ઘણું મુશ્કેલ છે.
3. આ નીતિમાં પ્રાથમિક કે પાયાની વસ્તુ બનાવતા ઉદ્યોગને સંરક્ષણ આપવું ન્યાયી છે પરંતુ મોજશોખની વસ્તુ બનાવવા ગૌણ એકમોને સંરક્ષણ દ્વારા વિકસાવવા અયોગ્ય છે.
4. ઉદ્યોગોને સંરક્ષણ આપવાથી ગ્રાહકો પર કરબોજ વધેછે.
5. સંરક્ષણ નીતિને કારણે નીચી ગુણવત્તાવાળી વસ્તુઓ માટે ઊંચી કિંમત આપવી પડે છે, જેથી ગ્રાહકોનો શોષણ થાય છે.

## 13.7 આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરતાં પરિબળો

આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે.

**1. ઉત્પાદન ખર્ચ**

- આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરતુ સૌથી મહત્ત્વનું પરિબળ છે.
- બે દેશમાં વસ્તુનાં ઉત્પાદન અંગેનાં તુલનાત્મક ખર્ચમાં જેમ વધુ તફાવત તેમ આંતરરાષ્ટ્રીય વેપાર વધવાની શક્યતા વધુ હોય છે.
- જયારે વર્તમાનમાં આયાત નિકાસ ઉત્પાદન ખર્ચનાં આધારે નહિ પરંતુ વસ્તુ ઉપર જકાતનાં નિયંત્રણોને આધારે થતી હોય છે.

**2. જુદી-જુદી આર્થિક નીતિઓ**

- દરેક દેશની નાણાકીય, રાજકોષીય, આયાત-નિકાસ, ઔદ્યોગિક નીતિઓ જુદી-જુદી હોવાથી આંતરરાષ્ટ્રીય વેપાર કરવું મુશ્કેલ બને છે.
- દરેક દેશ પોતાની રાજકીય વિચારસરણી મુજબ આર્થિક નીતિઓ ઘડતો હોવાથીઅને વિવિધ આર્થિક હેરફેર પર નિયંત્રણ હોવાથી આંતરરાષ્ટ્રીય વેપાર મુશ્કેલ બને છે.
- વિશ્વનાં મોટા ભાગનાં દેશો એ સંરક્ષણની વેપારનીતિ અપનાવી છે.
- દરેક દેશની સરકાર દ્વારા નક્કી થતી સબસીડી અંગેની નીતિ, વેપાર, વાણીજ્ય, આયાત, નિકાસ, કરવેરા વગેરે અંગેની નીતિ પણ જુદી જુદી હોય છે.
- આ બધા પરિબળો આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

**3. વિવિધ ચલણો**

- વિશ્વનાં જુદા-જુદા દેશોમાં જુદા જુદા ચલણ હોવાથી તે આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.
- દરેક દેશની વિનિમય દર અંગેની નીતિ અને વિદેશી હૂંડિયામણ અંગેની નીતિ અલગ હોય છે જે આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

**4. પસંદગીમાં તફાવત**

- દરેક દેશમાં હવામાન, ભાષા, ગ્રાહકોની પસંદગી, ટેવ, જકાત વગેરે પરિબળોમાં તફાવત જોવા મળે છે.
- જેથી આંતરરાષ્ટ્રીય બજારોમાં એકરૂપતા જોવા મળતી નથી, જે આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

**5. અપ્રાપ્ત વસ્તુઓ**

- અમુક વસ્તુઓ એવી હોય છે જેમનું ઉત્પાદન દેશમાં શક્ય હોતું નથી, જેથી આવી વસ્તુઓ વિદેશથી આયાત કરવી પડે છે.

**6. આંતરરાષ્ટ્રીય કિંમત**

- આંતરરાષ્ટ્રીય વેપારમાં વસ્તુની કિંમત મહત્તવનું પરિબળ છે.
- આ વસ્તુની કિંમત ઉત્પાદન ખર્ચ, જકાત, વાહન વ્યવહાર ખર્ચ વગેરે પરિબળો દ્વારા નક્કી કરવામાં આવે છે. જેની અસર આંતરરાષ્ટ્રીય વેપાર પડે છે.

**7. વાહન વ્યવહાર ખર્ચ**

- આંતરરાષ્ટ્રીય વેપારનાં સિદ્ધાંતોમાં વાહન વ્યવહાર ખર્ચ શૂન્ય છે તેવી ધારણા કરવામાં આવી છે.
- જયારે વાહન વ્યવહાર ખર્ચ, નુર, વીમો વગેરેનો નોંધપાત્ર પ્રભાવ આંતરરાષ્ટ્રીય વેપાર પડે છે.
- ભૌગોલિક રીતે અત્યંત દૂરનાં દેશોમાં નિકાસો કરવાથી વાહન વ્યવહાર ખર્ચ ખૂબજ ઊંચું આવે છે. જે આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

## 13.8 આંતરરાષ્ટ્રીય વેપારનાં ફાયદા

આંતરરાષ્ટ્રીય વેપારનાં ફાયદા (લાભ) નીચે મુજબ છે.

**1. ગ્રાહકોને લાભ**

➢ આંતરરાષ્ટ્રીય વેપારને કારણે ઉપભોક્તાને સસ્તી કિંમતે વૈવિધ્યપૂર્ણ અને સારી ગુણવત્તાવાળી વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

દા.ત., મોબાઇલ, કાર વગેરે.

**2. અપ્રાપ્ત વસ્તુઓ મળે**

➢ આંતરરાષ્ટ્રીય વેપારને કારણે દેશમાં જે વસ્તુઓ અલભ્ય કે અપ્રાપ્ત હોય તે વસ્તુઓની આયાત કરી, ગ્રાહકો તે વસ્તુ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે, અથવા દેશમાં જે વસ્તુનું ઉત્પાદન શક્ય ન હોય કે અસંભવિત હોય તે વસ્તુઓ પણ આયાત દ્વારા મેળવી શકાય છે.

➢ આ બાબત દ્વારા ગ્રાહકોનાં કલ્યાણ અને સંતોષમાં વધારો થાય છે.

**3. સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ**

➢ આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલાં દેશો જે વસ્તુ ઓછા તુલનાત્મક ખર્ચ દ્વારા ઉત્પન્ન કરી શકાય તે વસ્તુઓનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે.

➢ જેથી ઉત્પાદક સાધનોનો કાર્યક્ષમ અને કરકસરયુક્ત ઉપયોગ થાય છે, સાધનોનો દુર્વ્યય અટકે છે.

➢ આંતરરાષ્ટ્રીય વેપારને પરિણામે ઉત્પાદનક્ષેત્રે હરીફાઈ વધતાં સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

**4. ઈજારાશાહી અટકે**

➢ આંતરરાષ્ટ્રીય વેપારનાં અભાવે દેશમાં ઈજારાશાહી પરિબળો જોવા મળે છે પરંતુ આંતરરાષ્ટ્રીય વેપાર થવાથી જરૂરી વસ્તુઓની આયાતો થઈ શકે છે, જેનાં પરિણામે ઈજારાશાહી પરિબળો ઘટે કે નાબૂદ થાય છે.

**5. આર્થિક વૃદ્ધિમાં વધારો**

➢ આંતરરાષ્ટ્રીય વેપારમાં જોડાવાથી દરેક પેઢી, ઉદ્યોગ કે દેશ ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરે છે, તેને પરિણામે નફો વધે છે, જેનું પુનઃ મૂડીરોકાણ કરવાથી આર્થિક વૃદ્ધિ થાય છે.

**6. કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ**

➢ આંતરરાષ્ટ્રીય વેપારથી શ્રમ-વિભાજન અને વિશેષીકરણને પરિણામે કુલ ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે.

➢ દેશનું અને વિશ્વનું કુલ ઉત્પાદન વધતા માથાદીઠ વસ્તુઓ અને સેવાઓની પ્રાપ્તિ વધે છે, જે કલ્યાણની સ્થિતિ દર્શાવે છે.

**7. વસ્તુઓની સમાન વહેંચણી**

➢ દરેક દેશમાં કુદરતી સંસાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોતાં નથી.

➢ દરેક દેશમાં કોઈ સાધનની અછત જોવા મળે જ છે.

➢ દા.ત., અરબ દેશોમાં પેટ્રોલિયમ પેદાશનું ઉત્પાદન સૌથી વધુ થાય છે, પરંતુ ખેતીજન્ય વસ્તુઓનું ઉત્પાદન ઓછું કે નહીવત છે, જ્યારે ભારત પાસે પેટ્રોલિયમ પેદાશની અછત છે પરંતુ ખેતીજન્ય ઉત્પાદન વધુ છે.

**8. વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં સુધારો**

- આંતરરાષ્ટ્રીય વેપાર હરીફાઈને પ્રોત્સાહન આપે છે.
- જેથી દરેક ઉત્પાદકને પોતાની વસ્તુઓ કે સેવાઓની ગુણવત્તા સુધારો કરવાની અનિવાર્યતા ઉદ્ ભવે છે.
- જો ગુણવત્તા ઓછી હોય તો તે વસ્તુની બજારમાં માંગ ઘટે છે અને તે ઉદ્યોગ અંતે બંધ થાય છે અને સ્વદેશમાં પણ તે વસ્તુની માંગ ઘટે છે.
- વસ્તુ કે સેવાની વધેલી ગુણવત્તા ગ્રાહકોનાં કલ્યાણમાં વધારો કરે છે.

**9. ટૅક્નૉલૉજીકલ પ્રગતિમાં વધારો**

- આંતરરાષ્ટ્રીય વેપાર હરીફાઈનું સર્જન કરે છે, જેથી વિજ્ઞાન-સંશોધન અને ટૅક્નૉલૉજી વગેરેની ક્ષિતિજો વિસ્તારવાનો ખાસ પ્રયાસો કરવા પડે છે.
- આમ, આંતરરાષ્ટ્રીય વેપાર વિજ્ઞાન- ટૅકનૉલૉજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપે છે, જેનો લાભ અંતે ગ્રાહકોને મળે છે.

**10. સસ્તી કિંમતે વસ્તુઓ અને સેવાઓની પ્રાપ્તિ**

- આંતરરાષ્ટ્રીય વેપારમાં જોવા મળતી હરીફાઈનાં કારણે દરેક દેશ પોતાની વસ્તુ કે સેવાનો ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો પ્રયત્નો હાથ ધરે છે, જેથી વસ્તુ કે સેવાની કિંમત નીચી રાખી વધુ નફો પ્રાપ્ત કરી શકાય.
- આમ, આંતરરાષ્ટ્રીય વેપારને પરિણામે ગ્રાહકોને સસ્તી કિંમતે વસ્તુઓ અને સેવાઓની પ્રાપ્તિ થાય છે.

**11. સાધનોનાં શોષણની શકયતા ઘટે**

- આંતરરાષ્ટ્રીય વેપાર જો મુક્ત હોય તો વિશ્વમાં આર્થિક ક્ષેત્રે હરીફાઈને પ્રોત્સાહન મળે છે.
- ઉત્પાદન સાધનોની શોષણની શક્યતા છે, તેમને સીમાંત ઉત્પાદકતા મુજબ વળતર મળે છે.

## 13.9 આંતરરાષ્ટ્રીય વેપારનાં ગેરફાયદા

આંતરરાષ્ટ્રીય વેપારનાં ગેરલાભો નીચે મુજબ છે.

**1. પરસ્પરાવલંબનનું જોખમ**

- આંતરરાષ્ટ્રીય વેપારમાં દરેક દેશ અમુક વસ્તુઓનાં ઉદ્યોગોમાં વિશેષીકરણ કરી વસ્તુનું ઉત્પાદન કરે છે.
- જયારે બાકીની વસ્તુઓ બીજાં દેશોમાંથી આયાત કરે છે, અર્થાત દેશ અમુક વસ્તુ માટે બીજા દેશ પર પરાવલંબન ધરાવતો થાય છે.
- આવું પરાવલંબન યુદ્ધ કે કટોકટીનાં સમયે જોખમી પુરવાર થાય છે.
- આવાં સમય રાજકીય સંબંધો બગડતાં આયાતો બંધ થઈ જાય છે, જેથી વસ્તુની અછત સર્જાય છે.
- અર્થતંત્ર સ્થગિત અવસ્થામાં આવી જાય છે, તો ક્યારેક રાજકીય ગુલામી સ્વીકારવી પડે છે, તો ક્યારેક યુદ્ધમાં હારી જવું પડે છે.

**2. નબળા પછાત દેશોનું શોષણ**

- આંતરરાષ્ટ્રીય વેપારને કારણે નબળા કે પછાત દેશોનું શોષણ થાય છે.
- આંતરરાષ્ટ્રીય વેપાર બે સમાન કદ ધરાવતા દેશો વચ્ચે જ ફાયદાકારક નીવડે છે.
- જયારે નાના કદ ધરાવતા દેશો આંતરરાષ્ટ્રીય વેપારમાં જોડાય ત્યારે મોટાભાગનો લાભ વિકસિત દેશોને મળે છે. જયારે પરાવલંબન ધરાવતા નાના દેશોને સહન કરવાનું આવે છે.

**3. આર્થિક અસ્થિરતા**

- આંતરરાષ્ટ્રીય વેપારથી આર્થિક અસ્થિરતા વધે છે.

  દા.ત., વૈશ્વિક મહામંદીનો (1931) પ્રારંભ અમેરિકામાં થયો હતો, પરંતુ થોડાક જ સમયગાળા દરમિયાન તે બીજાં ઘણાં બધા દેશોમાં ફેલાઈ ગઈ હતી.
- આવી જ પરિસ્થિતિ વર્ષ 2008માં આવેલી મંદીનાં સમયમાં પણ જોવા મળી હતી.

## 13.10 'આંતરિક વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપારહ્ વચ્ચેનો તફાવત :

| ક્રમ | તફાવતના મુદ્દાઓ | આંતરિક વેપાર | આંતરરાષ્ટ્રીય વેપાર |
|---|---|---|---|
| 1 | અર્થ | દેશની સીમાની અંદર થતા વેપારને આંતરિક વેપાર કહે છે. | દેશની સીમાની બહાર થતાં વેપારને આંતરરાષ્ટ્રીય વેપાર કહે છે. |
| 2 | ઉદાહરણ | ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેનો વેપાર. | ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર. |
| 3 | જોખમનું પ્રમાણ | આંતરિક વેપારમાં જોખમનું પ્રમાણ ઓછું ખર્ચાળ છે. | આંતરરાષ્ટ્રીય વેપારમાં જોખમનું પ્રમાણ વધુ હોય છે. |
| 4 | પ્રક્રિયા | આંતરિક વેપારની પ્રક્રિયા સરળ અને ઓછી ખર્ચાળ છે. | આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા જટિલ અને વધુ ખર્ચાળ છે. |
| 5 | ચલણને લગતા પ્રશ્નો | આંતરિક વેપારમાં ચલણને લગતા પ્રશ્નો ઉદ્ ભવતા નથી. | આંતરરાષ્ટ્રીય વેપારમાં ચલણને લગતા પ્રશ્ન ઉદ્ભવે છે. |
| 6 | કાર્યક્ષેત્ર | આંતરિક વેપારનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે. | આંતરરાષ્ટ્રીય વેપારનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે. |
| 7 | ગ્રાહકના વર્તનની આગાહી | આંતરિક વેપારમાં ગ્રાહકના વર્તનની આગાહી કરી શકાય છે. | આંતરરાષ્ટ્રીય વેપારમાં ગ્રાહક્ના વર્તનની આગાહી કરી શકાતી નથી. |
| 8 | હરીફાઈ | આંતરિક વેપારમાં હરીફાઈનું પ્રમાણ ઓછું હોય છે. | આંતરરાષ્ટ્રીય વેપારમાં હરીફાઈનું પ્રમાણ વધુ હોય છે. |
| 9 | કરવેરાનું પ્રમાણ | આંતરિક વેપારમાં કરવેરાનું પ્રમાણ ઓછું હોય છે. | આંતરરાષ્ટ્રીય વેપારમાં કરવેરાનું પ્રમાણ વધુ હોય છે. |

- **નીચેનાં પ્રશ્નોનાં વિસ્તૃત ઉત્તર આપો.**

1. આંતરરાષ્ટ્રીય વેપાર એટલે શું? તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
2. મુક્ત વેપારનો અર્થ આપી તેનાં લાભાલાભની ચર્ચા કરો.
3. સંરક્ષણ નીતિ એટલે શું? બાળ ઉદ્યોગોને સંરક્ષણ આપતી નીતિની વિસ્તૃત ચર્ચા કરો.
4. ઔદ્યોગીકરણ માટે સંરક્ષણની નીતિ સમજાવો.
5. મુક્ત વેપારની તરફેણ અને વિરુદ્ધની દલીલની ચર્ચા કરો.
6. આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરતાં પરિબળો વિશેની માહિતી આપો.
7. સંરક્ષણ નીતિનાં સંદર્ભમાં તરફેણ અને વિરુદ્ધની કઈ દલીલ કરવામાં આવે છે.

- **નીચેનાં પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો.**

(1) ટૂંક નોંધ લખો.

- સંરક્ષણ માટે બાળ ઉદ્યોગની દલીલ
- સંરક્ષણ માટે રોજગારીની દલીલ
- સંરક્ષણ માટે ઔદ્યોગિકરણની દલીલ
- આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વ
- મુક્ત વેપાર

(2) આંતરરાષ્ટ્રીય વેપાર માટેની તરફેણની દલીલ જણાવો.

(3) આંતરરાષ્ટ્રીય વેપારની મર્યાદાઓની ટૂંકમાં માહિતી આપો.

- **નીચેનાં પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. આંતરરાષ્ટ્રીય વેપારમાં સરકાર કઈ રીતે પોતાની દરમ્યાનગીરી કરે છે?

   A. આયાતોનું પ્રમાણ નક્કી કરે B. આયાત જકાત નાખે

   C. આયાતો પર પ્રતિબંધ મૂકે D. ઉપરનાં બધા

2. બાળ ઉદ્યોગની દલીલની જરૂરિઆત સૌપ્રથમ ક્યાં અર્થશાસ્ત્રી એ સમર્થન આપ્યું?

   A. કેઈન્સ B. ફેડરિક લિસ્ટ

   C. માર્શલ D. હેમિલ્ટન

3. બાળ ઉદ્યોગની દલીલનું જર્મનીનાં ક્યાં અર્થશાસ્ત્રી એ સમર્થન આપ્યું?

   A. કેઈન્સ B. ફેડરિક લિસ્ટ

   C. માર્શલ D. હેમિલ્ટન

4. મુક્ત વેપારનાં કારણે ગ્રાહકોનું કલ્યાણ............ છે.

   A. વધે છે. B. ઘટે છે.

   C. સ્થિર રહે છે. D. અનિશ્ચિત હોય છે.

5. બાળ ઉદ્યોગોને અપાતું સંરક્ષણ કેવું હોવું જોઈએ.

   A. લાંબાગાળાનું B. કાયમી

   C. ટૂંકાગાળાનું D. અનિશ્ચિત ગાળાનું

6. આયાત જકાતને પરિણામે...........

A. વપરાશ વધે છે.    B. કિંમત ઘટે છે.

C. આયાતો વધે છે.    D. ઉત્પાદન વધે છે.

7. સંરક્ષણ માટેની રોજગારીની દલીલ ક્યાં અર્થશાસ્ત્રી એ હિમાયત કરી હતી?

A. એડમ સ્મિથ    B. ફ્રેડરિક લિસ્ટ

C. પીગું    D. હેમિલ્ટન

8. કેવા પ્રકારનું બજાર મુક્ત વેપાર માટે સૌથી વધારે સુસંગત છે.

A. પૂર્ણ હરીફાઈ    B. ઈજારો

C. અલ્પહસ્તક ઈજારો    D. ઈજારાયુક્ત હરીફાઈ

❖ **MCQ ANSWERS**

1. D) ઉપરનાં બધા
2. D)હેમિલ્ટન
3. B) ફ્રેડરિક લિસ્ટ
4. A) વધે છે
5. C) ટૂંકાગાળાનું
6. D) ઉત્પાદન વધે છે
7. D)હેમિલ્ટન
8. A) પૂર્ણ હરીફાઈ

# એકમ : 14 વિનિમય દર

## : રૂપરેખા :

14.1 પ્રસ્તાવના

14.2 વિનિમય દર: વ્યાખ્યા અને સંકલ્પના

14.3 વિનિમય દરને અસર કરતાં પરિબળો અને પ્રકાર

14.4 વિનિમય દરનું વર્ગીકરણ

14.4.1 ખરીદી દર અને વેચાણ દર

14.4.2 બદ્ધ વિનિમયદર અને મર્યાદિત પરિવર્તનશીલતા

14.4.3 વ્યાપક પરિવર્તનશીલતા

14.4.4 હાજર વિનિમયદર

14.4.5 વાયદા વિનિમયદર

14.4.6 મૂળભૂત વિનિમયદર

14.5 વિનિમયદર નીતિ

14.5.1 સ્થિર વિનિમયદર

14.5.2 પરિવર્તનશીલ વિનિમયદર

14.6 લેણદેણની તુલા

14.6.1 લેણદેણની તુલા: અર્થ અને સંકલ્પના

14.6.2 લેણદેણની તુલાનાં પ્રકાર

14.6.3 લેણદેણની તુલાનાં ખાતાઓ

14.6.4 લેણદેણ તુલામાં ખાદ્યનાં કારણો

14.6.5 લેણદેણની તુલામાં ખાદ્ય દૂર કરવાનાં ઉપાયો

14.7 સ્વાધ્યાય

## 14.1 પ્રસ્તાવના :-1

આંતરરાષ્ટ્રીય વેપાર વિવિધ દેશો વચ્ચે થાય છે. જેમાં ચીજવસ્તુઓ અને સેવાઓની કિંમત જુદા-જુદા ચલણોમાં ચૂકવવાની હોય છે, અર્થાત જયારે કોઈપણ દેશ અન્ય દેશોમાંથી આયાતો કરે છે, ત્યારે તેના બદલામાં અન્ય દેશનાં ચલણમાં તેની ચુકવણી કરવી પડે છે. એજ રીતે નિકાસ કરતો દેશ પણ નિકાસની કિંમત પોતાના ચલણમાં મેળવવાની અપેક્ષા રાખે છે. પરિણામે એક દેશનાં ચલણને બીજાં દેશનાંચલણમાં પરિવર્તિત કરવામાં આવે છે. જેને વિનિમયદર કે હુંડિયામણનો દર કહે છે.

## 14.2 વિનિમય દર: વ્યાખ્યા અને સંકલ્પના

- "વિદેશી ચલણના એક એકમનું દેશના ચલણમાં વ્યકત થતું મૂલ્યએ વિનિમયદર છે."

-પી.ટી.ઍલ્સવર્થ

- "વિનિમય દર કે જે બે ચલણોની ખરીદશક્તિની સમતા દ્વારા વ્યકત થાય છે તે એક દેશના ચલણની ખરીદશક્તિ અને બીજા દેશનાં ચલણની ખરીદશક્તિને સમાન બનાવે છે."

*-કૅસલ*

- "એક દેશનાં ચલણની બીજા દેશનાં ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે વિનિમયદર"

*-કૅલબર્ટ*

- "વિદેશી ચલણનાં એક એકમનું દેશનાં ચલણમાં વ્યકત થતું મૂલ્ય એટલે હુંડિયામણનું દર કે વિનિમયદર"

  દા.ત. US 1$ = ? 70 (લગભગ)અર્થાત ભારતને 1$ ખરીદવા માટે ? 70 ચુકવવા પડે છે.

- જયારે ભારત માટે વિનિમય દર વધે ત્યારે ભારતમાં આયાતો ઘટશે અને નિકાસો વધશે.

  દા.ત. વિનિમયદર 1$ = ? 70થી વધીને 1$ = ₹ 75 થાય ત્યારે ભારતમાં આતાયોની માંગ ઘટે છે અને નિકાસ વધે છે.

- ભારત માટે વિનિમયનો દર ઊંચો થાય ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયાનું મૂલ્ય ઘટ્યું તેમ કહેવાય.

- તેમજ ભારતમાં વિનિમયનો દર નીચો થાય ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયાનું મૂલ્ય વધ્યું તેમ કહેવાય.

## 14.3 વિનિમયદરને અસર કરતાં પરિબળો અને પ્રકાર

વિનિમયદરને ઘણાં બધાં પરિબળો અસર કરે છે. આ પરિબળો દ્વારા વિનિમય દરમાં ફેરફાર થાય છે. વિનિમયદરને અસર કરતાં પરિબળો નીચે મુજબ છે.

**1) રાજકીય પરિસ્થિતિ:**

દેશની રાજકીય સ્થિતિ પણ વિનિમયદરને અસર કરે છે. રાજકીય સ્થિરતાની સ્થિતિમાં વિદેશી મૂડીરોકાણકારો આકર્ષીય છે અને પરિણામે વિનિમયદર સાનુકુળ બને છે. સ્થાનિક ચલણ મજબૂત બને છે. પરંતુ જયારે દેશમાં રાજકીય અસ્થિરતા હોય ત્યારે વિદેશી મૂડીરોકાણકારો દેશમાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કરે છે. જેને મૂડીનું પ્રસ્થાન (flight of capital) કહેવામાં આવે છે. પરિણામે વિનિમય દર પ્રતિકુળ બનતાં, સ્થાનિક ચલણ નબળું પડે છે.

**2) વિદેશી હુંડિયામણની માંગ અને પુરવઠો :-**

હુંડિયામણ બજારમાં વિનિમય દર વિદેશી ચલણની માંગ અને તેના પુરવઠાનાં આધારે નક્કી થાય છે. જો હુંડિયામણ બજારમાં પુરવઠા કરતાં માંગ વધુ હોય તો વિનિમય દર વધે છે અને પુરવઠા કરતાં માંગ ઓછી હોય તો વિનિમય દર ઘટે છે. જો પુરવઠો માંગ કરતાં વધુ હોય તો વિનિમય દર ઘટે છે અને જો પુરવઠો માંગ કરતાં ઓછો હોય તો વિનિમય દર વધે છે.

**3) માળખાગત ફેરફારો :**

પ્રગતિશીલ અર્થતંત્રમાં માળખાગત ફેરફારો થતાં હોય છે. સંશોધનો અને ટેકનોલોજીને

લીધે ઉત્પાદકતા વધે છે, ઉત્પાદન-ખર્ચ ઘટે છે અને નવી વસ્તુઓનું ઉત્પાદન થાય છે. આ બધા ફેરફારો તુલનાત્મક ખર્ચલાભમાં નોંધપાત્ર ફેરફારો સર્જે છે. વિકસતા દેશોનું ચલણ મજબૂત બને છે કરણ કે અન્ય દેશોમાં તેમની ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ વધતા તેમની નિકાસો ઝડપથી વધે છે.

**4) ફુગાવો :**

વેપારથી જોડાયેલા બે દેશોમાં ફુગાવાનાં દરની જુદા-જુદા પ્રમાણમાં વધઘટ. વિનિમયદરને અસર કરે છે. વિનિમય દરનો આધાર મુખત્વે આયાત-નિકાસનો આધાર દેશની ખરીદશક્તિ ઉપર છે. કોઈપણ દેશની ખરીદશક્તિ તે દેશના ફુગાવાનાં દરથી વધુ પ્રભાવિત થાય છે.

દા.ત., જાપાનની સરખામણીમાં ભારતમાં આંતરિક ભાવસપાટીમાં ઝડપથી વધારો થાય તો, ભારતની ચીજ-વસ્તુઓ જાપાનમાં મોંઘી બનતા, એક બાજુ નિકાસો ઘટશે અને બીજી બાજુ જાપાનથી થતી આયાતો સસ્તી બનતા, આયાતોની માંગ વધે છે.

**5) મૂડીવિષયક વ્યવહારો :**

બીજા દેશોમાં મૂડીરોકાણ કરવા કે લોન આપવા માટે વિદેશી ચલણની માંગ અસ્તિત્વમાં આવે છે. જયારે આના વિપરીત બીજાં દેશોમાંથી મૂડીરોકાણ કે લોનનાં સ્વરૂપમાં મૂડી આવે છે, ત્યારે વિદેશી ચલણનો પુરવઠો અસ્તિત્વમાં આવે અને જેનાં કારણે વિનિમયદર પ્રભાવિત થાય છે. મૂડીરોકાણ અને ધિરાણનાં હેતુથી ભારતમાં મોટાં પ્રમાણમાં વિદેશી મૂડી આવે તો ભારતમાં વિદેશી ચલણનું મૂલ્ય ઘટશે એટલે કે વિનિમય દર ઘટશે.

**6) આવકની સપાટી :**

જો દેશમાં રાષ્ટ્રીયઆવક વૃદ્ધીનો દર વધે તો લોકોની માથાદીઠ આવક પણ વધે છે. જેના પરિણામે લોકોનું જીવનધોરણ સુધરે છે. લોકોની વપરાશ પણ વધે છે. પરિણામે, લોકો ભૌતિક સુખાકારીની વસ્તુઓનું આયાત કરે છે. આયાતોમાં વધારો થતાં આયાતી ખર્ચ વધે છે, જેની સામે નિકાસો ન વધતા, વિદેશી ચલણની માંગ વધતા દેશનાં ચલણનું અવમૂલ્યન થાય છે. આમ, દેશની રાષ્ટ્રીય આવકનું સ્તર બદલાતાં વિનિમય દર ઉપર તેની અસર થાય છે.

7) ચીજવસ્તુઓ અને સેવાઓની આયાત-નિકાસમાંથી ઉદભવતા વ્યવહારો વેપાર-વિષયક વ્યવહારો છે.નિકાસના કારણે વિદેશી ચલણનો પુરવઠો ઉદ્ભવે છે અને આયાતોને કારણે વિદેશી ચલણની માંગ ઉદભવે છે. કોઈપણ દેશમાં આયાત કરતાં નિકાસોનું કુલ મૂલ્ય વધુ હોય તો વિદેશી ચલણનો પુરવઠો-માંગ કરતાં વધુ હશે, પરિણામે વિદેશી ચલણનું મૂલ્ય ઘટે છે અને સ્થાનિક ચલણનું મૂલ્ય વધે છે, ટૂંકમાં વિનિમય-દર ઘટશે. જેનાં વિપરીત નિકાસ કરતાં આયાતોનું કુલ મૂલ્ય વધુ હોય તો વિદેશી ચલણની માંગ તેના પુરવઠા કરતાં વધુ હશે. જેનાં પરિણામે વિદેશી ચલણનું મૂલ્ય વધે છે અર્થાત ટુંકમાં કહીએ તો વિનિમયદર વધશે.

**વિનિમય દરના પ્રકાર:-**

1. સ્થિર વિનિમય દર

- સ્થિર વિનિમય દર એટલે સરકારે કે મધ્યસ્થ બેંકે સભાનપણે નક્કી કરેલો દર વિનિમય દર.

- સ્થિર વિનિમય દરને "બદ્ધ વિનિમય દર" તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કોઈ એક અથવા વધુ વિદેશી ચલણોનાં સમૂહનાં મૂલ્ય સાથે પોતાનાં ચલણનાં મૂલ્યને બાંધી રાખવામાં આવે તેને બદ્ધ વિનિમય દર કહે છે.
- જે દેશો સાથે આર્થિક સંબંધો વધુ હોય તે દેશનાં ચલણ સાથે પોતાનાં ચલણનાં મૂલ્યને બાંધવામાં આવે છે.
- સ્થિર વિનિમય દરમાં વિદેશી ચલણની તમામ આવકો અને ચૂકવણીઓ સરકારનાં અંકુશ હેઠળ લાવીને વિદેશી ચલણની માંગ અને પુરવઠાને સમતોલ કરવામાં આવે છે એટલેકે હુંડીયામણ બજારમાં ફેરફાર કરવામાં આવતો નથી, અર્થાત ચલણનાં માંગ અને પુરવઠામાં ફેરફાર થવા છતાં વિનિમય દરમાં ફેરફાર થતો નથી.
- આમ, વિનિમય દરને કોઈ નિશ્ચિત દરે જાળવી રાખવામાં આવે છે. જેથી દેશમાં જે દરે આયાત થાય છે તે જ દરે નિકાસ પણ કરવામાં આવશે.

**2. પરિવર્તનશીલ વિનિમયદર**

- વિદેશી ચલણનાં માંગ અને પુરવઠા દ્વારા જયારે વિનિમયનો દર મુક્ત રીતે નક્કી થાય છે તેને પરિવર્તનશીલ વિનિમય દર કહે છે.
- આમ, ચલણની માંગ અને ચલણનો પુરવઠો બદલાય તો વિનિમય દર પણ બદલાય છે.
- અહીં વિદેશી ચલણનાં આવક અને જાવકનાં વ્યવહારો પર સરકાર કે મધ્યસ્થ બેંકનો કોઈ અંકુશ હોતો નથી.
- વિદેશી ચલણની માંગ વધે તો વિનિમય દર વધે છે અને વિદેશી ચલણનો પુરવઠો વધે તો વિનિમય દર ઘટે છે.

**3. એક ચલણ સાથે બદ્ધ વિનિમય દર**

- આ વિનિમય દરને Single Currency Peg તરીકે ઓળખવામાં આવે છે.
- આ વિનિમય દરમાં દેશ પોતે નક્કી કરે છે ક્યાં દેશનાં ચલણનાં સંદર્ભમાં પોતાનાં ચલણનાં મૂલ્યને જોડવું. દા.ત., અમેરિકન ડોલર કે બ્રિટીશ પાઉન્ડ

  જો ડોલરનું મૂલ્ય વધે તો પ્રસ્તુત ચલણનું મૂલ્ય પણ અમુક અંશે વધારવામાં આવે છે.
- સામાન્ય રીતે અમુક મર્યાદામાં આ વિનિમયદરમાં સમાયોજનની જોગવાઈ કરવામાં આવે છે.

**4. થોડાંક ચલણોનાં જુથ સાથે બદ્ધ વિનિમય દર**

- આ વિનિમય દરને Composite Currency peg તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ વિનિમય દરમાં દેશ બીજાં અમુક દેશોનાં ચલણનાં સંદર્ભે પોતાનાં ચલણનાં મુલ્યને જોડી ડે છે.
- એક ચલણ સાથે બદ્ધ વિનિમય દરની સરખામણીમાં આ વિનિમય દર વધુ સ્થિર હોય છે.

**5. બહુવિધ વિનિમય દર**

- આ વિનિમય દરને Multiple Exchange Rates તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ પદ્ધતિમાં આયાત-નિકાસ માટેની ચુકવણીઓ એક જ વિનિમય દરે થતી નથી, પરંતુ સરકાર કે મધ્યસ્થ બેંકે વિનિમય અંકુશોની વ્યવસ્થા હેઠળ આયાતો અને નિકાસો માટે જુદા જુદા વિનિમય દરો નક્કી કરેલ છે.
- આ પદ્ધતિમાં વેપારી વ્યવહારો અને મૂડી વ્યવહારો માટે જુદા જુદા વિનિમય દરો હોઈ શકે છે.
- અમુક દેશો સાથેનાં વ્યવહારોમાં બદ્ધ વિનિમય દર અને બીજાં દેશોનાં વ્યવહારો માટે પરિવર્તનશીલ વિનિમય દર પણ હોઈ શકે છે. અથવા એક જ દેશનાં વ્યવહારો માટે બદ્ધ વિનિમય દર અને બીજાં વ્યવહારો માટે પરીવર્તનશીલ વિનિમય દર હોઈ શકે છે.

**6. સરકતો બદ્ધ વિનિમય દર**

- આ વિનિમય દરને Crawling peg તરીકે પણ ઓળખવામાં આવે છે.
- પહેલાં આ વિનિમય દરમાં એક ટકા ઉપરની દિશામાં અને એક ટકા નીચેની દિશામાં ફેરફાર કરી શકાતો હતો પરંતુ ડીસેમ્બર 1971 પછી વિનિમય દરની ફેરફારની માત્રા વધારવામાં આવી. હવે એક ટકાને બદલે 2.25 ટકા ફેરફાર ઉપરની કે નીચેની દિશામાં કરી શકવા માટે સભ્ય દેશોને પરવાનગી આપવામાં આવી.
- આ ફેરફારને પરિણામે સભ્ય દેશોને આંતરિક ક્ષેત્રે નાણાંકીય નીતિ અમલમાં મુકવાની વધુ સ્વતંત્રતા મળતા અર્થતંત્રમાં સમતુલા લાવતા પરિબળોને વધુ અવકાશ મળ્યો.

## 14.4 વિનિમયદરનું વર્ગીકરણ:-

વિનિમયદરનું વર્ગીકરણ નીચે મુજબ છે.

### 14.4.1 ખરીદી દર અને વેચાણ દર:-

વિદેશી વિનિમય બજારમાં વિનિમયદર નિર્ધારિત થાય છે. જે દરેક ખરીદદાર અને વેચાણકાર માટે ખુલ્લું હોય છે અને જ્યાં ચલણનો વેપાર સપ્તાહના અંતે (શનિવાર અને રવિવાર) સિવાય 24 કલાક ચાલુ રહે છે. હાજર વિનિમયદરને વર્તમાન વિનિમયદર તરીકે પણ ઓળખવામાં આવે છે. જયારે ભવિષ્યનો વિનિમયદર એ એવો વિનિમયદરનો ઉલ્લેખ કરે છે. જે આજે વેપાર કરવામાં આવે પરંતુ ડિલિવરી અને ચૂકવણી માટે ચોક્કસ ભાવિ તારીખ નિર્ધારિત કરવામાં આવે છે.

છૂટક ચલણ વિનિમય બજારમાં નાણાં વેપારીઓ દ્વારા ચલણ ખરીદવાના અને વેચવાના જુદા-જુદા દર નક્કી કરવામાં આવે છે. અહીં મોટાભાગના વેપાર સ્થાનિક ચલણમાં અથવા ચલણ ખરીદવાનો જે દર હોય તે દર ઉપર કરવામાં આવે છે. ખરીદદર એટલે જે દર પર નાણાં વેપારીઓ વિદેશી ચલણ ખરીદશે. જયારે વેચાણ દર એટલે નાણાં વેપારીઓ જે દર પર ચલણનું વેચાણ કરશે તે દર.

### 14.4.2 બદ્ધ વિનિમય દર અને મર્યાદિત પરિવર્તનશીલતા:-

- કોઈ એક અથવા વધુ વિદેશી ચલણોનાં સમૂહનાં મૂલ્ય સાથે પોતાના ચલણનાં મૂલ્યને બાંધી રાખવામાં આવે તેને બદ્ધ વિનિમય દર કહે છે. જે દેશો સાથે આર્થિક સંબંધો વધુ હોય તો તે દેશનાં ચલણ સાથે પોતાના ચલણનાં મૂલ્યને બાંધવામાં આવે છે. બદ્ધ વિનિમયદર સરકાર દ્વારા નક્કી થયેલો વિનિમયદર છે. વિદેશી ચલણનો ભાવ ચોક્કસ સપાટીએ સ્થિર હોય છે. તેથી તેને બદ્ધ વિનિમયદર કહેવામાં આવે છે. વિનિમય

અંકુશો દ્વારા અથવા પેગિંગ ઓપરેશન દ્વારા વિનિમયદરને સ્થિર રાખવામાં આવે છે.

- **મર્યાદિત પરિવર્તનશીલતા :**

  વિનિમયદરમાં કોઈ એક દેશનાંચલણ અથવા એકથી વધુ દેશનાં ચલણોનાં સમૂહનાં સંદર્ભમાં નક્કી કરેલી મર્યાદામાં જે ફેરફાર કરવામાં આવે તો તેને મર્યાદિત પરિવર્તનશીલતા કહે છે. વિનિમય દરમાં પરિવર્તશીલતાની મર્યાદા કોઈ એક દેશનાં ચલણનાં સંદર્ભમાં નક્કી કરવામાં આવે છે અથવા સહકારી ધોરણે પણ મર્યાદા નક્કી કરવામાં આવે છે.

### 14.4.3 વ્યાપક પરિવર્તનશીલતા :

વિનિમયદરમાં ફેરફારનું કોઈ ચોક્કસ પ્રમાણ નક્કી કરવામાં ન આવ્યું હોય તેવી પરિવર્તનશીલતાને વ્યાપક પરિવર્તનશીલતા કહે છે, જેના અનેક પ્રકાર છે.

**(A) નિશ્ચિત નિર્દેશકો**

દેશની આંતરિક ભાવસપાટીમાં જેટલો ફેરફાર થાય તેટલો જ ફેરફાર ચલણનાં બ્રાહ્ય મૂલ્યમાં કરવો એટલે કે વિનિમયદરમાં ફેરફાર કરવો.

**(B) સંચાલિત પરિવર્તનશીલતા**

વિદેશી હુંડિયામણમાં માંગ અને પુરવઠામાં થતાં ફેરફાર મુજબ વિનિમયદરમાં ફેરફાર થવા દેવો, પરંતુ વિદેશી હુંડિયામણ બજારમાં મધ્યસ્થ બેંકનો હસ્તક્ષેપ હોય તેને સંચાલિત પરિવર્તનશીલતા કહે છે.

**(C) સ્વતંત્ર રીતે તરતા વિનિમય દરોની વ્યવસ્થા**

વિદેશી હુંડિયામણમાં માંગ અને પુરવઠામાં થતાં ફેરફારો મુજબ વિનિમયદરમાં પુરેપુરો ફેરફાર થવા દેવામાં આવતો હોય તેવી પધ્ધતિને સ્વતંત્ર રીતે તરતા વિનિમય દરોની વ્યવસ્થા પધ્ધતિ કહે છે.

### 14.4.4. હાજર વિનિમયદર

- હાજર બજાર જેમાં હાજરનાં સોદા થાય છે.
- હાજર બજારના પ્રવર્તમાન વિનિમય દરને "હાજર દર" (spot rate of exchange) કહેવાય છે.
- હાજર બજારમાં વિદેશી ચલણની ખરીદી અને વેચાણ હાજરમાં on the spot થાય છે. વિક્રેતા એક કે બે દિવસમાં જ વિદેશી ચલણની ડિલિવરી કરે છે અને ગ્રાહક તરત એની કિંમત ચૂકવે છે.

### 14.4.5 વાયદા વિનિમયદર

- વાયદા બજાર જેમાં વાયદાનાં સોદા થાય છે. વાયદા બજારનાં પ્રવર્તમાન વિનિમયદરને વાયદા દર કહેવાય છે.
- વાયદા બજારમાં વિનિમયદરને forward rate of exchange કહેવામાં આવે છે.
- વાયદા બજારમાં વિક્રેતા અને ગ્રાહક વિદેશી ચલણની કોઈ એક કિંમત મંજુર કરે છે અને આ કિંમતે ભવિષ્યમાં કોઈ એક ચોક્કસ સમયે ગ્રાહક વિદેશી ચલણનો અમુક જથ્થો ખરીદવાનો અને વિક્રેતા વેચવાનો કરાર કરે છે.

- સામાન્ય રીતે આ કરાર ત્રણ મહિનાની મુદ્દતનો હોય છે.
- વાયદા બજારનાં વ્યવહારો દ્વારા આયાતકારો અને નિકાસકારો બંને વિનિમયદરના ફેરફારોનાં જોખમો સામે રક્ષણ મેળવે છે અને નિશ્ચિત પણે શુદ્ધ વેપારી પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

### 14.4.6 મુળભૂત વિનિમય-દર

- ભાવસપાટીમાં ફેરફાર સાથે સમાયોજિત વિનિમયદરને મૂળભૂત વિનિમય-દર કહે છે.
- અમેરિકાની સરખામણીમાં ભારતમાં ફુગાવાનો દર ઊંચો હોય તો, અમેરિકન ડોલરની સરખામણીમાં ભારતીય રૂપિયો નબળો પડે છે. ભારતીય રૂપિયાની આંતરિક ખરીદશક્તિ વધુ ઘટે છે.
- પરિણામે, મૂળભૂત વિનિમયદર વધશે, અર્થાત અમેરિકન ડોલર મોંઘો થશે.

$$RER = NER \times \frac{P_{I1} \div P_{I0}}{PU1 \div PU0}$$

જેમાં,

RER $\rightarrow$ મૂળભૂત વિનિમય-દર

NER $\rightarrow$ નોમિનલ કે નાણાંકીય વિનિમય-દર

PI1 $\rightarrow$ ભારતમાં ચાલુ વર્ષ ભાવાંક


PI0 $\rightarrow$ ભારતમાં પાયાનાં વર્ષેમાં ભાવાંક

PUI $\rightarrow$ અમેરિકામાં ચાલુ વર્ષે ભાવાંક

PU0 $\rightarrow$ અમેરિકામાં પાયાનાં વર્ષમાં ભાવાંક.

## 14.5 વિનિમય-દર નીતિ

ઔધોગિક ક્રાંતિને પરિણામે આંતરરાષ્ટ્રીય વેપારની નીતિઓમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. મુક્ત વેપારને સ્થાને સંરક્ષિત વેપાર નીતિની શરૂઆત થઇ ગઈ, લેણદેણની તુલાને સમતોલ રાખવા માટે તમામ દેશો 'વિનિમય-દર' નીતિને અપનાવવા લાગ્યા છે. વેપારનાં લાભને મહત્તમ બનાવવાના હેતુથી વિનિમયદર અંગેની વિવિધ નીતિઓનો આશ્રય લેવામાં આવે છે. વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે વિકાસ પામેલી હુંડિયામણ દર અંગેની વિવિધ નીતિઓ અભ્યાસ જરૂરી બન્યો છે. વર્તમાન સમયમાં વિવિધ દેશો દ્વારા વિવિધ પ્રકારની હુંડિયામણ દરની નીતિઓ અપનાવવામાં આવી છે, જે નીચે મુજબ છે.




### 14.5.1 સ્થિર વિનિમય દર :-

- આ પધ્ધતિમાં સ્થાનિક ચલણનો વિનિમયદર સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં સ્થિરતા જાળવવા આ વિનિમયદરનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે કોઈ અન્ય દેશના ચલણની સાપેક્ષમાં સ્થાનિક ચલણને કોઈ ભાવે સ્થિર કરી દેવામાં આવે તે પ્રક્રિયાને ‘pegging’ કહેવામાં આવે છે.

**અર્થ:-**

જો કોઈ દેશની સત્તા દ્વારા પોતાના ચલણનો વિદેશી હુંડિયામણ સાથેનો વિનિમય દર અમુક નક્કી કરેલી સપાટીને જાળવી રાખવા માટે કરવામાં આવે તો તેને સ્થિર વિનિમય દર પધ્ધતિ કહે છે.

**સ્થિર વિનિમય-દરનાં તરફેણની દલીલો :**

- જો કોઈ દેશમાં લેણદેણની તુલામાં સતત ખાદ્ય રહેતી હોય તો એવા વિકસતા દેશો માટે સ્થિર વિનિમય-દર પ્રથા અનિવાર્ય છે જેના દ્વારા તેઓ પોતાના ચલણનાં બ્રાહ્ય મૂલ્યમાં સતત ઘટાડાનાં વલણને રોકી શકે છે.
- સ્થિર વિનિમય-દરને કારણે નિકાસકારો અને આયાતકારોને પોતાનો વેપાર સ્થિરતાપૂર્વક વધારવાની તક પ્રાપ્ત થાય છે. જેથી આંતરરાષ્ટ્રીય વેપારનું કદ વિસ્તરે છે.
- આ પધ્ધતિને કારણે લાંબાગાળાનાં આંતરરાષ્ટ્રીય મૂડીરોકાણો સરળ બને છે. કારણકે સટ્ટાલક્ષી પ્રવૃત્તિઓ ?બંધ થાય છે. આમ, સ્થિર વિનિમયદરની પ્રથામાં આંતરરાષ્ટ્રીય હુંડિયામણ બજારમાં સટ્ટાલક્ષી પ્રવૃત્તિઓને ઓછો અવકાશ મળે છે.
- વિદેશી મૂડીરોકાણને આકર્ષવા માટે વિનિમય-દરની સ્થિરતા જરૂરી છે, વિદેશીઓ એવા દેશમાં રોકાણ કરવા તૈયાર થતા નથી જેનું ચલણ અસ્થિર હોય. આમ, આર્થિક વિકાસ અને મૂડીરોકાણને ઉત્તેજન આપવા સ્થિર વિનિમય-દર જરૂરી છે.
- સ્થિર વિનિમય-દર આંતરિક સ્થિરતા અને આંતરિક ધોરણો જાળવી રાખવામાં મદદરૂપ થાય છે.
- સ્થિર વિનિમય-દર પ્રથાને કારણે વૈશ્વિક નાણાંકીય પધ્ધતિ સરળ બનાવી શકાય છે.

- સ્થિર વિનિમય-દર ફુગાવા સામે રક્ષણ આપે છે.
- સ્થિર વિનિમય-દર પ્રથા આંતરિક સમતુલા પ્રાપ્ત કરવાની તક આપે છે. જેથી ઉત્પાદન સાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી શકાય.

**વિરુદ્ધની દલીલો :-**

- હુંડીયામણનો દર સ્થિર હોય તે સ્થિતિમાં દેશમાં સર્જાતી આર્થિક સ્થિરતા અમુક અંશે વિદેશોમાં પણ પ્રસરી જાય છે. તેમજ વિદેશોમાં સર્જાતી આર્થિક સ્થિરતા દેશમાં પ્રવેશે છે.

  દા.ત., વિદેશમાં જો મંદી કે બેકારીની સ્થિતિ સર્જાય તો દેશની નિકાસોમાં પણ ઘટાડો થાય છે. જેને પરિણામે નિકાસ ઉદ્યોગોમાં ઉત્પાદન, રોજગારી ઘટે છે. આમ વિદેશી મંદી દેશમાં પ્રવેશે છે.
- સ્થિર વિનિમયદરમાં દેશનાં ચલણનું મૂલ્ય વધઘટ થવા છતાં વિનિમયદર પરિવર્તન પામતું નથી, પરિણામે લાંબાગાળે દેશનાં ચલણનું અવમૂલ્યન કે અધિમૂલ્યન કરવાનો પ્રશ્ન ઉદ્ભવે છે.
- સ્થિર વિનિમયદર નીતિને પરિણામે લેણદેણની તુલામાં અસમતુલા આવે છે.
- સ્થિર વિનિમયદરની નીતિમાં સ્થિરતા જાળવવા, નાણાંપ્રબંધક સત્તા દ્વારા વિનિમય અંકુશો જેના પગલાં લેવા પડે છે જે આંતરરાષ્ટ્રીય વેપારને અવરોધે છે.
- સ્થિર વિનિમયદરની પધ્ધતિમાં વિનિમય દર સ્થિર હોવા છતાં હુંડીયામણનો જથ્થો અનામત તરીકે રાખવો પડે છે. નાણાંપ્રબંધક આ અનામત જથ્થાનો ખરીદ-વેચાણથી વિનિમયદરની સ્થિરતા જાળવી શકાય છે.
- સ્થિર વિનિમયદર નીતિમાં કોઈપણ દેશ સ્વતંત્ર રીતે નાણાંકીય અને રાજકોષીય નીતિ અપનાવી શકતો નથી. દેશની બેંકિંગ વ્યવસ્થા દેશના વિકાસ માટે અનુરૂપ સ્વતંત્ર આર્થિક નીતિની રચના કરી શકતા નથી. આમ, વિનિમય દરની સ્થિરતા જાળવવા દેશનાં આંતરિક હિતોનો પણ ભોગ આપવો પડે છે.

**14.5.2 પરિવર્તનશીલ વિનિમયદર**

- પરિવર્તન વિનિમય દરની હિમાયત પ્રો.ગ્રેહામ, ફ્રિડમેન, જેમ્સમીડ, સોહમત જેવાં અર્થશાસ્ત્રીઓ કરે છે. આ પધ્ધતિમાં વિનિમયદર બજારમાં વિવિધ ચલણોની માંગ અને પુરવઠાનાં આધારે નક્કી કરવામાં આવે છે. દેખીતી રીતે દર નક્કી કરવામાં સરકારની સીધી કોઈ ભૂમિકા હોતી નથી.

**અર્થ :-**

➢ "વિદેશી હુંડીયામણનો ભાવ જે તે ચલણની વિદેશી હુંડીયામણના બજારમાં થતી માંગ અને તેના પુરવઠા દ્વારા મુક્ત રીતે નક્કી થતી હોય તેને પરિવર્તનશીલ વિનિમયનો દર કહે છે.

➢ "પરિવર્તનશીલ વિનિમયદર પધ્ધતિ એક પરિવર્તનશીલ અર્થતંત્રની માંગ કરે છે".

***-ડેલ્બર્ટ સ્નાઈડર***

➢ "પરિવર્તનશીલ વિનિમયદર એટલે એવાં વિનિમયદર કે જે વિદેશી ચલણની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે.

➢ ટૂંકમાં, પરિવર્તનશીલ વિનિમયદર એટલે હુંડિયામણની માંગ અને પુરવઠાના પરિબળો દ્વારા નક્કી થતો વિનિમયનો મુક્તદર.

દા.ત., 1$ = ?60 હોય અને વિદેશી હુંડિયામણની માંગ ઘટે તો વિનિમયદર 1$ = ?55 થાય અને વિદેશી હુંડીયામણની માંગ વધે તો વિનિમય દર 1$ = ?65 થાય તે પરિવર્તનશીલ વિનિમય દર છે.

**પરિવર્તનશીલ વિનિમયદરના ફાયદા:**

**(1) સરળ પધ્ધતિ:**

- આ પધ્ધતિ ખુબજ સરળ છે, જેમ માંગ અને પુરવઠાના પરિબળો દ્વારા વસ્તુની કિંમત નક્કી થાય છે. તેમજ હુંડિયામણ બજારમાં ચલણની માંગ અને તેનો પુરવઠો તેનું મૂલ્ય નક્કી કરે છે.

**(2) લેણદેણની તુલામાં સમતુલા:**

- પરિવર્તનશીલ વિનિમયદરની વ્યવસ્થામાં લેણદેણની તુલા આપોઆપ સમતુલામાં આવે છે. અહીં લેણદેણની તુલામાં સમતુલા પ્રાપ્ત કરવા માટે કોઈપણ સરકારી અંકુશો કે દરમિયાનગીરીની જરૂર રહેતી નથી.

**(3) અસ્થિર દર નથી**

- પરિવર્તનશીલ વિનિમય દર જડ કે અસ્થિર દર નથી પરંતુ સમતુલીત દર છે. પ્રો.ફ્રિડમેન મુજબ જેવી રીતે મુક્ત બજારમાં વસ્તુનાં ભાવો પરિવર્તનશીલ હોય છે. તેમ છતાં તે વારંવાર બદલાતા નથી અને સ્થિર રહે છે તેવી જ રીતે પરિવર્તનશીલ વિનિમય દર અસ્થિર નથી. પરંતુ મહદઅંશે સ્થિરતા ધરાવે છે.

**(4) અવમૂલ્યન આવશ્યક નથી.**

- સ્થિર વિનિમય દર પધ્ધતિમાં લાંબે ગાળે ચલણનું અવમૂલ્યન, ઉર્ધ્વમૂલ્યન કરવું પડે છે. જયારે પરિવર્તનશીલ વિનિમયદરમાં બનાવટી રીતે ચલણનું મૂલ્ય વધતું નથી તેથી અવમુલ્યન જેવાં પગલાં લેવા પડતાં નથી.

**(5) મુક્ત અને મહત્તમ વેપાર**

- જયારે પરિવર્તનશીલ વિનિમયદર પધ્ધતિમાં લેણદેણની તુલા સ્વયં સમતુલામાં રહેતી હોવાથી વિદેશ વેપાર ઉપર કોઈ અંકુશ મૂકવાની જરૂરીયાત રહેતી નથી. પરિણામે આંતરરાષ્ટ્રીય વેપાર મહત્તમ અને મુક્ત બને છે.

**(6) દેશની આર્થિકનીતિ ઘડવા માટેની સ્વતંત્રતા :-**

- આ પધ્ધતિમાં દેશની બેંકિંગ વ્યવસ્થા પોતાનું કાર્ય સ્વતંત્ર રીતે કરે છે. વિનિમયદરના નિર્ધારણ માટે નાણાંકીય કે રાજકીય પગલાં જરૂરી બનતા નથી. પરિણામે દેશની બેંકો દેશનાં હિતમાં આંતરિકનીતિનો સ્વતંત્રપણે ઉપયોગ કરી શકે છે.

**(7) બ્રાહ્ય આંચકાઓ અને ફેરફારો સામે રક્ષણ :-**

- આ પધ્ધતિ વિશ્વમાં તેજી-મંદીના જે ફેરફારો આવે છે તેની અસરથી અર્થતંત્રને મુક્ત રાખે છે. તે વિદેશોમાં મંદી આવે તો તે આપણા દેશની નિકાસો ઘટશે જેથી વિનિમયદરમાં આપમેળે ઘટાડો થશે. જેથી આપણી નિકાસો વધશે અને આયાતો ઘટશે. આ રીતે ફેરફારો સામે અર્થતંત્ર પ્રતિકાર કરી શકે છે. અર્થશાસ્ત્રી સોહાનનાં

મત મુજબ "પરિવર્તનશીલ વિનિમયદર ચક્રિય પરિવર્તનોના આંચકાઓ સામેનો બફર છે."

**(8) વિશ્વ મંદીની અસરોથી મુક્ત :-**

- આ પધ્ધતિ આંતરિક અર્થકારણને વિશ્વ મંદીની અસરોથી મુક્ત રાખે છે અને ફુગાવાની નીતિ માટે તે અંતરાયરૂપ નીવડે છે.જયારે નિકાસ થતી વસ્તુઓના પરદેશમાં ભાવ ઘટે ત્યારે વિનિમયદર ઉંચો જવાથી નિકાસ ટકી શકશે અને વસ્તુના આંતરિક ભાવ પણ ટકી રહેશે. તેવું જ આયાતી વસ્તુઓ માટે પણ બનશે.એ જ રીતે ફુગાવો થાય તો આયાતોની માંગ વધે અને નિકાસો ઘટે અને લેણદેણની તુલામાં ખાદ્ય પેદા થાય. આથી વિનિમય દર ઘટવા પામશે અને આયાત-નિકાસ સરખાં થશે.

**(9) અનામતો રાખવાની જરૂરીયાત રહેતી નથી.**

- પરિવર્તનશીલ વિનિમય દરની નીતિમાં વિનિમય દરના ફેરફારો દ્વારા ખાદ્ય દૂર થતી હોવાથી અનામતો રાખવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. આ વ્યવસ્થા ગરીબ અને વિકસતા દેશો માટે વધારે લાભદાયી હોય છે, કારણકે સોના કે હુંડિયામણની અસ્કયામતો રાખવાની જરૂર ન હોવાથી તેનો ઉપયોગ દેશના ઝડપી આર્થિક વિકાસ માટે ગણતરીપૂર્વક કરકસરથી કરી શકશે. પરિણામે દેશની આર્થિક સમૃદ્ધિમાં વધારો થાય છે.

**(10) સ્વતંત્ર આર્થિક નીતિ શક્ય બને છે.**

**મર્યાદાઓ :-**

**(1) આંતરરાષ્ટ્રીય વેપારમાં અનિશ્ચિતતા:**

- પરિવર્તનશીલ વિનિમય દરની નીતિનાં સંજોગોમાં હુંડિયામણદર સતત બદલાતો રહે છે, તેથી આયાતકારો અને નિકાસકારો માટે ભારે જોખમ ઉભું થાય છે. તેથી તેઓ વેપાર કરતાં અચકાય છે. પરિણામે વિશ્વવેપારમાં અનિશ્ચિતતા ઊભી થાય છે જો કે આ બાબતે અર્થશાસ્ત્રી સ્કેમલ અને ફ્રિડમેન આ મત સાથે સમંત થતો નથી.

**(2) આંતરરાષ્ટ્રીય મૂડીના પ્રવાહને રોકે છે.**

- અર્થશાસ્ત્રી આર્થરના મત મુજબ વિનિમય દરમાં વારંવાર આવતા પરિવર્તનો આંતરરાષ્ટ્રીય મૂડીરોકાણ અને લોન વગેરેનાં વ્યવહારને અવરોધે છે નાણાંનાં મૂલ્યમાં ફેરફાર ઉછીના લેનારનું ભારણ વધે છે જેથી વ્યાજમાં પણ ફેરફાર થતો હોય છે.

**(3) સાધનોનો બગાડ:**

- પરિવર્તનશીલ વિનિમય દરની પધ્ધતિમાં વિનિમય દરમાં કામચલાઉ ફેરફાર વારંવાર થાય છે. આથી આયાત-નિકાસની વસ્તુઓનાં વેપારની નફાકારકતા બદલાય છે, સાથે-સાથે સાધનોની ફાળવણી પણ બદલાય છે, પરિણામે સાધનોનો બગાડ થાય છે. આંતરિક મૂડીરોકાણ ઉપર પણ વિપરીત અસર થાય છે.

**(4) વેપારની શરતો પર વિપરીત અસર :**

- વર્તમાનમાં મોટાં ભાગના દેશો વિનિમય દરમાં હસ્તક્ષેપ કરી, વિનિમય અંકુશો દ્વારા પોતાની શરતો અનુકુળ બનાવી રહ્યા છે. ત્યારે જો પરિવર્તનશીલ વિનિમયદરની પધ્ધતિ અપનાવવામાં આવે તો તે દેશોની વેપારની શરતો પ્રતિકુળ બનશે.

**(5) માંગની મૂલ્ય સાપેક્ષતાની અવગણના**

- વિનિમય દરની પરિવર્તનશીલતાને કારણે લેણદેણની તુલામાં સમતુલા પેદા થવામાં આયાત અને નિકાસની માંગની મૂલ્ય સાપેક્ષતા મહત્તવની બની છે. આયાત અને નિકાસની માંગની મૂલ્ય સાપેક્ષતા એકમ કરતાં વધારે હોય ત્યાં જ વિનિમયદરમાં થોડોક ઘટાડો થવાથી સમતુલા પેદા થાય છે. પરંતુ જ્યાં મૂલ્ય સાપેક્ષતા ઓછી હોય ત્યાં સમતુલા માટે વિનિમય દરમાં ઘટાડો થવા દેવો પડે છે.

**(6) આંતરિક મૂડીરોકાણ ઉપર વિપરીત અસર :**

- પરિવર્તનશીલ વિનિમયદરનો અમલ સૈદ્ધાંતિક રીતે જેટલો સરળ છે, તેટલો વ્યવહારમાં સરળ નથી. તેના અમલ માટે કડક શિસ્ત જરૂરી છે. જે અલ્પવિકસિત દેશોમાં નથી. તેથી દુનિયામાં આનો ઉપયોગ બહુ થયો નથી.

**(7) વિકસતા દેશો માટે અનુકુળ નથી.**

- વર્તમાન સમયમાં વિકસતા દેશોએ આર્થિક આયોજન દ્વારા આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાનાં પ્રયાસો કર્યા છે. વિકસતા દેશો સમક્ષ હુંડિયામણની કટોકટી અને લેણદેણતુલાની અસમતુલાની સમસ્યાને કારણે આયાતો ઉપર અંકુશ મૂકવાનો હોય છે, આવાં સમયે પરિવર્તનશીલ વિનિમય દર પધ્ધતિ નિર્ધારિત હેતુઓ માટે અનુકુળ બનતી નથી.

**(8) ફુગાવાજન્ય નીતિને ઉત્તેજન :**

- આ પધ્ધતિમાં ફુગાવાજન્ય નીતિનો સહેલાઈથી આશ્રય લઈ શકાય છે. પ્રો.મિલ્ટન ફ્રિડમેન દર્શાવે છે કે જે દેશની આયાતો વધુ હોય તે દેશમાં વિનિમય દર નીચો જાય તો આયાતો મોંઘી બને તેથી આંતરિક ઉત્પાદન ખર્ચ અને વેતન વધે તેથી ભાવ વધે છે. બીજી બાજુએ નિકાસો સસ્તી થવાથી નિકાસો વધે તેથી આંતરિક પુરવઠો ઘટે અને વસ્તુઓની અછત ઊભી થતાં ભાવો વધે છે. આ રીતે પરિવર્તનશીલ વિનિમયદર ફુગાવાને ઉત્તેજન આપે છે.

**(9) રોકડનાણાંની વૃતિને પ્રોત્સાહન:**

- અર્થશાસ્ત્રી હેબરલરના મંતવ્ય મુજબ વિનિમય દરની અસ્થિરતાને લીધે મહદઅંશે નાણું રોકડ સ્વરૂપે રાખવાની વૃતિ ધરાવે છે. જેથી દેશના ચલણના મૂલ્યમાં ઘટાડો થવાના ચિન્હો જણાય તો તેમના નાણાંને વધુ સદ્ધર ચલણમાં બદલી શકાય. આવી રોકડ વૃતિને કારણે વ્યાજનો દર ઊંચો રહેવાનું વલણ ધરાવે છે.

## 14.6 લેણદેણની તુલા:-

કોઈપણ દેશ અન્ય દેશો સાથે વેપારી સંબંધ ધરાવે છે. આયાતોનાં કારણે દેશમાંથી નાણાં જાય છે અને નિકાસોને લીધે દેશમાં નાણાં આવે છે. વસ્તુની આયાત-નિકાસમાં મૂલ્યનાં હિસાબો બે રીતે રાખવામાં આવે છે.

1. વેપારતુલા અને
2. લેણદેણની તુલા

**વેપારતુલા:**

વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દ્રશ્ય) વસ્તુઓની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું સરવૈયું એટલે વેપારતુલા. જયારે ભૌતિક વસ્તુઓની નિકાસ કિંમત અને આયાત કિંમત સરખી

થતી હોય ત્યારે તે સમતોલ વેપારતુલા ગણાય. જો નિકાસોની કિંમત કરતાં આયાતોની કિંમત વધુ થતી હોય ત્યારે તે પ્રતિકૂળ વેપારતુલા કહેવાય. જો આયાતોની કિંમત કરતાં નિકાસોની કિંમત વધુ થતી હોય ત્યારે તે અનુકુળ વેપારતુલા કહેવાય.

### 14.6.1 લેણદેણની તુલા: અર્થ અને સંકલ્પના

લેણદેણની તુલા એક હિસાબી પધ્ધતિ છે, જેમાં દેશનાં વિશ્વ સાથેનાં વાસ્તવિક અને નાણાંકીય સોદાઓનો વર્ગીકૃત હિસાબ વ્યકત થાય છે કે જેથી વિશ્વમાંથી થતી આવકો તથા વિશ્વને થતી ચૂકવણીઓનો ખ્યાલ આવે છે. લેણદેણની તુલા દેશનાં હુંડિયામણની અસરકારક માંગ અને પુરવઠો દર્શાવતો દસ્તાવેજ છે.

**લેણદેણની તુલામાં.......**

* વસ્તુઓ અને સેવાઓનો મૂલ્ય,

* સાધનોની હેરફેરનો ખર્ચ તથા,

* મૂડીવેપારનાં મૂલ્યની નોંધણીનો સમાવેશ થાય છે.

**વ્યાખ્યાઓ:-**

- “કોઈ એક દેશનાં નિશ્ચિત ગાળાનાં બધા જ પ્રકારનાં આંતરરાષ્ટ્રીય આર્થિક વિનિમયની યાદી એટલે લેણદેણની તુલા.” -સી.પી.કિંડલબર્જર
- “લેણદેણની તુલા એક દેશનાં પ્રજા અને બાકીના દેશનાં પ્રજાઓ વચ્ચે બધા જ પ્રકારની લેવડ-દેવડનો સંક્ષિપ્ત હિસાબ છે, જે અમુક ચોક્કસ સમય પુરતો હોય છે. સમાન્ય રીતે તે એક વર્ષનો હોય છે.” ***-પી.ટી.ઍલ્લવર્થ***
- “વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દ્રશ્ય) અને અભૌતિક (અદ્રશ્ય-સેવાઓ) આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા.”
- “કોઈ એક અર્થતંત્રનાં બધા જ પ્રકારનાં વિદેશી વિનિમયોને સાદા અર્થમાં લેણદેણની તુલા કહી શકાય.”
- “લેણદેણની તુલા એટલે કોઈ એક દેશની આંતરરાષ્ટ્રીય લેવડ-દેવડની પ્રાપ્તિ અને ચુકવણીઓનો હિસાબ.”

આમ,

- ➢ “લેણદેણતુલા એ દ્રશ્ય અને અદ્રશ્ય વસ્તુઓની આયાત-નિકાસનો હિસાબ છે.”
- ➢ લેણદેણની તુલામાં રજૂ કરવામાં આવતાં આયાત-નિકાસનો હિસાબ એક વર્ષની મુદ્દતનો હોય છે.
- ➢ લેણદેણતુલા એ દેશનાં નાગરિકોએ વિશ્વનાં અન્ય દેશોનાં નાગરિકો સાથે કરેલાં આર્થિક વ્યવહારોનો વ્યવસ્થિત હિસાબી અહેવાલ છે.
- ➢ લેણદેણતુલાની આંકડાકીય હિસાબી રજૂઆત દેશના ચલણમાં જ વ્યકત કરવામાં આવે છે.
- ➢ લેણદેણની તુલામાં બે બાજુઓ હોય છે.

  1. જમા બાજુ 2. ઉધાર બાજુ
- ➢ અવમુલ્યનને કારણે બજારોમાં આપણા દેશની નિકાસો સસ્તી બનતાં નિકાસો વધે છે

અને દેશના બહારમાં વિદેશી આયાતો મોંઘી બનતા આયાતો ઘટે છે. જેથી લેણદેણની તુલાની ખાદ્ય દુર થાય છે.

➢ આમ, અવમૂલ્યનની ત્રણ અસરો થાય છે.

A) અવમૂલ્યનથી દેશની આયાતોનાં જથ્થામાં ઘટાડો થાય છે.

B) અવમૂલ્યનથી વિદેશીઓની માંગની મૂલ્યસાપેક્ષતા જેટલો દેશનાં નિકાસ જથ્થામાં વધારો થાય છે.

C) અવમૂલ્યનથી દેશની નિકાસ થતી વસ્તુનાં ભાવમાં ઘટાડો થાય છે.

**7. બિન-નાણાકીય પગલાં :-**

➢ લેણદેણતુલાની અસમતુલા નિવારવા માટે નાણાંકીય પગલાંઓ ઉપરાંત આયાત-જકાત અને આયાત-પરિમાણની નીતિ જેવાં બિન-નાણાંકીય પગલાંઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

**A) જકાત:**

➢ આયાત-જકાત આયાતી વસ્તુઓને મોંઘુ બનાવે છે, પરિણામે વપરાશ ઘટાડો થાય છે, જયારે નિકાસો યથાવત્ જળવાઈ રહે છે. પરિણામે ખાદ્ય દૂર કરી શકાય છે.

**B) આયાત-પરવાના નીતિ:**

➢ સરકાર આયાત પરવાના આપીને આયાતોનું નિયંત્રણ કરે છે. આમ, આયાત નિયંત્રણ થતાં લેણદેણ તુલાની ખાદ્ય દૂર કરી શકાય છે.

**C) આયાત-પરિમાણ:**

➢ આયાત પરિમાણ આયાતકાર દેશ અને અન્ય દેશોમાંથી કેટલા પ્રમાણમાં આયાત કરવી તે નક્કી કરે છે. આમ, આયાતોનું નિયંત્રણ આયાત પરિમાણમાં થાય છે.

**D) નિકાસ ઉત્તેજન:**

➢ નિકાસોને ઉત્તેજન આપવા સરકાર નિકાસ જકાતમાં ઘટાડો કરે, નિકાસકારોને નાણાંકીય મદદ, કરવેરામાં રાહત, આયાત પરવાનામાં પસંદગી વગેરે દ્વારા નિકાસો ઉત્તેજિત કરવાનાં પ્રયાસો થાય છે.

**E) વિદેશી મૂડીરોકાણ માટેનાં પ્રોત્સાહન:**

➢ દેશમાં વિદેશી કંપનીઓ, નિયોજકો કે નાગરિકો દ્વારા થતાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું, જેના દ્વારા દેશમાં વિદેશી હુંડિયામણનું પ્રમાણ વધે છે. સાથે-સાથે અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી, આવકમાં પણ વધારો થાય છે, જેને પરિણામે દેશની નિકાસક્ષમતા વધે છે. આયાતોનું પ્રમાણ ઘટે છે. જેથી લેણદેણતુલાની ખાદ્ય દૂર કરી શકાય છે.

➢ વિદેશો પાસેથી દેશને થતી આવકને જમા બાજુમાં નોંધાય છે.

➢ વિદેશોની થતી બધી જ ચુકવણીઓ ઉધાર બાજુમાં નોંધાય છે.

**14.6.2 લેણદેણની તુલાનાં પ્રકાર:**

- લેણદેણ તુલનાં બે પ્રકાર છે.

  A) સમતોલ લેણદેણની તુલા

  B) અસમતોલ લેણદેણની તુલા

- સમતોલ તુલામાં જમા અને ઉધાર બાજુમાં સરવાળા સમાન હોય છે. અર્થાત દેશ જેટલા કરોડોની નિકાસ કરે તેટલાજ કરોડોની આયાત કરે તો તેને લેણદેણની તુલા સમતોલ છે તેમ કહેવાય.
- અસમતોલ તુલામાં જમા અને ઉધાર બાજુનાં સરવાળા સમાન હોતા નથી, અર્થાત ક્યારેક જમાબાજુ> ઉધારબાજુ તો ક્યારેક જમાબાજુ < ઉધારબાજુ હોય તો તેને અસમતોલ લેણદેણની તુલા કહે છે.
- લેણદેણની તુલામાં જયારે જમા બાજુનો સરવાળો ઉધાર બાજુનાં સરવાળા કરતાં વધુ હોય તો લેણદેણની તુલામાં પુરાંત છે તેમ કહેવાય.
- જયારે જમા બાજુનો સરવાળો ઉધાર બાજુના સરવાળા કરતાં ઓછું હોય તો લેણદેણની તુલામાં ખાદ્ય છે તેમ કહેવાય.

### 14.6.3 લેણદેણની તુલાનાં ખાતાઓ:

લેણદેણની તુલાનાં મુખ્યત્વે ત્રણ ખાતાઓ છે.

1) ચાલુ ખાતું
2) મૂડી ખાતું
3) અનામત ખાતું

**1) ચાલુ ખાતું :-**

આ ખાતામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

**(A) ભૌતિક વસ્તુઓ:**

- ભૌતીક વસ્તુઓની નિકાસ કમાણી જમા બાજુમાં અને આયાત પાછળ થતો ખર્ચ ઉધાર બાજુમાં નોંધાય છે. આ વિભાગનાં સરવાળાને વેપારતુલા કહે છે.વેપારતુલાની બધી બાબતો ચાલુ ખાતામાં નોંધાય છે.
- દેશમાં ભૌતિક વસ્તુઓની આયાત ચૂકવણીઓ નિકાસ કમાણી કરતાં વધુ હોય તો વેપારતુલામાં ખાદ્ય છે તેનાથી વિપરીત પરિસ્થિતિ હોય તો વેપારતુલામાં પુરાંત છે તેમ કહેવાય.

**(B) અભૌતિક વસ્તુઓ:**

- અભૌતિક વસ્તુઓ એટલે કે સેવાઓની નિકાસ કમાણી અને આયાતી ખર્ચની નોંધ પણ ચાલુ ખાતામાં થાય છે. જેમાં વીમા, બેંકિંગ, વાહન-વ્યવહાર, IT જેવી અદ્રશ્ય સેવાઓની આયાત-નિકાસની નોંધ લખાય છે.

**(C) મૂડી આવકો:**

- વિદેશોમાં કરેલ મૂડીરોકાણથી વ્યાજ, ડિવિડન્ડ કે નફારૂપી મળતી હુંડિયામણની આવક-જમાબાજુમાં અને જયારે બીજા દેશે આપણા દેશમાં કરેલ રોકાણ ઉપરનું વ્યાજ, ડિવિડન્ડ કે નફાની ચૂકવણી ઉધારબાજુમાં લખાય છે.

**(D) આવકો:**

- દેશને વિદેશમાંથી મળેલ ભેટ, વળતર, દંડ કે ગ્રાન્ટરૂપી આવક જમાબાજુમાં નોંધાય છે.

દા.ત., કુદરતી આપત્તિ સમયે આવતી ગ્રાન્ટ સ્વરૂપની મદદ

**(2) મૂડીખાતું:-**

➢ આ ખાતામાં દેશનાં અન્ય દેશો સાથેનામૂડી વ્યવહારો નોંધાય છે, જેમાં બોન્ડ, શેર, સોનું વગેરે મૂડી પ્રકારનું ધિરાણનો સમાવેશ થાય છે.

➢ લેણદેણ તુલાનાં મૂડીખાતામાં પ્રત્યક્ષ મૂડીરોકાણો, પરોક્ષ લાંભાગાળાના મૂડી-રોકાણો (નાણાંકીય અસ્કયામતોમાં રોકાણ કરવું), ટૂંકાગાળાનાં રોકાણો તથા સરકારની મૂડી-વિષયક આપ-લે માંથી થતી આવક-જાવકનો સમાવેશ થાય છે.

➢ સામાન્ય રીતે એક વર્ષ કે તેથી ઓછી મુદતનાં મૂડીરોકાણો ટૂંકાગાળાનાં અને એક વર્ષથી વધુ મુદતનાં રોકાણો લાંબાગાળાનાં રોકાણ ગણાય છે.

**(3) અનામત ખાતું :**

➢ દેશની મધ્યસ્થ બેંક પાસે રહેલી સોનાની, વિદેશી ચલણોની, એસ.ડી.આર. કે અન્ય કેટલીક અનામતોમાં થયેલા ફેરફારની નોંધ આ ખાતામાં થાય છે.

➢ લેણદેણની તુલાનાં આવક-જાવકના પાસાને સરકાર કરતી વિગતોનો સમાવેશ આ ખાતામાં થાય છે, એટલે કે મધ્યસ્થ બેંક પાસેની અનામતોથી લેણ-દેણની તુલા સરભર કરવામાં આવે છે.

**લેણદેણની તુલાનું ઉદાહરણ**

**ચાલુ ખાતું**

| આવક (જમા) (કરોડમાં) | | જાવક (ઉધાર) (કરોડમાં) | |
|---|---|---|---|
| વસ્તુઓની નિકાસ | 2000 | વસ્તુઓનીઆયાત | 3000 |
| વેપારતુલા | | | |
| સેવાઓની નિકાસ | 1000 | સેવાઓની આયાત | 2000 |
| મૂડી આવકો | 1000 | મૂડી ચૂક્વણીઓ | 2000 |
| એક તરફી આવક | 2000 | એક તરફી ચૂકવણીઓ | 1000 |
| પેટા (ચાલુખાતું) સરવાળો | 6000 | 8000 | |
| ચાલુ ખાતાની તુલા =જમા ખાતાનો પેટા સરવાળો - ઉધાર ખાતાનો પેટા સરવાળો | | | |

**મૂડી ખાતું**

| આવક (જમા) (કરોડમાં) | | જાવક (ઉધાર) (કરોડમાં) | | તુલા |
|---|---|---|---|---|
| લાંબાગાળાનું ઋણ | 2000 | લાંબાગાળાનું ધિરાણ | 800 | |
| ટૂંકાગાળાનું ઋણ | 1000 | ટૂંકાગાળાનું ધિરાણ | 600 | |
| સોનાનું વેચાણ | 1000 | સોનાની ધિરાણ | 500 | |
| પેટા સરવાળો (મૂડી ખાતું) | 4000 | 1900 | | |
| | | ગણતરીની ભૂલો | +100 =2000 | |
| મૂડી ખાતાની તુલા | મૂડી ખાતાની જમા બાજુનો સરવાળો | | મૂડી ખાતાની ઉધાર બાજુનો સરવાળો | + 2000 |
| કુલ જમા | 10000 | કુલ ઉધાર | 10000 | |
| લેણદેણની તુલા | | | | 0 |

* વાસ્તવમાં કોઈપણ દેશની લેણદેણની તુલામાં ખાદ્ય અથવા પુરાંત હોઈ શકે.
* લેણદેણતુલાનાં ચાલુ ખાતામાં જયારે આયાત ચૂકવણી કરતાં નિકાસકમાણી વધુ હોય ત્યારે લેણદેણની તુલા અનુકુળ બને છે.
* લેણદેણ તુલાનાં ચાલુખાતામાં જયારે નિકાસકમાણી કરતાં આયાત ચૂકવણી વધુ હોય ત્યારે લેણદેણની તુલા પ્રતિકુળ બને છે એટલેકે લેણદેણની તુલામાં ખાદ્ય સર્જાય છે.

**14.6.4 લેણદેણ-તુલામાં ખાદ્યનાં કારણો:**

કોઈપણ દેશની લેણદેણની તુલામાં ખાદ્ય ચાલુખાતાનાં વ્યવહારોના ફેરફારને લીધે અથવા મૂડીખાતાના ફેરફારને લીધે સર્જાય છે. નિકાસ આવક ઘટતા અને આયાતી ચૂકવણી વધી જતાં આવી ખાદ્ય સર્જાય છે. પરંતુ આવી ખાદ્ય શા માટે ઉદભવે છે તેના માટે એક કે એકથી વધુ કારણો જવાબદાર હોઈ શકે, જે માટેનાં કેટલાંક કારણો નીચે મુજબ છે.

**1. ફુગાવો:**

· જયારે દેશમાં ફુગાવાની સ્થિતિ હોય છે ત્યારે ભાવસપાટી વધતી હોવાથી દેશની નિકાસો મોંઘી અને આયાતો સસ્તી બને છે.

· સાથી નિકાસો ઘટવાનું અને આયાતો વધવાનું વલણ સર્જાય છે, જેથી લેણદેણની તુલા ખાદ્યવાળી બને છે.

**2. વૈશ્વિક મંદી:**

· જયારે વિશ્વના મોટાં ભાગનાં દેશોમાં મંદીની અસર પ્રવર્તતી હોય ત્યારે ચીજવસ્તુઓ અને સેવાઓની માંગમાં સર્વત્ર ઘટાડો થાય છે.

- આવાં સંજોગોમાં વિશ્વમાં નિકાસો ટકાવી રાખવાનું કાર્ય મુશ્કેલ બને છે જેથી લેણદેણની તુલામાં ખાદ્યની શક્યતા વધી જાય છે.

**3. વસ્તી-વધારો:**

- દેશની વસ્તીમાં વધારો થતાં, દેશમાં આંતરિક ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે.
- જેના કારણે વસ્તુની વપરાશનો પ્રમાણ વધી જાય છે.
- વધતી માંગને પહોંચી વળવા આયાતોનું પ્રમાણ વધે છે અને નિકાસોનું પ્રમાણ ઘટે છે.

**4. આર્થિક વિકાસનાં કાર્યક્રમો**

- જયારે કોઈ દેશમાં આર્થિક વિકાસનાં કાર્યક્રમો થઇ રહ્યા હોય ત્યારે દેશમાં મોટાં પાયા પર યંત્રો, કાચો માલ ટેકનીકલ માહિતી વગેરેની આયાતો થાય છે તેથી આયાતોનું કુલ પ્રમાણ વધે છે.
- આર્થિક વિકાસને કારણે લોકોની આવક વધતા આંતરિક વપરાશમાં વધારો થાય છે, તેથી નિકાસો આયાતો કરતાં ઓછી રહેવાથી લેણદેણની તુલા ખાધવાળી બને છે.

**5. કુદરતી આપત્તિઓ:**

- જયારે દેશમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરે જેવી કુદરતી આપત્તિઓ આવે ત્યારે દેશમાં ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘટે છે. જયારે આયાતોનું પ્રમાણ વધે છે.
- દેશની ઉત્પાદન શક્તિમાં ઘટાડો થતાં નિકાસોનું પ્રમાણ ઘટે છે.
- આમ, આયાતો વધતાં અને નિકાસો ઘટતાં લેણદેણની તુલામાં ખાદ્ય સર્જાય છે.

**6. મૂડીરોકાણમાં અસ્થિરતા**

- જયારે કોઈ દેશમાં રાજકીય કે આર્થિક અસ્થિરતા સર્જાય ત્યારે મૂડીરોકાણ ઉપર વિપરીત અસર પડે છે.
- વિદેશી મૂડીની નાસભાગ શરુ થાય છે. નવા મૂડીરોકાણ દેશમાં આવતાં અચકાય છે, જેથી લેણદેણની તુલા ખાદ્યવાળી બને છે.

**7. યુદ્ધની સ્થિતિ:**

- યુદ્ધની પરિસ્થિતિમાં દેશનો મુખ્ય હેતુ યુદ્ધ જીતવાનો અથવા દેશનું રક્ષણ કરવાનું હોય છે.
- જેના માટે ઉત્પાદનનાં લગભગ બધા જ સાધનો, શસ્ત્ર ઉત્પાદનક્ષેત્રે અને લશ્કરના નિભાવ પાછળ રોકવામાં આવે છે.
- પરિણામે, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન ઘટે છે અને વપરાશી વસ્તુઓની આયાત કરવી પડે છે.
- સાથે-સાથે યુદ્ધ માટે જરૂરી સરસામાનની પણ આયાત કરવી પડે છે.
- આમ, નિકાસો સામે આયાતોનું પ્રમાણ વધતા લેણદેણની તુલામાં ખાદ્ય સર્જાય છે.

**8. હરીફાઈ અને ઉત્પાદકતા**

- વર્તમાન સમયમાં વિકાસશીલ દેશોની નિકાસોની અવેજીમાં વિકસિત દેશો દ્વારા નવી વસ્તુઓ શોધવામાં આવતી હોય છે.

- વિકસિત દેશો ખુબજ અદ્યતન ટેક્નોલોજીથી ઉપયોગ કરતાં હોવાથી સસ્તી વસ્તુઓનું ઉત્પાદન કરે છે, જેથી વિકાસશીલ દેશોની આયાતો ઉપર વિપરીત અસર થતાં લેણદેણની તુલા ખાદ્યવાળી બને છે.

**9. નાણાંનું વિસ્તરણ**

- સરકાર પૂર્ણરોજગારીની પ્રાપ્તિ કે આર્થિક વિકાસ માટે સતત નાણાંનો પુરવઠો વધારે તો તેની સાથે સાથે ચીજવસ્તુઓ અને સેવાઓનાં ભાવ વધે છે તથા નિકાસો ઘટે છે.
- સરકારી ખર્ચ વધી જતાં કે વિકાસ કાર્યક્રમો અમલમાં મુકવા માટે સરકાર ખાદ્યપુરવણીનો આશ્રય લેછે, તેને લીધે અર્થતંત્રમાં ફુગાવાની પરીસ્થિતિપેદા થાય છે.

**10. હુંડીયામણ અંગેની ગેરરીતિઓ:**

- દેશનાં ચલણનાં અધિમૂલ્યનની સ્થિતિમાં હુંડીયામણની ચોરી, વિદેશી ચલણોનાં કાળાં બજાર, દાણચોરી જેવી ગેરરીતીઓ સર્જાય છે, તેથી લેણદેણની તુલામાં ખાદ્ય સર્જાય છે.

**11. દેશનાં ચલણનું અધિમૂલ્યન:**

- દેશના ચલણનું અધિમૂલ્યાંકન પણ લેણદેણની તુલામાં ખાધનુંકારણ બને છે, કેમ કે ચલણનાં અધિમૂલ્યાંકનને કારણે આયાતો સસ્તી અને નિકાસો મોંઘી બને છે, પરિણામે આયાતો વધે છે જયારે નિકાસો ઘટે છે.

**14.6.5 લેણદેણની તુલામાં ખાદ્ય દુર કરવાનાં ઉપાયો:**

**1. નાણાં સંકોચન :**

- નાણાં સંકોચનની નીતિ તે મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિનું એક મહત્તવનું સાધન છે.
- આ નીતિનો અમલ મધ્યસ્થબેંક દ્વારા થાય છે. જેનાં દ્વારા દેશમાં નાણાંનો પુરવઠો ઘટાડવામાં આવે છે.
- જયારે દેશમાં લેણદેણની તુલામાં ખાદ્ય ઉદભવે ત્યારે મધ્યસ્થ બેંક અનામતનાં પ્રમાણમાં વધારો કરીને ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું વેચાણ કરીને તેમજ બેંક રેટમાં વધારો કરીને અર્થતંત્રમાં નાણાંનાં પુરવઠામાં ઘટાડો કરવામાં આવે છે.
- પરિણામે આંતરિક બજારમાં વસ્તુનાં ભાવ ઘટતા દેશની નિકાસોમાં વધારો થાય છે અને લેણદેણ તુલાની ખાદ્ય દુર થાય છે.

**2. આયાતો પર અંકુશો:**

- લેણદેણ તુલાની ખાદ્યને દુર કરવા આયાત અંકુશોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. અહીં આયાતો પર બે રીતે અંકુશો મૂકી શકાય.
- આયાત કરમાં વધારો કરીને આયાતો મોંઘી બનાવવી
- આયાત પરિમાણ દાખલ કરીને.

**3. વિનિમય નિયંત્રણો**

- લેણદેણ તુલાની ખાદ્ય દુર કરવામાં વિનિમય અંકુશનું સાધન મહત્તવનું છે.
- આ પધ્ધતિમાં આયાતમૂલ્ય અને નિકાસમૂલ્ય વચ્ચેની ખાદ્ય દુર કરવા માટે વિનિમય અંકુશોનો ઉપયોગ કરવામાં આવે છે.

- દેશનાં નિકાસકારોની હુંડિયામણની કમાણી મધ્યસ્થ બેંકને સુપરત કરવાની હોય છે અને મધ્યસ્થ બેંક અગ્રિમતાનાં ધોરણે આયાત કરનારાઓને પરવાના દ્વારા હુંડિયામણની ફાળવણી કરે છે અર્થાત હુંડિયામણનો ઉપયોગ નક્કી કરેલી આયાતો f hõk{ kxus Úkk» Au

**4. નિકાસ પ્રોત્સાહન :**

- વિકસતા અર્થતંત્ર માટે આયાતો ઉપર અંકુશ કે કાપ મુશ્કેલ હોય છે, તેથી આયાતો ઘટાડવાનાં ઉપાયો કરતાં નિકાસ પ્રોત્સાહન ઉપર વિશેષ ભાર મુકવો જોઈએ. નિકાસ પ્રોત્સાહનો નીચે મુજબ આપી શકાય.
- નિકાસો ઉપર સબસીડી
- નિકાસી વસ્તુઓ ઉપરનાં કરવેરામાં રાહત
- નિકાસ કમાણીનાં વેરા પર રાહત
- નિકાસ ઉદ્યોગોમાં આયાતો કરવાની છૂટ
- નિકાસ ઉદ્યોગોમાં સરકારી મદદ
- નિકાસી વસ્તુઓના નૂરભાડામાં રાહત
- ટેક્ષ ક્રેડિટ સર્ટિફિકેટ યોજના
- વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ)માં સવલત,
- મુક્ત વેપાર ઝોનની સવલત
- વિદેશી બજારોની મોજણી અને સંશોધન.
- આ ઉપરાંત આધુનિક વેચાણ પધ્ધતિ, આધુનિક ઉત્પાદન પધ્ધતિ, નિકાસી વસ્તુઓનું વિજ્ઞાપન અને વિદેશોમાં ઔદ્યોગિક પ્રદર્શનો યોજીને પણ નિકાસમાં વૃદ્ધિ કરી શકાય.

**5. ચલણનાં મૂલ્યમાં ઘટાડો:**

- જો વિનિમયદર પરિવર્તનશીલ હોય તો જ ચલણનાં બ્રાહ્ય મૂલ્યમાં ઘટાડાની નીતિ અમલમાં મૂકી શકાય છે.
- વિનિમય મૂલ્ય ઘટાડો એટલે "એક દેશનાં ચલણનાં સંદર્ભેમાં બીજાં દેશનાં ચલણનાં મૂલ્યનો ઘટાડો."

  દા.ત., અમેરીકા અને ભારત વચ્ચેનો વિનિમયનો દર 1$ =?60 પરથી વધીને 1$ =?70 થાય તો, કહી શકાય કે સ્થાનિક ચલણનાં મૂલ્યમાં ઘટાડો થાય છે અને સાપેક્ષ રીતે વિદેશી ચલણનાં મૂલ્યમાં વધારો થયો છે.
- આમ, વિનિમય મૂલ્ય ઘટાડાનાં કારણે આયાતો મોંઘી થતાં તેમાં ઘટાડો થાય છે, જયારે બીજી બાજુ નિકાસોમાં વધારો થાય છે. અને લેણદેણની તુલા સમતુલામાં આવે છે.

**6. અવમૂલ્યન:**

- મૂળભૂત લેણદેણની તુલામાં ઉદભવતી ખાદ્યને દુર કરવા "સરકાર ચલણનાં મૂલ્યમાં નિર્ધારિત પ્રમાણમાં ઘટાડો જાહેર કરે ત્યારે તેને અવમૂલ્યન કહેવામાં આવે છે.
- આમ, જયારે કોઈ દેશનાં ચલણને બીજાં દેશના ચલણની રીતે સસ્તું બનાવવામાં આવે ત્યારે તે દેશનાં ચલણનું અવમૂલ્યન થયું કહેવાય.

દા.ત., 1$ = ₹ 65 વિનિમયદર છે. સરકાર દેશનાં ચલણનું બ્રાહ્ય મૂલ્ય ઘટાડીને 1$ = ₹ 70 વિનિમયદર નક્કી કરે ત્યારે રૂપિયાનું અવમુલ્યન થયું કહેવાય.

➢ અવમૂલ્યનને કારણે વિદેશી બજારોમાં આપણા દેશની નિકાસો સસ્તી બનતાં નિકાસો વધે છે અને દેશના બજારમાં વિદેશી આયાતો મોંઘી બનતા આયાતો ઘટે છે. જેથી લેણદેણની તુલાની ખાદ્ય દુર થાય છે.

➢ આમ, અવમૂલ્યનની ત્રણ અસરો થાય છે.

A) અવમૂલ્યનથી દેશની આયાતોનાં જથ્થામાં ઘટાડો થાય છે.

B) અવમૂલ્યનથી વિદેશીઓની માંગની મૂલ્યસાપેક્ષતા જેટલો દેશનાં નિકાસ જથ્થામાં વધારો થાય છે.

C) અવમૂલ્યનથી દેશની નિકાસ થતી વસ્તુનાં ભાવમાં ઘટાડો થાય છે.

**7. બિન-નાણાંકીય પગલાં :**

➢ લેણદેણતુલાની અસમતુલા નિવારવા માટે નાણાંકીય પગલાંઓ ઉપરાંત આયાત-જકાત અને આયાત-પરિમાણની નીતિ જેવાં બિન-નાણાંકીય પગલાંઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

**A) જકાત:**

➢ આયાત-જકાત આયાતી વસ્તુઓને મોંઘુ બનાવે છે, પરિણામે વપરાશમાં ઘટાડો થાય છે. જયારે નિકાસો યથાવત્ જળવાઈ રહે છે. પરિણામે ખાદ્ય દૂર કરી શકાય છે.

**B) આયાત-પરવાના નીતિ:**

➢ સરકાર આયાત પરવાના આપીને આયાતોનું નિયંત્રણ કરે છે. આમ, આયાત નિયંત્રણ થતાં લેણદેણતુલાની ખાદ્ય દૂર કરી શકાય છે.

**C) આયાત પરિમાણ:**

➢ આયાત પરિમાણ આયાતકાર દેશ અને અન્ય દેશોમાંથી કેટલા પ્રમાણમાં આયાત કરવી તે નક્કી કરે છે. આમ, આયાતોનું નિયંત્રણ આયાત પરિમાણમાં થાય છે.

**D) નિકાસ ઉત્તેજન:**

➢ નિકાસોને ઉત્તેજન આપવા સરકાર નિકાસ જકાતમાં ઘટાડો કરે, નિકાસકારોને નાણાંકીય મદદ, કરવેરામાં રાહત, આયાત પરવાનામાં પસંદગી વગરે દ્વારા નિકાસો ઉત્તેજન કરવાનાં પ્રયાસો થાય છે.

**E) વિદેશી મૂડીરોકાણ માટેનાં પ્રોત્સાહનો:**

➢ દેશમાં વિદેશીકંપનીઓ, નીયોજકો કે નાગરિકો દ્વારા થતાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું. જેના દ્વારા દેશમાં વિદેશી હુંડીયામણનું પ્રમાણ વધે છે. સાથે- સાથે અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી, આવકમાં પણ વધારો થાય છે, જેને પરિણામે દેશની નિકાસક્ષમતા વધે છે. આયાતોનું પ્રમાણ ઘટે છે. જેથી લેણદેણ તુલાની ખાદ્ય દૂર કરી શકાય છે.

## 14.7 સ્વાધ્યાય

1) વિનિમયદર એટલે શું? વિનિમયદરને અસર કરતાં પરિબળો વિશેની ચર્ચા કરો.

2) ટૂંક નોંધ લાખો: વિનિમયદરના પ્રકારો

3) વિનિમયદર એટલે શું? વિનિમયદરોનાં વિવિધ સ્વરૂપોની ટૂંકમાં ચર્ચા કરો.

4) હાજર વિનિમયદર અને વાયદા વિનિમયદરનો અર્થ આપો.

5) પરિવર્તનશીલ વિનિમયદર પધ્ધતિનાં ગુણદોષ ચર્ચો.

6) ટૂંક નોંધ લાખો: પરિવર્તનશીલ વિનિમયદર

7) પરિવર્તનશીલ વિનિમયદર પધ્ધતિની વિરુદ્ધની દલીલો તપાસો.

8) સ્થિર વિનિમયદર નીતિની તરફેણ અને વિરુદ્ધની દલીલ ચર્ચો.

9) સ્થિર વિનિમયદરનો અર્થ આપી, તેના લાભાલાભની ચર્ચા કરો.

10) ટૂંક નોંધ લખો: લેણદેણની તુલા

11) લેણદેણની તુલામાં ખાદ્યનાં કારણો જણાવો.

12) લેણદેણની તુલામાં ખાદ્ય દુરકરવાના ઉપાયો વિશેની ચર્ચા કરો.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1) એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં પરિવર્તિત કરવામાં આવે છે. તેને ______ કહેવાય છે.

(A) બે વસ્તુઓ વચ્ચેનો વિનિમયદર

(B) વસ્તુ અને નાણાં વચ્ચેનો વિનિમયદર

(C) ચલણ વચ્ચેનો વિનિમયદર

(D) વસ્તુ અને સેવા વચ્ચેનો વિનિમયદર

**Ans (C) ચલણ વચ્ચેનો વિનિમયદર**

2) હાજર બજારનના ___________ ને હાજર દર કહેવાય છે.

(A) પ્રવર્તમાન વિનિમયદર (B) આગળનો વિનિમયદર

(C) વિદેશી વિનિમયદર (D) વાયદા વિનિમયદર

**Ans- (A) પ્રવર્તમાન વિનિમયદર**

3) સ્થિર વિનિમયદર નીતિ પરિણામે લેણદેણની તુલામાં________

(A) સમતુલા (B) અસમતુલા

(C) સમાનતા (D) સ્થિરતા

**Ans- (B) અસમતુલા**

4) નીચેના ક્યા અર્થશાસ્ત્રી દ્વારા પરિવર્તનશીલ વિનિમયદરની હિમાયત કરવામાં આવી ન હતી.

(A) પ્રો.ગ્રેહામ (B) ફ્રીડમેન

(C) જેન્સમિડ (D) હેબરલર

**Ans- (D) હેબરલર**

5) પરિવર્તનશીલ વિનિમય દર વિદેશી ચલણની ________ દ્વારા નક્કી થાય છે.

(A) માંગ અને પુરવઠો (B) શોખ

(C) પસંદગી (D) ટેવ

Ans- (A) માંગ અને પુરવઠો

6) નીચેનામાંથી કયો મુદ્દો પરિવર્તનશીલ વિનિમયદરના લાભમાં આવતો નથી.

(A) સરળ પધ્ધતિ (B) લેણ-દેણની તુલામાં સમતુલા

(C) અસ્થિર દર નથી (D) સાધનોનો બગાડ

**Ans- (D) સાધનોનો બગાડ**

7) વર્ષ દરમિયાન દેશની ભૌતીક વસ્તુઓની આયાત-નિકાસ મૂલ્ય દર્શાવવું એટલે ______

(A) વેપારતુલા (B) લેણ-દેણની તુલા

(C) સ્થિર વિનિમય (D) પરિવર્તનશીલ વિનિમયદર

Ans- (A) વેપાર તુલા

8) લેણદેણ તુલાના ચાલુ ખાતામાં જયારે આયાત ચુકવણી કરતાં નિકાસ કમાણી કમાણી વધુ હોય ત્યારે લેણ-દેણની તુલા______બને છે

(A) અનુકુળ (B) પ્રતિકુળ

(C) બંને (D) એક પણ નહિ

Ans- (A) અનુકુળ

9) નીચેનામાંથી ક્યાં કારણથી લેણ-દેણની તુલામાં ખાદ્ય ઉત્પાદન થતી નથી.

(A) નાણાં સંકોચન (B) ફુગાવો

(C) વૈશ્વિક મંદી (D) વસ્તી વધારો

Ans- (A) નાણાં સંકોચન

10) સરકાર ચલણના મૂલ્યમાં નિર્ધારિત પ્રમાણમાં ઘટાડો જાહેર કરે ત્યારે તેને_______ કહેવાય છે.

(A) અધિમૂલ્યન (B) અવમૂલ્યન

(C) ફુગાવો (D) મંદી

Ans- (B) અવમૂલ્યન

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**